સાપ્તાહિક

# મુંબઈ સમાચાર

R.N.I. No. 1689/57

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ વિક્રમ સંવત ૨૦૮૦ ■ ચૈત્ર સુદ - ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR

■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 16 ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26

રવિવાર, ૨૧ એપ્રિલ, ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩ + ૪ પાનાં દુબઈ પૂર્તિ



# ક્ષત્રિય સમાજનું આંદોલનઃ અમદાવાદમાં ક્ષત્રિયાણીઓના પ્રતીક ઉપવાસ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પુરુષોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય આંદોલન પાર્ટ-૨ શરૂ થઈ ગયુ છે. સાત દિવસ ક્ષત્રિય મહિલાઓ રૂપાલાની ટિકીટને લઈ નોંધાવશે વિરોધ સાથે ૨૨ એપ્રિલથી ગુજરાતના અન્ય જિલ્લાઓમાં પણ મહિલાઓ ઉપવાસ પર ઊતરશે, રાજ્યની ૨૬ બેઠક પર ક્ષત્રિય સમાજે ભાજપનો વિરોધ કરવાની ચિમકી ઉચ્ચારી છે. રાજકોટમાં ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ તા.૧૬ એપ્રિલે વિવાદ વચ્ચે ફોર્મ ભર્યું હતું. એવામાં નારાજ ક્ષત્રિય સમાજ દ્વારા આંદોલન પાર્ટ- ૨ની શરૂઆત કરી છે તા.૧૯ એપ્રિલ સુધીનું અલ્ટિમેટમ આપ્યું હતું, પરંતુ રૂપાલા દ્વારા ફોર્મ પાછુ ખેંચાયું નથી, શુક્રવારે રાજપૂત સમાજની ૯૨ સંસ્થાના પ્રતિનિધિઓની એક મહત્ત્વની બેઠક ગોતા રાજપૂત ભવન ખાતે રાખવામાં આવી હતી.

ક્ષત્રિય મહિલા આગેવાન દક્ષાબા સિસોદિયાએ જણાવ્યું હતું કે, ક્ષત્રિય મહિલાઓની એક જ માંગ છે કે રૂપાલાને બદલવામાં આવે છે, મહિલાઓ ચોક્કસ પરિણામ ના મળે ત્યાં સુધી આ આંદોલન કરશે, સાથે સાથે મહિલાઓ ઉપવાસ તો પુરુષો ધર્મરથ લઈ નિકળશે,અને પોતાની માગને લઈ વિરોધ નોંધાવશે. મહિલા આગેવાનનું કહેવું છે કે,ક્ષત્રિયો ન્યાયની આશા રાખીને બેઠા છે.

તેમણે વધુમાં કહ્યું કે, રૂપાલા દ્વારા આપેલ અલ્ટિમેટમમાં ઉમેદવારી પાછી નહીં ખેંચાય તો આવતીકાલથી ગુજરાતના તમામ જિલ્લાઓમાં બહેનો તા.૭મી મે સુધી ક્રમિક રીતે ૧ દિવસીય પ્રતીક ઉપવાસ કરશે. અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા જાહેર કરવામાં આવેલ જાહેરનામાનો પણ વિરોધ કર્યો. કાળા વાવટા ન ફરકવા અંગેના જાહેરનામાં પર તેમણે વધુમાં ઉમેર્યુ હતું. કે, આ લોકશાહીનું ખૂન છે. શાંતિ અને સંયમથી કેસરિયા ધ્વજ સાથે વિરોધ કરશે જેમાં રામજી હશે. સૌરાષ્ટ્ર-કચ્છ, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાતમાંથી ધર્મ રથ નિકળશે.

૩૦૦ મહિલાની ફોર્મ ભરવાની વાત પર તેમણે વધુમાં કહ્યું હતુ કે, યુદ્ધમાં રણનીતિ હોય છે જે બદલવામાં આવી છે. સમાજના અન્ય આગેવાનોને મળ્યા ત્યારે ધ્યાનમાં આવ્યું કે તેમને હરાવવામાં મતો તૂટી જશે. મહિલાઓએ ફોર્મ ભરવાનું મોકૂફ રાખ્યુ. તેમણે કહ્યું કે, અમે ભાજપનો વિરોધ કરીશું પરંતુ કયા પક્ષને મત આપશે તેની કોઈ સ્પષ્ટતા ન કરી. ભાજપનો વિરોધ કરીશું એટલે સામે જે પક્ષ હશે એને ફાયદો થશે. સર્વાનુમતે અમે ઠરાવો કર્યા છે. હવે પુરુષોત્તમ રૂપાલાની વાત પૂરી થઈ ગઈ. લોકોને હવે સાથે લાવવાના છે. હવે અમારું લક્ષ્ય ભાજપ બોયકોટ છે. વધુમાં જણાવતા કહ્યું કે, અમે ૧૦૦ ટકા રૂપાલાને હરાવીશું. અમે તેમના વિરોધમાં બુથ સુધી જઈશું. ૮ સીટો પર ભાજપ ડેમેજ થાય છે. ૨૬ બેઠકો પર અમારે ભાજપને ડેમેજ કરવાનું છે. બનાસકાંઠા, સુરેન્દ્રનગર, ભાવનગર વગેરે જગ્યાએ ડેમેજ થશે. આજથી ભાજપનો બોયકોટ શરૂ થશે. ભાજપને કાંટાની ટક્કર આપીશું.

## આજથી ભાજપનો બોયકોટ શરૂ થશેઃ ક્ષત્રિય આંદોલન સંકલન સમિતિનુ એલાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમે ભાજપનો વિરોધ કરીશું પરંતુ કયા પક્ષને મત આપશે તેની કોઈ સ્પષ્ટતા ન કરી. ભાજપનો વિરોધ કરીશું એટલે સામે જે પક્ષ હશે એને ફાયદો થશે. સર્વાનુમતે અમે ઠરાવો કર્યા છે. હવે પુરુષોત્તમ રૂપાલાની વાત પૂરી થઈ ગઈ. લોકોને હવે સાથે લાવવાના છે. હવે અમારું લક્ષ્ય ભાજપ બોયકોટ છે એવું ક્ષત્રિય સમાજના આગેવાન કરણસિંહ ચાવડાએ જણાવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતું કે, અમે ૧૦૦ ટકા રૂપાલાને હરાવીશું. અમે તેમના વિરોધમાં બૂથ સુધી જઈશું. ૮ સીટો પર ભાજપ ડેમેજ થાય છે. ૨૬ બેઠકો પર અમારે ભાજપને ડેમેજ કરવાનું છે. બનાસકાંઠા, સુરેન્દ્રનગર, ભાવનગર વગેરે જગ્યાએ ડેમેજ થશે. આજથી ભાજપનો બોયકોટ શરૂ થશે. ભાજપને કાંટાની ટક્કર આપીશું.

તેમણે કહ્યું હતું કે, આ લોકશાહીનું ખૂન છે. શાંતિ અને સંયમથી કેસરિયા ધ્વજ સાથે વિરોધ કરશે જેમાં રામજી હશે. સૌરાષ્ટ્ર-કચ્છ, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાતમાંથી ધર્મરથ નિકળશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટમાં ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ તા.૧૬મી એપ્રિલે વિવાદ વચ્ચે ફોર્મ ભર્યું હતું. નારાજ ક્ષત્રિય સમાજ દ્વારા આંદોલન પાર્ટ- ૨ની ચીમકી આપી તા.૧૯મી એપ્રિલ સુધીનું અલ્ટિમેટમ આપ્યું હતું. રૂપાલા દ્વારા ફોર્મ પાછું ન ખેંચતા હવે આગામી પાર્ટ- ૨ શરૂ કરવાની રણનીતિ ઘડવા માટે શનિવારે સંકલન સમિતિની બેઠક રાજકોટ ખાતે મળી હતી. અમદાવાદમાં રાજપૂત સમાજની ૯૨ સંસ્થાના પ્રતિનિધિઓની એક મહત્ત્વની બેઠક શુક્રવારે ગોતા રાજપૂત ભવન ખાતે રાખવામાં આવી હતી.

## રૂપાલા સામે ચૂંટણી જંગે ચડેલા ધાનાણી પાસે પોતાની મોટરકાર નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ લોકસભા બેઠક ઉપર કૉંગ્રેસમાંથી ઉમેદવારી નોંધવનાર ૪૬ વર્ષના પરેશકુમાર ધીરજલાલ ધાનાણીએ પોતાના સોગંદનામામાં મહત્ત્વની વિગતો જાહેર કરી હતી, તેમનું મતદાર યાદીમાં નામ અમરેલી વિધાનસભા ભાગ નંબર ૨૦૮ ક્રમાંક નં. ૭૪૭ પર નોંધવામાં આવ્યું છે.

પરેશ ધાનાણીએ ૨૦૧૮-૧૯ થી ૨૦૨૨-૨૩ સુધીમાં સરેરાશ એવરેજ ૧૦ લાખ ૩૦ હજારથી ૨૦ લાખથી વધુની આવક ઇન્કમ ટેક્ષ રિટર્નનમાં દર્શાવી છે. ૨૦૨૨-૨૩માં ૧૨ લાખ ૬૦ હજાર દર્શાવી છે, જ્યારે પત્ની વર્ષાબેનના છેલ્લા ૬ વર્ષના ૨૦૧૮ થી ૨૦૨૩ના રિટર્નમાં ૩.૫૦ લાખથી પોણા પાંચ લાખ સુધીની આવક રિટર્નમાં દર્શાવી છે. તેમણે જાહેર કર્યુ છે તેમની સામે કોઇ ગુના નોંધાયેલ નથી. પરેશભાઇ પાસે હાથ ઉપર એક લાખ ૪૦ હજાર તો પત્ની વર્ષાબેન પાસે એક લાખ ૫૬ હજારની રોકડ છે. પરેશભાઇ પાસે કોઇ મોટર-ગાડી નથી. હાથ ઉપર સાત લાખ ૯૨ હજારના ૧૨૦ ગ્રામ દાગીના, પત્ની પાસે ૧૭ લાખ ૧૬ હજારના ૨૬૦ ગ્રામ દાગીના તથા બે પુત્રીઓ પાસે ચાર લાખના ૬૦ ગ્રામ દાગીના છે. કુલ રોકડા-સોનુ- વિગેરે મળી પરેશભાઇએ ૫૫ લાખ ૮૮ હજાર તથા વર્ષાબેન પાસે ૨૮ લાખ ૧૩ હજારની વિગતો દર્શાવી છે.પરેશભાઇ અને પત્ની વર્ષાબેન પાસે અમરેલી જિલ્લામાં ચાંચાઇ, ચાંદગઢ, અમરેલી, ચાંચઇ, અમરેલી વિગેરે થઇને ખેતીની ૪૪ એકર જમીન આવેલી છે. આ ઉપરાંત અમરેલીના ચાંદગઢ, અમરેલી, ચાંચઇ ખાતે વારસાઇ તથા સ્વ. ઉપાર્જિત મિલકતો આવેલી છે. જેની કિંમત ૬૫ લાખ થવા જાય છે.પરેશ ધાનાણીએ સોંગંદનામામાં ગાંધીનગરમાં ૩૩૦ ચો. મીટરનો પ્લોટ દેખાડયો છે, જેની કિંમત ૬૦ લાખ થવા જાય છે. ટુંકમાં પરેશભાઇએ સ્થાવર મિલકત એક કરોડ ૧૦ લાખ તથા પત્નીએ ૧૫ લાખની દર્શાવી છે, પરેશભાઇ ઉપર કોઇ લોન નથી, પત્ની ઉપર ૧ લાખ ૨૦ હજારનું દેવું છે. પરેશભાઇએ પોતે વ્યવસાયમાં સમાજ સેવા અને ખેતી કરતા હોવાનું જણાવ્યું છે. પરેશભાઇ એપ્રિલ ૨૦૦૦માં સૌરાષ્ટ્ર યુનિ.માંથી બી.કોમ ગ્રેજયુએટ થયા છે.

## સાબરકાંઠા બેઠક પર ભાજપને રાહતઃ અપક્ષ ઉમેદવારે ઉમેદવારી પાછી ખેંચી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં અલગ-અલગ પાર્ટીના ૬૫૮ ઉમેદાવારોએ ફોર્મ ભર્યા હતા. સાબરકાંઠા લોકસભાના ઉમેદવાર ભૂપેન્દ્રસિંહ ઝાલાએ અપક્ષમાંથી શનિવારે તેમની ઉમેદવારી પાછી ખેંચી હતુ.ભૂપેન્દ્રસિંહનું કહેવું છે કે વ્યકિતગત કારણોસર આ ઉમેદવારી પાછી ખેંચી છે. સાબરકાંઠા લોકસભા બેઠક પર ભાજપે શોભના બારૈયા અને કૉંગ્રેસ બેઠક પરથી તુષાર ચૌધરીએ ઉમેદવારી ફોર્મ ભર્યા હતા. ક્ષત્રિય ભૂપેન્દ્રસિંહની ઉમેદવારીથી ભાજપમાં સન્નાટો ફેલાઇ ગયો હતો, પરંતુ આખરે તેમણે પોતાની ફોર્મ પાછું ખેંચી લેતા ભાજપને રાહત મળી છે.

સાબરકાંઠા બેઠકથી ભાજપના કાર્યકર ભૂપેન્દ્રસિંહ પી. ઝાલાના અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવવાનો મેસેજ વાયરલ થતા રાજકીય ભૂકંપ સર્જાયો હતો. ભૂપેન્દ્રસિંહ ઝાલાએ તા.૧૯મી એપ્રિલે શુભ મુહૂર્તમાં અપક્ષ ઉમેદવારી નોંધાવવાની જાહેરાત કરતો સોશિયલ મીડિયા પર મેસેજ વાયરલ થતાં ખળભળાટ મચી ગયો હતો. કારણ કે અપક્ષ ઉમેદવાર ગમે તે ઉમેદવારનું જીતનું ગણિત બગાડી શકે છે. ભાજપના મહિલા ઉમેદવાર શોભનાબેન બારૈયાએ ઉમેદવારીપત્ર ભર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય કે, સાબરકાંઠા બેઠક ભાજપ માટે પહેલાથી જ વિવાદમાં રહી છે. અહીં પહેલા ભાજપે ભીખાજી ઠાકોરને ઉમેદવાર જાહેર કર્યા હતા. બાદમાં તેમની જગ્યાએ મહિલા ઉમેદવાર શોભનાબેન બારૈયાને ટિકિટ આપી છે.

## લોકસભાની ચૂંટણીમાં ૨૬ લાખથી વધારે અવિલોપ્ય શાહીની બોટલ્સનો વપરાશ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ચૂંટણીમાં વપરાતી આ અવિલોપ્ય શાહી આપણા દેશમાં માત્ર એક જ જગ્યાએ બને છે એ મૈસુર પેઇન્ટ અને વાર્નિશ લિમિટેડ કરીને ગવર્મેન્ટ કંપની છે જે આ અવિલોપ્ય શાહી બનાવે છે. હાલના ડેટા પ્રમાણે આ લોકસભા ચૂંટણીમાં ૨૬ લાખથી વધારે શાહીની બોટલ્સનો વપરાશ થશે. અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્રના નાયબ કલેકટર સુશ્રી રિદ્ધિ શુક્લાએ જણાવ્યું હતું કે, ચૂંટણીમાં મતદાનના દિવસે મતદારની ડાબી આંગળી પર મતદાન પહેલાં ચિહ્નિત કરવામાં આવતી અવિલોપ્ય શાહી સરળતાથી દૂર કરી શકાતી નથી અને તેનો હેતુ મતદાર દ્વારા ડબલ અને બોગસ મતદાન અટકાવવાનો છે. આપણે જ્યારે મતદાન પથકમાં પોતાનો મત આપીએ છીએ એની પહેલાં આપણી આંગળી ઉપર અવિલોપ્ય શાહીથી એક માર્ક કરવામાં આવે છે. આ અવિલોપ્ય શાહી વિશેની જોગવાઈ રિપ્રેઝન્ટેશન પીપલ એક્ટ-૧૯૫૧ની કલમ-૬૧ માં જોવા મળે છે, જેમાં એવું કહેવામાં આવ્યું છે કે, ચૂંટણીમાં બોગસ વોટિંગ ના થાય અથવા ડબલ વોટિંગ ના કરી શકે એના માટે આવી કોઈ પણ પ્રકારની શાહીનો ઉપયોગ કરી શકાશે. ચૂંટણીમાં વપરાતી આ અવિલોપ્ય શાહી આપણા દેશમાં માત્ર એક જ જગ્યાએ બને છે. માત્ર ભારતીય ચૂંટણી પૂરતા જ નહીં, પરંતુ વિશ્વના ૨૫ જેટલાં અલગ અલગ દેશમાં શાહી પુરી પાડે છે. જેમાં ઘાના, સાઉથ આફ્રિકા, મલયેશિયા સહિતના દેશોનો સમાવેશ થાય છે જેને આ કંપની દ્વારા ચૂંટણી માટે શાહી સપ્લાય કરવામાં આવે છે એવું તેમણે ઉમેર્યું હતું. આ શાહીની વિશેષતા વિશે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, આ અવિલોપ્ય શાહીમાં એક સિલ્વર નાઈટ્રેટ નામનું કમ્પાઉન્ડ આવે છે, જે કોઈપણ અલ્ટ્રા વાયોલેટ લાઈટ અથવા તો પછી સનલાઈટની સાથે રિએક્ટ કરે છે. આ અવિલોપ્ય શાહીની અસર બે થી ચાર અઠવાડિયા સુધી રહે છે એટલે તમારા હાથ ઉપરથી એનો રંગ નથી નીકળતો નથી એટલા માટે બોગસ કે ડબલ વોટિંગ અટકાવવા ચૂંટણી પંચ દ્વારા મતદાન વખતે આ શાહીનો ઉપયોગ કરવામાં આવે છે.

## જામનગર લોકસભાનાં ભાજપના ઉમેદવાર પૂનમ માડમ પાસે ૬૪.૩૪ કરોડની સંપત્તિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પૂનમ માડમે ઉમેદવારીપત્ર સાથે રજુ કરેલા સોગંદનામામાં પોતાની સ્વપાર્જિત સ્થાવર જંગમ મિલ્કતોની બજાર કિંમત ૬૪.૩૮ કરોડ થાય છે. જે સામે તેના પર પતિ પાસેથી લીધેલી ૧૮ કરોડની લોન અને અન્ય ૩૫ કરોડની જવાબદારી દર્શાવવામાં આવી છે. બે લક્ઝુરિયસ કાર, પોતાના પાસે એક પિસ્તોલ અને પતિ પાસે ત્રણ રાઈફલો હોવાનું જાહેર કર્યુ છે. જામનગર લોકસભા બેઠકના એક માત્ર મહિલા ઉમેદવાર આર્થિક રીતે સૌથી શક્તિશાળી ઉમેદવાર ગણી શકાય છે. તેઓ વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીના બીકોમ ગ્રેજ્યુએટ છે. જામનગર બેઠકના ઉમેદવાર પૂનમબેન માડમે ૨૦૨૪ની લોકસભાની ચુંટણીના સોગંદનામામાં પોતાનું ઈન્કમટેક્સ રિર્ટન રૂ. ૮૦.૧૩ લાખ, પતિનું રિર્ટન રૂ. ૪.૩૮ કરોડનું ભર્યાનું દર્શાવ્યું છે. પોતાની હાથ પરની રોકડ રૂ. ૩.૫૨ લાખ, પતિ પાસે રૂ. ૧.૬૦ લાખ, શેરો, સરકારી યોજનાઓમાં મળીને કુલ રૂ. ૧૨.૮૫ કરોડનું રોકાણ, ૩૪.૪૫ લાખની એક કાર, રૂ. ૪૫.૮૯ લાખની એક લેન્ડક્રુઝર કાર, રૂ. ૩.૭૨ કરોડનું ૫૫૫૪.૩૭ ગ્રામ સોનું, રૂ. ૫૧.૫૨ લાખના હીરા, રૂ. ૧૯.૮૨ લાખની ચાંદી, રૂ. ૧.૮ લાખની પિસ્તોલ તેમજ પતિ પાસે ડબલ બેરલ બે અને એક સીંગલ બેરલ રાઈફલ મળીને પોતાની જંગમ મિલ્કતો રૂ. ૨૨.૧૬ કરોડની અને પતિની જંગમ મિલ્કતો રૂ. ૩૫.૭૭ કરોડની તથા હિન્દુ સંયુક્ત પરિવારની મિલ્કતો ૨.૬૬ કરોડની દર્શાવી છે. તેમના જામનગર ખાતેના બે મકાન, ઓફીસ, ખેતીની વિવિધ જમીનો સહિતની પોતાની ૪૭.૦૯ કરોડની સ્વપાર્જિત મિલકતો દર્શાવી છે. જેની બજાર કિંમત ૬૪.૩૮ કરોડ ગણાય છે. તેમના પતિ પાસેથી ૧૮ કરોડની લોન તેમ જ મિલકતોના વેચાણ સામે એડવાન્સ ચુકવણા રૂપે કંપનીને ૩૫ કરોડ આપ્યાની વિગતો દર્શાવી છે.

સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1689/57 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 16
■ વિક્રમ સંવત ૨૦૮૦ ■ ચૈત્ર સુદ - ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26

રવિવાર, ૨૧ એપ્રિલ, ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩ + ૪ પાનાં દુબઈ પૂર્તિ







## ગુજરાતના ચૂંટણી જંગમાં ૪૭૦ ઉમેદવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તથા વિધાનસભાની ૦૫ બેઠક માટેની પેટાચૂંટણીઓ માટે ગત તા.૧૨ એપ્રિલથી ઉમેદવારીપત્રો ભરાવાની શરૂઆત થઈ હતી. તા.૧૯ એપ્રિલ, ૨૦૨૪ સુધીમાં લોકસભાની ચૂંટણી માટે કુલ ૪૩૩ ઉમેદવાર દ્વારા તથા વિધાનસભાની પેટાચૂંટણી માટે ૩૭ ઉમેદવાર દ્વારા ઉમેદવારીપત્રો ભરવામાં આવ્યા હતા.

ચૂંટણી પંચના સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી એ બી પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં સૌથી વધુ ૩૮ ઉમેદવાર દ્વારા ગાંધીનગર લોકસભા બેઠક પર ઉમેદવારીપત્રો ભરાયા હતા, સૌથી ઓછા ૫ જેટલા ઉમેદવાર દ્વારા બારડોલી બેઠક પર ઉમેદવારીપત્રો ભરવામાં આવ્યા હતા. વિધાનસભા બેઠકની વાત કરીએ તો સૌથી વધુ ૧૦ જેટલા ઉમેદવાર દ્વારા વિજાપુર બેઠક (જુઓ પાનું ૨) ▶▶






## ઓડિશાની મહાનદીમાં બોટ પલટીઃ સાતનાં મોત

ઝરસુગડાઃ ઓડિશાના ઝરસુગડા જિલ્લામાં શુક્રવારે મોડી સાંજે એક મોટી બોટ દુર્ઘટના ઘટી હતી. અહીં મહાનદી નદીમાં એક હોડી પલટી જવાથી સાત લોકોના મૃત્યુ થયા હોવાની માહિતી મળી છે. લોકોના મોતની પુષ્ટિ થઈ હતી. જણાવવામાં આવી રહ્યું છે કે આ તમામ લોકો છત્તીસગઢના રહેવાસી હતા. દરમિયાન, ગુમ થયેલા લોકોને શોધવા માટે શોધ અને બચાવ કામગીરી ચાલુ છે.

બોટ બારગઢ જિલ્લાના બંધીપાલી વિસ્તારમાંથી (જુઓ પાનું ૨) ▶▶










## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૧-૪-૨૦૨૪ થી તા. ૨૭-૪-૨૦૨૪

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ સમગ્ર સપ્તાહમાં મેષ રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી મંગળ કુંભ રાશિમાંથી તા. ૨૩મીએ મીનમાં પ્રવેશે છે. વક્રી બુધ મીન રાશિમાં તા. ૨૫મીએ માર્ગી થાય છે. ગુરુ મેષ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર મીનમાંથી તા. ૨૪મીએ મેષ રાશિમાં પ્રવેશે છે. શનિ કુંભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. પ્રારંભે ચંદ્ર કન્યા રાશિમાં રહે છે. તા. ૨૩મીએ તુલા રાશિમાં, તા. ૨૫મીએ વૃશ્ચિકમાં આવી સપ્તાહના અંત સુધી અહીં વૃશ્ચિકમાં રહે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના કામકાજમાં પરિવર્તનો જણાય છે. નોકરીમાં તા. ૨૨, ૨૫, ૨૪મીએ સરળતા અનુભવશો. અકારણ નાણાંનું રોકાણ હિતાવહ નથી. પરંતુ કારોબારની નાણાઆવક જળવાઈ રહેશે. ધાર્યા મુજબ નાણાલેવડદેવડ પૂર્ણ કરી શકશો. મુસાફરીઓ આ સપ્તાહમાં સ્થળાંતર શક્ય છે. મહિલાઓ પરિવારની જવાબદારીમાં સફળ રહેશે. વિદ્યાર્થીઓને અભ્યાસમાં અનુકૂળતા જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં અપેક્ષિત નાણારોકાણ શક્ય જણાય છે. અધિકારી દ્વારા નોકરીમાં તા. ૨૩, ૨૪, ૨૬મીએ અનુકૂળ તકો મેળવશો. પ્રવાસ દ્વારા વેપારના વિકાસના કામકાજ સફળ બનશે. નાણાંની ઉઘરાણી અનુકૂળ બની રહેશે. મહિલાઓને કુટુંબમાં યશસ્વી અનુભવ થાય. પ્રવાસ દ્વારા પરિવારના જરૂરી કામકાજ પૂર્ણ કરી શકશો. વિભાગીય પરીક્ષામાં વિદ્યાર્થીઓ સફળ નીવડશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. ટ્રેડિંગના કામકાજમાં આત્મવિશ્વાસ વધશે. વેપારના જૂના નાણાંની વસૂલી સરળતાથી શક્ય બની રહેશે. પ્રવાસ દ્વારા વેપારના વિસ્તરણના જવાબદારીના કામકાજ પૂર્ણ કરી શકશો. ગૃહિણીઓને સંતાનના અભ્યાસના કામકાજમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓનો નિત્ય અભ્યાસ સફળ પુરવાર થશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. જૂનું રોકાણ પણ ઉપયોગી થશે. નોકરીમાં બઢતી થાય. તા. ૨૧, ૨૨, ૨૫, ૨૬ના નોકરીના કામકાજમાં સરળતા બની રહેશે. મુસાફરીઓ આ સપ્તાહમાં લાભદાયી પુરવાર થશે. મહિલાઓને આ સપ્તાહમાં સપરિવાર પ્રવાસના આયોજનમાં સફળતા મેળવશો. વિદ્યાર્થીઓ સહઅધ્યાયીઓ સાથેના અભ્યાસનું આયોજન સફળતાથી પૂર્ણ કરી શકશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારનાં કામકાજ એકંદરે સફળ બની રહેશે. આત્મવિશ્વાસ દૃઢ બનશે. જરૂરી માર્ગદર્શન મેળવશો. નોકરીના કામકાજમાં યશ મેળવશો. નાણાંની આવક જળવાઈ રહેશે. પ્રવાસ દ્વારા વેપારના કામકાજ પૂર્ણ કરી શકશો. મહિલાઓને આ સપ્તાહમાં નિજી કામકાજમાં પતિનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસના સાધનો સરળતાથી પ્રાપ્ત થતાં જણાશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારનું કામકાજ ઉત્સાહભર્યું રહેશે. તેજીના વેપારમાં તથા લાંબા સમયના રોકાણ માટે ગોચરફળ શુભ છે. નોકરીની પ્રવૃત્તિઓ નિયમિતપણે જાળવી શકશો. સફળતા મેળવશો. વેપાર તથા અન્ય નાણાઆવકના સાધનો સરાહનીય પુરવાર થશે. ગૃહિણીઓને પડોશ સંબંધોમાં સરળતા તથા વિવાદનો ઉકેલ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના શૈક્ષણિક કાર્યક્રમો અનુકૂળ બની રહેશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાના વેપારમાં દૈનિક સાપ્તાહિક વેપાર લેવામાં સાવધાની રાખવી જરૂરી છે. નોકરીનાં સહકાર્યકરો ઉપયોગી પુરવાર થશે. કુટુંબના કારોબારમાં સફળતા, યશ મેળવશો. આર્થિક વ્યવહારો સફળ નીવડશે. સંતાન પરિવારના કામકાજમાં ઉપયોગી થશે. મહિલાઓના કુટુંબના સભ્ય સાથેના મતભેદ દૂર થશે. વિદ્યાર્થીઓને અભ્યાસ માટે નવીન તકો પ્રાપ્ત થતી જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના નવા રોકાણ તથા જૂનાં રોકાણના કામકાજ સફળ નીવડશે. નોકરીમાં તા. ૨૧, ૨૨, ૨૬ પ્રગતિસૂચક જણાય છે. મિત્રતા આ સપ્તાહમાં ઉપયોગી પુરવાર થશે. કુટુંબીજનોમાં આર્થિક વ્યવહાર પૂર્ણ થશે. મુસાફરીઓ સહપરિવાર જણાય છે. મહિલાઓને કાર્યક્ષેત્રે પરિશ્રમ છતાંય સફળતાનો ઉત્સાહ જળવાઈ રહેશે. વિદ્યાર્થીઓના નિત્ય અભ્યાસ સફળ અને નિયમિત બની રહેશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં આત્મવિશ્વાસ દૃઢ બનશે. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ પૂર્ણ કરી શકશો. તા. ૨૧, ૨૨, ૨૪, ૨૫ના નિર્ણયો સફળ બની રહેશે. કારોબારમાં સરકારી અધિકારી સાથેનો વ્યવહાર સફળ બની રહેશે. કાયદાના પ્રશ્નોનો ઉકેલ આવશે. મિત્રતાનો મહિલાઓને સુખદ અનુભવ થાય. આરોગ્ય જળવાશે. કુટુંબીજનોમાં યશસ્વી અનુભવ થાય. વિદ્યાર્થીઓને સહઅધ્યાયીઓ ઉપયોગી થશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણ માટેનાં નિર્ણયનો અમલ કરી શકશો. પ્રવાસથી નોકરીની પ્રવૃત્તિઓ ઉપયોગી બનશે. નોકરીમાં ઉપરી અધિકારી પણ ઉપયોગી થશે. અકારણ નાણાખર્ચ ટાળવા જરૂરી છે. સહોદરો સાથેના નાણાવ્યવહાર પૂર્ણ થશે. મહિલાઓનો સહપરિવાર પ્રવાસ સફળ બની રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવીન તકો પ્રાપ્ત થશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારનાં કામકાજમાં લાભ થશે. વેપાર સફળ રહેશે. નોકરીના કામકાજને લીધે પ્રવાસ થાય. સ્થળ પણ બદલાઈ શકે છે. સાહસિકતાથી નવા કામકાજનો પ્રારંભ પણ શક્ય જણાય છે. ક્રોધાવેશ પર કાબૂ રાખવો જરૂરી છે. અકારણ નાણાખર્ચ ટાળવા જરૂરી છે. મહિલાઓના કુટુંબના સભ્યો સાથેના મતભેદો દૂર થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં ધાર્યા મુજબ અનુકૂળ તકો પ્રાપ્ત થતી જણાશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણ માટે અનુકૂળ તકો જણાય છે. પ્રવાસ દ્વારા વેપારના વિકાસના કામકાજ સફળ નીવડશે. રાજકીય પ્રવૃત્તિઓમાં અનુકૂળતા મેળવશો. કુટુંબના સભ્યોમાં મતભેદો દૂર થશે. પ્રવાસ લાભદાયી પુરવાર થશે. મહિલાઓને આરોગ્ય જાળવણીમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓ વાંચન અભ્યાસમાં નિયમિતતા જાળવી શકશે. ■

## આજનું પંચાંગ

(ઉત્તરાયણ સૌર ગ્રીષ્મઋતુ), રવિવાર, તા. ૨૧-૪-૨૦૨૪શ્રી મહાવીર જયંતી (જૈન),અનંગ ત્રયોદશી,

ભારતીય દિનાંક ૧, માહે વૈશાખ, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ચૈત્ર સુદ-૧૩
જૈન વીર સંવત ૨૫૫૦, માહે ચૈત્ર, તિથિ સુદ-૧૩
પારસી શહેનશાહી રોજ ૧૦મો આવાં, માહે ૯મો આદર, સને ૧૩૯૩
પારસી કદમી રોજ ૧૦મો આવાં, માહે ૧૦મો દએ સને ૧૩૯૩
પારસી ફસલી રોજ ૨જો બહેમન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૧૧મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
મીસરી રોજ ૧૩મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની સાંજે ક. ૧૭-૦૭ સુધી, પછી હસ્ત.
ચંદ્ર કન્યામાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૪, સ્ટા.ટા.
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૫, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૩, સ્ટા. ટા.
-: મુંબઈ સમુદ્રમાં ભરતીઓટ :-
ભરતી : સવારે ક. ૧૦-૫૦, રાત્રે ક. ૨૨-૫૯
ઓટઃ સાંજે ક. ૧૬-૩૪, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૫૮ (તા. ૨૨)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ચૈત્ર શુક્લ - ત્રયોદશી. અનંગ ત્રયોદશી, શ્રી મહાવીર જયંતી (જૈન), પ્રદોષ, ભારતીય વૈશાખ માસ પ્રારંભ. શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃલગ્ન,સર્વદેવ પ્રતિષ્ઠા, પ્રદોષ વ્રત ઉપવાસ, મહાલક્ષ્મી પૂજન ભગવાન સૂર્યનારાયણનું પૂજન, શિવપાર્વતી પૂજા, રાત્રિ જાગરણ, શિવ ભક્તિ, નામ કિર્તન, જાપ, ભગવાન સૂર્યનારાયણ પૂજન, ધ્રૃવ દેવતાનું પૂજન, પીપળાનું પૂજન, નવા વસ્ત્રો, આભૂષણ, દુકાન, વેપાર, આભૂષણ, મિત્રતા, નામકરણ, દેવ દર્શન, અન્નપ્રાશન, સીમંત સંસ્કાર,
સર્વ શાંતિ, શાંતિ પૌષ્ટિક, રાજ્યાભિષેક, પાટ અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા કળશ પતકા ચઢાવવી,રોપા વાવવાં, બી વાવવું, ધાન્ય ભરવું, ખેતીવાડીનાં કામકાજ, ગાય-બળદની લેવડ-દવડ કરવી. આચમનઃ ગુરુ-હર્ષલ યુતિ ધાર્મિક સ્વભાવ.
ખગોળ જ્યોતિષઃ ગુરુ-હર્ષલ યુતિ,
ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-કુંભ, વક્રી બુધ-મીન, ગુરુ-મેષ(કૃતિકા-૧ ચરણ), શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચ્યુન-મીન, પ્લુટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૧-૪-૨૦૨૪ થી તા. ૨૭-૪-૨૦૨૪

રવિવાર, ચૈત્ર સુદ-૧૩, વિ. સં. ૨૦૮૦, તા. ૨૧મી એપ્રિલ, ઈ. સ. ૨૦૨૪. નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની સાંજે ક. ૧૭-૦૭ સુધી, પછી હસ્ત. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. અનંગ ત્રયોદશી, શ્રી મહાવીર જયંતી (જૈન), પ્રદોષ, ભારતીય વૈશાખ માસ પ્રારંભ. પારસી આદરનું પર્વ. શુભ દિવસ.

સોમવાર, ચૈત્ર સુદ-૧૪, તા. ૨૨મી, નક્ષત્ર હસ્ત રાત્રે ક. ૧૯-૫૯ સુધી, પછી ચિત્રા. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. શિવ દમનક ચતુર્દશી, શ્રી હાટકેશ્વર જયંતી, નૃસિંહ ડોલોત્સવ, ભદ્રા ક. ૨૭-૨૬ થી. સામાન્ય દિવસ.

મંગળવાર, ચૈત્ર સુદ-૧૫, તા. ૨૩મી, નક્ષત્ર ચિત્રા રાત્રે ક. ૨૨-૩૧ સુધી, પછી સ્વાતિ. ચંદ્ર કન્યામાં ૦૯-૧૮ સુધી, પછી તુલા રાશિ પર જન્માક્ષર. ચૈત્રી પૂનમ, શ્રી હનુમાન જયંતી, વૈશાખ સ્નાનારંભ, મન્વાદિ, બહુચરાજીનો મેળો. (સાંજે ક. ૧૬-૨૪ સુધી શુભ કાર્ય વર્જ્ય છે.)

બુધવાર, ચૈત્ર વદ-૧ તા. ૨૪મી, નક્ષત્ર સ્વાતિ મધ્યરાત્રે ક. ૨૪-૪૦ સુધી, પછી વિશાખા. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. ચૈત્ર કૃષ્ણપક્ષ પ્રારંભ, ઈષ્ટિ, પ્રતિપદા વૃદ્ધિ તિથિ, શુક્ર મેષમાં ક. ૨૩-૫૯. ભગવાન શ્રી એકલિંગજી મહારાજનો પાટોત્સવ. શુભ કાર્ય વર્જ્ય છે.

ગુરુવાર, ચૈત્ર વદ-૧ તા. ૨૫મી, નક્ષત્ર વિશાખા મધ્યરાત્રિ પછી ક. ૨૬-૨૩ સુધી (તા. ૨૬મી) પછી અનુરાધા. ચંદ્ર તુલામાં રાત્રે ક. ૨૦-૦૦ સુધી, પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. વિંછુડો પ્રારંભ ક. ૨૦-૦૦. શુભ કાર્ય વર્જ્ય છે.

શુક્રવાર, ચૈત્ર વદ-૨ તા. ૨૬મી, નક્ષત્ર અનુરાધા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૩૯ સુધી (તા. ૨૭મી) પછી જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. વિંછુડો, વિષ્ટિ ક. ૨૦-૦૪ થી. બુધ માર્ગી. શુભ દિવસ.

શનિવાર, ચૈત્ર વદ-૩ તા. ૨૭મી, નક્ષત્ર જયેષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૨૭ સુધી, પછી મૂળ. ચંદ્ર વૃશ્ચિકમાં મધ્યરાત્રિ પછી ક. ૨૮-૨૭ સુધી (તા. ૨૮મી), પછી ધનુ રાશિ પર જન્માક્ષર. સંકષ્ટ ચતુર્થી ચંદ્રોદય ક. ૨૨-૨૪. વિંછુડો સમાપ્તિ ક. ૨૮-૨૭. સૂર્ય ભરણી નક્ષત્રમાં ક. ૧૨-૫૬. વિષ્ટિ ક. ૦૮-૧૮ સુધી, શ્રી દુર્ગાદેવી રથોત્સવ અંજરાલે (રત્નાગિરિ). સામાન્ય દિવસ. ■

# કૉંગ્રેસ એવો વેલો છે કે આધાર આપનારાને સૂકવી નાખેઃ વડા પ્રધાન મોદી

પરભણીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના પરભણીમાં શનિવારે કૉંગ્રેસની સરખામણી એવા વેલા સાથે કરી હતી કે જેની પાસે મૂળિયાં કે શાખાઓ હોતી નથી અને તેને આધાર આપનારા વૃક્ષને જ તે સુકવી નાખે છે. તેમણે લોકોને એવી અપીલ કરી હતી કે વિકસિત ભારત અને વિકસિત મહારાષ્ટ્રનાં લક્ષ્યાંકોને સાધ્ય કરવા માટે વિપક્ષી ગઠબંધનથી સાવચેત રહો.

રાજ્યના મરાઠવાડા વિસ્તારમાં આવેલા પરભણીમાં એનડીએના સાથી મહાદેવ જાનકરના પ્રચાર માટે રેલીને સંબોધિત કરતાં તેમણે કહ્યું હતું કે ૨૦૨૪ની ચૂંટણી ફક્ત સરકાર બનાવવા માટે નથી, ભારતને વિકસિત અને આત્મનિર્ભર બનાવવા માટે છે.

અહીં ઉલ્લેખનીય છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રમાં શનિવારે બે રેલીને સંબોધી હતી. પરભણી પહેલાં તેમણે પાડોશમાં આવેલા નાંદેડ મતદારસંઘમાં પણ રેલી સંબોધી હતી. આ બંને બેઠકો પર બીજા તબક્કામાં એટલે કે ૨૬ એપ્રિલે મતદાન થવાનું છે.

વિપક્ષની જોરદાર ઝાટકણી કાઢતાં વડા પ્રધાને કહ્યું હતું કે કૉંગ્રેસ એવો વેલો છે, જેને શાખા પણ નથી અને મૂળિયાં પણ નથી. તેને જે આધાર આપે છે તેને જ સુકવી નાખે છે.

તેમણે કૉંગ્રેસ પર દેશના ભાગલા કરવાનો અને કાશ્મીરનો મુદ્દો પેદા કરવાનો આરોપ લગાવ્યો હતો. મોદીએ કહ્યું હતું કે કૉંગ્રેસે કલમ ૩૭૦ની આડમાં ક્યારેય કાશ્મીરમાં બંધારણ લાગુ થવા દીધું નહોતું. કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ને મોદી સરકારે ૨૦૧૯માં રદબાતલ કરી હતી.

તેમણે એમ પણ કહ્યું હતું કે કૉંગ્રેસ અને તેમના મિત્રોને દેશની દરેક ઐતિહાસિક બાબતો અણગમતી હતી.

મોદીએ રાજ્યની મહાવિકાસ આઘાડીની ટીકા કરતાં કહ્યું હતું કે કૉંગ્રેસ, નકલી શિવસેના (શિવસેના યુબીટીના સંદર્ભમાં) યાકુબ મેમણની કબરને સજાવવામાં વ્યસ્ત હતા. ૧૯૯૩ના મુંબઈ બોમ્બ બ્લાસ્ટ કેસના દોષી યાકુબ મેમણને ૨૦૧૫માં ફાંસી આપવામાં આવી હતી.

જ્યારે ઈન્ડી ગઠબંધન સત્તામાં હતું ત્યારે તેમણે લોકોને ક્યારેય એવું લાગવા જ દીધું નહોતું કે નિઝામનું શાસન પૂરું થઈ ગયું છે. રઝાકારની માનસિકતા હજી પણ અહીં પ્રવર્તી રહી છે. તેમની પ્રાથમિકતા યાકુબની કબરને સજાવવાની હતી, એમ તેમણે કહ્યું હતું.

મોદીએ કહ્યું હતું કે પરભણી એ જગ્યા છે જેણે શિવસેનાના સ્થાપક બાળ ઠાકરેને પ્રેરણા આપી હતી. તેમણે ઉપસ્થિતોને એવો સવાલ કર્યો હતો કે શું હજી પણ રઝાકાર માનસિકતાને અહીં સ્થાન છે?

મરાઠવાડાનો મોટો વિસ્તાર નિઝામના શાસન હેઠળ હતો અને રઝાકારના સૈનિકો દ્વારા તેમના પર હુમલા કરવામાં આવતા હતા.

મોદીએ વિપક્ષ પર જલયુક્ત શિવાર જેવી યોજનામાં અવરોધ ઊભો કરવાનો આક્ષેપ કર્યો હતો અને લોકોને વિકસિત ભારત અને વિકસિત મહારાષ્ટ્રને વાસ્તવિક બનાવવા માટે ઈન્ડી ગઠબંધનથી સાવચેત રહેવા જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે ૨૦૨૪ની ચૂંટણી દેશને વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનાવવા માટે છે. (પીટીઆઈ)■

# 'બૂઢા પહાડ'ના પાંચ હજાર મતદાર પ્રથમ વાર મતદાન કરશે

રાંચીઃ ઝારખંડની રાજધાની રાંચીથી અંદાજે ૧૫૦ કિલોમીટર દૂર લાતેહાર અને ગઢવા જિલ્લામાં સ્થિત અને અગાઉ નક્સલવાદથી અસરગ્રસ્ત 'બૂઢા પહાડ' વિસ્તારમાંના આશરે પાંચ હજાર મતદાર અનેક દાયકા બાદ લોકસભાની ચૂંટણીમાં સૌપ્રથમ વખત પોતાના મતવિસ્તારમાં ઊભા કરાયેલા મતદાન કેન્દ્રો ખાતે મતદાન કરશે.

ઝારખંડના પાડોશી છત્તીસગઢને પણ આ પ્રદેશની સીમા મળે છે. સુરક્ષા દળોએ આ વિસ્તારને અંદાજે ૩૦ વર્ષ બાદ 'લાલ ત્રાસવાદ'થી મુક્ત કરાવ્યો હતો.

બૂઢા પહાડ પર અંદાજે પાંચ હજાર મતદાર છે અને લોકસભાની ચૂંટણીમાં તેઓના મતદાન માટે પાંચ મતદાન કેન્દ્ર ઊભા કરાયા છે.

અગાઉ, માઓવાદીઓ હુમલા ન કરે, તે માટે મતદાન કેન્દ્રો અન્ય સલામત સ્થળે રખાતા હતા.

ભૌગોલિક રીતે દુર્ગમ આ વિસ્તારમાં સલામતી દળોએ 'ઓપરેશન ઓક્ટોપસ' ચલાવીને માઓવાદીઓનો ત્રાસવાદ ખતમ કર્યો હતો. અહીંના પલામુ મતવિસ્તારમાં ૧૩મી મેએ મતદાન થવાનું છે.

રાજ્યના એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે બૂઢા પહાડ પર ૨૦૨૩ની ૨૭ મેએ સૌપ્રથમ પોલીસ છાવણી ઊભી કરાઇ હતી.

અહીં ૨૦૨૨ના એપ્રિલથી અત્યાર સુધીમાં ૧૪ નક્સલવાદીને મારી નખાયા હતા અને ૫૯૦ માઓવાદીઓ શરણે થયા હતા અથવા તેઓને પકડી લેવાયા હતા. (એજન્સી) ■

# જમ્મુ-કાશ્મીરના રિયાસીમાં આતંકવાદી ઠેકાણાનો પર્દાફાશ

જમ્મુઃ જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લામાં શનિવારે એક આતંકવાદી ઠેકાણાનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. આ જગ્યાએથી કેટલીક ગુનાહિત સામગ્રી પણ જપ્ત કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

એક પોલીસ પ્રવક્તાના જણાવ્યા અનુસાર અર્નાસ સબ ડિવિઝનમાં દલાસ બર્નેલી વિસ્તારમાં એક સર્ચ અને કૉર્ડન ઓપરેશન દરમિયાન આ ઠેકાણાનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. આ ઓપરેશન તેની હાજરી અંગેની વિશ્વસનીય માહિતીને પગલે શરૂ કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે બે ડિટોનેટર, એક એસોલ્ટ રાઇફલના ૧૨ રાઉન્ડ, એક દરેક આઇઇડી સક્ષમ ટેપ રેકોર્ડર અને કેલ્ક્યુલેટર, એક બેટરી અને થોડા કનેક્ટિંગ વાયરો છુપાવવામાં આવ્યા હતા.

રિયાસીના વરિષ્ઠ પોલીસ અધિક્ષક મોહિત શર્માએ જણાવ્યું હતું કે આ વિસ્તારમાં હજુ પણ સર્ચ ઓપરેશન ચાલુ છે અને વધુ વિગતોની રાહ જોવાઇ રહી છે. પોલીસ રાષ્ટ્રવિરોધી તત્ત્વોની કોઇપણ નાપાક યોજનાઓને બેઅસર કરવા પ્રતિબદ્ધ છે, એમ તેમણે જણાવ્યું હતું. ■

# કાશ્મીરના પ્રથમ ચરણનું મતદાન પત્યું કે ૪૨ નેતાને સરકારી બંગલા ખાલી કરવાની નોટિસ

*સુરેશ એસ. ડુગ્ગર*

જમ્મુ : જમ્મુ અને કાશ્મીરના રાજનેતાઓ માટે ખરાબ સમચાર છે. આ વાત આતંકવાદી ધમકી કે હુમલાની નથી. આ વાત એસ્ટેટ વિભાગે રાજનેતાઓને સરકારી બંગલા ખાલી કરવા આપેલી નોટિસની છે. અનેક વર્ષોથી રાજનેતાઓ આ બંગલા પર કબજો જમાવીને બેઠા છે. એસ્ટેટ વિભાગે ૪૨ રાજનેતાઓને બંગલા ખાલી કરવાની નોટિસ પાઠવી છે. વિભાગે કોર્ટના આદેશને પગલે આ નોટિસ પાઠવી છે.

હકીકતમાં એસ્ટેટ વિભાગ દ્વારા સરકારી બંગલો પરત કરવાના આદેશ બાદ પણ આ નેતાઓએ બંગલા ખાલી કર્યા નથી. એસ્ટેટ વિભાગે પાંચ ઓગસ્ટ ૨૦૧૯એ કલમ ૩૭૦ રદ થઈ ત્યાર બાદ સેંકડો લોકો જેમાં મોટા ભાગના પ્રોફેશનલ પત્રકાર હતા તેમની પાસેથી ક્વાર્ટર ખાલી કરાવ્યા હતા. જોકે જમ્મુ અને કાશ્મીર બન્નેમાં વગદાર રાજનેતાઓએ બંગલો ખાલી કર્યા નહોતા. કલમ ૩૭૦ રદ થયા બાદ પ્રશાસને અમુક મીડિયા હાઉસને ઓફિસ વિનાના કરી નાખ્યા હતા. જે સામાજિક અને રાજકીય નેતાઓને કારણદર્શક નોટિસ પાઠવામાં આવી એમાં ગુલામ નબી આઝાદ, મુઝફ્ફર હુસૈન બેગ, કવિન્દ્ર ગુપ્તા, સજ્જાદ ગની લોન, મૌલવી ઈમરાન રજા અંસારી, સત શર્મા અને જી. એમનો સમાવેશ થાય છે. આમાં સરુરી, સુનીલ શર્મા, અબ્લુલ ગની વકીલ, અબ્દુલ માજિદ પૈંડર અને હકીમ મુહમ્મદ યાસીનનાં પણ નામો છે. આમાં બધા રાજકીય પક્ષોના નેતાઓ છે.

બીજાઓમાં રવિન્દર રૈના, આર.એસ. પઠાનિયા, પ્રદીપ શર્મા, વિબોધ ગુપ્તા, દલીપ સિંહ પરિહાર, રવિન્દર શર્મા, નીલમ લંગેહ, શોએબ નબી લોન, હાજી અબ્દુલ રશીદ, એમ. એસ. પંડિતપુરી, રાજા મંજૂર, નિઝામ-ઉ-દીન બટ, મીર મુહમ્મદ ફૈયાજનો પણ આમાં સમાવેશ થાય છે. જ્યારે જફર ઈકબાલ મન્હાસ, અબ્દુલ રહીમ રાથર. બશીર અહમદ ડાર, મુહમ્મદ અમીન ભટ,સોફી યુસુફ, એમ. વાઈ. તારિગામી, યાસીર રેશી, સુરિન્દર અંબરદાર, મુહમ્મદ અબ્બાસ વાની, શફીક મીર, શિલ્પી વર્મા, તારીક અહમદ કીન, શેખ ઈશફાક જબ્બાર, જાહિદ હુસૈન જાન, એસ. એસ. ચન્ની, સોના-ઉલ્લાહ લોન અને રેયાજ અહમદ મીરને પણ નોટિસ મળી છે.

એસ્ટેટ વિભાગે કબજો જમાવનાર નેતાઓને આદેશ આપ્યો છે કે જમ્મુ અને શ્રીનગરના સરકારી આવાસ જારી રાખવાના સમર્થનમાં અથવા તો આ નોટિસની પ્રાપ્તિની તારીખથી દસ દિવસમાં દસ્તાવેજી પુરાવા સાથે લેખિત પ્રતિક્રિયા દેવા માટે વર્ચ્યુઅલ મોડના માધ્યમથી એસ્ટેટ સમક્ષ હાજર રહે. મુખ્ય ન્યાયધીશ એન. કોટિસ્વર સિંહની આગેવાની હેઠળની ખંડપીઠે ત્રણ એપ્રિલ, ૨૦૨૪એ એક આદેશમાં કાશ્મીર અને જમ્મુના નિર્દેશક એસ્ટેટને આ રાજનેતાઓ પાસેથી બંગલો ખાલી કરાવવા ખાસ વ્યક્તિગત આદેશ બહાર પાડવાનું કહ્યું હતું. કોર્ટે આમ કરીને ખાસ કારણ બતાડીને એનું પુનરાવર્તન કરવાનું પણ કહ્યું છે. ■

# યુપી બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર ; ફરી એકવાર છોકરીઓએ બાજી મારી

પ્રયાગરાજઃ ઉત્તર પ્રદેશ સ્ટેટ બોર્ડ ઓફ હાઈસ્કૂલ એન્ડ ઈન્ટરમીડિયેટ એજ્યુકેશને શનિવારે બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર કર્યું હતું, જેમાં ધોરણ ૧૦ની પાસ ટકાવારી ૮૯.૫૫ ટકા અને ધોરણ ૧૨ની ૮૨.૬૦ ટકા છે. મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓને એક્સ પર હિન્દીમાં એક પોસ્ટમાં અભિનંદન આપતાં કહ્યું હતું કે, "તમામ વિદ્યાર્થીઓ, તેમના માતા-પિતા અને તેમના શિક્ષકોને ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ યુપી બોર્ડની પરીક્ષા પાસ કરવા બદલ હાર્દિક અભિનંદન.

તમે બધા 'નવા ઉત્તર પ્રદેશ' નું સુવર્ણ ભવિષ્ય છો. હું ઈચ્છું છું કે તમે બધા આવી મહેનત, સમર્પણ અને ધીરજ સાથે, જીવનની દરેક પરીક્ષામાં સફળ થાઓ. મા શારદાના આશીર્વાદ હંમેશાં તમારા બધા પર રહે.

સીતાપુર જિલ્લાની પ્રાચી નિગમ ૯૮.૫૦ ટકા માર્ક્સ સાથે ધોરણ ૧૦માં ટોપર બની હતી. સીતાપુરના શુભમ વર્માએ પણ ધોરણ ૧૨ની પરીક્ષામાં ૯૭.૮૦ ટકા સાથે પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

૨૭.૪૯ લાખ ( ૧૪.૩૯ લાખ છોકરાઓ અને ૧૩.૧૦ લાખ છોકરીઓ) ઉમેદવારોએ ધોરણ ૧૦ની પરીક્ષા આપી હતી અને એમાંથી ૮૬.૦૫ ટકા છોકરાઓ અને ૯૩.૪૦ ટકા છોકરીઓએ પરીક્ષા પાસ કરી છે.

ધોરણ ૧૨ માટે, ઉમેદવારોની સંખ્યા ૨૪.૫૨ લાખ (૧૩.૪૧ લાખ છોકરાઓ અને ૧૧.૧૧ લાખ છોકરીઓ) હતી અને પાસની ટકાવારી છોકરાઓની ૭૭.૭૮ ટકા અને છોકરીઓની ૮૮.૪૨ ટકા હતી.■

# ઉ. પ્રદેશમાં ૧૬૦ કેદીએ દસમા અને બારમાની પરીક્ષા પાસ કરી

પ્રયાગરાજ : ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદ, આગ્રા અને લખનઊ સહિતના ૩૦ જિલ્લાની વિવિધ જેલના ૧૮૦ કેદીઓ દસમા ધોરણની અને બારમા ધોરણની બોર્ડ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે. આના પરિણામો શનિવારે જાહેર થયાં હતાં. ઉત્તર પ્રદેશ સ્ટેટ બોર્ડ ઑફ હાઈસ્કૂલ એન્ડ ઈન્ટરમિડીયેટ એજ્યુકેશને આજે બોર્ડની પરીક્ષાનાં પરિણામો જાહેર કર્યાં હતાં. દસમામાં ૮૯.૫૫ અને બારમાનું ૮૨.૬૦ ટકા રિઝલ્ટ આવ્યુ હતું. રિઝલ્ટ પ્રમાણે દસમાની પરીક્ષામાં બેઠેલા ૯૧માંથી ૮૯ કેદીઓ ઉત્તીર્ણ થયા હતા, જ્યારે બારમા ધોરણમાં ૧૦૫ કેદી બેઠા હતા અને આમાંથી ૮૭ કેદીઓ પાસ થયા હતા. ■

# કૉંગ્રેસ પીએફઆઈ પરનો પ્રતિબંધ હટાવવા માગે છેઃ અમિત શાહ

## રાજસ્થાનમાં આરક્ષણને મુદ્દે કૉંગ્રેસ જુઠાણું ફેલાવી રહી હોવાનો આક્ષેપ કર્યો

જયપુર/કોટાઃ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી પર આરક્ષણને મુદ્દે જુઠાણું ફેલાવવાનો ગંભીર આક્ષેપ કરતાં દેશના ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું હતું કે વિપક્ષો પણ એવી ઈચ્છા રાખતા હશે કે એસસી, એસટી અને ઓબીસીને આપવામાં આવેલું આરક્ષણ ખતમ કરી નાખવામાં આવે તો પણ ભાજપ આવું થવા દેશે નહીં.

રાજસ્થાનમાં એક રેલીને સંબોધતાં તેમમે કહ્યું હતું કે કૉંગ્રેસ ઈસ્લામિક આતંકવાદી સંગઠન પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (પીએફઆઈ) પર લગાવવામાં આવેલો પ્રતિબંધ હટાવવા માગે છે.

ભાજપના અબકી બાર ૪૦૦ પારના નારા પાછળ બંધારણને બદલવાનો હેતુ છે એવા વિપક્ષના દાવાના છોતરાં કાઢતાં તેમણે કહ્યું હતું કે જ્યારે કૉંગ્રેસને બહુમતી મળી હતી ત્યારે તેમણે તેનો ઉપયોગ કટોકટી લાદવા માટે કર્યો હતો, જ્યારે અમને ૨૦૧૪ અને ૨૦૧૯માં બહુમતી મળી ત્યારે અમે તેનો ઉપયોગ આરક્ષણ હટાવવા માટે નહીં, કલમ ૩૭૦ હટાવવા માટે અને રામ મંદિર બાંધવા માટે, સીએએ લાવવા માટે, મહિલાઓને આરક્ષણ આપવા માટે, ગરીબી દૂર કરવા માટે અને દેશને સુરક્ષિત કરવા માટે કર્યો છે.

રાહુલ બાબા તમારે જુઠું ન બોલવું જોઈએ. જો કૉંગ્રેસ પણ એસસી, એસટી અને ઓબીસી સમાજને મળતી અનામત હટાવવા માગતી હશે તો પણ અમે તેને હટાવવા દઈશું નહીં. આ મોદીની ગેરેન્ટી છે. આ લોકો જુઠાણું ફેલાવી રહ્યા છે, એમ તેમણે કહ્યું હતું.

ઓબીસી સમાજને આરક્ષણ આપવાનો વિરોધ કૉંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો હતો એવો દાવો કરતાં તેમણે જણાવ્યું હતું કે મંડલ કમિશનનો અહેવાલ કૉંગ્રેસે અમલમાં મૂક્યો નહોતો. જ્યારે સંસદમાં ચર્ચા વખતે રાહુલ બાબાના પિતા રાજીવ ગાંધી આરક્ષણના વિરોધમાં અઢી કલાક બોલ્યા હતા.

તેમણે કહ્યું હતું કે જો લોકોએ કૉંગ્રેસને ગઈ ચૂંટણીમાં વિજયી બનાવી હોત તો કોટાને પીએફઆઈનો ગઢ બનાવી નાખવામાં આવ્યો હોત. લોકોએ મોદીને મત આપ્યા અને તેમણે પીએફઆઈને ખતમ કરી નાખી અને પીએફઆઈના લોકોને સળિયા પાછળ ધકેલી દીધા હતા. હવે આ લોકો કહી રહ્યા છે કે તેઓ પીએફઆઈ પરના પ્રતિબંધને હટાવી નાખશે. તમે લોકો પીએફઆઈ પરના પ્રતિબંધિત રાખવા માગો છો કે નહીં? એવો સવાલ પણ તેમણે ઉપસ્થિતોને કર્યો હતો. (પીટીઆઈ) ■

પહેલા પાનાનું ચાલુ

### ગુજરાતના ચૂંટણી

પર ઉમેદવારીપત્રો ભરવામાં આવ્યા હતા. જ્યારે સૌથી ઓછા ૬-૬ ઉમેદવાર દ્વારા માણાવદર તથા ખંભાત બેઠક પર ઉમેદવારીપત્રો ભરવામાં આવ્યા હતા.

આ ઉમેદવારીપત્રોની સ્ક્રુટીની તા.૨૦ એપ્રિલના રોજ કરવામાં આવી હતી. સ્ક્રુટીની બાદ માન્ય થયેલા ઉમેદવારીપત્રો તા.૨૨ એપ્રિલના રોજ બપોરે ૩ વાગ્યા સુધી પાછા ખેંચી શકાશે. ત્યાર બાદ હરીફ ઉમેદવારોની આખરી યાદી જાહેર કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનિય છે કે, રાજ્યની ૨૬ બેઠકમાંથી ભાજપે તમામ ૨૬ બેઠક અને કોંગ્રેસે ૨૪ બેઠક તેમજ આમ આદમી પાર્ટીએ બે બેઠક પર પોતાના ઉમેદવારોને ચૂંટણી જંગમાં ઉતાર્યા છે. ■

### ઓડિશાની મહાનદીમાં

મુસાફરોને લઈ જઈ રહી હતી. બોટમાં ૫૦ લોકો સવાર હતા. મુસાફરી દરમિયાન શારદા ઘાટ પાસે તે પલટી ગઈ હતી. દુર્ઘટનાની માહિતી મળતાની સાથે જ રાજ્યના સીએમ નવીન પટનાયકે મુખ્ય સચિવ અને એસઆરસીને બચાવ કાર્યમાં ઝડપ લાવવાનો નિર્દેશ આપ્યો હતો. પાંચ સ્કુબા ડ્રાઈવર અને બે કેમેરા પણ હવાઈ માર્ગે સ્થળ પર મોકલવામાં આવ્યા છે. દરમિયાન એવી માહિતી મળી છે કે સ્થાનિક માછીમારો ૩૫ મુસાફરને બચાવીને બહાર લાવ્યા હતા. બાદમાં પોલીસ અને ફાયર સર્વિસના કર્મચારીઓએ વધુ સાત મુસાફરને બચાવ્યા હતા. અન્ય સાત મુસાફર હજુ પણ ગુમ છે અને સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. ■

# મેટ્રો-૧૧ના રૂટમાં ફેરફારની સંભાવના

## દક્ષિણ મુંબઇના ગીચ વિસ્તારો આવરી લેવાનો વિચાર

મુંબઈઃ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી)થી વડાલા સુધીના વિસ્તાર માટે તૈયાર થઈ રહેલી મુંબઈની બીજી અંડરગ્રાઉન્ડ રેલવેના રૂટ (માર્ગ)માં ફેરફાર થવાની સંભાવના છે. દક્ષિણ મુંબઈના કેટલાક ગીચ વિસ્તારો આવરી લેવાના આશય સાથે આ બદલાવ વિશે વિચાર કરવામાં આવ્યો છે. પ્રસ્તાવિત નવા રૂટમાં ક્રોફોર્ડ માર્કેટ, મોહમ્મદ અલી રોડ, ગેટવે ઓફ ઈન્ડિયા, ફોર્ટ અને ભાયખલાનો સમાવેશ કરવા રજૂઆત કરવામાં આવી છે. અત્યારે જે રૂટ રજૂ થયો છે એમાં મુંબઈ પોર્ટ ટ્રસ્ટની જમીનના પાંચ સ્ટેશનને આવરી લેવામાં આવ્યા છે. મહારાષ્ટ્ર સરકારના વરિષ્ઠ અધિકારીઓએ આપેલી માહિતી અનુસાર ૧૨.૭૪ કિલોમીટરના અંતરને આવરી લેતા મેટ્રો ૧૧ના રૂટમાં નવા પ્રોજેક્ટ રિપોર્ટ અનુસાર ફેરફાર કરવાની નવી દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. જૂન મહિનામાં આ અંગે અંતિમ નિર્ણય લેવામાં આવશે. હાલના રૂટમાં ૧૧ સ્ટેશન છેઃ વડાલા (ભક્તિ પાર્ક), ગણેશ નગર, બીપીટી હોસ્પિટલ, શિવડી મેટ્રો, હે બંદર, કોલ બંદર, દારૂખાના, વાડી બંદર, ક્લોક ટાવર, કર્ણાક બંદર અને સીએસએમટીનો સમાવેશ છે. મેટ્રો ૧૧નો પ્રોજેક્ટ ૧૬૦૦૦ કરોડનો છે અને પાંચ વર્ષમાં પૂર્ણ કરવાની યોજના છે અને ૨૦૩૦ સુધીમાં કાર્યરત થવાની ગણતરી છે. સરકારી અધિકારીએ આપેલી માહિતી અનુસાર 'જે વિસ્તારમાં લોકોને પબ્લિક ટ્રાન્સપોર્ટની વધુ જરૂર છે એ વિસ્તાર ઉમેરવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.' ■

# નવું શૈક્ષણિક વર્ષ ૧૫મી જૂનથી શરૂ થશે

## રાજ્યની તમામ શાળામાં બીજી મેથી રજા

મુંબઈઃ સ્ટેટ બોર્ડની તમામ શાળામાં ગુરુવાર, બીજી મેથી રજા જાહેર કરવામાં આવી છે. વિદર્ભ જિલ્લાને બાદ કરતાં તમામ શાળા ૧૫મી જૂનના રોજ સ્ટેટ બોર્ડની તમામ વિભાગની શાળા ખૂલશે. પ્રાઈમરી, સેકન્ડરી અને હાયર સેકન્ડરી એજ્યુકેશનના ડિરેક્ટરે સંયુક્ત સર્ક્યુલર દ્વારા આ માહિતી મીડિયાને આપી હતી. વિદર્ભમાં ઉષ્ણતામાનનો પારો જૂન મહિનામાં ઊંચે રહેતો હોવાને કારણે અહીંની શાળા પહેલી જુલાઈથી ખૂલશે, એવું સર્ક્યુલરમાં જણાવવામાં આવ્યું છે. રાજ્યમાં છેલ્લા ઘણા દિવસથી હીટસ્ટ્રોકની અસર છે. આને કારણે તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓને હાજર રહેવા બાબતે બાવીસમી એપ્રિલથી સુવિધા આપવામાં આવી છે. શિક્ષણ વિભાગના ડેપ્યુટી સેક્રેટરીએ આ અંગેનો સર્ક્યુલર બહાર પાડ્યો છે. રાજ્યનાં અન્ય બોર્ડની શાળા ટાઈમટેબલ અનુસાર શરૂ હશે કે પછી શાળામાં અન્ય પ્રવૃત્તિ રાખતી હોય તો તે સુવિધા બાબતે સ્થાનિક સ્તરે શાળા પ્રશાસન નિર્ણય લઇ શકે છે. ■

# એમએમઆરડીએના મજદૂરોને ગરમીથી મળશે રાહત

## કોન્ટ્રેક્ટરોને શ્રમિકોની સુરક્ષા માટે વધારાના ઉપાય કરવાનો અપાયો નિર્દેશ

મુંબઈઃ મુંબઈ શહેરમાં અનેક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનાં કામ ચાલી રહ્યાં છે. આ પ્રોજેક્ટ્સ પર હજારોની સંખ્યામાં મજદૂરો કામ કરી રહ્યા છે, પણ મુંબઈમાં તાપમાન વધી રહ્યું છે. હવામાન વિભાગે આ ક્ષેત્રમાં લૂ લાગવાની ચેતવણી પણ આપી છે. વધી રહેલી ગરમીથી પહોંચી વળવા માટે એમએમઆરડીએએ સક્રિય પગલું ઉઠાવ્યું છે. શ્રમિકોની સુરક્ષા અને કલ્યાણ માટે કન્સ્ટ્રક્શન સાઈટ પર અનેક પ્રભાવી ઉપાય લાગુ કરીને નિર્માણ શ્રમિકોની સુરક્ષાને પ્રાથમિકતા આપવામાં આવી છે. આ સંબંધે સર્ક્યુલર બહાર પાડીને તમામ કોન્ટ્રેક્ટરોને નિયમ લાગુ કરવા માટેનો આદેશ આપવામાં આવ્યો છે.

કન્સ્ટ્રક્શન સાઈટની આસપાસ રેસ્ટ હાઉસ બનાવવામાં આવી રહ્યા છે. જેથી શ્રમિકોને ક્યારે પણ જરૂર પડે ત્યારે તેઓ આરામ કરી શકે. શરીરમાં પાણીની અછત ઊભી થવાની સમસ્યાથી કુશળતાપૂર્વક પહોંચી શકાય એ માટે ઓઆરએસનું વિતરણ પણ ફરજિયાત કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત પીવાનાં પાણીને ઠંડી જગ્યાએ રાખીને શ્રમિકોને સમયાંતરે પર્યાપ્ત પાણી પીવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે.

આ ઉપરાંત શ્રમિકોને તેમની શિફ્ટ દરમિયાન પર્યાપ્ત આરામ માટે વધારાનો સમય આપવામાં આવી રહ્યો છે. ગરમી ઊંચે ચડી જાય ત્યારે શ્રમિકો માટે વધુ ને વધુ ઉપાયયોજના રાખવાનું કોન્ટ્રેક્ટરોને જણાવવામાં આવ્યું છે. ■

# વિધાનસભ્ય રઈસ શેખનું રાજીનામુ

મુંબઈઃ ભિવંડી (ઇસ્ટ) બેઠકના સમાજવાદી પાર્ટી(એસપી)ના વિધાનસભ્ય રઇસ શેખે વિધાનસભ્યના પદેથી રાજીનામુ આપી દીધુ છે. પોતે પક્ષને લગતી વ્યક્ત કરેલી ચિંતાઓ અને સમસ્યાઓ પ્રત્યે રાજ્ય એકમ કોઇ ધ્યાન ન આપતું હોવાનું તેમ જ તેનું સમાધાન ન લાવતું હોવાનું કારણ આપીને રઇસ શેખે પોતાના વિધાનસભ્ય તરીકે રાજીનામુ આપ્યું હોવાનું જાણવા મળ્યું હતું. મહારાષ્ટ્ર રાજ્યના એસપી અધ્યક્ષ અબુ આસીમ આઝમીને રાજીનામુ મોકલાવી દીધુ હોવાનું રઇસે જણાવ્યું હતું. જોકે, વિધાનસભા અધ્યક્ષ નાર્વેકરને પોતાનું રાજીનામુ મોકલાવ્યું છે કે નહીં એ વિશે તેમણે જવાબ આપ્યો નહોતો. ભવિષ્યમાં તે શું નિર્ણય લેશે એ અંગે પણ રઇસે કોઇ ફોડ પાડ્યો નહોતો. ■




શ્રી હનુમાન જન્મોત્સવ

મંગળવાર, તા. ૨૩.૦૪.૨૦૨૪

સવારેઃ ૭ થી ૧ અને સાંજે : ૪ થી૧૦

શ્રી હનુમાનજી મંદિર સરાફ માતૃ મંદિર

ધનશ્યામદાસ સરાફ ચોક, પોદ્દાર માર્ગ, માલાડ (પૂર્વ), મુંબઇ - ૯૭

65 વર્ષ (1959 - 2024)

ધનશ્યામદાસ સરાફ ટ્રસ્ટ • દુર્ગાદેવી સરાફ ટ્રસ્ટ

મહાવીરપ્રસાદ સરાફ ટ્રસ્ટ • કિરણદેવી સરાફ ટ્રસ્ટ




**સૂમસામ...:** મોટા ભાગની સ્કૂલોમાં વેકેશન પડી ગયું છે, પરંતુ હાલમાં અસહ્ય બનેલી ગરમીમાં લોકો ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. તસવીરમાં સંજય ગાંધી નેશનલ પાર્ક અને મરીન ડ્રાઈવ બપોરના સમયે સૂમસામ જણાઈ રહ્યા છે. (જયપ્રકાશ કેળકર)

### ગેરકાયદે વસવાટ

# યુગાન્ડાની ૧૦ મહિલા પકડાઈ

થાણેઃ નવી મુંબઈમાં ગેરકાયદે વસવાટ કરવા બદલ પોલીસે યુગાન્ડાની ૧૦ મહિલાની ધરપકડ કરી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. પોલીસે મળેલી માહિતીને આધારે શુક્રવારે રાતના ખારઘરના રંજનપાડા વિસ્તારમાં રેઇડ પાડી હતી, જ્યાં યુગાન્ડાની ૧૦ મહિલા યોગ્ય દસ્તાવેજો વિના વસવાટ કરી રહી હતી. (પીટીઆઇ)■

# કારને અડફેટે લીધા બાદ ટ્રક વૃક્ષ સાથે ટકરાઇ

થાણેઃ થાણેના પાંચપખાડી સ્થિત મુંબઈ-નાશિક માર્ગ પર કારને અડફેટમાં લીધા બાદ ટ્રક વૃક્ષ સાથે ટકરાતાં ડ્રાઇવર અને ક્લિનર ઘાયલ થયા હતા. શનિવારે બપોરે આ અકસ્માત થયો હતો, જેમાં ઘવાયેલા બંનેની ઓળખ ડ્રાઇવર રામપ્રસાદ શહાણી (૩૨) અને ક્લિનર મોનહ શહાણી (૪૦) તરીકે થઇ હતી. મુંબઇ-નાશિક રોડ પરથી ટ્રક શુક્રવારે મુલુંડ તરફ જઇ રહી હતી ત્યારે થાણેના પાંચપખાડી ખાતે ધર્મવીર નાકા નજીક ડ્રાઇવરે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં ટ્રકે કારને અડફેટમાં લીધી હતી. ■


JASCF

૨૪ રત્ન જિનાલય અને જૈન ધર્મકથા ચિત્રશાળાની

સાતમી વર્ષગાંઠ

આ તીર્થ "અદ્વિતીય, અદ્ભૂત, અલૌકિક, અનુપમ અને અતિશય ક્ષેત્ર છે" એમ, સાધુ ભગવંતો, વિદ્વાનો, મુમુક્ષુઓ અને અસંખ્ય દર્શનાર્થીઓએ, અહીંની વિઝીટર્સ બુકમાં ઉપર મુજબ પોતાના અહોભાવો વ્યક્ત કરેલ છે.

જાતિ, કોમ, ધર્મના ભેદભાવ વિના અનેક લોકો ઉત્તમોત્તમ કક્ષાનાં પેઈન્ટીંગો જોવા અને તેની બોધ કથાઓ વાંચવા, વળી, ઉત્તમ કક્ષાનાં સર્ટિફાઈડ રત્નોની અદ્ભૂત પ્રતિમાઓનાં દર્શન કરવા, દેશ પરદેશથી કુટુંબ સહિત હજારોની સંખ્યામાં દર્શનાર્થીઓ અહીં પધારે છે, ભક્તિ કરે છે અને હર્ષ પામે છે, ધન્યતા અનુભવે છે.

આ તીર્થ ક્ષેત્ર વિષેનું પુસ્તક અહીં ઉપલબ્ધ છે. આ પુસ્તક અત્યંત લોકપ્રિય છે. લગભગ દરેક દર્શનાર્થી આ પુસ્તક પોતાની સાથે લઈ જાય છે. વળી, સોવેનિયર રૂપે અથવા પ્રભાવના અર્થે લોકો અહીંની KEY CHAIN પણ સાથે લઈ જાય છે. ઉપરાંત અહીંથી જૈન ધર્મનાં અત્યંત ઉપયોગી પુસ્તકો પ્રાપ્ત કરવાની પણ તક મળે છે.

અલ્કેશ દિનેશ મોદી અધ્યાત્મ કેમ્પસ,
મુંબઈ પુને ઓલ્ડ હાઈવે, કાર્લા - લોનાવલા.

યોગેશ : 09637821899
જીતુ : 09158832911


# ₹ ૧.૩૬ કરોડનું ડ્રગ્સ પકડાયુંઃ સાત જણની ધરપકડ

મુંબઈઃ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચના એન્ટિ નાર્કોટિક્સ સેલના (એએનસી)સ્ટાફે મલાડ, કુર્લા અને વસઇ-વિરારથી રૂ. ૧.૩૬ કરોડની કિંમતનું ડ્રગ્સ પકડી પાડીને સાત જણની ધરપકડ કરી હતી.

એએનસીના કાંદિવલી યુનિટના અધિકારીઓએ શુક્રવારે મલાડ અને વસઇ-વિરારથી ચાર જણને ઝડપી પાડીને તેમની પાસેથી રૂ. ૧.૨૪ કરોડનું હેરોઇન જપ્ત કર્યું હતું. આરોપીઓએ આ ડ્રગ્સ ક્યાંથી મેળવ્યું હતું અને તે કોને વેચવાના હતા તેની તપાસ કરાઇ રહી છે. દરમિયાન વરલી યુનિટનો સ્ટાફ શનિવારે કુર્લા પશ્ચિમમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો ત્યારે તેમની નજર ત્રણ શખસ પર પડી હતી, જેમની હિલચાલ શંકાસ્પદ જણાતાં તેમને તાબામાં લેવાયા હતા. તેમની તલાશી લેવાતાં રૂ. ૧૨ લાખનો ગાંજો મળી આવ્યો હતો. આથી ત્રણેય વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરવામાં આવી હતી. ■

# ₹ પાંચ લાખની માગી લાંચઃ સબ-ઇન્સ્પેક્ટર વિરુદ્ધ ગુનો દાખલ

મુંબઈઃ કંપનીના માલિક પાસેથી રૂ. પાંચ લાખની લાંચ માગવા બદલ દહિસર પોલીસ સ્ટેશનના સબ-ઇન્સ્પેક્ટર વિરુદ્ધ એન્ટિ કરપ્શન બ્યૂરો (એસીબી)એ ગુનો દાખલ કર્યો હતો.

ફરિયાદીની કંપનીના નામનું બેન્ક એકાઉન્ટ ફ્રીઝ કરવામાં આવ્યું હોવાથી ફરિયાદી બેન્કમાં જઇને તપાસ કરી હતી. એ સમયે બેન્કના કર્મચારીએ તેને દહિસર પોલીસ સ્ટેશનના સબ-ઇન્સ્પેક્ટર રાજેશ ગુહાડેનો મોબાઇલ નંબર આપીને તપાસ કરવા કહ્યું હતું. આથી ફરિયાદી સબ-ઇન્સ્પેક્ટરને મળ્યો હતો. એ સમયે ગુહાડેએ તેને કહ્યું હતું કે તમારી વિરુદ્ધ અમને ફરિયાદ મળી છે અને તમારી સામે ગુનો દાખલ કરવામાં આવશે.

દરમિયાન ગુનો દાખલ ન કરવા માટે ગુહાડેએ ફરિયાદી પાસે રૂ. પાંચ લાખની ખંડણી માગી હતી, જેને પગલે ફરિયાદીએ એસીબીનો સંપર્ક સાધ્યો હતો. એસીબીના અધિકારીઓએ આ પ્રકરણે તપાસ કર્યા બાદ ગુરુવારે છટકું ગોઠવ્યું હતું અને ગુહાડે વતી લાંચ લેવા માટે આવેલા ગૌર મિશ્રાને ઝડપી પાડ્યો હતો. ■

# દૂરદર્શન ન્યૂઝના લોગોના ભગવા રંગ પર વિપક્ષોએ કરી ટીકા

નવી દિલ્હીઃ સરકારી ન્યૂઝ ચેનલ દૂરદર્શનનો લોગો બદલાઇ ગયો છે. તેના લોગોનો રંગ રૂબી લાલથી બદલીને ભગવો (કેસરી) કરી દેવામાં આવ્યો છે. આ વાતને લઈને ચેનલ હવે વિપક્ષના નિશાના પર છે અને તેના પર ભગવાકરણનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે. જો કે બ્રોડકાસ્ટરે આ મુદ્દાને માત્ર લોગોમાં ફેરફાર તરીકે ઘડ્યો છે, વિરોધ પક્ષોના નેતાઓએ લોકસભાની ચૂંટણી પહેલા લોગો બદલવાની જરૂરિયાત પર સવાલ ઉઠાવ્યા છે.

મંગળવારે સાંજે, ડીડી ન્યૂઝે તેના સત્તાવાર એક્સ હેન્ડલ પર એક મેસેજ સાથે તેના નવા લોગોનો વીડિયો પોસ્ટ કર્યો. આ મેસેજમાં લખ્યું હતું કે, જો કે આપણાં મૂલ્યો સમાન છે, અમે હવે નવા અવતારમાં ઉપલબ્ધ છીએ. પહેલા ક્યારેય ન હોય તેવી સમાચાર યાત્રા માટે તૈયાર રહો. તદ્દન નવા ડીડી ન્યૂઝનો અનુભવ કરો! અમારી પાસે તે કહેવાની હિંમત છે - ઝડપ કરતાં સચોટતા, દાવાઓ કરતાં તથ્યો, સનસનાટીભર્યા કરતાં સત્ય કારણ કે જો તે ડીડી ન્યૂઝ પર છે, તો તે સાચું છે! ડીડી ન્યૂઝ - ભરોસા સચ કા.

વિપક્ષોની ટીકાનો જવાબ આપતા, પ્રસાર ભારતીના સીઈઓ ગૌરવ દ્વિવેદીએ જણાવ્યું હતું કે નવા લોગોમાં આકર્ષક નારંગી રંગ છે. થોડા મહિનાઓ પહેલા, જી-૨૦ (સમિટ) પહેલા, અમે ડીડી ઇન્ડિયાને સુધાર્યું હતું અને ચેનલ માટે ગ્રાફિક્સના સેટ પર નિર્ણય કર્યો હતો. ■

# મોદી અને રાહુલ ગાંધી વચ્ચેનો જંગઃ અજિત પવાર

પુણેઃ આ વખતની લોકસભા ચૂંટણીમાં પારિવારિક સંબંધો કેન્દ્રમાં નથી, પણ આ મુકાબલો કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેનો છે એવી સ્પષ્ટતા મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે શનિવારે કરી હતી. અજિત પવારનાં પત્ની સુનેત્રા પવાર પુણે જિલ્લાના બારામતી મતદાર સંઘમાં એનસીપીનાં ઉમેદવાર છે. રવિવારે પવારે કાન્હેરી સ્થિત હનુમાન મંદિરમાં પ્રાર્થના કરી પત્નીના પ્રચારના શ્રીગણેશ કર્યા હતા. આ પ્રસંગે અજિત પવાર સાથે તેમના બે પુત્ર પાર્થ અને જય તેમ જ પક્ષના કેટલાક કાર્યકરો હાજર હતા. ગુરુવારે સુનેત્રા પવાર તેમ જ તેમનાં નણંદ અને ત્રણ વખત સંસદ સભ્ય તરીકે ચૂંટાઈ આવેલાં સુપ્રિયા સૂળેએ ઉમેદવારી નોંધાવી હતી. (પીટીઆઈ)■

૩૪મી પુણ્યતિથિ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



સ્વ. શ્રી દેવરાજજી મોહનરાજજી ગુંદેચા
(ઘાણેરાવ - રાજસ્થાન) સ્વર્ગવાસ - તા. ૨૧-૦૪-૧૯૯૦

જન્મ અને મૃત્યુ તો નિશ્ચિત છે,
કેટલું નહી, કેવું જીવ્યા એજ યાદ રહી જાય છે.

શત્ શત્ નમન

પારસ • પૂનમ-જતીન • દીપક-રુચિકા
તથા ગુન્દેચા પરિવાર

GUNDECHA
DEVELOPING MILESTONES SINCE 1966

# ગેરકાયદે ફેરિયાઓને નોટિસ શા માટે મોકલાવો છો, સીધી કાર્યવાહી કરોઃ હાઈ કોર્ટ

મુંબઈઃ અનધિકૃત ફેરિયાઓ સામે કાર્યવાહીની પૂર્વકલ્પના તરીકે નોટિસ આપવાની જરૂર શી છે. ફેરિયાઓને સાર્વજનિક સ્થળે લાઈસન્સ વગર અને અનધિકૃતપણે વ્યવસાય કરવાનો કોઇ પણ હક નથી, એવો મહત્ત્વપૂર્ણ ચુકાદો આપીને હાઈ કોર્ટે બાંદ્રા-હિલ રોડ પરના ફેરિયાઓને મોટો ઝટકો આપ્યો છે. પોલીસની મદદ લઇને અનધિકૃત ફેરિયાઓ વિરુદ્ધ કાર્યવાહીનું જોરદાર અભિયાન હાથ ધરવામાં આવે, એવો નિર્દેશ પણ પાલિકાને આપવામાં આવ્યો છે.

હિલ રોડ વિસ્તારના બે રહેવાસીએ કરેલી અરજી પર ન્યાયાધીશ ગૌતમ પટેલ અને ન્યાયાધીશ કમલ ખાતાની ખંડપીઠ સમક્ષ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સોસાયટીને અડીને આવેલા સાર્વજનિક રસ્તા પર અનધિકૃત વેપારીઓને હટાવવાની માગણી અરજીમાં કરવામાં આવી હતી. આગામી સુનાવણી બીજી મેના રોજ મોકૂફ રાખવામાં આવી હતી. ■

### આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરની મારપીટનું પ્રકરણ

# જિતેન્દ્ર આવ્હાડની હાઇ કોર્ટમાં ધા

મુંબઈઃ શરદ પવાર જૂથની એનસીપી(રાષ્ટ્રવાદી કોંગ્રેસ)ના નેતા તેમ જ ભૂતપૂર્વ પ્રધાન જિતેન્દ્ર આવ્હાડના કાર્યકર્તાઓ દ્વારા આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરની મારપીટ કરવામાં આવી હતી.

આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર મહેશ આહેરની મારપીટ કરવા બદલ જિતેન્દ્ર આવ્હાડ વિરુદ્ધ નૌપાડા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોતાની વિરુદ્ધ નોંધવામાં આવેલો આ ગુનો રદ કરવામાં આવે, તેવી અરજી આવ્હાડ દ્વારા હાઇ કોર્ટમાં કરવામાં આવી છે.

થાણે પાલિકાના મુખ્યાલયના ગેટ બહાર આહેરની આવ્હાડના કાર્યકર્તાઓ દ્વારા મારપીટ કરવામાં આવી હતી. આ ઘટના બાદ આહેર દ્વારા આપવામાં આવેલી લેખિત ફરિયાદના આધારે વિધાનસભ્ય આવ્હાડ સહિત સાત જણ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. ■




YOUR BELONGINGS ARE IN SAFE HANDS.

Whether you're an individual who's migrating for work, or a business that's looking to expand, we have storage solution for everyone. No matter how big or small a space you need, we'll always be there for you.

Doorstep & 24x7 Hrs Customer Support | Customized Packaging Support
Storage Insurance Cover

GURUKRUPA™
STORAGE & SHIFTING SOLUTIONS
अमानत आपकी. ज़िम्मेदारी हमारी.

9821530702 | 9324254460

To Know more visit : www.gurukrupastoragesolutions.com

## નાટ્ય દર્પણ

### માણસ માત્ર લફરાને પાત્રઃ

નિર્માતા-લેખક-દિગ્દર્શકઃ ભરત સોની, દિલીપ સોની, 'માણસ માત્ર લફરાને પાત્ર' આ નાટક રવિવાર, તા. ૨૧ એપ્રિલ સાંજે ૭.૩૦ ક. નહેરુ ઓડિટોરિયમ, વર્લી ખાતે ભજવાશે.

# પાણીને મુદ્દે વિવાદ થતાં પડોશીઓ પર હુમલો : ત્રણ સામે ગુનો દાખલ

થાણેઃ ડોંબિવલીમાં પાણીને મુદ્દે વિવાદ થતાં પડોશીઓ પર હુમલો કરવા પ્રકરણે પરિવારના ત્રણ સભ્યો વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હોવાનું પોલીસે જણાવ્યું હતું.આ પ્રકરણે નોંધાયેલી ફરિયાદને આધારે પોલીસે આરોપી રીના મિશ્રા, અંકિત મિશ્રા અને અખિલ કુમાર સામે ગુનો દાખલ કર્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ ડોંબિવલીમાં ૧૪ એપ્રિલે આ ઘટના બની હતી. પીડિતોએ તેમના ઘરના પ્રવેશદ્વારને રંગોળીથી સજાવ્યો હતો, જે નળમાંથી વહેતા પાણીથી ખરાબ થઇ ગયો હતો. નળનો ઉપયોગ બંને પરિવાર કરે છે. આ બાબતને લઇ વિવાદ થતાં આરોપીઓએ એક પીડિતની મારપીટ કરી હતી અને તેને ગાળો ભાંડી હતી. બે દિવસ બાદ બંને પરિવારની મહિલા વચ્ચે પાણીને મુદ્દે ફરી ઝઘડો થયો હતો અને તે ઉગ્ર બન્યો હતો. (પીટીઆઇ)

# 'સ્વચ્છતા ઝુંબેશ': ૧૫૦ મેટ્રિક ટન કાટમાળ જમા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા છેલ્લા અનેક મહિનાઓથી મુંબઈના જુદા જુદા વિસ્તારમાં 'ડીપ ક્લિનિંગ' ઝુંબેશ હાથ ધરવામાં આવી છે, જે હેઠળ શનિવાર, ૨૦ એપ્રિલના મુંબઈમાં ૩૮૪ કિલોમીટર લંબાઈના રસ્તાની ધોઈને સફાઈ કરવામાં આવી હતી. તો એક જ દિવસમાં ૧૫૦ મેટ્રિક ટન કાટમાળ અને ૮૬ મેટ્રિક ટન કચરો ભેગો કરવામાં આવ્યો હતો.

'ડીપ ક્લિનિંગ' ઝુંબેશ હેઠળ શનિવારે મુંબઈના અનેક વિસ્તારમાં વોર્ડ સ્તરે સાફસફાઈ કરવામાં આવી છે, જે હેઠળ ૧૫૦ મેટ્રિક ટન કાટમાળ રસ્તા પર ગમે ત્યાં ફેંકવામાં આવ્યો હતો, તેને જમા કરવામાં આવ્યો હતો. ૮૬ મેટ્રિક ટન કચરાને ભેગો કરવામા આવ્યો હતો. ચો ૩૮૪ કિલોમીટર લંબાઈના રસ્તા પર પહેલા બ્રશિંગ કરીને ધૂળ કાઢવામાં આવી હતી અને ત્યારબાદ તેને પાણીથી ધોઈને સ્વચ્છ કરવામાં આવ્યા હતા.

શનિવારની સફાઈ ઝુંબેશ દરમિયાન ૧,૩૩૧ કામગાર-કર્મચારી જોડાયા હતા. તો ૨૦૧ મશીનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેમાં જેસીબી, ડંપર, કૉમ્પેક્ટર, પાણીના ટેન્કર વગેરેને સમાવેશ થાય છે. એ સિવાય ફાયરેક્સ મશીન, મિસ્ટિંગ મશીન અને અન્ય મશીનોનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. રવિવારે ઝોન એકમાં ફોર્ટ, ક્રાફર્ડ માર્કેટ પરિસર, ડૉકટર મેશેરી માર્ગ, ખેતવાડી ગલી, મંગલદાસ માર્ગ, લોહાર ચાલ, મરાઠા મંદિરથી આનંદરાવ નાયર માર્ગ વિસ્તારમાં સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ હતી. ઝોન-બેમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર માર્ગ, જે.કે. સાવંત માર્ગ, હરિશચંદ્ર યેવલે માર્ગ, એન.એમ. જોશી માર્ગ, સેનાપટી બાપટ માર્ગ, ઝોન ત્રણમાં ન્યૂ ઈંગ્લિશ સ્કૂલ માર્ગ, રામકૃષ્ણ પરમહંસ માર્ગ, સરોજિની માર્ગ, મહાકાલી ગુફા રોડથી જોગેશ્વરી વિક્રોલી લિંક રોડ જંકશન, ઝોન-ચારમાં અંધેરી રેલવે સ્ટેશન પરિસર, સુંદર નગર, અહિંસા માર્ગ, ઝોન-પાંચમાં કાજૂપાડા પાઈપલાઈન માર્ગ, અંધેરી-કુર્લા લિંક રોડ, વૈભવ નગર, ઝોન-છમાં બજાર માર્ગ, વિક્રોલી ગાર્ડન, પ્રતાપ નગર, હનુમાન નગર માર્ગ, બબનરાવ કુલકર્ણી માગ, મિઠાનગર તળઆવ વિસ્તારનો સમાવેશ થાય છે.

છેલ્લા પાનાનું ચાલુ

## ચવતમાળ-વાશિમ

પણ પરિણામ નિર્ભર રહેશે. ૨૦૦૮ની સીમાંકન કવાયતમાંથી ગઠિત થયેલા આ મતવિસ્તારમાં ત્યારબાદ યોજાયેલી ત્રણેય લોકસભાની સામાન્ય ચૂંટણીઓમાં શિવસેના-ભાજપના ઉમેદવારને વિજય મળ્યો છે. ચવતમાળ-વાશિમની છ વિધાનસભા બેઠકોમાંથી શિવસેના પાસે માત્ર એક જ વિધાનસભ્ય સંજય રાઠોડ છે. ભાજપ પાસે ચાર વિદાનસભ્યો છે જ્યારે અજિત પવારની એનસીપી પાસે એક છે. આ લોકસભા ચૂંટણીમાં મહાયુતિની આંતર-પક્ષીય અને પક્ષની આંતરિક રાજનીતિને વ્યવસ્થિત રીતે સંભાળીને ગવળીને બળવો કરતાં રોકવામાં સફળતા મળી છે.

બહુમતી કૃષિપ્રધાન અને બંજારા મતોએ અવિભાજિત શિવસેના અને ભાજપ યુતિને ચૂંટણીઓમાં આ બેઠક જીતવામાં મદદ કરી હતી. જો કે, શિવસેનાના વિભાજન પછી ડીએમકેના મત વિભાજિત થવાની શક્યતા જોવાઈ રહી છે, દેશમુખ મતદારો શિવસેના (યુબીટી)ના ઉમેદવાર સંજય દેશમુખને ટેકો આપી શકે છે. કુણબીઓ નારાજ છે કે તેમના નેતા ભાવના ગવળીને ૨૦૨૨માં શિવસેનાનું વિભાજન થયું ત્યારે એકનાથ શિંદે સાથે જવા છતાં ટિકિટ આપવામાં આવી નથી. આ ઉપરાંત બંજારા સમુદાયના અગ્રણી મહંત સુનિલ મહારાજ શિવસેના (યુબીટી)માં જોડાયા છે અને તે સંજય દેશમુખ માટે પ્રચાર કરી રહ્યા છે. ડીએમકે અને બંજારા મતો સેનાના બે જૂથોમાં વિભાજન થવાની શક્યતા જોવાઈ રહી છે. અન્ય કુણબીઓની સરખામણીમાં દેશમુખોની સંખ્યા ઓછી હોવાથી સેના અને ભાજપ ચૂપચાપ કુણબીઓ પર દાવ લગાવીને પ્રચાર કરી રહ્યા છે. પરંતુ અનુસૂચિત જાતિ અને મુસ્લિમોના અન્ય જાતિ-ધર્મ સંયોજન કોંગ્રેસના પરંપરાગત મતદારો છે અને તેઓ આ ચૂંટણીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે કારણ કે શિવસેના (યુબીટી) કોંગ્રેસ અને એનસીપી (શરદ પવાર) સાથે જોડાણમાં છે.

શાસક મહાયુતિને અહીં અન્ય બે પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે, ખેડૂતો અને યુવાનોમાં નારાજી અને અનુસૂચિત જાતિના મતદારો જો ભાજપને મત આપવામાં આવે તો બંધારણમાં સંભવિત ફેરફાર અંગેની આશંકા. ભાજપ અને શિવસેના બંનેને ખ્યાલ આવી ગયો છે કે તેઓ શેનો વિરોધ કરી રહ્યાં છે. આ મતવિસ્તારમાં પ્રચાર પર ભાજપનું નિયંત્રણ છે, છમાંથી ચાર વિધાનસભા ક્ષેત્રમાં પક્ષના વિધાનસભ્યો છે. મોવડીમંડળે એવા નેતાઓને ચેતવણી આપી છે કે જેઓ બહારના ઉમેદવાર માટે પ્રચાર કરવામાં અનિચ્છા ધરાવતા હતા. તેમને કહેવામાં આવ્યું છે કે તેમનું પ્રદર્શન હવે વિધાનસભા ચૂંટણીમાં તેમનું ભવિષ્ય નક્કી કરશે. સંકલનનો હવાલો સંભાળતા ભૂતપૂર્વ પ્રધાન અને યવતમાળના વિધાનસભ્ય મદન યેરાવરે જણાવ્યું હતું કે, ભાજપના વિધાનસભ્યો પાર્ટીને કેન્દ્રમાં ફરી સત્તા પર લાવવા માટે સખત મહેનત કરી રહ્યા છે. મહાયુતિના ઉમેદવાર પાસે પ્રચાર માટે ઓછો સમય હતો, પરંતુ તે વડા પ્રધાનના વિકાસ કાર્યોના સમર્થનથી વિજય પાક્કો છે. સેનાના ઉમેદવાર રાજશ્રી પાટીલે કહ્યું હતું કે વિપક્ષ તેમને આયાતી ઉમેદવાર તરીકે ઓળખાવી રહ્યો છે કારણ કે તેમની પાસે વાત કરવા માટે કોઈ મુદ્દા નથી. હું અહીં જન્મી અને ઉછરી છું. કટોકટીના સમયે લોકો માટે ચોવીસ કલાક ખુલ્લું એકમાત્ર સ્થળ મારા માતાપિતાનું ઘર છે. હું એક કષ્ટકાર (ખેડૂત) ની પુત્રી છું તેથી હું તેમની સમસ્યાઓ સારી રીતે સમજું છું અને તેના ઉકેલ માટે કામ કરીશ.

## ભાજપના સાંસદ

શિનોવાએ અરજીમાં કરી છે. આ ઉપરાંત શિનોવાએ બોમ્બે હાઇ કોર્ટમાં રીટ પિટિશન પણ દાખલ કરી છે જેમાં પોતાના વિરુદ્ધ ઉત્તર પ્રદેશમાં દાખલ કરવામાં આવેલી એફઆઇઆર રદ કરવાની માગણી કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશમાં શિનોવાએ જાહેરમાં રવિ કિશન પોતાના પિતા હોવાની જાહેરાત કરી ત્યારબાદ શિનોવા અને અન્ય વિરુદ્ધ લખનઊમાં એફઆઇઆર દાખલ કરવામાં આવી હતી.

મલાડના દિંડોશી કોર્ટમાં દાખલ કરાયેલી અરજી અનુસાર શિનોવાના માતા અપર્ણા સોની પત્રકાર હોવાના કારણે રવિ કિશન ઉપરાંત અન્ય અનેક કલાકારોના સંપર્કમાં હતી. એ દરમિયાન અપર્ણા અને રવિ કિશન વચ્ચે સંબંધો વિકસ્યા અને ૧૯૯૧માં બંનેએ લગ્ન કર્યા હતા. જોકે, અંગત કારણોસર બંને એકસાથે રહેતાં નહોતાં. આ સંબંધના કારણે ૧૯ ઓક્ટોબર ૧૯૯૮ના રોજ શિનોવાનો જન્મ થયો હતો. જોકે, ત્યારે રવિના પહેલાથી જ બીજા લગ્ન થયા હતા. અપર્ણા અને રવિ બંનેએ સંમતિથી તેમની પુત્રી શિનોવા રવિને અંકલ કહીને બોલાવશે તેમ નક્કી થયું હતું, એમ અરજીમાં જણાવવામાં આવ્યું હતું. દિંડોશી કોર્ટ ૨૫મી એપ્રિલે આ અંગે અરજી હાથ ધરશે જ્યારે રીટ પિટિશનની સુનાવણી બોમ્બે હાઇ કોર્ટ આવતા અઠવાડિયે હાથ ધરે તેવી શક્યતા છે.

## એકનાથ શિંદેએ

જલીલ સામે થશે. ભુમરેની ઉમેદવારીને ગણીએ તો એકનાથ શિંદેની શિવસેના દ્વારા અત્યાર સુધી ૧૧ બેઠકો પર ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે, જેમાં દક્ષિણ-મધ્ય મુંબઈ અને કલ્યાણની બેઠકનો પણ સમાવેશ થાય છે. આ બેઠક પર ૧૩મી મેના રોજ ચોથા તબક્કા દરમિયાન મતદાન હાથ ધરવામામં આવશે. ૧૯૮૯ બાદ છ વખત આ બેઠક અવિભાજીત શિવસેના જીતી છે. જોકે, ૨૦૧૯ની ચૂંટણીમાં ઇમ્તિયાઝ જલીલે ચંદ્રકાંત ખૈરેને હરાવીને આ બેઠક શિવસેના પાસેથી આંચકી લીધી હતી.


## મુંબઈ સમાચાર ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી ડિસેમ્બર ૨૦૨૩ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધઃ** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૩ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૪ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


## નવનીત રાણા

નામનું પાત્ર લોકોને ઠગતું હતું. હવે નવનીત રાણાએ પણ રાઉતના આ નિવેદનનો જવાબ આપતા પોતાના મતવિસ્તારમાં આ પ્રકારની ભાષા જરાય નહીં સહી લેવાય, તેમ કહ્યું હતું.

તેમણે રાઉતને મુંબઈનો 'ભંગાર' ગણાવ્યા હતા અને કહ્યું હતું કે આ ભંગાર ઠેકઠેકાણે જઇને અન્ય લોકો વિશે અપમાનજનક ભાષાનો ઉપયોગ કરે છે. જો તે અમરાવતીની દીકરી વિશે આ રીતની ભાષાનો ઉપયોગ કરશે તો તે અમરાવતીના લોકો જરાય નહીં ચલાવી લે.

ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલા રાઉતે કહ્યું હતું કે આ લોકસભાની ચૂંટણી કોઇ નાચવાવાળી અથવા બબલી વિરુદ્ધ નથી, પરંતુ મહારાષ્ટ્ર અને મોદી વિરુદ્ધની છે. તે(રાણા) એક ડાન્સર છે, એક અભિનેત્રી છે અને તે માયાળુ ભાવ ધરાવતા હાવભાવ દર્શાવી શકે છે, પરંતુ તમારે તેની જાળમાં ફસાવવું જોઇએ નહીં.

નવનીત રાણા ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં અપક્ષ તરીકે અમરાવતી બેઠક પરથી સાંસદ બન્યાં હતાં. જોકે આ વખતે તેમણે ભાજપ તરફથી ચૂંટણીમાં ઝંલપલાવ્યું છે.

## ઈસ્ટર્ન એક્સપ્રેસ

લેવામાં આવે છે.

પરંતુ છેલ્લ ઘણાં સમયથી ઘાટકોપર વિસ્તારમાં પાલિકા દ્વારા રોપવામાં આવેલાં વૃક્ષો મૃત હાલતમાં મળી આવ્યા હતા, જેથી પાણીના અભાવને લીધે આ વૃક્ષો સુકાઈ ગયા હશે એવો અંદાજ પાલિકાએ વ્યક્ત કર્યો હતો. જોકે વિસ્તારમાં ૪૦-૫૦ ઝાડ સુકાયેલી હાલતમાં મળી આવતા પાલિકા દ્વારા આ મામલે તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન વૃક્ષો પર ઝેર પ્રયોગ થયો હોવાની માહિતી સામે આવી હતી.

આ ગંભીર ઘટના અંગે પાલિકા અધિકારીએ જણાવ્યું હતું કે ઈસ્ટર્ન એક્સપ્રેસ વે નજીકના દરેક વૃક્ષોમાં પાંચથી છ છિદ્રો મળી આવ્યા હતા, જેથી વૃક્ષમાં ઝેર નાખવામાં આવ્યું છે એવું જાણવા મળ્યું હતું. ત્યારબાદ પાલિકા દ્વારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવ્યા બાદ અજ્ઞાત લોકો સામે પોલીસે ગુનો દાખલ કર્યો છે અને તેમની તપાસ ચાલી રહી છે.

## શિવસેના યુબીટી

દાખવવામાં આવી નહીં તેને કારણે પણ લોકોમાં તેમની સામે નારાજગી જોવા મળી રહી છે.

આ બધાની વચ્ચે એકનાથ શિંદેએ હિન્દુત્વનો મુદ્દો આગળ કરીને બળવો કર્યો ત્યારે એકનાથ શિંદે હિન્દુત્વના અસલી ચહેરા તરીકે બહાર આવી રહ્યાનું ચિત્ર ઊભું થયું હતું. આ થયા પછી તેમણે પોતાના કાર્યકાળમાં ધર્મ આધારિત દ્વેષ જ્યાં જ્યાં ફેલાયો હતો, ત્યાં સ્થિતિનું આકલન કરીને તેનું નિરાકરણ કર્યું એટલું જ નહીં અગાઉની સરકારમાં જેમની સામે દ્વેષપુર્ણ કાર્યવાહી કરવામાં આવી હતી તેમને પણ બચાવી લીધા હતા. આ બધી કાર્યવાહીને કારણે હિન્દુત્વના રક્ષક તરીકે એકનાથ શિંદેની છબી ઊભી થઈ હતી.

મુંબઈ નજીકના મીરા રોડમાં જ્યારે રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠાની પૂર્વસંધ્યાએ હિંસા આચરવામાં આવી ત્યારે તેમણે બુલડોઝર ચલાવીને લઘુમતી કોમને અત્યંત આક્રમક પદ્ધતિએ ચેતવણી આપી હતી અને ત્યારબાદ લઘુમતી સમાજના વિવિધ અગ્રણીઓ સાથે ચર્ચા કરીને રાજ્યમાં કોમી એખલાસનું વાતાવરણ નિર્માણ કરવાનો પ્રયાસ કર્યો હતો.

લાંબા સમયથી વિવાદમાં રહેલા કલ્યાણના દુર્ગાડીના કિલ્લા પરના મંદિર પરિસરમાં નમાઝ બંધ કરાવીને ત્યાં મંદિરનો જિર્ણોદ્ધાર કરાવ્યો હતો.

રાજ્યમાં વિવિધ મંદિરોને સાંકળતા વિશાળ હાઈવે બનાવીને લોકોને સંકેત આપ્યો હતો કે આ સરકાર હિન્દુત્વની સરકાર છે.

## લૉરેન્સ બિશ્નોઇ

આ માહિતી આપવામાં આવી હતી અને બાદમાં દાદર પોલીસ સ્ટેશન, દાદર જીઆરપી, ભોઇવાડા પોલીસ અને શિવાજી પાર્ક પોલીસ સ્ટેશનને સતર્ક કરવામાં આવ્યાં હતાં. જોકે પોલીસને તપાસમાં કશું મળ્યું નહોતું. પોલીસને શંકા છે કે એ બોગસ કૉલ છે અને કૉલ કરનારની શોધ ચલાવાઇ હતી.

ઉલ્લેખનીય છે કે ફિલ્મ અભિનેતા સલમાન ખાનના બાંદ્રાના નિવાસસ્થાન બહાર ૧૪ એપ્રિલના રોજ બિશ્નોઇ ગેન્ગના બે શૂટરે ગોળીબાર કર્યો હતો. ગોળીબાર બાદ લોરેન્સ બિશ્નોઇના ભાઇ અનમોલે ફેસબૂક પોસ્ટ પર જવાબદારી સ્વીકારી હતી. મુંબઈ ક્રાઇમ બ્રાન્ચ ફરાર બંને શૂટર સાગર પાલ અને વિકી ગુપ્તાને ભુજથી ઝડપી પાડ્યા હતા.

દરમિયાન ગોળીબારની ઘટના બાદ સલમાન ખાનના નિવાસસ્થાનથી બાંદ્રા પોલીસ સ્ટેશન સુધી લોરેન્સ બિશ્નોઇના નામે કૅબ બૂક કરવામાં આવી હતી. કૅબ બૂક કરાવનારા યુવકને ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદ ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો હતો, જેની ઓળખ રોહિત ત્યાગી તરીકે થઇ હતી. બીબીએમાં ગ્રેજ્યુએટ હોવા છતાં નોકરી ન મળતાં નાસીપાસ થઇને તેણે સલમાનના ઘર બહાર ગોળીબારના સમાચાર સાંભળ્યા બાદ બોગસ કૉલ કર્યો હતો.

## કોલાબા ટ્રીટમેન્ટ

છે. જ્યારે સારા પાણીનો પીવા સિવાયના અન્ય કામ માટે ઉપયોગ કરવામાં આવે છે.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ તાજેતરમાં નેવી તરફથી ૩.૫ એમએલડી પાણી માટે માગણી કરવામાં આવે છે. હાલ ૧૭ એમએલડી પીવાલાયક પાણી તેમને આપવામાં આવે છે. હવે ૩.૫ એમએલડી જેટલું ટ્રીટમેન્ટ કરેલું પાણી તેમને બિનપીવાલાયક સિવાયના ઉપયોગ માટે આપવામાં આવવાનું છે. અન્ય કંપનીઓ પણ આ ટ્રીટમેન્ટ કરેલા પાણીનો ઉપયોગ કરે તે માટે તેમને પ્રોત્સાહન આપવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. નોંધનીય છે કે મુંબઈને દરરોજ ૩,૯૦૦૦ એમએલડી પાણીપુરવઠો કરવામાં આવે છે, તેની સામે પાણીની માગ ૪,૫૦૦ એમએલડી સુધી પહોંચી ગઈ છે. છેલ્લા અનેક દાયકાથી મુંબઈની પાણીની જરૂરિયાત ફક્ત વરસાદ પર નિર્ભર થઈ ગઈ છે. વરસાદના પાણીનો સંગ્રહ સાત જળાશયમાં થાય છે અને તેમાંથી મુંબઈને પાણીપુરવઠો કરવામાં આવે છે. ૨૦૧૨માં મિડલ વૈતરણા ડેમના નિર્માણ બાદ પાલિકાના કોઈ પણ વૈકલ્પિક સ્રોત માટે કોઈ નવો પ્રોજેક્ટ હાથ ધરાયો નથી. આ વર્ષે પાલિકાએ તેના મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ ગાર્ગઈ ડેમ પ્રોજેક્ટ પર કામ કરવાનું ચાલુ કર્યું હતું. ત્યારબાદ મલાડમાં મનોરી ખાતે ડિસેલિનેશનલ પ્લાન્ટનું કામ ચાલુ કરવામાં આવ્યું છે, જોકે તેને હજી ચાલુ થવામાં હજી ત્રણથી ચાર વર્ષનો સમય લાગવાનો છે. ગંદા પાણી પર પ્રક્રિયા કરીને તેને પીવાલાયક પાણીમાં રૂપાંતરિત કરવાની યોજનાને પણ પાલિકા હાથ ધરવાની છે, તે માટે પાલિકાએ કોલાબા પ્લાન્ટ માટે અભ્યાસ કરવા માટે સલાહકારની નિમણૂક પણ કરી છે.

બાકીના સ્યુએજ પ્લાન્ટમાં પ્રાથમિક ટ્રીમેન્ટ આપ્યા બાદ ગંદા પાણીને નદી, ખાડી અથવા દરિયામાં ઠાલવવામાં આવે છે. પાલિકાએ મુંબઈ સ્યુએજ ડિસ્પોઝલ પ્રોજેક્ટ-બે હેટળ દરરોજ ૨,૪૬૪ મિલિયન લિટર ગંદા પાણી પર પ્રક્રિયા કરવા માટે વરલી, બાંદ્રા, ધારાવી, વર્સોવા, મલાડ, ઘાટકોપર અને ભાંડુપ ખાતે સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના નિર્માણ અને અપગ્રેડેશના પ્રોજેક્ટ હાથ ધર્યા છે.

## ક્રાફર્ડ માર્કેટના

સુવિધા ઉભી કરવામાં આવી રહ્યું હોવાનું પણ કમિશનરે કહ્યું હતું.

દક્ષિણ મુંબઈમાં પોલીસ મુખ્યાલયની સામે આવેલી ક્રાફર્ડ માર્કેટનો પુર્ન વિકાસ કરવામાં આવી રહ્યો છે. અહી માછલી વિક્રેતાઓ માટે નવી અત્યાધુનિક ઈમારતનું કામ અંતિમ તબક્કામાં છે અને બહુ જલદી રિડેવલપમેન્ટનું કામ પૂરું કરવામાં આવે એવી સૂચના પાલિકા કમિશનરે અધિકારીઓને આપી હતી.

ક્રાફર્ડ માર્કેટનું ચાર તબક્કામાં રિડેવલપમેન્ટનું કામ ચાલી રહ્યું છે. તેમાં ત્રણ અને ચારમાં તબક્કાનું કામ અંતિમ તબક્કામાં છે. માર્કેટમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં પાર્કિંગ, ગાળા, લિફ્ટ જેવી સુવિધાની સાથે બિલ્ડિંગમાં ગંદા પાણીનો નિકાલ માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી હોવાનું કમિશને કહ્યું હતું.

ક્રાફર્ડ માર્કેટની સાથે જ કમિશનરે શનિવારે ભાયખલામાં આવેલા વીરમાતા જિજાબાઈ ભોસલે વનસ્પતી ઉદ્યાન અને પ્રાણીસંગ્રહાલય પરિસરમાં આવેલા ભાઉ દાજી લાડ મ્યુઝિયમની પણ મુલાકાત લીધી હતી.

## ટાટા ઈન્સ્ટિટ્યૂટે

તુળજાપુર, હૈદરાબાદ અને ગુવાહાટીના ટીસના કેમ્પસમાં પ્રવેશ ઉપર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. રામદાસે ભગતસિંહ મેમોરિયલ લેક્ચરનું આયોજન કરી તેમાં વિવાદાસ્પદ વક્તાઓને આમંત્રણ આપ્યું હોવાનું પણ ધ્યાનમાં આવ્યું હતું. આ અંગેની નોટિસ રામદાસને મોકલવામાં આવી હતી જેમાં જણાવવામાં આવ્યું હતું કે તમે અભિવ્યક્તિ અને વિચાર સ્વાતંત્ર્યના નામે જાણીબૂઝીને અને હેતુપૂર્વક ગેરકાયદે પ્રવૃત્તિઓમાં સામેલ થતા હોવાનું જણાય છે અને આ ખૂબ જ ગંભીર બાબત છે. તમારી પ્રવૃત્તિઓ દેશના હિતમાં નથી અને ટીસ એક જાહેર સંસ્થા હોવાના કારણે દેશનું નામ ખરાબ થાય તેવી દેશ-વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ થવાની પરવાનગી ન આપી શકે. આ તમામ પ્રવૃત્તિ ગુનાહિત શ્રેણીમાં આવે છે. મૂળ કેરળના રામદાસે તે ટીસના આ આદેશ વિરુદ્ધ અપીલ કરશે, તેમ જણાવ્યું હતું. (પીટીઆઇ)

## હિન્દુ મરણ

સ્વ. દિવાળીબેન બેચરદાસ આડ ઠક્કર કચ્છ ગામ મોટી ચિરયીવાળાની મોટી વહુ. તે સ્વ. હરીરામના ધર્મપત્ની. તે સ્વ. નર્મદાબેન વાઘજી પોંઆ કચ્છ ગામ, વારાપધ્ધરવાળાની પુત્રી. સ્વ. રમાબેન હરીરામ આડઠક્કર (ઉં. વ. ૭૭) શુક્રવારે તા. ૧૯-૪-૨૪ના મુલુન્ડ મુંબઇ મધ્યે રામશરણ પામેલ છે. તે સ્વ. કનૈયો, તે રાજેશ, મહેશના માતુશ્રી. તે પ્રિતીબહેન, હીનાબેનના સાસુમા. તે સ્વ. મહેન્દ્ર, સ્વ. મેઘજી, ભૂપેન્દ્ર, મહેશ, કિશોર, ગીરીશના મોટા બેન. પ્રાર્થનાસભા તા. ૨૧-૪-૨૪ના રવિવાર મુક્તેશ્વર મહાદેવ મંદિર મુલુંડ, આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ), ૫-૩૦થી ૭. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

લુણસાપુર વાળા (જાફરાબાદ) હાલ બેંગલોર શ્રી ઈશ્વરલાલ જમનાદાસ ગોરડીયાના ધર્મપત્ની અ.સૌ. નિર્મળાબેન (ઉં.વ. ૯૨), તા. ૧૬-૪-૨૪ના મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. તે દિપક, સુરભી, જ્યોતિ, ઉષાના માતુશ્રી તથા નયનાના સાસુ. તે હરેશ, નિરંજન મુરારીના સાસુ. શ્રુતીના દાદી. વિવેક, ધવલ, આલોકના નાની. પાંચતલાવડા વાળા છોટાલાલ જમનાદાસ કાણકીયાના દિકરી. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**સોની ગિરનારા પરજીયા**

મૂળગામ સમઢીયાળા હાલ કાંદિવલી અ.સૌ. પ્રવિણાબેન પાલા (સોની) (ઉં.વ. ૬૦) તે અશોકભાઈ પ્રાગજીભાઈ પાલા (સોની)ના ધર્મપત્ની. જ્યોતિ, જીગર તથા વિનયના માતુશ્રી. જીગ્નેશકુમારના સાસુ. ઝરણાં તથા શોર્યના નાની. પિયરપક્ષે રાજકોટવાળા સ્વ. પ્રભાબેન હરિભાઈ નાંઢાનાં દીકરી. સ્વ. જયાબેન પ્રાગજીભાઈ પાલાનાં પુત્રવધૂ. તે તા.૧૮/૪/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. સંયુક્ત પ્રાર્થનાસભા તા. ૨૨/૪/૨૪ના ૪ થી ૬. લોહાણા મહાજનવાડી, બીજે માળે, એસ. વિ. રોડ, શંકર મંદિર પાસે, કાંદિવલી વેસ્ટ.

**ગામડિયા દરજી**

સ્વ. ધનગૌરીબેન ડાહ્યાભાઈ બલસારા (ઉં.વ. ૯૪) તે ૧૬/૪/૨૪નાં શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. ઉમેશભાઈ, સ્વ. જયશ્રીબેન, છાયાબેનનાં માતુશ્રી. હીનાબેન, સુરેશભાઈ, સ્વ. કિશોરભાઈનાં સાસુ. મનીષાબેન તથા ભાવિનભાઈનાં નાની. સમીરભાઈ તથા તેજસભાઈનાં દાદી. પિયરપક્ષે નવસારીવાળા સ્વ. અંબાબેન ભાણાભાઈ ટેલરનાં દીકરી. પ્રાર્થનાસભા ૨૨/૪/૨૪નાં ૪ થી ૬. પિયુષભાઇ દિલીપ ટેલર, બી/૭૦૪, રીંગલ પેરેડાઇઝ સોસાયટી નેમિનાથ ટાવરની સામે, એવરસાઈન મેડિકલ પાસે, એવરસાઈન સીટી, વસઈ ઈસ્ટ.

**ઔદિચ્ય ગોરવાલ બ્રાહ્મણ**

પોસાલિયા નિવાસી હાલ ભાયંદર અ.સૌ. મીનાક્ષી ત્રિવેદી (ઉં.વ. ૫૬) તે ૧૭/૪/૨૪નાં અવસાન પામેલ છે. તે મહેન્દ્ર ત્રિવેદીનાં ધર્મપત્ની. પ્રણવ, ગરિમા રોહિત ઓજાનાં માતાજી. સ્વ. ગોદાવરી બાબુલાલજી ત્રિવેદીનાં પુત્રવધૂ. બામનેરા નિવાસી પ્રિયલા મ. પ્રદેશ ગં. સ્વ. પુષ્પાદેવી બાબુલાલ ત્રિવેદીનાં દીકરી. પન્નાલાલ, નંદકિશોર, રામ ગોપાલ, દુર્ગા તથા જયશ્રીના નાનાભાઈના પત્ની. તેમની બંનેપક્ષની પ્રાર્થનાસભા ૨૧/૪/૨૪ના ૫ થી ૭. શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ, પાંચમે માળે, પારેખ લેન, એસ વિ રોડ, કાંદિવલી વેસ્ટ.

**દશા મોઢ માંડલિયા વણિક**

ગં.સ્વ. ઇન્દુમતીબેન મહેતા (ઉં.વ. ૭૭) તે હાલ ભાયંદર ૧૭/૪/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. રમેશચંદ્ર ભગવાનદાસ મહેતાના ધર્મપત્ની. સ્વ. રતિલાલ મહેતાના સુપુત્રી. સ્વ. ભગવાનદાસ રણછોડદાસ મહેતાના પુત્રવધૂ. સ્મિતા, સમીરના માતુશ્રી. જેસલ લોખંડવાલા તથા સીમા મહેતાના સાસુ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ગીરીનારાયણ બ્રાહ્મણ**

મુન્દ્રાના સ્વ. સુરેશ જેઠાલાલ વ્યાસના ધર્મપત્ની ગં.સ્વ. પુષ્પાબેન (ઉં.વ. ૭૭) તે સ્વ. જનક ગૌરી નિર્ભયશંકર ઠાકરના પુત્રી. રચના સંજય રાવલ (અમેરીકા)તથા નિધિ માનસ વ્યાસ(મુંબઇ)ના માતુશ્રી. તા. ૧૭/૪/૨૪ના કાંદીવલી મધ્યે શ્રીજીચરણ પામેલ છે. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**ઘોઘારી મોઢ વણિક**

અલમપુર નિવાસી હાલ (ઘાટકોપર) જીતેન્દ્ર મહેતા (ઉં.વ. ૬૯) તા. ૧૯-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મુક્તાબેન કાંતિલાલ ઉજમશી મહેતાના સુપુત્ર. તે ઇલાબેનના પતિ. તે જય, જાસ્મીનના પિતાશ્રી. હાર્દિક, શ્રદ્ધાના સસરા. દિનેશભાઈ, ભારતીબેન, વર્ષાબેન, મહેશ (રાજુ)ના ભાઈ. પિયરપક્ષ વડાલા નિવાસી સ્વ. લક્ષ્મીચંદ ઓધવજી પરીખના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા લાયન્સ કમ્યુનીટી હોલ, ૯૩-બી, ગારોડિયા નગર, ઘાટકોપર (ઈસ્ટ), તા. ૨૨-૪-૨૪, સોમવાર ૫:૦૦ થી ૬:૩૦.

**મોઢ ચાતુર્વેદી ચુથા સમવાય બ્રાહ્મણ**

વરતેજ નિવાસી હાલ (ભાયંદર), સ્વ. મંજુલાબેન દિક્ષીત. તા. ૧૯-૪-૨૪ના કૈલાશવાસ થયેલ છે. તેઓ સ્વ. ભરતભાઈ રમણિકલાલ દિક્ષીતના પત્ની. તપન અને દર્શનના માતા અને પ્રિતીબેન તપન દિક્ષીતના સાસુ અને પ્રથમના દાદી અને ભાસ્કરભાઈ, ગિરીશભાઈ અને મમતાબેનના ભાભી. પિયર પક્ષે સ્વ. નાગરદાસ ત્રિવેદીના દીકરી. પ્રાર્થનાસભાઃ ૨૧-૪-૨૪, રવિવાર ૫ થી ૭ વાગે. કપોળવાડી, ગીતા નગર, ફાટક રોડ, ભાયંદર (પશ્ચિમ).

## પારસી મરણ

મેહલી પીરોજશાહ સાઇવાલા તે મરહુમ ડો. રોશન મેહલી સાઇવાલાના ખાવીંદ. તે મરહુમો પીલામાય તથા પીરોજશાહ જીવનજી સાઇવાલાના દીકરા. તે ફિરોઝા કરાની, શીરાઝ સાઇવાલા ને વીરા સાઇવાલાના પપ્પા. તે શશાંક રૂપચંદ કરાનીના સસરાજી. તે વિદુર શશાંક કરાનીના મમાવાજી. તે રકશાંનદ તથા ઝૂમી તારાપોરના માસા. (ઉં. વ. ૮૭) રે. ઠે. ૩૫, મધુબન એપાર્ટમેન્ટ, ૫મે માળે, એ વિંગ, વરલી હીલ રોડ, વરલી, મુંબઇ-૪૦૦૦૧૮.ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૧-૪-૨૪ના બપોરે ૩-૪૦ કલાકે વી.પી. રોડ મધે અસલાજી અગ્યારીમાં.

સોલી કેકી મિસ્ત્રી તે આબાન સોલી મિસ્ત્રીના ખાવીંદ. તે મરહુમો ગુલબાઇ તથા કેકી આર મિસ્ત્રીના દીકરા. તે મરહુમો નરગીસ તથા મીનોચેર શેઠનાના જમાઇ. તે મરહુમ નેવીલ મીનોચેર શેઠનાના બનેવી. તે મરહુમ મીનોચેર રૂસ્તમજી મિસ્ત્રીના ભત્રીજા. તે કેટી જીમી મસાની, અરનાવઝ, આરમયતી, રોશન હોશંગ મિસ્ત્રી યાસ્મીન કેરસી અવારી, હુતોક્ષી ફલી અવારી ને બખ્તાવર દીન્યાર તાડવાળા, રૂબી બોમી બસલા, આરમીન જમશેદ મોદી, ફિરોઝ જાલ મિસ્ત્રી, જમશેદ જાલ મિસ્ત્રી, મરઝી જાલ મિસ્ત્રી ના મરહુમો એરચ મીનોચેર મિસ્ત્રી, ધન અદી પટેલના કઝીન. (ઉં. વ. ૮૧) રે. ઠે. ઇ-૧૪, ખુશરૂ બાગ, એસ. બી. સિંઘ રોડ, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૫. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૧-૪-૨૪ને બપોરે ૩.૪૦ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની વાડીયા બંગલીમાં.

સામ મીનુ એન્જિનિયર (ઉં.વ. ૮૭) તા. ૧૯ એપ્રિલે ગુજરી ગયા છે. તે નવાઝના હસબન્ડ, મરહુમ મીનુ અને બાનુના દીકરા. ઝાલ કૂપરના ફાધર. કવિતાના સસરા. તરોનીશ પિરાનના દાદા. ઉઠમણું ૨૧ એપ્રિલે બપોરે ૩-૪૦ વાગ્યે.

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાના ભાડીયાના લક્ષ્મીચંદ (બચુભાઇ) પાસુ છેડા (ઉં.વ. ૮૪) ૧૮-૪-૨૪ના અવસાન પામેલ છે. પાનબાઇ પાસુના પુત્ર. સ્વ. ભાનુમતી, ભાનુબેનના પતિ. નયનના પિતા. ભવાનજી, આણંદજીના ભાઇ. કોડાયના ગાંગજી રામજી, ચાંપશી રવજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. નયન છેડા, સી-૩૩, પ્લોટ નં. ૧૨૪, સાઇ સિધ્ધી સોસાયટી, ગોરાઇ-૨, બોરીવલી.

લાખાપુરના માતુશ્રી અમૃતબેન રામજી ગાલા (ઉં.વ. ૮૪) તા. ૧૮-૪-૨૪ના અવસાન પામેલ છે. તે નાનબાઇ નરશીના પુત્રવધૂ. રામજીના પત્ની. બીપીન, શૈલેષ, વિપુલ, કલ્પના, કિરણના માતુશ્રી. છસરાના સ્વ. મમીબાઇ ભીમશી મુરજીના પુત્રી. લુણીના મણીબેન માલશી, મંજુલા માવજી, છસરાના મોંઘીબેન મેઘજી, વડાલાના લક્ષ્મીબેન ભવાનજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. બીપીન ગાલા, એ/૬, ન્યુ દલ્વી નગર, શીંપોલી રોડ, બોરીવલી (વે.).

પત્રીના માતુશ્રી વનીતાબેન (લાડબાઈ) દેવજી ધરોડ (ઉં.વ. ૮૩) તા. ૧૯/૪/૨૪ના દેવલોક પામ્યા છે. સ્વ. દેવઈબાઈ વેલજીના પુત્રવધૂ. સ્વ. દેવજી (બાબુભાઇ)ના ધર્મપત્ની. શાંતિલાલ, રાજેશ, રીટાના માતુશ્રી. કપાયાના સ્વ. મેઘબાઈ ટોકરશી ચોથાના સુપુત્રી. સ્વ. લાલજી, પ્રાગપુરના સ્વ. સાકરબેન રતનશી, ભુજપૂરના સ્વ. કેશરબેન વીજપાર, ગુંદાલાના સ્વ. લક્ષ્મીબેન જયંતિલાલના બહેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. ઠે. રાજેશ ધરોડ, ૧/૧, શ્રવણ પાટીલ બિલ્ડીંગ, તુકારામ નગર, આયરે રોડ, ડોમ્બીવલી (ઇસ્ટ).

**માંગરોળ જૈન**

હાલ મલાડ ઈસ્ટ, ગં.સ્વ. રેણુકાબેન કિર્તીકુમાર શાહ (ઉં.વ. ૮૦), તા. ૧૯-૪-૨૪ના શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તેઓ સ્વ. જ્યોત્સનાબેન નવીનચંદ્ર શાહના પુત્રવધૂ. સ્વ. લીલાબેન રામદાસ શાહના પુત્રી. નિલેષ, ભૈરવીના માતુશ્રી. કેયુરભાઈ, જાસ્મીનના સાસુ. મીતના દાદી. નિહારના નાની. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા નીમા જૈન**

કપડવંજ નિવાસી હાલ કાંદિવલી સ્વ. બાબુલાલ હેમચંદ દોશીનાં સુપુત્ર મનુભાઈ (ઉં.વ. ૮૦) તે ૧૯/૪/૨૪નાં અરિહંતશરણ પામેલ છે. તે જયબાળાબેનનાં પતિ. દેવાંગ તથા રાગીણીના પિતા. સ્વ. જયંતીલાલ વાડીલાલ દોશીનાં જમાઈ. રાજુભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. રમેશભાઈ, સ્વ. રોહિતભાઈ, મુકેશભાઈ, સ્વ. રમીલાબેન, મધુબેન, સ્વ. મીનાબેન, પૂર્ણિમાબેનનાં ભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

ભાદ્રોડ નિવાસી હાલ અંધેરી સ્વ. અમુલખભાઈ પાનાચંદ દોશીના ધર્મપત્ની રસીલાબેન (ઉં.વ. ૮૭) તે જયેશભાઈ, મનીષભાઈ, મીતાબેન તથા ફાલ્ગુનીબેનના માતુશ્રી. મુકેશકુમાર, બકુલ કુમાર, મનીષકુમાર, અવનીબેન, શીતલબેનના સાસુ. ભાવનગર નિવાસી હાલ અંધેરી સ્વ. ધનજીભાઈ ગોવિંદજી શાહના પુત્રી. તા. ૧૯-૦૪-૨૪ને શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. : ૩૦૧, એમરેલ્ડ પાર્ક, વીરા દેસાઈ રોડ, દામજી શામજી ઉદ્યોગ ભવનની સામે, અંધેરી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

તોરી વાડિયા નિવાસી હાલ ઘાટકોપર સોમચંદ માણેકચંદ દોશી (ઉં. વ. ૯૩) તે સ્વ. મનોરમા સોમચંદ દોશીના પતિ. દિક્ષીત, સીમા પ્રકાશ મેઘાણી, રૂપલ પરેશ ગાંધી તથા જયશ્રીના પિતાશ્રી. સ્વ. નાથાલાલભાઇ, સ્વ. કાંતિભાઇ, સ્વ. કપૂરબેન, સ્વ. શાંતાબેન, સ્વ. લીલીબેનના ભાઇ. સ્વ. કેશવલાલ વીરપાળ પારેખના જમાઇ .ચિ. સિદ્ધિ, હર્ષિત-હેમાલી, જીનલ, ઉર્મિના નાના-દાદા. તા. ૧૯-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ આધોઈના સ્વ. નીમચંદ ખેરાજ ચરલા (ઉં. વ. ૬૫) ગુરુવાર, ૧૮-૪-૨૪ના અવસાન પામ્યા છે. સ્વ. દેસરીબેન હરખચંદના પૌત્ર. ગં.સ્વ. રૂપાબેન ખેરાજના પુત્ર. સ્વ. જયશ્રી, ભારતીના પતિ. અશોક, વિજય, પ્રતિકના પિતા. જયેષ્ઠી, રિદ્ધી, સ્નેહાના સસરા. ગં.સ્વ. મણીબેન ભીમશી રામજી કારીઆના જમાઈ. પ્રાર્થના સોમવાર ૨૨-૪-૨૪ના ૧૦થી ૧૧.૩૦ પ્રાર્થના સ્થળ. એમ.એમ. પ્યુપિલ્સ હાઈસ્કૂલ, ખાર-વેસ્ટ.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ ભરૂડિયાના સ્વ. વિરમ શીવજી ગાલા (ઉં. વ. ૭૧) શુક્રવાર, ૧૯-૪-૨૪ના અવસાન પામેલ છે. તે સ્વ. લાડુબેન શીવજીના સુપુત્ર. જવેરબેનના પતિ. દિનેશ, નિકુંજ, ભારતી, દમયંતીના પિતાશ્રી. નિશા, હિરલ, પ્રવિણ, કલ્પેશના સસરા. કાન્તી, કુંવરજી, જયંતી, શાંતી, રંજનના મોટાભાઈ. પાર્વતી, ભાનુબેન, ભાવનાના જેઠ. ભરૂડિયાના સ્વ. મીઠીબેન પચાણ ગુણશી સત્રાના જમાઈ. પ્રાર્થનાસભા રવિવાર, ૨૧-૪-૨૪ના ૩થી ૪.૩૦. સ્થળ. શ્રી થાણા વર્ધમાન સ્થા. તળાવપાળી, થાણા-વેસ્ટ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|




# આઈપીએલમાં હવે ૩૦૦ રનનો સ્કોર બહુ દૂર નથીઃ કાર્તિક

## બેન્ગલૂરુનો મૅચ-ફિનિશર કહે છે, ‘જૂનના ટી-૨૦ વર્લ્ડ કપ માટે હું ૧૦૦ ટકા તૈયાર છું’

કોલકાતાઃ સનરાઇઝર્સ હૈદરાબાદ શનિવારની દિલ્હી સામેની મૅચ પહેલાં જો આઇપીએલની એક જ સીઝનમાં ટીમ-સ્કોરનો વિક્રમ બે વખત તોડી શકે તો હવે કહેવું જ શું!

રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ (આરસીબી)ના મૅચ-ફિનિશર અને આ વખતે બે-ચાર મૅચમાં ઉત્કૃષ્ટ પર્ફોર્મ કરીને સૌ કોઈનું ધ્યાન ખેંચનાર દિનેશ કાર્તિક લોકોનું જે માનવું છે એને વાચા આપી છે.



હૈદરાબાદની ટીમે આ વખતે પહેલાં તો મુંબઈ સામે ૨૭૭ રન બનાવીને ટીમ-સ્કોરનો નવો રેકૉર્ડ રચ્યો હતો અને ગણતરીના દિવસોમાં બેન્ગલૂરુ સામે ૨૮૭ રન બનાવીને પોતાનો જ રેકૉર્ડ તોડ્યો. આ જોઈને મોટા ભાગના ક્રિકેટપ્રેમીઓને વિચાર આવ્યો હશે કે આઇપીએલમાં હવે ૩૦૦નો ટીમ-સ્કોર જોવા મળે એ દિવસ બહુ દૂર નથી.

કાર્તિકે શનિવારે એવું જ કહ્યું. તેણે પીટીઆઇને કહ્યું, ‘આપણે બધા જોઈએ છીએ કે ટીમ-સ્કોરની ટોચમર્યાદા સતતપણે તૂટી રહી છે અને વધુને વધુ ઊંચે જઈ રહી છે. ટી-૨૦ ફૉર્મેટમાં ક્યાંય કોઈ ટૂર્નામેન્ટમાં પહેલી ૩૨ મૅચમાં ૨૫૦-પ્લસના આટલા બધા (ચાર) સ્કોર ક્યારેય નથી જોવા મળ્યા. પ્લેયર હવે વધુ નિર્ભય થઈને રમી રહ્યા છે અને મોટી સંખ્યામાં ફોર-સિક્સર ફટકારી રહ્યા છે. ૩૦૦નો આંકડો બહુ જ થોડા સમયમાં પાર થઈ જશે તો નવાઈ નહીં લાગે.’

કાર્તિકે એવું પણ કહ્યું કે ‘દરેક ટીમની બૅટિંગ લાઇન-અપ ખૂબ લાંબી થઈ ગઈ છે એટલે હરીફ ટીમના બોલર્સ પર પ્રેશર આવી જાય છે. છેલ્લા ૧૭ વર્ષમાં જુઓ, બૅટિંગનું ધોરણ માનવામાં ન આવે એટલું બદલાઈ ગયું છે. ખાસ કરીને ઇમ્પૅક્ટ પ્લેયરના નિયમથી બધી ટીમોની બૅટિંગને વેગ મળ્યો છે.’

૩૮ વર્ષનો વિકેટકીપર-બૅટર દિનેશ કાર્તિક કહે છે, ‘મેં ભારત વતી ફરી રમવાની આશા હજી નથી છોડી. જૂનના ટી-૨૦ વર્લ્ડ કપમાં રમવા માટે તૈયારી કરવા હું કંઈ પણ કરવા તૈયાર છું. હું એ વિશ્વકપમાં રમવા ૧૦૦ ટકા ફિટ છું.’ ■

### કાર્તિકની આજે ૨૫૦મી મૅચ

દિનેશ કાર્તિક આજે આઇપીએલમાં ૨૫૦મી મૅચ રમનારો (ધોની, રોહિત પછીનો) ત્રીજો ખેલાડી બનશે. બેન્ગલૂરુની આજે (બપોરે ૩.૩૦ વાગ્યાથી) ઈડનમાં કોલકાતા સામે મૅચ છે. આ સીઝનમાં અગાઉ કોલકાતાએ બેન્ગલૂરુને સાત વિકેટે હરાવ્યું હતું.

# રિષભ પંતે બૅટિંગ આપવાની ભૂલ કરી અને હેડ-અભિષેકે છગ્ગા-ચોક્કાનો વરસાદ વરસાવ્યો

નવી દિલ્હીઃ સનરાઇઝર્સ હૈદરાબાદે શનિવારે પાટનગર દિલ્હીમાં યજમાન દિલ્હી કૅપિટલ્સની ટીમ અને એના અસંખ્ય ચાહકોને બેફામ ફટકાબાજી કરીને ધ્રુજાવી દીધા હતા. હૈદરાબાદે સાત વિકેટે ૨૬૬ રન બનાવીને દિલ્હીને ૨૬૭નો લક્ષ્યાંક આપ્યો હતો.

હૈદરાબાદની ટીમ આ સીઝનમાં ટીમ-સ્કોરના બે વિક્રમ (૨૭૭ રન અને પછી ૨૮૭) નોંધાવી ચૂકી હોવા છતાં દિલ્હીના કૅપ્ટન રિષભ પંતે ટૉસ જીત્યા પછી પૅટ કમિન્સની ટીમને પહેલા બૅટિંગ કરવાનું આમંત્રણ આપવાની ભૂલ કરી હતી. ટ્રેવિસ હેડ (૮૯ રન, ૩૨ બૉલ, છ સિક્સર, અગિયાર ફોર) અને અભિષેક શર્મા (૪૬ રન, ૧૨ બૉલ, છ સિક્સર, બે ફોર)ની જોડીએ જોરદાર આતશબાજી કરી હતી. તેમણે દિલ્હીના દરેક બૉલરની બોલિંગમાં ધુલાઈ કરી હતી અને બૉલને ચારેય દિશામાં મોકલ્યા હતા.

આઇપીએલની આ સીઝનમાં ઓપનિંગ પાર્ટનરશિપનો ૧૩૪ રનનો વિક્રમ શુક્રવારે જ બન્યો હતો, પરંતુ એ રેકૉર્ડ ટ્રેવિસ હેડ અને અભિષેક શર્મા તોડવામાં નિષ્ફળ રહ્યા હતા. શુક્રવારે લખનઊમાં એલએસજીના કૅપ્ટન રાહુલ અને ડિકૉક વચ્ચે ૧૩૪ રનની ભાગીદારી થઈ હતી. જોકે દિલ્હીમાં હૈદરાબાદે ૧૩૧મા રને અભિષેકની પહેલી વિકેટ ગુમાવતાં ભાગીદારીનો વિક્રમ નહોતો તૂટી શક્યો. જોકે પાવરપ્લેમાં વિના વિકેટે ૧૨૫ રન બનાવવાનો રેકૉર્ડ રચાયો હતો. એ સાથે, ૧૦૫ રનનો વિક્રમ તૂટ્યો હતો.

હૈદરાબાદની ટીમે દિલ્હીની ધરા પર હાહાકાર મચાવ્યો હતો, પણ દિલ્હીનો લેફ્ટ-આર્મ રિસ્ટ-સ્પિનર કુલદીપ યાદવ (૪-૦-૫૫-૪) ત્રાટક્યો હતો અને તેણે વારાફરતી ત્રણ વિકેટ લઈને હૈદરાબાદના રથને કાબૂમાં લીધો હતો. અક્ષર પટેલે અભિષેક અને માર્કરમનો શાનદાર કૅચ પકડ્યો હતો. હેડે ૫૦ રન ૧૬ બૉલમાં બનાવ્યા હતા. હૈદરાબાદના પહેલા ૧૦૦ રન ૩૦ બૉલમાં, ૧૫૦ રન ૮.૪ ઓવરમાં બન્યા હતા.

કુલદીપે અભિષેક તેમ જ માર્કરમ (એક રન) અને ટ્રેવિસ હેડની વિકેટ લીધી હતી. ત્યાર બાદ હૈદરાબાદનું રનમશીન ધીમું પડી ગયું હતું, પણ શાહબાઝ અહમદ (૫૯ અણનમ, ૨૯ બૉલ, પાંચ સિક્સર, બે ફોર) તેમ જ નીતિશ રેડ્ડી (૩૭ રન, ૨૭ બૉલ, બે સિક્સર, બે ફોર)ની જોડીએ ૬૭ રનની ભાગીદારીએ ફરી બધાને વિચારતા કરી દીધા હતા. અબ્દુલ સામદે આઠ બૉલમાં ૧૩ રન બનાવ્યા હતા. મુકેશ કુમાર, અક્ષર પટેલને એક-એક વિકેટ મળી હતી. ■

# કુસ્તીબાજો વિનેશ, રીતિકા, અંશુ ઑલિમ્પિક્સ માટે ફિક્સ

બિશ્કેક (કીર્ગિઝસ્તાન): ભારતની ત્રણ મહિલા કુસ્તીબાજો વિનેશ ફોગાટ (૫૦ કિલો કૅટેગરી), રીતિકા (૭૬ કિલો) અને અંશુ મલિક (૫૭ કિલો) આ વર્ષની પૅરિસ ઑલિમ્પિક્સ માટે ક્વૉલિફાય થઈ ગઈ છે.

ક્વૉલિફિકેશન માટેની હરીફાઈની સેમિ ફાઇનલમાં કઝાખની ૧૯ વર્ષીય લૉરા ગૅનિક્ઝીને હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. આ સ્પર્ધામાં સેમિ ફાઇનલમાં પહોંચનારને ઑલિમ્પિક્સ માટેનું ક્વૉલિફિકેશન મળવાનું હતું જે વિનેશને મળી ગયું. ■



# લખનઊની ટીમ લખનઊમાં જીતી, પણ હવે મંગળવારે ચેન્નઈને ચેન્નઈમાં હરાવવી મુશ્કેલ



લખનઊઃ આઇપીએલની સીઝનમાં કોઈ બે ટીમ વચ્ચે એક મુકાબલો થઈ જાય ત્યાર બાદ તરત જ (બીજી જ મૅચમાં) એ જ બે ટીમ પાછી સામસામે આવી જાય એવું જવલ્લે જ બન્યું છે. આ વખતે ફરી બનવાનું છે.

શુક્રવારે લખનઊમાં ભારતરત્ન અટલ બિહારી વાજપેયી ઇકાના ક્રિકેટ સ્ટેડિયમમાં લખનઊ સુપર જાયન્ટ્સે ચેન્નઈ સુપર કિંગ્સની ટીમને છ બૉલ બાકી રાખીને આઠ વિકેટના માર્જિનથી હરાવી હતી. ચેન્નઈએ અજિંક્ય રહાણેના ૩૬ રન, રવીન્દ્ર જાડેજાના અણનમ ૫૭ રન, મોઇન અલીના ૩૦ રન અને એમએસ ધોનીના બે સિક્સર તથા ત્રણ ફોરની મદદથી બનેલા અણનમ ૨૮ રનની મદદથી છ વિકેટે ૧૭૬ રન બનાવ્યા હતા. લખનઊએ જવાબમાં ૧૯ ઓવરમાં બે વિકેટે ૧૮૦ રન બનાવીને વિજય મેળવી બે પૉઇન્ટ મેળવવાની સાથે પાંચમા સ્થાને જમાવટ કરી હતી. લખનઊને કૅપ્ટન કેએલ રાહુલ (૮૨ રન, ૫૩ બૉલ, ત્રણ સિક્સર, નવ ફોર) અને ક્વિન્ટન ડિકૉક (૫૪ રન, ૪૩ બૉલ, એક સિક્સર, પાંચ ફોર) વચ્ચે પહેલી વિકેટ માટે ૧૩૪ રનની આ સીઝનની વિક્રમજનક ભાગીદારી થઈ હતી. રાહુલે ૮૨ રન ૧૫૪.૧ના સ્ટ્રાઇક-રેટથી બનાવ્યા હતા. તેને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો.

શુક્રવારે તો લખનઊએ હોમ-ગ્રાઉન્ડ પર ચેન્નઈ સામે વિજય મેળવ્યો, પણ હવે બે દિવસ પછી ચેન્નઈમાં લખનઊ માટે જીતવું મુશ્કેલ થઈ શકે. મંગળવારે ચેન્નઈમાં ચેપૉકના એમ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં ઋતુરાજ ગાયકવાડની કૅપ્ટન્સીમાં ચેન્નઈની ટીમ લખનઊ સામે રમશે એટલે લખનઊ સામે શુક્રવારની હારનો બદલો લેવાનો ચેન્નઈને તરત જ મોકો મળશે.

ચેન્નઈની ટીમ આ વખતે હોમ-ગ્રાઉન્ડ પર ત્રણેય મૅચ જીતી છે. બેન્ગલૂરુને ચેન્નઈએ છ વિકેટે, ગુજરાતને ૬૩ રનથી અને કોલકાતાને સાત વિકેટે પરાજય ચખાડ્યો હતો. હવે બે અઠવાડિયા બાદ ચેન્નઈની ટીમ ફરી હોમ-ટાઉનમાં રમવા આવી ગઈ છે જે જીતીને પૉઇન્ટ્સ-ટેબલમાં બીજા નંબરે પહોંચવાનો મોકો છે. જોકે લખનઊની ટીમને પણ એવી તક મળી શકે. ■

# ‘દિવ્યાંગ’ આદિ ગોસરની સ્વિમિંગમાં નવી સિદ્ધિ

આદિ ગોસર એક વિશેષ વિકલાંગતા ધરાવનાર બાળક (ઓટીસ્ટીક) ઉંમર વર્ષ ૧૫ એ પ્રથમ વાર એલીફંટાથી ગેટવે ઓફ ઈન્ડિયા (અંતર ૧૨ કિ.મી.) સુધીનું લાંબું સમુદ્ર અંતર ૩ કલાક ૩૫ મિનિટમાં શનિવાર ૧૩મી એપ્રિલ ૨૦૨૪ના તરીને પૂર્ણ કરવાનો પ્રયાસ કર્યો હતો અને તેમાં સફળ રહ્યો હતો. આ ઈવેન્ટનું આયોજન ઓપન વોટર સી સ્વિમિંગ એસોસિએશન દ્વારા કરવામાં આવ્યું હતું અને આ ઈવેન્ટનો ઉદ્દેશ્ય તરનારનું અંતર તથા સમય રેકોર્ડ કરવાનું હતું. આદિ GAET કાઉન્સેલિંગ સેન્ટર, યશોધામ હાઈસ્કૂલનો વિદ્યાર્થી છે જે ગોરેગાંવ પૂર્વમાં સ્થિત છે. તમામ પુખ્ત વયના લોકો અને ઘણાં બાળકો માટે આ એક પ્રેરણા છે. તેના બંધુત્વએ પુરવાર કર્યું છે કે ‘‘સમર્થ જુઓ નહીં કે લેબલ’’. રાજેન્દ્ર પાલકર સરનો ખૂબ ખૂબ આભાર જે MSAAA (મહારાષ્ટ્ર સ્ટેટ અમેચ્યોર એક્વેટિક એસોસિએશન)ના સેક્રેટરી અને આદિ ગોસરના હેડ કોચ છે જેણે આ ઈવેન્ટ માટે પરવાનગી આપી અને સંતોષ પાટીલ (ઓપન વોટર સી સ્વિમિંગ એસોસિએશનના જનરલ સેક્રેટરી)નો પણ આ ઈવેન્ટના સંચાલન માટે આભાર. ■





# નાઈજિરિયાનો યુવાન ૬૦ કલાક સુધી ચેસ રમ્યો એટલે આવી ગયો રેકૉર્ડ-બુકમાં

ન્યૂ યૉર્કઃ એક કલાકમાં સૌથી વધુ ૩,૨૪૯ પુશઅપ્સ કરવાનો વિશ્વવિક્રમ ઑસ્ટ્રેલિયાના ડેનિયલ સ્કેલીના નામે છે. સૌથી વધુ સંખ્યામાં નૉન-સ્ટૉપ પુશઅપ્સનો વર્લ્ડ રેકૉર્ડ

જાપાનના મિનોરુ યોશિદાના નામે છે. જોકે આ તો થઈ શારીરિક કસરતની વાત. માનસિક કસરત ચેસની રમતમાં થતી હોય છે અને એમાં થયેલા એક રેકૉર્ડની વાત અહીં કરવાની છે.

નાઇજિરિયાના ૨૯ વર્ષની ઉંમરના ટૂન્ડે ઑનાકોયા નામના યુવાને સતતપણે ૬૦ કલાક સુધી ચેસ રમીને ગિનેસ વર્લ્ડ રેકૉર્ડ્સમાં નામ અંકિત કરાવ્યું છે.

ઑનાકોયાએ ૫૮ કલાક સુધી ચેસ મૅરથોનની યોજના વિચારી હતી, પરંતુ ૬૦ કલાક સુધી પહોંચ્યો ત્યાં સુધી તેણે ચેસ રમવાનું ચાલુ રાખ્યું હતું અને શુક્રવારે મધરાત બાદ ૧૨.૪૦ વાગ્યે અગાઉનો વિક્રમ તૂટ્યો હતો. તેણે નોર્વેના હૉલવાર્ડ ફ્લેટેબો અને યૂર ફર્કિંસ્ટેડનો છ વર્ષ જૂનો ૫૬ કલાક, નવ મિનિટ, ૩૭ સેકન્ડનો રેકાર્ડ બ્રેક કર્યો હતો. નવા રેકૉર્ડ માટે નાઇજિરિયાનો ચેસ ચૅમ્પિયન



ઑનાકોયા અમેરિકાના ચેસ વિજેતા શૉન માર્ટિનેઝની સામે રમ્યો હતો. ઑનાકોયાએ રેકૉર્ડ બનાવવાને લગતા તમામ નિયમોનું બરાબર પાલન કર્યું હતું. દર કલાકે બન્ને પ્લેયરને પાંચ મિનિટના બ્રેક અપાયા હતા. ઑનાકોયા આફ્રિકામાં અને ખાસ કરીને નાઇજિરિયામાં બાળકોને શિક્ષણ અપાવવા માટેનું અભિયાન ચલાવે છે અને એ મિશન પ્રત્યે જાગૃતિ લાવવા જ આ ચેસ મૅરથોનને તેણે માધ્યમ બનાવ્યું હતું. તે બાળકોના અભ્યાસ સંદર્ભમાં ૧૦ લાખ ડૉલરનું ભંડોળ ઊભું કરવા માગે છે. ■

# પૉન્ટિંગે રોહિતના મત સાથે અસંમત થતાં કહ્યું, ‘ખરો જવાબ પ્રેક્ષકો જ આપી શકે’

નવી દિલ્હીઃ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં જે નવા નિયમો બને છે અથવા જૂના નિયમોમાં જે ફેરફાર થાય છે એને મંજૂરીની મહોર છેલ્લે આઇસીસી તરફથી તેમ જ ખાસ કરીને ઇંગ્લૅન્ડની મૅરિલબૉન ક્રિકેટ ક્લબ (એમસીસી) તરફથી મળે છે. જોકે આઇપીએલ ભારતની પ્રાઇવેટ લીગ ટૂર્નામેન્ટ છે એટલે એમાં કેટલાક અલગ પ્રકારના નિયમો વિશે ઝીણવટથી અભ્યાસ કરીને એ લાગુ કરવામાં આવે છે.

૨૦૨૩માં ‘ઇમ્પૅક્ટ પ્લેયર’નો નિયમ અમલમાં મૂકવામાં આવ્યો ત્યારથી એમાં મત-મતાંતર જોવા મળ્યા છે. આ વખતે પણ એવું બન્યું છે. બે દિવસ પહેલાં રોહિત શર્માએ ‘ઇમ્પૅક્ટ પ્લેયરનો નિયમ મને પસંદ નથી, એનાથી ભવિષ્યમાં ઑલરાઉન્ડર્સની ગેમમાં પ્રગતિ થતી અટકી જશે, ક્રિકેટની રમત ૧૧-૧૧ ખેલાડીઓ વચ્ચેની છે અને નહીં કે ૧૨-૧૨ પ્લેયર વચ્ચેની,’ એવું કહીને એ વિશે રોહિતે જે કારણો આપ્યા એને ધ્યાનમાં લઈને દિલ્હી કૅપિટલ્સના ટીમ-ડિરેક્ટર રિકી પૉન્ટિંગે પ્રત્યાઘાત આપ્યો છે. ઇમ્પૅક્ટ પ્લેયરના નિયમ હેઠળ આઇપીએલની ટીમ પોતાની ઇનિંગ્સ દરમ્યાન એક પ્લેયરને (બોલરને કે બૅટરને) ઇલેવનમાંના કોઈ એક ખેલાડીના સ્થાને સબસ્ટિટ્યૂટ તરીકે રમાડી શકે છે.

જોકે આ નિયમે કેટલાકના ભવાં ઊંચા કરી દીધા છે, કારણ એ છે કે ચેન્નઈ સુપર કિંગ્સનો શિવમ દુબે ઑલરાઉન્ડર છે, પરંતુ તેને આ વખતે બોલિંગ નથી અપાઈ અને તેનો ઉપયોગ માત્ર પાવર-હિટર તરીકે જ કરાયો છે. બીજી રીતે કહીએ તો શિવમ દુબેની ભૂમિકા મર્યાદિત થઈ ગઈ છે.

ઇમ્પૅક્ટ પ્લેયરના નિયમથી આઇપીએલને નવી દિશા મળી છે. પૉન્ટિંગનું કહેવું છે કે ‘આ નિયમ આઇપીએલને વધુ મનોરંજક બનાવવાના હેતુથી જ લાવવામાં આવ્યો છે. મેં રોહિત શર્માનો અભિપ્રાય જાણ્યો છે. જોકે ઇમ્પૅક્ટ પ્લેયરનો રુલ એટલો બધો સારો છે કે એમાં સ્પેશિયાલિસ્ટ પ્લેયરને રમાડી શકાય છે અને સેકન્ડ ઇનિંગ્સમાં તેને બદલીને તેના સ્થાને બીજા કોઈને લઈ શકાય છે. રોહિત શર્મા કહે છે કે શિવમ દુબે અને વૉશિંગ્ટન સુંદરને બોલિંગ નથી અપાતી, તેમનો ઉપયોગ માત્ર બૅટર તરીકે જ થાય છે. જોકે હું એવું માનું છું કે કોચ અને ખેલાડીઓ માટે આ નિયમ કદાચ ઠીક નહીં હોય, પણ વાસ્તવમાં આ નિયમ લોકોને વધુ મનોરંજન પૂરું પાડવા માટેનો છે. ટી-૨૦ ફૉર્મેટ જ એક એન્ટરટેઇનિંગ પૅકેજ છે. હું તો કહું છું કે પ્રેક્ષકોને જ પૂછવું જોઈએ કે ઇમ્પૅક્ટ પ્લેયરના નિયમ વિશે તમે શું માનો છો? જુઓને, આ વખતે ૨૨૦થી ૨૫૦ રનનો ટીમ-સ્કોર વારંવાર જોવા મળ્યો છે એ જોતાં આ નિયમ રહેવો જોઈએ. જો પ્રેક્ષકોને આ નિયમ ઠીક ન લાગતો હોય તો ફરી ૧૧ વિરુદ્ધ ૧૧ની ટીમના નિયમ પર પાછા જવામાં કોઈ વાંધો નથી. જો પ્રેક્ષકોને આ નિયમ ગમતો હોય તો ચાલુ રાખવામાં શું વાંધો છે.

ઇમ્પૅક્ટ પ્લેયર જેવો નિયમ ફૂટબૉલ, રગ્બી અને બાસ્કેટબૉલમાં છે. ■

# ટિમ ડેવિડ અને પોલાર્ડે સૂર્યકુમારને ઈશારો કર્યો એટલે ૨૦ ટકા મૅચ ફી કપાઈ ગઈ!

મુલ્લાનપુરઃ ગુરુવારે પંજાબના મુલ્લાનપુરમાં બીસીસીઆઇએ મુંબઈ ઇન્ડિયન્સના ખેલાડી ટિમ ડેવિડ અને બૅટિંગ-કોચ કીરૉન પોલાર્ડને એક ગુના બદલ દંડ કર્યો, પણ એ ફાઇન શેના માટે થયો છે એ વિશે કેટલાક અહેવાલોમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી.

બીસીસીઆઇએ જણાવ્યું છે કે ટિમ ડેવિડ અને પોલાર્ડે આઇપીએલની કલમ ૨.૨૦ હેઠળ આચારસંહિતાનો ભંગ કર્યો છે, બન્નેને મૅચ ફીના ૨૦-૨૦ ટકાનો દંડ કરાયો છે. બન્નેએ પોતાનો ગુનો કબૂલ્યો છે. ઇંગ્લૅન્ડની એક જાણીતી વેબસાઇટના અહેવાલ મુજબ મુંબઈની ઇનિંગ્સમાં ૧૫મી ઓવર પંજાબના અર્શદીપ સિંહે કરી હતી જેનો છેલ્લો બૉલ વાઇડ યૉર્કર હતો. સૂર્યકુમાર યાદવ એ બૉલ સુધી નહોતો પહોંચી શક્યો. બીજી રીતે કહીએ તો એ બૉલ સૂર્યકુમારની પહોંચની બહાર હતો. અમ્પાયરે એને વાઇડ જાહેર નહોતો કર્યો. જોકે બીજી ક્ષણે કૅમેરા ડગઆઉટ તરફ વાળવામાં આવ્યો હતો. હેડ-કોચ માર્ક બાઉચર તેમ જ ટિમ ડેવિડ અને પોલાર્ડને એ વાઇડ હોવાની ખાતરી હતી એટલે ટિમ ડેવિડ અને પોલાર્ડથી રહેવાયું નહીં અને તેમણે ડગઆઉટમાંથી સૂર્યકુમારને અંગ્રેજીના ‘ટી’ અક્ષરનો સંકેત આપીને ડીઆરએસ માટે અપીલ કરવા કહ્યું હતું.

સૂર્યકુમારે રિવ્યૂ માગી અને અમ્પાયરે એ રિવ્યૂની અપીલ થર્ડ અમ્પાયર સુધી પહોંચાડતાં પંજાબનો કૅપ્ટન સૅમ કરૅન ગુસ્સે થયો હતો. થર્ડ અમ્પાયરે રિવ્યૂની પ્રોસેસ શરૂ કરી અને અર્શદીપના એ




બૉલને વાઇડ જાહેર કર્યો હતો. અર્શદીપે વધુ એક બૉલ ફેંકવો પડ્યો જેમાં ફોર ગઈ હતી.


આઇપીએલની આચારસંહિતાના નિયમ ૨.૧૫ (બી) અનુસાર મેદાન પરનો કોઈ પણ પ્લેયર રિવ્યૂ લેવી કે નહીં એ સંબંધમાં મેદાન બહારની કોઈ પણ વ્યક્તિ પાસેથી કોઈ પણ પ્રકારની મદદ ન લઈ શકે. એ જ મૅચમાં ૧૯મી ઓવરમાં પણ વાઇડને લગતો વિવાદ થયો હતો. સૅમ કરૅનના વાઇડ યૉર્કરમાં બૉલ ટિમ ડેવિડના બૅટની નીચેથી પસાર થઈ ગયો હતો અને મુંબઈની ટીમ વતી વાઇડ સંબંધમાં થર્ડ અમ્પાયરની મદદ માગવામાં આવી તો તેમણે એને વાઇડ જાહેર કર્યો હતો. જોકે નિયમ કહે છે કે બૉલ જો બૅટરની પહોંચની બહાર હોય તો જ એને વાઇડ ડિક્લેર કરી શકાય. ■





**રાંચીમાં સચિન બાળકો સાથે ફૂટબૉલ રમ્યો** સચિન તેન્ડુલકર શનિવારે રાંચીમાં પોતાના ફાઉન્ડેશન સાથે સંકળાયેલા બાળકો સાથે ફૂટબૉલ રમ્યો હતો અને તેમનો ઉત્સાહ વધાર્યો હતો. સચિનની સાથે તેની પત્ની અંજલિ પણ આ ગ્રાઉન્ડ પર હતી અને તેમણે બાળકો સાથે ફોટો પડાવીને અને સેલ્ફી લઈને તેમને ખુશ કર્યા હતા. (પીટીઆઇ)




feedback@bombaysamachar.com

વિશેષ

# નૈતિક મૂલ્યો માટે સંકલ્પનો દિવસ એટલે મહાવીર જયંતી

**મહાવીર જયંતીના દિવસે જૈન ધર્મના ગુરુઓ તેમના સમાજના લોકોને ભગવાન મહાવીરના પ્રમુખ ઉપદેશો સંભળાવે છે અને તેમના માર્ગે ચાલવા આહ્વાન કરે છે તો ચાલો ભગવાન મહાવીરના નૈતિક મૂલ્યોનો સંકલ્પ લઈ મહાવીર જયંતી ઉજવીએ**

આર. સી. શર્મા



જૈન ધર્મના ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીરના વિચારોને કારણે જ આજે ભારત અહિંસાવાદી અને આધ્યાત્મિક સ્વતંત્રતાવાળો દેશ છે. ભગવાન મહાવીરના પંચશીલ સિદ્ધાંત ભારતની સંસ્કૃતિના સાર જ નહીં પરંતુ હિન્દુ સનાતન પરંપરાનું મૂળ પણ છે. આ પંચશીલ સિદ્ધાંતોમાં સત્ય, અહિંસા, અપરિગ્રહ, અસ્તેય અને બ્રહ્મચર્ય વિશે કહેવામાં આવ્યું છે. બૌદ્ધ ધર્મના પ્રવર્તક ગૌતમ બુદ્ધની જેમ જૈન ધર્મના પ્રવર્તક ભગવાન મહાવીરે પણ ત્રીસ વર્ષની આયુમાં સાંસારિક મોહમાયાનો ત્યાગ કર્યો હતો. મહાવીર જયંતીના દિવસે જૈન સમાજના લોકો એમના મહત્ત્વપૂર્ણ સંદેશાઓનો સમાજમાં ફેલાવો કરે છે જેથી જૈન ધર્મનો પ્રચાર થાય.

જૈન ધર્મના અનુયાયીઓ માટે આ દિવસ એક મોટો ઉત્સવ હોય છે. આ દિવસે ભગવાન મહાવીરને ૭૨ વર્ષની આયુમાં બિહાર સ્થિત પાવાપુરીમાં મોક્ષની પ્રાપ્તિ થઇ હતી. જૈન ધર્મના અનુયાયી આ દિવસે ભગવાન મહાવીરને યાદ કરવા પ્રભાત ફેરી કાઢે છે. શોભાયાત્રા કાઢે છે અને ભગવાન મહાવીરની મૂર્તિનો સોના અને ચાંદીના કળશમાં ભરેલા પાણીથી જળાભિષેક કરે છે. આ દિવસે આખો દિવસ જૈન ધર્મના ગુરુઓ પોતાના સમાજના લોકોને ભગવાન મહાવીરના પ્રમુખ ઉપદેશો સંભળાવે છે અને લોકોને એમના માર્ગે ચાલવા આહ્વાન કરે છે.

ભગવાન મહાવીર કહે છે, 'અહિંસા, સંયમ અને તપ જ ધર્મ છે.' એમના કહેવા પ્રમાણે ધર્માત્મા એ જ છે, જેના મનમાં સદા ધર્મનો વાસ હોય છે. દેવતાઓ પણ એમને નમસ્કાર કરે છે. ભગવાન મહાવીર ત્યાગ, સંયમ, પ્રેમ અને કરુણા, શીલ, સદાચારની શીખ આપે છે અને એને જ મનુષ્યનો સૌથી મોટો ધર્મ માને છે. ધર્મ શાસ્ત્રો પ્રમાણે મુશ્કેલીઓ, આપદાઓ વગેરેમાં દ્રઢ રહીને ઇન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરનારને મહાવીર કહે છે. મહાવીર સ્વામી જૈન ધર્મના અંતિમ તીર્થંકર હતા, એમનો જન્મ ઈસ્વીસન પૂર્વે ૫૯૯ માં બિહારના વૈશાલી જિલ્લામાં સ્થિત કુંડલપુર ગામમાં થયો હતો. તેઓ શાહી પરિવારમાં જન્મ્યા હતા, પરંતુ નાની ઉંમરમાં જ સાધુ બનવા માટે એમણે ઘરનો ત્યાગ કર્યો હતો. ત્રીસ વર્ષ સુધી ફરીને એમણે ઉપદેશ આપ્યા અને ત્યારબાદ એમને જ્ઞાનની પ્રાપ્તિ થઇ.

ભગવાન મહાવીરના નાનપણનું નામ વર્ધમાન હતું. એમના પિતા રાજા સિદ્ધાર્થ અને માતા રાણી ત્રિશલા હતા. આમ તો તીર્થંકરોના કોઈ ગુરુ નથી હોતા, પરંતુ આધ્યાત્મિક દ્રષ્ટિકોણથી જોઈએ તો મહાવીર સ્વામીના ગુરુ ૨૩માં તીર્થંકર પાર્શ્વનાથ હતા. તેઓ બનારસમાં સાતમી શતાબ્દી પહેલા શિક્ષક હતા. મહાવીર સ્વામીએ જૈન સિદ્ધાંતોની સાથે જૈન ધર્મની આધ્યાત્મિક, પૌરાણિક અને બ્રહ્માંડ સંબંધી માન્યતાઓને વ્યવસ્થિત કરી હતી. મહાવીર જયંતીના દિવસે જૈન સમુદાય પોતાના મિત્રો, સંબંધીઓ અને પરિજન સાથે મળીને જીવનના કેટલાક સંકલ્પ લે છે. મહાવીર જયંતીના દિવસે ભગવાન મહાવીરની મૂર્તિની શોભાયાત્રા કાઢવામાં આવે છે. તેમની મૂર્તિને સુગંધિત દ્રવ્યોથી અભિષેક કરવામાં આવે છે, જે એમની પવિત્રતાનું પ્રતીક છે. આ દિવસે ભારત અને દુનિયાભરના જૈન સમુદાયના લોકો જૈન મંદિરોમાં દર્શન કરવા જાય છે. આ દિવસે કર્ણાટક સ્થિત ગોમતેશ્વર જૈન તીર્થોમાં સૌથી વધારે ભીડ હોય છે. આ દિવસે દેશભરમાં સરકારી રજા હોય છે અને બધા રાજ્ય, સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરે કાર્યાલય બંધ હોય છે. જૈનોની દુકાનો અને વાણિજ્ય સંસ્થાનો પણ બંધ રહે છે. આ દિવસે જૈન સમુદાયના લોકો ભગવાન મહાવીરના ઉપદેશોનો પ્રચાર કરવા રથયાત્રા કાઢે છે, જેમાં તેમની સુશોભિત મૂર્તિ અતિ મનોહર સજાવટ સાથે સ્થાપિત હોય છે. સાથે જ આ દિવસે મંદિરોને જૈન ધર્મના ધ્વજથી શણગારવામાં આવે છે અને જૈન સમુદાયના લોકો સરઘસ રૂપે જીવ હત્યાના વિરોધમાં પ્રચાર કરે છે. આ રીતે જોતાં મહાવીર જયંતી નૈતિક મૂલ્યો અને અનુશાસનના સંકલ્પનો દિવસ છે.

તમે જ્યાં રહો છો અથવા કામ કરો છો એની આસપાસ ગોમતેશ્વર, ગજપંથા, ગિરનારજી, મધુબન અને મૂંગીતુંગી જેવા પ્રસિદ્ધ જૈન તીર્થસ્થળ હોય તો ત્યાં જરૂર ફરવા જાઓ. મધુબન ઝારખંડમાં છે, ગિરનારજી ગુજરાતમાં છે. ગોમતેશ્વર કર્ણાટકમાં એક આકર્ષક પર્યટન સ્થળ છે. મૂંગી તુંગી અને ગજપંથા મહારાષ્ટ્રમાં સ્થિત જૈન ધર્માવલંબીઓના પ્રસિદ્ધ તીર્થ સ્થળો છે. મહાવીર જયંતીના દિવસે જૈન ધર્મમાં આસ્થા રાખવાવાળા લોકોએ અહિંસા, ઈમાનદારી, ચોરી ન કરવી, શુદ્ધતા અને અપરિગ્રહ જેવી શિક્ષા લેવી જોઈએ ત્યારે જ આ મહાન દિવસ આપણા વિચારો અને સંદેશને માનવતાથી ઓતપ્રોત કરશે. ■

## કવર સ્ટોરી (સાતમા પાનાનું ચાલુ)

માંડ્યો છે. એ વખતે પાછો રામદેવે કટાક્ષ કરીને કહેલું કે,જે લોકોનું માન જ નથી તેમની માનહાનિ કેવી?

રામદેવે એ પહેલાં કોરોના કાળમા વહેતી ગંગામાં હાથ ધોઈ લઈને કોરોનાના કારણે ફફડેલાં લોકોને ખંખેરી લેવા માટે રસી શોધ્યાનો બોગસ દાવો પણ કરેલો. રામદેવે પોતાની જૂની દવા રસીના નામે લોકોને બઝાડી દઈને કરોડો રૂપિયા ખંખેરી લીધેલા. બાબા રામદેવની પિન 'કપાલભાતી' યોગ પર ચોંટેલી છે તેથી એ તેનાં ગુણગાન ગાતા હતા ને 'કપાલભાતી'થી કોરોના પણ મટે એવી વાતો પણ કરતા હતા....! રામદેવ પોતાને આયુર્વેદના નિષ્ણાત માને છે તેથી જાત જાતના નુસખા પણ એમણે લોકોને બતાવેલા. એક વાત આપણે સમજી લઈએ કે બાબ રામદેવ ડોક્ટર નથી. એમની પાસે આયુર્વેદની કોઈ ડિગ્રી નથી કે એમણે કશું સંશોધન કર્યું નથી, છતાં એ આ બધું કર્યા કરતા હતા ને સરકાર એમને કશું કરતી નહોતી. કારણ એ કે, ભાજપ સત્તામાં નહોતો આવ્યો ત્યારે એ પક્ષના મળતિયા તરીકે લોકોને ભરમાવવામાં રામદેવે મોટું યોગદાન આપેલું. એ વખતે બાબા રામદેવ એવો દાવો કરતા કે, ભાજપની સરકાર આવશે તો પેટ્રોલ ૩૫ રૂપિયે લિટર ને ડિઝલ તો ૩૦ રૂપિયે થઈ જશે. આ 'મદદ'ના વળતરરૂપે રામદેવને લોકોને લૂંટવાનો ખુલ્લો પરવાનો મળ્યો પછી એના મદમાં ને મદમાં રામદેવ સુપ્રીમ કોર્ટને પણ ઘોળીને પી ગયા તેમાં એ હવે ભેખડે ભેરવાયા છે.

કમનસીબી એ છે કે, આપણા દેશમાં બાબા રામદેવ જેવા ધર્મના નામે ચરી ખાતા બાબાઓ દરેક શાસકના સમયમાં પોષાય છે ને પૂજાય પણ છે. ઈન્દિરાજીનાં સમયમાં ધીરેન્દ્ર બ્રહ્મચારી જેવા ઠગભગતોની બોલબાલા હતી તો ચંદ્રશેખર તથા નરસિંહરાવના સમયમાં ચંદ્રાસ્વામી પૂજાતા હતા. ભાજપના શાસનમાં બાબા રામદેવ માથે ચડી વાગ્યા છે.

આવા લોકો આજે આ દેશમાં પૂજાય છે તેનું કારણ એ છે કે, પ્રજામાં જ કોમન સેન્સ-સામાન્ય જ્ઞાન કે ભાન નથી કે જે માણસ દાક્તરીનું ભણ્યો નથી એ માણસ કઈ રીતે કોઈને કંઈ સલાહ આપી શકે? આ કોમન સેન્સનો પ્રશ્ન છે, પણ લોકો એવી સેન્સ બતાવ્યા વિના ઘેટાંના ટોળાની જેમ દોરવાઈ જાય છે તેથી બાબાઓ પેદા થાય છે- હજુ પેદા થયા કરશે ને પૂજાયા પણ કરશે.... ■

## મોર્નિંગ મ્યૂસિંગ (સાતમા પાનાનું ચાલુ)

૧) બે દેશ વચ્ચે પુરજોશ યુદ્ધ ચાલતું હોય ત્યારે ત્રીજો દેશ તેના વિદ્યાર્થીઓને સહીસલામત ઘરે લાવવા માટે એ યુદ્ધને થોડા સમય સુધી રોકી રાખે તે વાત આમ જનતાની કોમન સેન્સમાં બેસે તેવી નહોતી. ખાસ કરીને , અમેરિકા કે ચીન જેવી મહાશક્તિઓ પણ એ યુદ્ધ રોકવામાં વિફળ ગઈ હોય. દેખીતી રીતે જ, એ વીડિયોમાં અતિશયોક્તિ હતી.

૨) બીજું કારણ એ હતું કે ખુદ ભારત સરકારનું વિદેશ મંત્રાલયે આ દાવાનું ખંડન કરી ચુક્યુ હતું. યુદ્ધ શરૂ થયું તેના થોડા દિવસ પછી ભાજપ તરફી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર મોદી સરકારની વિનંતીથી રશિયાએ થોડો સમય યુદ્ધ અટકાવ્યું હતું તેવો દાવો કરવામાં આવ્યો હતો. ત્યારે વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ પત્રકારોના સવાલમાં કહ્યું હતું કે- 'અમને એક રસ્તો સલામત હોવાની માહિતી મળી હતી અને અમે તે નાગરિકોને પહોંચાડી હતી એટલું જ....બાકી કોઈકે બોમ્બમારો અટકાવી દીધો કે અમે એવું કોઓર્ડિનેશન કરી રહ્યા હતા તે વાત ખોટી છે.'

જો કે, તે પછી પણ ભાજપના નેતાઓ દ્વારા આ દાવો ચાલુ રહ્યો અને તેનો અંત આ 'વોર રુકવા દી, પાપા'ના વીડિયોમાં આવ્યો હતો. તેમાં એટલી બદનામી થઇ હતી કે પાર્ટીના સમર્થકોએ તેને અવગણવાનું શરૂ કરી દીધું હતું. ટૂંકમાં, એ વીડિયો બુમરેંગ સાબિત થયો.

ચૂંટણી પ્રચારમાં આવું દુનિયામાં દરેક પક્ષ સાથે, દરેક સમયમાં થતું રહેતું હોય છે, પણ એમાં સમજવા જેવું એ છે કે પ્રચાર, દુષ્પ્રચાર કે અતિશયોક્તિ કેમ એક પ્રભાવી માધ્યમ છે? ચૂંટણી જ નહીં, અન્ય ક્ષેત્રોમાં પણ (જેમ કે માર્કેટિંગ) ઘણા પ્રચાર અત્યંત સફળ પુરવાર થયા હોવાના પણ દાખલા છે.

દાખલા તરીકે, બીજા વિશ્વ યુદ્ધમાં નાઝી શાસકોએ બહુ સફળતાથી પ્રચાર કરીને જનમત પોતાની તરફેણમાં વાળ્યો હતો. તેની પ્રેરણા એમને ૧૯૧૪ના પ્રથમ વિશ્વ યુદ્ધમાંથી મળી હતી. પ્રથમ વિશ્વ યુદ્ધમાં બ્રિટનના હાથે જર્મનીનો પરાજય થયો હતો અને જર્મન મિલિટરી અધિકારીઓએ એવો નિષ્કર્ષ કાઢ્યો હતો કે એમના પરાજયમાં બ્રિટિશ પ્રચાર-તંત્રનો મોટો હાથ હતો.

બ્રિટિશ સરકારે પ્રચાર માટે માહિતી મંત્રાલયની રચના કરી હતી, પરંતુ વિશ્વ યુદ્ધના અંત સાથે, એ મંત્રાલય નાબૂદ કરવામાં આવ્યું હતું. તેનું કારણ એ હતું કે લોકોને લાગ્યું કે સરકાર એમની સાથે જૂઠું બોલી રહી છે.

જો કે, બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યા પછી, બ્રિટિશ સરકારે ફરીથી માહિતી મંત્રાલયની જરૂરિયાત જણાઈ હતી. તેનો હેતુ નાઝી પ્રચાર તંત્રનો સામનો કરવાનો, બ્રિટિશ લોકોને યુદ્ધ માટે તૈયાર કરવાનો અને બાકીના યુરોપમાં હિટલર વિરુદ્ધ પ્રચાર કરવાનો હતો.

હિટલર જયારે જર્મનીમાં સત્તામાં આવ્યો ત્યારે તે પણ માનતો હતો કે ૧૯૧૮માં જર્મન મોરચામાં હતાશા ફેલાઈ ગઈ ને બળવો થયો તેની પાછળ બ્રિટિશ પ્રચાર કારણભૂત હતો એટલે હિટલરે એના શાસનમાં જર્મન નાગરિકોનો ભરોસો યથાવત રાખવા માટે પ્રચારને એક નીતિ તરીકે સરકારનો હિસ્સો બનાવ્યો હતો.

એની આત્મકથા 'મેઈન કામ્ફ'માં હિટલર પ્રચારના ઘણા નિયમોની રૂપરેખા આપી હતી. બ્રિટિશ માહિતી મંત્રાલયના ઘણા અધિકારીઓ હિટલર સાથે સહમત થયા હતા. એમણે હિટલર સામેની ઝુંબેશમાં આ જ પ્રકારની ઘણી યુક્તિઓનો ઉપયોગ કર્યો હતો.

હિટલરે લખ્યું હતું, 'તમામ પ્રચાર લોકપ્રિય હોવા જોઈએ અને એને જે લોકો સુધી પહોંચાડવાના છે એમાંથી સૌથી ઓછા બુદ્ધિશાળી વ્યક્તિને પણ એ સમજમાં આવવા જોઈએ. કુશળ અને સતત પ્રચારની મદદથી કેટલાય લોકોને સ્વર્ગ પણ નર્ક જેવું બતાવી શકાય અથવા સાવ જ નઠારા જીવનને સ્વર્ગ જેવું બતાવી શકાય છે.'

સવાલ એ છે કે લોકો પ્રચારમાં કેમ માનતા થઇ જાય છે? તેની પાછળ ગહન મનોવિજ્ઞાન છે. હિટલરનો પ્રચારમંત્રી જોસેફ ગોબ્બેલ્સ ભલે એવું કહેવા માટે બદનામ હોય કે, 'જૂઠને વારંવાર દોહરાવો તો તે સત્ય બની જાય છે', પણ આપણે સૌ આ જ માનસિકતાના શિકાર છીએ. સત્ય અને પરિચિતતા વચ્ચે ઘનિષ્ઠ સંબંધ છે. જે પરિચિત હોય તે સત્ય બની જાય છે અને જે અજાણ્યું હોય તે જૂઠ નજર આવે છે.

એક જૂઠને વારંવાર રિપીટ કરવામાં આવે તો લોકોને તે પરિચિત થઈ જાય છે અને એટલે તેને સત્ય માની લેવાની સંભાવના વધી જાય છે. આપણું મગજ વારંવાર એકની એક વાત સાંભળે તો તેને હકીકત તરીકે સ્વીકારતું થઈ જાય છે. આને આભાસી સત્ય કહે છે.

પરિચિતતા આપણી વિચારપ્રક્રિયાને દૂષિત કરે છે. આપણું મગજ અપરિચિત ચીજથી દૂર ભાગે છે, કારણ કે તે એને જોખમી લાગે છે અને પરિચિત ચીજ સાથે ઘરોબો કેળવી લે છે, કારણ કે તે સલામત લાગે છે. કોઈ પણ ચીજને પસંદ કરવાની પહેલી શરત તેની પરિચિતતા છે. એટલા માટે લોકોને જૂઠ પણ પસંદ પડે છે, કારણ કે એ પરિચિત છે અને એટલે જ રાજકારણીઓ સફળ થાય છે. આધુનિક એડવર્ટાઈઝમેન્ટ અને માર્કેટિંગ આ માનસિકતા પર જ સફળ રહે છે.

ફેક ન્યૂઝ અને પ્રોપેગેંડા એટલે જ તાકાતવર હોય છે. ■

## ટૂંકી વાર્તા (આઠમા પાનાનું ચાલુ)

ઓકે ડાક્ટર સાહેબ, વકીલે ઠઠ્ઠો કરતાં કહ્યું, હજી દારૂ પીઓ છો? જી, નહીં.

છેલ્લે ક્યારે પીધેલો?

વન વીક! રફીકે એક આંગળી ઊંચી કરીને સમજાવ્યું. વન વીક કોમ્પલીટ. આહહા, ઘોષાલને તાળો મળ્યો. ઘોષાલ દારૂના વ્યસનમાં પોતાનો પગાર વાપરી નાખે છે. ભાડું ભરાતું નથી. મકાન માલિકે કેસ કર્યો છે. વોટ્ટ? મકાન માલિક તો હાજર નથી! ગુડ, ગુડ. થેરેપી લેવા જાઓ છો? રફીકે ઘોષાલ સામે જોયું. તેની રજા સાથે રફીકે સમજાવ્યું કે ગયા હિયરિંગમાં જજ સાહેબે થેરેપીને બદલે મોસ્જિદમાં ઇમામ પાસે ધાર્મિક ઉપદેશ લેવા ભલામણ કરેલી, કેમકે બંગાલી થેરેપિસ્ટ અહીં બર્નમ સિટીમાં મળવો કઠણ હતો. ઓ, વકીલે રફીકની પત્નીને જોતાંજોતાં ઘોષાલને પૂછ્યું, વાઇફ વિટનેસ થશે? ઘોષાલે સોનાલીને પૂછ્યું, તમારો વર ઇમામ પાસે જાય છે? સોનાલીએ હા પાડી. વીકમાં કેટલી વાર? ત્રણ વાર. રફીકે મસ્જિદના લેટરહેડ ઉપર હાથેથી લખેલું સર્ટિફિકેટ બતાવ્યું, ત્રણ વાર જાય છે.

કેટલા દિવસથી વાઇફ ઉપર હાથ ઉગામ્યો નથી?

શાંતિ! કોઈ બોલતું નથી. સોનાલીની આંખમાંથી આંસુડાં પડે છે, ડસક, ડસક. સોનાલી ટિશ્યૂ પેપરથી આંસુ લૂછે છે. ફરિયાદી મકાનમાલિક નથી. ફરિયાદી સો-ના-લી છે. મારો વર મને દારૂ પીને મારે છે. પહેલી સુનાવણીમાં જજ સાહેબે હુકમ કરેલો કે દારૂ બંધ, ને બે મહિના થેરેપી લો તો ઘરમાં રહેવા દેશે નહીંતર ઘરની બહાર.

વકીલે ફરીથી સોનાલીને પૂછ્યું, કેટલા દિવસથી તારી ઉપર હાથ ઉગામ્યો નથી?

ઘોષાલે નોંધ્યું કે વકીલ સાહેબ સોનાલીની પીઠે આશ્વાસનનો હાથ મૂકવા ધારે છે, ને હજી બેત્રણ સવાલ પૂછ્યા પછી મૂકશે યે ખરા. વકીલ સાહેબ બી પુરુષ છે. સોનાલી કાંઈ બોલી નહીં. રફીક કાંઈ બોલ્યો નહીં. વકીલે તેમની નાની બેબીને રમતરમતમાં પૂછ્યું, તારો બાપ તારી માને મારે છે?

બેબી રડવા લાગી. સોનાલીએ તેને શાંત કરી. ચાલો કોર્ટમાં. બધાં અંદર ગયાં. રફીકનો કેસ આવ્યો. સરકારી વકીલ સાહેબે રજૂઆત કરી કે આરોપી મસ્જિદમાં ઉપદેશ લેવા જાય છે, ને એક મહિનાથી પત્ની ઉપર હાથ ઉપાડ્યો નથી. જજ સાહેબે યોગ્ય સવાલો પૂછી એક મહિના પછી પાછા આવવા ડેઇટ આપી. એ મહિનામાં રફીક દારૂ ના પીએ ને પત્નીને ન કનડે તો જજ સાહેબ થોડો ફાઇન કરી તેને જવા દેશે. બેબીના સતત રડવાના અવાજમાં જજ સાહેબનું ફરમાન સંભળાતું નહોતું, પણ આ રૂટિનની ઘોષાલને ખબર હતી અને તેણે ફરમાનનું અક્ષરશઃ બંગાળી કરી ઘોષાલને સમાજવ્યું કે દારૂ બંધ એટલે સદંતર બંધ, ને હાથ ઉગામ્યો છે તો પોલીસ રફીકને ઘરની બહાર કાઢી મૂકશે અને તેણે કોઈ ફ્રેન્ડને ત્યાં કે કોઈ હોટલમાં રહેવા જવું પડશે. અને તેનું તે જ બિહેવિયર ચાલુ રહે તો સેપરેશન, અને ડિવોર્સ, ડિવોર્સ, ડિવોર્સ. ઓક્કે. આવતા મહિને ફરી કોર્ટમાં આવવાનું થશે, અને જજસાહેબને ફાઇનલ રિપોર્ટ આપવાનું થશે. ઓક્કે, વકીલ, સોનાલી, બાળકી, રફીક અને ઘોષાલ બધા કોર્ટની બહાર આવ્યા. ચાલો, ગુડલક, કહીને સરકારી વકીલ સાહેબે પિતૃભાવે સોનાલીની પીઠે હાથ થપથપાવ્યો. સોનાલીએ આંખો વડે આભાર દર્શાવ્યો. સતત રડતી બેબીને તેડી લીધી. રફીકે ઘોષાલનો હાથ ખેંચી પૂછ્યું, તમે મોટરકારમાં આવ્યા છો?

ના, કાર નથી મારે, ઘોષાલે કહ્યું. ઓહ.

ચાલો, તબિયતનું ધ્યાન રાખજો, દારૂથી દૂર રહેજો. આવજો. ઘોષાલે હાથ ઊંચો કરી બંગાલી પરિવારને બાય બાય કર્યું. ઘોષાલને લાગ્યું કે રફીક તેને જવા દેવા માગતો નથી, કાંઈ કહેવા માગે છે. નો, નો, નો! ક્લાયન્ટ લોકો ઇન્ટરપ્રિટર પોતાની ભાષા બોલે એટલે પોતાની વકીલાત પણ કરશે એવું ધારી લેતા હોય છે. પણ આપણે નિષ્પક્ષ રહેવાનું. ઘોષાલે મનોમન જાતને શાબાસી આપી. સોનાલીએ સૌજન્યથી હાથ ઊંચો કર્યો. ઘોષાલને વહેમ ગયો કે તેના હોઠ પણ થથર્યા. કાંઈક કહેવા માગે છે? કે એકદમ ઉત્તેજિત થઈને કિસ્સનો સંકેત આપે છે. અહ હ! બેબી રડ રડ કરે છે ને અચાનક સોનાલી અણધાર્યા ઝનૂનથી બેબીને તમાચો મારી દે છે. ડઘાઈને બેબી સજ્જડ ચૂપકીદીમાં ગરકાવ થઈ જાય છે. દાદા, રફીકે ફરી ઘોષાલનો હાથ પકડ્યો. મારા ઘરે ચાલો ને, ચા કોફી કાંઈ? ઘોષાલને લાલચ થાય છે, ઓકે, સોનાલીની આડકતરી સંગતના વિચારે તે ભીનોભીનો થાય છે પણ નો નો નો! કેસ હજી ચાલુ છે, ને મી-ટૂના આ સમયમાં કોને ખબર કોણ ક્યારે વકરે ને નાહક --

ઘોષાલે રફીકના વાંસે આશ્વાસનનો હાથ ફેરવતાં જણાવ્યું કે કેસ પતે પછી જરૂર આવીશ. ઘોષાલનો હાથ અડકતાં જાણે રફીકને કરન્ટ વાગ્યો હોય તેમ તેણે બદન હટાડી લીધું. ના, ના, ખાલી ખાલી વિવેક નથી કરતો, હું ભાત સાથે માછેર ઝોલનું ભોજન જમીશ. તેણે કહ્યું. પછી ઘણા લોકોની જેમ વિચાર્યું કે સોનાલી તેને ભાત પીરસવા નીચી નમશે ત્યારે-- સ્સ્સ્સ્સ્ટોપ!

અબોઝ્યો, અબોઝ્યો. રફીક કહે છે, કાતર નજરે ઘોષાલને જતો જુએ છે, બંગાલી પરિવાર આ તરફ બસ સ્ટોપ પાસે ઊભો રહે છે, ઘોષાલ આ તરફ ઊબર બોલાવવા ફોનમાં નોંકઝોંક કરે છે. બંગાલીઓ બસમાં ચડી જાય છે, ને બસ જાય છે. વાર્તા એટલે વીજળીનો કરન્ટ, તેને મીડિયમ જોઈએ. સોનાલીની હાજરી નથી તેથી ઘોષાલ ફરીથી નોર્મલ બની જાય છે, યસ, યસ, ઇન્ટરપ્રિટરનો ટોપો ઉતારી, મનોવિશ્લેષકની ચુંગીનો ઘા કરી ઘોષાલ વિચારે છે કે માત્ર હાજરીથી પોતે આટલો ઘેલો થઈ જાય છે ને કોર્ટ બેઇલિફ લહેરમાં આવી જાય છે ને સરકારી વકીલ પાણી પાણી થઈ જાય છે, તો રોજ રાત્રે પોતાના પડખાંમાં સોનાલી સૂતી હશે ત્યારે રફીક હરામખોર તો સાતમા આસમાને જતો હશે---- સ્સ્સ્ટોપ! પિસ્તાલીસ વરસનો સુકલકડી બંગાલી દારૂ પીને પોતાની બીજીવારની બેગમને ફટકારે છે? કુદરતનો કેવો વ્યભિચાર! ઊબર ટેક્સી આવતાં ઘોષાલ અંદર બેસવા જાય ત્યાં કોઈ ટેક્સીની અંદરથી વાર્તાકાર ઘોષાલનું પહેરણ ખેંચે છે?

અરે? આ તો રફીક છે, ને એકલો રફીક છે? ઘોષાલ તાજ્જુબીથી પોતાના માથે હાથ ફેરવે છે તો તેની વાર્તાકારનો ટોપો પોતાના માથે નથી, તે ટોપો રફીકના માથે ગોઠવાઈ ગયો છે! વાર્તા એટલે વીજળીનો કરન્ટ, તેને મીડિયમ ખપે, ને વાર્તા જ્યારે તદ્દન ખોટા પાટે જાય ત્યારે વાર્તાકાર કોઈ બી રૂપમાં દેખા દે છે. જી! વાર્તાકારના અવતારમાં ભગવાનને ઘોષાલ જોઈ રહે છે. આરોપી રફીક પહેરણ ઊંચું કરીને પોતાનો વાંસો બતાવે છે, તેની ઉપર ફટકા માર્યા હોય તેવા સોળ છે. રફીક કહે છે, મેં જિંદગીમાં દારૂપીધો નથી, રફીક કહે છે. હું મુસલમાન છું, શરાબ હરામ છે. તો પછી આ કેસ શાનો છે?

સોનાલી ને કોફીશોપનો મેનેજર બંને મારા ઘરમાં બાંધીને મને મારે છે! હું દારૂ પીને સોનાલીને મારું છું એવો ખોટો આરોપ મૂકી ડિવોર્સ લેવા માગે છે. બંગલા દેશમાં મારું ઘર છે, ખેતર છે, ને અહીંયા મારું પેન્શન છે, તેની ઉપર બેયની નજર છે. ઘોષાલ રફીકને તાકી રહે છે. પૂછવાની જરૂર નથી કે રફીક શા માટે પોતાનો બચાવ કરતો નથી? છીઃ પુરુષ થઈને ભરી અદાલમાં કબૂલ કરે? કે તેની જોરુ તેને મારે છે? પાગલ છે શું? રફીક વાર્તાકારનો ટોપો ઘોષાલના માથે પરત કરે છે. ઘોષાલ વાર્તાકારના પાવરથી એક મહિના પછીનું કોર્ટ હિયરિંગ આજે ભજવાતું જુએ છે. જજસાહેબ સોનાલી બેગમને પૂછે છે, હજી રફીક તમને મારે છે?

જવાબમાં ડસક, ડસક. સરકારી વકીલ જજ સાહેબને જણાવે છે કે રફીક ઉપર વધારાનો આરોપ છે, તેણે સોનાલી બેગમને ડામ દીધા છે! વકીલ સાહેબ નાટકીય રીતે સોનાલીનો હાથ પકડી ડામ દર્શાવે છે, પછી સોરી યોર ઓનર કહી પોતાનો હાથ ઝટકાથી પાછો ખેંચે છે. હાવ ડૂ યુ પ્લીડ? જજ સાહેબ પૂછે છે. ગિલ્ટી કે નોટ ગિલ્ટી?

પબ્લિક ડિફેન્ડરની સલાહ મુજબ રફીક જવાબ આપે છે, નોલો કોન્તેન્દેરે. યાને હા પણ નહીં, ના પણ નહીં, ને નો કોન્ટેસ્ટ. અને રફીકને એક મહિનાની જેલ થાય છે. રડતી દીકરીનો હાથ છોડાવી કોર્ટના સિપાઈ રફીકને હાથકડી પહેરાવી અંદર લઈ જાય છે. બેબી જોરજોરથી રડે છે. કોર્ટમાં કોફી શોપનો મેનેજર હાજર છે. તે આંસુભીની સોનાલીને તથા બેબીને પોતાની કારમાં બેસારી ઘરે લઈ જવા તૈયાર છે. રફીકને પકડીને સિપાઈઓ લઈ જાય છે. રફીક છેવટ સુધી સોનાલીને જોયા કરે છે.

ફરી ઘોષાલની ઊબર ટેક્સી આવે છે. ઘોષાલની નજર ડ્રાઇવર તરફ જાય છેઃ ડ્રાઇવર રફીકની બેબી છે!. ઓહ યસ, આ વખતે વાર્તાકારનો ટોપો બેબીએ પહેર્યો છે! આબાર કિ? વળી પાછું શું બાકી છે? ઘોષાલ પૂછે છે. વાર્તાનું એવું છે ને, કે વાર્તા એટલે સપોઝ વીજળીનો કરન્ટ! તેને વહેવા માટે મીડિયમ ખપે.

ઓકે, તો?

હવે ધીમે ધીમે સોનાલીને ડિવોર્સ,એલિમોની ચાઇલ્ડ સપોર્ટ મળશે. બસ?

નો નો નો નો! વાર્તાકાર ઘોષાલને આંખ મારે છે. સોનાલી બેગમ સમય જોઈને ડોનટ કોફી શોપના મેનેજર ઉપર સેક્સ્યુઅલ હરાસમેન્ટનો કેસ કરશે. કંપની પાસેથી ફિફ્ટી થાઉઝન્ડ ડૉલર્સનો દરમાયો મેળવશે.

ઓહ, ટેક્સીમાં કોઈ નથી. બસ વાર્તા પૂરી. ■

## આકાશ મારી પાંખમા (નવમા પાનાનું ચાલુ)

મમ્મી. આપણે પણ સતત કોંટેકટમાં રહીશું.

શ્રીનાથભુવનના ત્રીજા માળે ૩૦૫ નંબરના બ્લોકમાં નિમુબેન પાડોશમાં રહેતી મયૂરી કે જેણે કુંભનો કળશ માથે લીધો હતો, તેની સાથે પ્રવેશ્યા. મુકુંદભાઈના ફોટાને હાર પહેરાવી પૂજા કરતાં નિમુબેને કહ્યું- જુઓ, આપણે મુંબઈના ઘરમાં આવી ગયાં. (ગળે ડૂમો ભરાઈ જતાં)

આ પુરોહિત પૂજા કરાવશે. તમે આશિષ આપજો. નવું ઘર ફર્નિચર સાથે જ હતું. દીપેશે બેંકમાંથી બધું પેમેન્ટ ઓનલાઈન કર્યું હતું. જૂના પડોશીઓ સાથે આત્મીય સંબંધો ફરી તાજા થયા.

એક મ્યુનિસિપલ ઓફિસનો એક લેટર બોય પોસ્ટ નિમુબેનને મળ્યો. નિમુબેને જોયું કે ટેક્સ ભરવાની રકમમાં (૦૦-૦૦) લખ્યું હતું. નિમુબેને વિચાર્યું કે કાલે બિલ્ડરની ઓફિસમાં જઇને પૂછીશ. પણ તે પહેલા શાંતિભાઈને પૂછીશ.

શાંતિભાઈએ ઓફિસમાં હિસાબ સમજાવતા નિમુબેનને ૧૫ લાખનો એક ચેક આપ્યો તથા અન્ય કાર્યવાહી પણ સમજાવી.

નિમુબેને મ્યુનિસિપલ ટેક્સનું કાગળ બતાવતાં પૂછયું- અહીં ટેક્સ ભરવાની રકમમાં ૦૦-૦૦ કેમ છે.

જો, તમારા ઘરનો એરિયા ૫૦૦ સ્કેવરફીટ કરતાં ઓછો હોય તો સરકાર કરમાફી આપે છે. તમારો એરિયા ૪૫૦ છે. શાંતિભાઈએ કહ્યું. પણ, ભાઈ આ ખોટું છે. આ નવો બ્લોક તો ૮૫૦નો છે. નિમુબેને કહ્યું.

ભલે ને આમ જ રહે, તમારો ટેક્સ બચી જાય. શાંતિભાઈ બોલ્યા.

ના, ભાઈ ખોટું શું કામ કરવું? મારા દીકરાઓને આગળ જતાં તકલીફ થાય. અને મારા મુકુંદ તો કયારેય ખોટું ન ચલાવી લેતા. નિમુબેને મક્કમ સૂરે કહ્યું.

તો, નિમુબેન તમે મ્યુનિસિપલ ઓફિસમાં અરજી કરો. એ લોકો સુધારો કરી આપશે. પણ પછી તમારે ટેક્સ ભરવો પડશે. શાંતિભાઈએ કહ્યું. નિમુબેને કહ્યું- મને ટેક્સ ભરવામાં કોઈ તકલીફ નથી. પણ કંઈ ખોટું હું કરીશ નહીં. સોમવારે નિમુબેન મ્યુનિસિપલ ઓફિસમાં પ્રોપર્ટી વિભાગમાં ગયાં.

ટેક્સ ભરવાનું કાગળ બતાવી સાચી હકીકત જણાવી. એક ઓફિસરે કહ્યું- રહને દો. ક્યા ફરક પડતા હૈ. મુજે કુછ ગલત નહીં ચાહીયે. નિમુબેને કહ્યું.

ટેબલ પર બેઠેલા એક સિનિયર સાહેબે કહ્યું- એપ્લિકેશન દેકે જાઓ. હમ તુમ્હારે ઘર ચેકિંગ કરને કો કીસીકો ભેજેંગે.

નિમુબેને કાગળ પેન માગ્યાં, અને અરજી લખવા લાગ્યાં.

યે ઐસા નહીં ચલેગા, મરાઠી યા અંગ્રેજીમેં લીખો. સાહેબે કહ્યું. મેડમ, રહને દો. હમ કલ આપ કે ફ્લેટકા ચેકિંગ કરેંગે, બાદમેં દેના. પેલા સાહેબે કહ્યું.

બીજે જ દિવસે એ સાહેબ સવારે ૧૧ વાગે જ તેના એક માણસ સાથે નિમુબેનને ત્યાં આવ્યા. નિમુબેનનો ફ્લેટ જોયો. તેઓ એકલાં જ છે. પતિદેવના ફોટાને હાથ જોડતાં બોલ્યાં- યે આપ કે પતિ કા ફોટો હૈ?

સબ કરા દૂંગા. મૈં એપ્લિકેશન લીખકર દેતા હૂં , આપ સાઈન કર દો. કામ હો જાયેગા. લેકિન ઈસકા પૈસા લગેગા. આપ કીતના પૈસા દે શકતે હો.

આ સાંભળતાં જ નિમુબેને મક્કમતાપૂર્વક કહ્યું, ઐસા મત સમજો કે મૈં અકેલી, નિરાધાર સ્ત્રી હૂં. મુઝે આપસે કોઈ એપ્લિકેશન નહીં કરાની હૈ. ઔર ના તો મુઝે કોઈ રીશવત દેની હૈ. આપ પ્લીઝ યહાં સે ચલે જાઈએ. મૈ કરા લૂંગી.

નિમુબેનની સત્યનિષ્ઠા અને હિંમત જોઈ પેલો ઓફિસર દંગ રહી ગયો.

પોતાની સોસાયટીમાં ચોથે માળે રહેતા લોયર સુભાષ પાસે નિમુબેને અરજી કરાવીને આગળ જે કંઈ કરવું પડે તે કરવા જણાવ્યું.

અમેરિકા જવાના ત્રણ દિવસ પહેલાં તેમની ખાસ સહેલી સુનીતા મળવા આવી, ત્યારે મુકુંદને યાદ કરતાં નિમુબેન રડી પડ્યાં.

સુનીતાએ કહ્યું- તમે રડો છો શું કામ? તારી કાર્યદક્ષતા અદ્ભુત છે. પેલા ઓફિસરને તમે તગેડી મૂક્યો. મુકુંદભાઈ ક્યાંય ગયા નથી. ચૈતન્ય સ્વરૂપે તમારી સાથે છે. એન.આર.આરૂ. નિમુબેન પટેલ ઈઝ અ સ્ટ્રોંગ વુમન. ■

## ટ્રાવેલ સ્ટોરી (બારમા પાનાનું ચાલુ)

સચવાયેલું ૫૦૦ વર્ષ જૂનું મમી મળી આવ્યું છે જેનાં નખ અને વાળ પણ વધી રહ્યા છે. સ્થાનિકોને મતે એ બૌદ્ધ સાધુ સાંધા તેનજીગનું મમી છે. સ્પિતિ વેલી આસ્થા અને અનેક રહસ્યોનું સંગમ છે.

સર્પાકાર રસ્તાઓની મજા માણતા માણતા આગળ વધીએ કે પિન અને સ્પિતિ નદીનાં સંગમ એવા ધનકાર પહોંચીએ કે આભા થઇ જઈએ એવાં દ્રશ્યો નજર સમક્ષ ખડાં થઇ જાય. પૃથ્વી કરતાં સાવ જ અલગ ધરતીની રચના હોય તે પ્રકારનાં દ્રશ્યો અહીં સર્જાય છે. અહીં આંખ પહોંચે એટલા વિશાળ પટમાં અલગ અલગ ધારાઓ ભેગી થઈને પિન અને સ્પિતિ નદી એકમેકમાં ભળે છે. અહીં સુધી પહોંચ્યા પછી શારીરિક થાક હોવા છતાં માનસિક રીતે એટલા પ્રફુલ્લિત થઇ જવાય છે કે જરા પણ થાકનો એહસાસ થતો નથી.

હજુ તો સ્પિતિની શરૂઆત થઇ છે ભારતની આ અનન્ય ભૂમિ પર શાબ્દિક અને વિઝ્યુઅલ સફરને આવતા અઠવાડિયે આગળ ધપાવીશું જેમાં વિશ્વનાં સહુથી ઊંચા ગામ, વિશ્વની સહુથી ઊંચી પોસ્ટ ઓફિસ, એશિયાનાં સહુથી ઊંચા સસ્પેનશન બ્રિજ અને આવા અવનવાં સ્થળો પર ભ્રમણ કરીશું. ■

## ક્રાઈમ સીન (આઠમા પાનાનું ચાલુ)

રમતમાં ભરેલા પગલાંથી ખુદ ત્રાસી ગયેલી. ઉદયસિંહને થયું આ કહાની જામે છે. બધું ક્રમવાર ગોઠવી શકાશે.

****

અલિયાપુર પોલીસ ચોકીમાં ઇનચાર્જ પોલીસ ઇન્સ્પેકટર સોલંકી સવારસવારમાં પહોંચી ગયો હતો. સામાન્ય રીતે એ આરામપ્રિય માણસ મોડો પહોંચતો., પણ એ દિવસ ખાસ હતો. મુંબઈથી રાંગણેકર ફોરેન્સિક રિપોર્ટ લઇને આવવાનો હતો. શું હશે રિપોર્ટમાં. આ રહસ્ય જાણવાની ઇન્તેજારીએ એને પોલીસ ચોકીમાં વહેલો હાજર કરી દીધો હતો. બહારથી આવેલા કારના અવાજે એને ખુરસીમાંથી ઊભો કરી દીધો. એ દોડીને બહાર ગયો. રાંગણેકરની કાર પોલીસ ચોકીના પ્રાંગણમાં પ્રવેશી ત્યારે પણ સોલંકીના ચહેરા પર શું હશે રિપોર્ટમાંનું આશ્ચર્ય લટકતું હતું....બીજી તરફ રાંગણેકરનું મોઢું ઊતરેલું હતું. રાંગણેકર ફાઇલ લઇને અંદર ગયા. જતા જતા એણે હવાલદારને ચાય આણિ વડા પાઉં આણા કહ્યું. સોલંકી પાછળ જ હતો. રાંગણેકરે બેસતાની સાથે કહ્યુંઃ 'બેન્ડ બાજા બરાત કે સાથ દુલ્હન કો લેને લીલાસરી પોલીસ ચોકી જવાની વિધિવત તૈયારી કરો, સોલંકી સાહેબ.' (ક્રમશઃ)■

# ઉત્સવ

feedback@bombaysamachar.com
કવર સ્ટોરી
વિજય વ્યાસ

# યોગગુરુનું સુપ્રીમ કોર્ટમાં સર્વોત્તમ શીર્ષાસન



પોતાની જાતને યોગ ગુરુ અને આયર્વેદના મહાન જ્ઞાતા ગણાવતા બાબા રામદેવ સુપ્રીમ કોર્ટની અડફેટે ચડી ગયા છે. સુપ્રીમ કોર્ટે ‘પતંજલિ’ આયુર્વેદની ભ્રામક દવાની જાહેરાતના કેસમાં ‘પતંજલિ’ના સહ-સ્થાપક સ્વામી રામદેવ અને ‘પતંજલિ’ના મેનેજિંગ ડિરેકટર આચાર્ય બાલકૃષ્ણને કોર્ટમાં હાજર થવા ફરમાન કર્યું,કારણ કે રામદેવ અને એમની કંપની સામે ‘ઇન્ડિયન મેડિકલ અસોસિયેશન’ (IMA)એ જબરો કેસ ઠપકાર્યો છે.

‘આઈએમએ’ પોતાની અરજીમાં આક્ષેપ મૂક્યો છે કે, ‘પતંજલિ’એ કોવિડ વેક્સિનેશન અને એલોપથી વિરુદ્ધ નકારાત્મક પ્રચાર કર્યો છે. સાથે સાથે પોતાની આયુર્વેદિક દવાઓથી કેટલાક રોગોનો ઇલાજ કરી શકાય છે એવો ખોટો દાવો પણ કર્યો છે. ‘પતંજલિ’ આયુર્વેદની ભ્રામક દવાઓની જાહેરાતોના કારણે લોકોના જીવ જોખમમાં મુકાય છે એવી રજૂઆતને સુપ્રીમ કોર્ટે સ્વીકારી છે.

ભાજપ સરકાર અને ખાસ તો વડા પ્રધાનની ચમચાગીરી કરી કરીને મોટા થયેલા બાબા રામદેવ પોતાની જાતને કાયદાથી પણ પર માનવા માંડેલા તેથી સુપ્રીમ કોર્ટના આદેશને પણ ઘોળીને પી ગયેલા. સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે રામદેવની કંપનીને ભ્રામક જાહેરાતો ન આપવાનો આદેશ આપેલો, પણ તેનેય ઘોળીને પી ગયેલા રામદેવે આ ભ્રામક જાહેરાતો ચાલુ રાખી. આ કેસમાં સુપ્રીમ કોર્ટે જવાબ માગ્યો તો રામદેવના ભાગીદાર જેવા બાલકૃષ્ણે જવાબ આપવાની તસદી સુધ્ધાં ના લીધી તેમાં સુપ્રીમ કોર્ટ વધારે ભડકી. સુપ્રીમ કોર્ટે લાલ આંખ કરી પછી બાબા રામદેવે કોર્ટની માફી માગવાની તૈયારી બતાવી અને એમણે કોર્ટની માફી માગી લીધી, છતાં પણ સુપ્રીમ કોર્ટ માફી આપવાના મૂડમાં નથી. સુપ્રીમ કોર્ટે કડક શબ્દોમાં કહ્યું છે કે, ‘રામદેવ અને બાલકૃષ્ણ બંનેએ આગામી ૨ ૩તારીખે કોર્ટમાં હાજર રહેવું પડશે. તમે જરાય નિર્દોષ નથી..’ એવી તેજાબી ટકોર પછી કોર્ટે નોટિસ પાઠવીને સવાલ પણ કર્યો છે કે, બંનેની સામે અદાલતની અવમાનનાની કાર્યવાહી કેમ શરૂ ન કરવી જોઈએ?!

સુપ્રીમ કોર્ટના આદેશના પગલે રામદેવ ને બાલકૃષ્ણની કરૂબાજ જુગલજોડી હાજર થઈને શું કહે છે એ જોવાનું રહે છે, પણ સુપ્રીમ કોર્ટ પોતાનું આકરું વલણ ચાલુ રાખે એ દેશના હિતમાં છે કેમ કે રામદેવ ફાટીને ધુમાડે ગયા છે. પોતાનો માલ વેચવા એ લોકોના જીવ સાથે તો રમત રમે છે ને દેશની સુપ્રીમ કોર્ટને પણ ગણકારતા નથી.

આ કેસમાં ૨૧ નવેમ્બર ૨૦૨૩ના રોજ થયેલી સુનાવણીમાં જસ્ટિસ અમાનુલ્લાએ આદેશ આપેલો કે, ‘પતંજલિ’એ ભ્રામક દાવાવાળી તમામ જાહેરાતો તાત્કાલિક બંધ કરવી પડશે. કોર્ટ આવા કોઈપણ ઉલ્લંઘનને ગંભીરતાથી લેશે અને ઉત્પાદન પરના દરેક ખોટા દાવા માટે૧કરોડ રૂપિયા સુધીનો દંડ લાદી શકે છે.

**ભારતની ભોળી પ્રજાને આયુર્વેદના નામે એલોપેથીથી દૂર કરવાનો તેમ જ ખોટા ભ્રમક દાવાઓ કરવાનો કારણો રચનારા યોગગુરુ બાબા રામદેવ અને તેમના સાથીદાર બલ્ક્રૃષ્ણને સુપ્રીમ કોર્ટે ઘૂંટણિયે પાડી દીધા હતા. ૧૪૦ કરોડ જનતાની સામે અનેક શેખી મારનારા બાબાએ સુપ્રીમમાં બે હાથ જોડી કરગરીને માફી માંગી હતી જોકે, મીડિયા પર બાબા રામદેવના પ્રભાવને કારણે આ સમાચારને જોઈએ એટલું પ્રાધાન્ય નથી મળ્યું**

રામદેવ અને બાલકૃષ્ણે સુપ્રીમ કોર્ટની કોઈ વિસાત જ ના હોય એ રીતે આ આદેશના બીજા જ દિવસે પ્રેસ કોન્ફરન્સ કરીને એલાન કર્યું કે, ડાયાબિટીસ અને અસ્થમાને ઈલાજ કરીને સંપૂર્ણપણે મટાડી શકાય છે. એ પછી ‘પતંજલિ’એ ડિસેમ્બર ૨૦૨૩ અને જાન્યુઆરી૨૦૨૪માં પ્રિન્ટ મીડિયામાં જાહેરખબરો આપીને આ જ દાવો કર્યો. સુપ્રીમ કોર્ટ દેશની સર્વોચ્ચ અદાલત છે ને તેના આદેશ પછી આ રીતે વર્તીને રામદેવે તેનું અપમાન કર્યું છે એ જોતાં સુપ્રીમ કોર્ટે એમને છોડવા ના જ જોઈએ.

બીજી બાજુ, રામદેવ ન જાણે ક્યા ફાંકામાં જીવે છે કે એ કોઈને ગણકારતા નથી અને પોતાને મહાજ્ઞાની સમજે છે. કોરોના કાળ વખતે બાબા રામદેવે એલોપથીને ‘સ્ટુપિડ સાયન્સ’ ગણાવીને કહેલું કે,‘રેમડેસિવિર’ જેવી એલોપથીની દવાઓ કોરોનાના દર્દીઓને બચાવી શકતી નથી તેના પરથી જ એલોપથી બોગસ છે એ સાબિત થાય છે. રામદેવે કહેલું કે, એલોપથીની દવાને લીધે હજારો લોકોનાં મોત થયાં છે અને આ સારવાર પદ્ધતિ નિષ્ફળ ગઈ છે. કોરોના કાળમાં એલોપથીની સારવાર લેનારા દસ હજાર લોકોનાં મોત થયાં હોવાનો દાવો કરીને રામદેવે સવાલ પણ કરેલો કે,જે ડોક્ટર પોતાનો જીવ નથી બચાવી શકતા એ ડોક્ટરો બીજાં લોકોનો જીવ કઈ રીતે બચાવી શકવાના?

રામદેવનો દાવો હતો કે,૯૮ટકા રોગોનું નિદાન આયુર્વેદથી કરી શકાય છે. રામદેવની વાતો સામે તબીબોની સંસ્થા ‘આઈએમએ’ મેદાનમાં આવી ગઈ હતી ને ઉગ્ર વિરોધ પ્રદર્શનો કર્યાં હતાં. રામદેવે આ મુદ્દે માફી માગી લીધી પછી પણ દિલ્હી હાઈકોર્ટમાં રામદેવ સામે ૧૦૦૦ કરોડ રૂપિયાનો માનહાનિનો દાવો

(જુઓ પાનું ૬) ▶▶



feedback@bombaysamachar.com
મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી

# લોકો પ્રોપેગેન્ડામાં કેમ માનતા થઇ જાય છે?



ચૂંટણી પ્રચારમાં ‘પ્રચાર’ શબ્દનું બહુ મહત્ત્વ છે. અંગ્રેજીમાં તેને પ્રોપેગેન્ડા કહે છે. રાજકીય પક્ષો કે નેતાઓ પોતાના માટે જનતાનું સમર્થન મેળવવા માટે વિચારો અને જાણકારીઓનો પ્રચાર કરતા હોય છે. મોટાભાગે અપેક્ષા એવી હોય છે કે તેમાં સત્યનો, હકીકતોનો, તથ્યોનો અને હકારાત્મકતાનો જ પ્રચાર થાય, પરંતુ માહિતીના યુગમાં અસત્યનો, ભ્રામક જાણકારીઓનો અને અતિશયોક્તિઓનો પણ એટલો જ પ્રચાર થતો હોય છે, જેને દુષ્પ્રચાર કહે છે.

જનમત કેળવવા માટે આખી દુનિયામાં પ્રચાર- દુષ્પ્રચારનો ઉપયોગ થાય છે. એમાં ક્યારેક સફળતા મળે છે, ક્યારેક નથી મળતી. ક્યારેક એવા પ્રચાર ઊંધા પણ પડતા હોય છે એટલે કે જનમત કેળવવાને બદલે તે જનમતને વિરુદ્ધ પણ કરી નાખે છે.

દેશમાં લોકસભાના વર્તમાન ચૂંટણી પ્રચારમાં, ભારતીય જનતા પાર્ટીના એક પ્રચાર સાથે એવું જ થયું છે. માર્ચ મહિનામાં, પાર્ટી તરફથી સોશિયલ મીડિયા અને યુટ્યુબ પર એક વીડિયો વહેતો કરવામાં આવ્યો હતો. તેની થિમ હતી : ‘વોર રુકવા દી, પાપા’ તેમાં રશિયા-યુક્રેન યુદ્ધના શરૂઆતી દિવસો દરમિયાન યુક્રેનમાં ફસાઈ પડેલા ભારતીય વિદ્યાર્થીઓ વતીથી એક યુવતી એના પિતાને કહેતી સંભળાય છે, ‘મૈંને કહા થા ના, કૈસી ભી સિચ્યુએશન હો, મોદીજી હમેં લે આયેંગે. વોર રુકવા દી પાપા, ઔર ફિર હમારી બસ નિકાલી પાપા.’

આ વીડિયોમાં તથ્યાત્મક ત્રૂટી હોવાના કારણે વિરોધ પક્ષોએ તો તેનો જબરદસ્ત વિરોધ કર્યો, પણ સામાન્ય

લોકોને પણ આ દાવો ગળે ઊતરે તેવો નહોતો એટલે લોકોએ તેની ક્લિપને વાઈરલ કરીને મજાક ઉડાવાનું શરૂ કર્યું. ત્યાં સુધી કે એ છોકરી અને એના બયાન ‘વોર રુકવા દી, પાપા’નાં એટલાં બધાં મીમ બન્યાં (અને હજુય બને છે) કે એવું કહેવાય છે કે તેમાં હિસ્સો લેનારી (જેનું નામ પ્રિયંકા હોવાનું કહેવામાં આવે છે) એ છોકરીનું ઘર બહાર નીકળવું મુશ્કેલ થઇ પડ્યું છે. અલબત્ત, વીડિયોમાં યુક્રેન યુદ્ધનો ઉલ્લેખ નહોતો, પણ લોકો તાળો મેળવી લીધો હતો.

આ વીડિયો જાતજાતની મજાકનું સાધન બની ગયો તેનાં બે કારણ હતાંઃ

(જુઓ પાનું ૬) ▶▶

neil@veenaworld.com
અરાઉન્ડ દ વર્લ્ડ



નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World

# પિરામિડ્સ ખરેખર કઈ રીતે નિર્માણ પામ્યા હતા?



ઈજિપ્તના કાઈરોની સીમા પર પિરામિડ્સ ઓફ ગિઝા આજે મનોહર રીતે ઊભા છે. તે દરેકની પ્રવાસની બકેટ લિસ્ટમાં અચૂક હોય છે અને આપણે નેશનલ જ્યોગ્રાફિક અને ડિસ્કવરી પર આ પિરામિડ્સ વિશે અસંખ્ય ડોક્યુમેન્ટરીઓ જોતાં જોતાં મોટા થયા છીએ. આ સ્મારકીય માળખાં સાડાચાર સદીથી વધુ સમય પૂર્વે નિર્માણ પામ્યાં છે, જે દુનિયાભરના મુલાકાતીઓને આજે પણ મોહિત અને ચકિત કરે છે.

ગ્રેટ પિરામિડ ઓફ ખુફુ, પિરામિડ ઓફ ખફરે અને પિરામિડ ઓફ મેન્કોરનો સમાવેશ ધરાવતા પિરામિડ્સ ઓફ ગિઝા સાથે ભેદી સ્ફિંક્સ પ્રાચીન ઈજિપ્શિયન સ્થાપત્યની સિદ્ધિની પરાકાષ્ઠા હોવા સાથે પ્રાચીન દુનિયાની સાત અજાયબીઓનાં છેલ્લાં હયાત સ્મારકો પણ છે. તો ચાલો, આજે ઈજિપ્તના રોચક વારસાના હૃદયમાં પ્રવાસ કરીએ અને આ પ્રાચીન માળખાંઓએ સદીઓથી માનવીઓને મોહિત અને ચકિત કેમ કર્યા છે તેમાં ઊંડાણથી ડોકિયું કરીએ. સૌપ્રથમ,તે કઈ રીતે નિર્માણ થયાં હશે એ વિશે જાણીએ, કારણ કે પિરામિડ્સ ઓફ ગિઝા અસંખ્ય અધ્યયનો, ખોજ અને વાદવિવાદોનો વિષય રહ્યા છે.આમ છતાં તેમાં એવાં રહસ્યો સમાયેલાં છે, જેની હજુ પણ ખોજ કરવાની બાકી છે.

તો ચાલો, તે કોણે અને ક્યારે નિર્માણ કર્યા ત્યાંથી શરૂઆત કરીએ. પિરમિડ્સ ઓફ ગિઝા ઈજિપ્તના ચોથા રાજવંશના જૂના સામ્રાજ્ય દરમિયાન નિર્માણ કરાયા હતા, જે સમયગાળામાં સમૃદ્ધિ અને કળાકારી ફૂલીફાલી રહી હતી. સમયરેખા તેમનું નિર્માણ ઈસવી સન ૨૫૮૦ અને ૨૫૧૦ પૂર્વે વચ્ચે થયું હોવાનો અંદાજ લગાવે છે. આમાંથી સૌથી પ્રાચીન અને સૌથી વિશાળ ગ્રેટ પિરામિડ ઓફ ખુફુ ઈસવી સન ૨૫૬૦ પૂર્વે પૂર્ણ કરાયું હોવાનું માનવામાં આવે છે. પિરામિડ ઓફ ખફરે તે પછી અને પિરામિડ ઓફ મેન્કોર તે પછી નિર્માણ થયું હોવાનું માનવામાં આવે છે, જે દરેક જેમનાં નામ અપાયાં છે તે સંબંધિત ફારાઓ માટે ચિરનિદ્રાનું સ્થળ છે.

સદીઓથી પિરામિડ્સ ઓફ ગિઝાના નિર્માણે ઈતિહાસવિદો સાથે એન્જિનિયરોને પણ મૂંઝવણમાં મૂકી દીધા છે. પ્રાચીન ઈજિપ્શિયનોએ આ અભૂતપૂર્વ માળખાંના નિર્માણ માટે ઉપયોગ કરાયેલી પદ્ધતિઓની કોઈ વિગતોની નોંધ રાખી નથી, જેને લીધે અનેક થિયરીઓ વહેતી થઈ છે. મોટે ભાગે વ્યાપક સ્વીકાર્ય એક થિયરી સૂચવે છે કે પિરામિડ્સ વિશાળ ચૂનાના પથ્થરો પરિવહન કરવા માટે રેમ્પની પ્રણાલીનો ઉપયોગ કરીને નિર્માણ કરાયા હતા. આ અલગ અલગ થિયરીઓ રેમ્પ્સના અલગ અલગ પ્રકાર વિશે જણાવે છે. ક્વોરીથી નિર્માણ સ્થળ સુધી સીધા રેમ્પ્સથી લઈને વાંકાચૂંકા અથવા વર્તુળાકાર રેમ્પ્સ નિર્માણ કરાયા હતા, જેથી શ્રમિકો ઓછા પ્રયાસથી પથ્થરો ઉપરની બાજુ લઈ જઈ શક્યા હતા. તાજેતરની ખોજ, જેમ કે, શ્રમિકોના ગામના અવશેષ અને જળમાર્ગોની પ્રણાલી સૂચવે છે કે કુશળ શ્રમિકોથી સોત કરાયેલા ઉચ્ચ સંગઠિત શ્રમિક બળનો ઉપયોગ કરાયો હતો અને અગાઉ વિચારાતું હતું તેમ ગુલામોનો ઉપયોગ કરાયો નહોતો.

ધ ગ્રેટ પિરામિડ ઓફ ખુફુ ગિઝામાં સૌથી વિશાળ છે, જે મૂળ ૧૪૬.૬ મીટર (૪૮૧ ફીટ) ઊંચું હતું, પરંતુ તેના બહારી કેસગ પથ્થરોને નુકસાનથવાને લીધે તે હવે સહેજ ટૂંકો થયો છે. તે અંદાજે ૨.૩ મિલિયન ચૂનાના પથ્થરોથી નિર્માણ કરાયો હતો, જે દરેકનું વજન આશરે ૨.૫થી ૧૫ ટન હતું.આ પથ્થરો જે અચૂકતાથી કાપવામાં અને ગોઠવવામાં આવ્યા તે પિરામિડનાં સૌથી મૂંઝવણમાં મૂકી દેનારાં પાસાં છે. તેમાં પથ્થરો વચ્ચેના સાંધાબિલકુલ દેખાતા નથી એ પણ મોટું આશ્ચર્ય છે.

પિરામિડ ઓફ ખફરે ખુફુ કરતાં સહેજ નાનો હોવા છતાં ઉચ્ચ પ્રદેશ પર ઉચ્ચ ઊંચાઈને લીધે અમુક ખૂણાથી તે ઊંચો દેખાય છે. તેના શિખર પર બાકી કેસગ પથ્થરો દ્વારા તે પ્રસિદ્ધ છે, જે મૂળ પિરામિડો તેમની મુલાયમ, ચકમકતી સપાટીઓ સાથે કેવા દેખાતા હશે તેની ઝાંખી આપે છે. સંકુલમાં ગ્રેટ સ્ફિંક્સનો પણ સમાવેશ છે, જે સહનું શરીર અને ફારાઓ ખફરેના માથા સાથે પ્રચંડ પ્રતિમા પિરામિડનું રક્ષણ કરે છે અને શાહી સત્તાના પ્રતિક તરીકે કામ કરે છે.

ત્રણમાંથી સૌથી નાનો પિરામિડ ઓફ મેન્કોર આકારમાં ભલે નાનો હોય, પરંતુ તેનાથી તેનું મહત્ત્વ બિલકુલ ઓછું થતું નથી. તેમાં ત્રણ નાના ક્વીન્સપિરામિડ્સ અને વધુ જટિલ શબઘર પ્રાર્થનાસ્થળ છે, જે ઉત્ક્રાંતિ પામતી સ્થાપત્ય શૈલીઓ અને ધાર્મિક વ્યવહારોનો સંકેત આપે છે.

ત્રણ પિરામિડ્સ સાથે સ્પિંક્સ ઈજિપ્તમાં સૌથી પ્રાચીન જ્ઞાત સ્મારકીય શિલ્પ છે. ચૂનાના એક પથ્થરમાંથી કંડારવામાં આવેલું સ્પિંક્સ ફારાઓ ખફરેનો ચહેરો આલેખિત કરે છે એવું માનવામાં આવે છે, જે ઉચ્ચ પ્રદેશના પાલક અને શાહી સત્તાના પ્રતિક તરીકે કામ કરે છે.

આ પિરામિડ્સ વિશે વાત કરીએ તો એ નોંધવાનું અતુલનીય છે કે પિરામિડ્સનો લેઆઉટ સૂઝબૂઝપૂર્વક નિયોજિત કરાયો હતો. દરેક પિરામિડનું મૂળ અચૂક ચોકઠામાં ગોઠવવામાં આવ્યું હતું, જેની દરેક બાજુ મુખ્ય બદુઓ તરફ સન્મુખ છે. અચૂકતાની આ સપાટી માટે ભૂમિતિની આધુનિક સમજ અન અચૂક સુમેળ હાંસલ કરવા માટે મર્કટ (પ્રાચીન ઈજિપ્શિયન સમય જાળવણીનું સાધન) અને બે (જોવાના સાધનનો પ્રકાર) જેવાં સાધનોનો ઉપયોગ આવશ્યક છે.હવે આપણે તે કઈ રીતે નિર્માણ કરાયા હતા એ વિશે વાત કરી છે તો ચાલો તે શા માટે નિર્માણ કરાયાં હતાં તેનાં અમુક કારણો જાણીએ.

શાહી દફનભૂમિ: પિરામિડ્સનો મુખ્ય હેતુ ફારાઓનાં મૃત્યુ પછી તેમના પાર્થિવ દેહને તેમાં દફનાવવાનો હતો. ફારાઓ ઈશ્વર પ્રેરિત શાસકો માનવામાં આવતા હતા અને તેમની કબરો જીવન પશ્ચાત તેમના સંરક્ષિત પ્રવાસની ખાતરી રાખવા માટે નિર્માણ કરવામાં આવી હતી. પિરામિડ્સમાં દફનનો ખંડ અને ફારાઓને જીવન પશ્ચાત જરૂર પડી શકે તે વિવિધ ચીજો અને ખજાનાનો સમાવેશ થતો હતો.

આધ્યામિક અને ધાર્મિક મહત્ત્વ: પિરામિડ્સનું નિર્માણ પ્રાચીન ઈજિપ્તની ધાર્મિક માન્યતાઓ અને સૃષ્ટિરચનામાં ઊંડાણથી મૂળિયાં ધરાવે છે.પિરામિડ્સ ફારાઓનું સ્વર્ગમાં સિધાવવું અને મૃત્યુ પછી ઈશ્વર જેવી આકૃતિમાં તેમના પરિવર્તનનું પ્રતિક હતું. પિરામિડનો આકાર સૂર્યનાં કિરણોઆલેખિત કરે છે અને ફારાઓનો આત્મા તેના રોજના પ્રવાસમાં સૂર્યદેવને અનુસરે છે એવું માનવામાં આવતું હતું.

રાજકીય અને સાંસ્કૃતિક પ્રતિક: પિરામિડ્સ કાર્યશીલ માળખાં ઉપરાંત ફારાઓની સત્તા, સંપત્તિ અને પ્રતિષ્ઠાનું પણ પ્રતિક હતાં. તેમનું નિર્માણ સંસાધનો,શ્રમ અને એન્જિનિયરિંગની નિપુણતા એકત્ર કરવાની શાસકોની ક્ષમતા દર્શાવે છે. તે શાસકોનો દૈવી દરજ્જો અને પ્રશાસનનું સ્થાયી આલેખન હતું.

સામાજિક અને આર્થિક ભૂમિકા: પિરામિડ્સના નિર્માણ માટે કુશળ આર્કિટેક્ટો, એન્જિનિયરો અને શ્રમિકો સહિત વિશાળ શ્રમ બળ આવશ્યક હતું.આ દર્શાવે છે કે તેને કારણે રોજગારીની તકો ઊભી થઈ હતી અને વેપાર અને કૃષિ ફૂલીફાલીને અર્થવ્યવસ્થા સક્ષમ કરવામાં મદદ થઈ હતી.

ફારાઓનું સ્મારક: પિરામિડ્સ ફારાઓની યાદગીરીઓનાં કાયમી સ્મારક હતાં અને મરણોત્તર જીવન માટે તેમની યાદો સંગ્રહવામાં આવતી હતી.પિરામિડ્સની અંદર શિલાલેખો ફારાઓની સિદ્ધિઓ અને વંશપરંપરા વિશે માહિતી પૂરી પાડે છે.

એકંદરે નિર્માણ પ્રક્રિયા ધાર્મિક વિધિઓ અને સમારંભોથી ઘેરાયેલી હતી અને પિરામિડનાં સંકુલોમાં મંદિરો, કોઝવે અને અન્ય માળખાંઓ મૃત ફારાઓનાઅંતિમસંસ્કાર અને અન્ય વિધિઓ માટે ઉપયોગ કરાતો હતો. એકંદરે ઈજિપ્શિયન પિરામિડ્સ બહુમુખી માળખાં છે, જેણે પ્રાચીન ઈજિપ્શિયન સંસ્કૃતિ,ધર્મ અને સમાજમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી અને આજે પણ તે દુનિયાભરના લોકોને મોહિત અને આકર્ષિત કરે છે.

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઇટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.

ચાલો અને ગર્વથી કહો,
‘અમે પણ જઈ આવ્યા લેહ લડાખ!’
અલૌકિક નિસર્ગ સૌંદર્યથી સજેલા ‘લેહ લડાખ’ની મુલાકાત લેવી તે તો દરેક ભારતીયોનું સપનું હોય છે! હિમાલયની પર્વતમાળાના સૌંદર્યનાં દર્શન કરાવનાર, સ્વચ્છ ભૂરા આકાશમાં તારલાઓની રોશનીથી ઝળહળી ઊઠનાર, ઊંચા ઊંચા ડુંગરામાં ઘાટ રસ્તાઓની હારમાળાનો રુબાબ, ખળખળ વહેતી નદીઓના વળાંકદાર પ્રવાહોથી મોહિત કરનાર, પ્રાચીન વિહારોમાંથી બૌદ્ધ ધર્મના સંદેશનું જતન કરનાર, સ્થાનિકોની મહેમાનગતીથી આપણને પોતીકા કરનાર એટલે લડાખ. લડાખની સેર એટલે માતૃભૂમિના રક્ષણ માટે જાનની બાજી લગાવીને લઢનારા ભારતીય સૈનિકોની મુલાકાત લઈને કૃતજ્ઞતા વ્યક્ત કરવાની સુવર્ણ તક. તો ચાલો, પર્યાવરણ પર જ આધાર રાખતી લડાખની અર્થવ્યવસ્થામાં યોગદાન આપીને આપણી જવાબદારી પૂરી કરીએ.
ચાલો, બેગ ભરો, નીકળી પડો!



ચાલો લેહ લડાખ!
વીણા વર્લ્ડ સંગાથે
Email: travel@veenaworld.com
veenaworld.com | Toll-Free: 1800 22 7979
VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

feedback@bombaysamachar.com

ટૂંકી વાર્તા

મધુ રાય



# નોલો કોન્તેન્દેરે

વાર્તા એટલે વીજળીનો કરન્ટ, યુ ફોલો? કોર્ટ બેઇલિફને ખબર હતી કે લીલી સાડીવાળી છોકરી સોનાલી બેગમ તે રફીકની મિસિસ હતી, ડોટર નહીં, પણ તેણે કટાક્ષથી કહ્યું કે તું ને તારી ડોટર અને તારી ગ્રાન્ડડોટર બહાર આવો.

સિટી મ્યુનિસિપલ કોર્ટમાં આજે એમડી રફીક નામે કોઈ અપરાધના કેસની સેકન્ડ ડેઇટ હતી. ઘોષાલ બંગાલી કેસીસ ઇન્ટરપ્રિટ કરવા કોર્ટ બોલાવે ત્યારે આવતો. હવે સરકારી વકીલ રફીક સાથે બહાર વરંડામાં ઊભા ઊભા વાત કરશે અને પછી જજ સાહેબ સામે હાલ સુધીનો પ્રોગ્રેસ રિપોર્ટ રજૂ કરશે. ઘોષાલે મનોમન ઇન્ટપ્રિટરનો ટોપો પહેરી એક નજર રફીકની મિસિસ સોનાલી બેગમ તરફ નાખી.

કોર્ટ બેઇલિફે થર્ડ વર્ડ મુસ્લિમ કન્ટ્રીની રિબાતી નારીની પોસ્ટર ગર્લ સોનાલી બેગમને તથા તેની બાળકીને એક બેન્ચ ઉપર બેસાડ્યા, બેઇલિફે એમડી રફીકને સરકારી વકીલ સાહેબની રાહ જોવા કહ્યું. ઘોષાલે રફીકને બંગાળીમાં સમજાવ્યું કે સરકારી વકીલ સાહેબ હવે તમારી સાથે કેસ વિશે વાત કરશે.

રફીકે ઘોષાલનો હાથ પકડી પૂછ્યું, દાદા, કેટલા વાગ્યા?

દસને પાંચ! ને રફીકે પોતાની પત્ની પાસે જઈ તેની દવાઓ લીધી, પાણીનો ઘૂંટડો ભર્યો, ઘોષાલે રફીકની નાની બેબીને દૂરથી રમાડવાનો ચાળો કર્યો.

અહીં ઇન્ટરપ્રિટર ઘોષાલે ઇન્ટરપ્રિટરની ટોપી ઉતારી વાર્તાલેખકનો ટોપો પહેરી લીધો કેમકે વાર્તા એટલે વીજળીનો કરન્ટ. તેને મીડિયમ ખપે. પછી મગજની નોટબુકમાં નોંધ કરી, કે રફીક સહેજ બાઘો લાગતો હતો. આ બાવીસ ત્રેવીસની છોકરી તેની બીજીવારની વાઇફ હશે, ને પિસ્તાલીસેક વરસનો બંગલાદેશી માણસ રફીક અમેરિકામાં ગ્રોસરી ક્લાર્ક કે વોલમાર્ટ બોલમાર્ટમાં કારકુન હશે, ને શોપલિફ્ટિંગ કે એવી કશીક ભૂલ કરી બેઠો હશે તેથી પકડાયો છે. હવે તેને જેલબેલ થશે કે શી ખબર ડિપોર્ટેશન કે ફાઇન કે વોટેવર! મતલબ કે તેની વીસ બાવીસ વર્ષની કાચી કાકડી જેવી મહેરારુ ઘરમાં એકલી થઈ જશે?

રફીકની પત્નીએ બેન્ચ ઉપર ખાલી જગ્યામાં હાથ ફેરવતાં ઘોષાલને બેસવા જણાવ્યું, ને ઘોષાલે ના પાડી મોં ફેરવી લીધું. જોબ ઉપર કોઈ નમણી ને આકર્ષક નારી પોતાની પાસેની જગ્યા થપથપાવીને ઘોષાલને પોતાની પાસે બેસવા બોલાવે ત્યારે ઘોષાલ મનોમન અકોક્તિ કરતો, આપણો એક નિયમ છે, યુ નોવ! આ તો જોબ કહેવાય, જોબ ઉપર બહુ ડિસિપ્લીન જાળવવી પડે. આમ જોબ સિ-વા-યની કોઈ નમણી નારી પાસેની જગ્યા થપથપાવે તો ઘોષાલ બેસેય ખરો. તેને સોનાલી જેવી કાચી કાકડી જેવી નારીનો ગ્રાસ મળે તો બટકે બટકે ચાવીયે જાય.

હટ, બુડબક, તારામાં હિંમત જ ક્યાં છે, જોબ-ટોબનાં બહાનાં, ને તારે કોઈ નિયમ નથી, હલકટ! તું તેની પાસે જતાંય ડરે છે, તને રિજેક્શનની બીક છે, ભોંદૂ! યસ, યસ, ઘોષાલ વાર્તાલેખકનો ટોપો ઉતારી મનોવિશ્લેષકનો ટોપો પહેરે છે, ને તરત અગાઉનો વિચાર ખંખેરે છે, બુડબક, આ વાર્તા ઘોષાલની નથી, ને ઘાઘરી જોઈને ઘેલો ના થઈ જા! હેહેહે, પેલો કોર્ટ બેઇલિફ બી લસર્યો હશે કેમકે તે બી પુરુષ છે, યસ?

ઘોષાલના દસ વરસના ઇન્ટરપ્રિટરના અનુભવમાં બંગાલી કે ઇવન ઇન્ડિયન આરોપીઓ મોટાભાગે ટ્રાફિક -વાયોલેશનમાં પકડાતા કે કશીક સિવિલ બાબતમાં કોર્ટમાં આવતા. ક્રિમિનલ બહુ જૂજ, સિવાય કે શોપલિફ્ટિંગ કે ડોમેસ્ટિક વાયોલન્સમાં... ઓહમાયગોડ! ઘોષાલને તરત ભાન થયું કે રફીકે પત્નીને માર્યું તો નથી ને? રફીક પોતે એકવડો હાંડકાં પાંસળાંવાળો સાડા પાંચેક ફૂટનો માણસ હતો પણ બૈરીને ફટકારવાનો તેનો સ્વાભાવિક હક હોય તેમ કદાચ તેણે... ઓહમાયગોડ... ઘોષાલે જીભ કચરી. સોનાલીના ગાલને જોતાંજોતાં તેની નજર લસરી, ગાલ ઉપરથી ડોક, ખભા, તતતત, તતતત ને તેણે કલ્પના કરી કે બીજે ક્યાં ક્યાં માર્યું હશે? ઘોષાલને તે કલ્પનાઓ લોભામણી લાગી. સોનાલીને મારવાની કલ્પનાઓ, સ્સ્સ્સ્સટોપ!

ઘોષાલે સહેજ ગળું સાફ કરી સોનાલીએ પોતાની પાસે બેન્ચની જગ્યા થપથપથાવેલી તે તરફ નજર કરી અને હિંમત કરીને બેસી ગયો. સોનાલીએ આંખો વડે આભાર માન્યો. જીભ કરતાં આંખો વડે વધુ વાત થઈ શકે, તેમાં સગવડ તે કે સામેની આંખો જે કહે તે ભલે કહે, આપણા દિલને જે માનવું હોય તે માનીએ; નાઇસ તો નાઇસ, કે નાઇ-સર તો નાઇ-સર.

તમે કશેય જોબ કરો છો? ઘોષાલે પૂછવા ખાતર પૂછ્યું. જી, હા. સોનાલીએ વિનયપૂર્વક હા પાડી. ગંજાવર ફ્રેન્ચાઇઝ કોફી શોપમાં લગભગ બધી બંગાલણ બાઈઓની જેમ સોનાલી પણ એઇટ ટુ એઇટ નોકરી કરે છે, ડોનટ કોફી શોપમાં!

અજગર જેવી જુવાની, ને દારૂડિયો બીજવર પતિ, દિવસના બાર-બાર કલાકનું વૈતરું, આગલી વહુની બેબી, અને અમેરિકા!

દાદા, તમે ક્યાં રહો છો? રફીકે પૂછ્યું.

આપણાથી અંદરોઅંદર વાતો ન કરાય,

કેમ? રફીકે અચંબાથી પૂછ્યું. વાતો કેમ ના થાય? અને તરત ઘોષાલને ખ્યાલ આવ્યો કે પોતે તો સામેથી હમણાં લબલબ કરતો સોનાલી સાથે ગપાટા મારતો હતો તેથી રફીક પૂછે છે કે તો પછી આપણાથી વાત કેમ ન થાય. ઘોષાલે મનોમન બચાવ ઊભો કરી લીધો, સોનાલી કાંઈ ક્લાયન્ટ નથી, ક્લાયન્ટ રફીક છે, સોનાલી સાથે વાત કરવાનો વાંધો નહીં (સફેદ જૂઠ) રફીક સાથે લટરપટર ન થાય (હાફ જૂઠ.)

વાતો કરીએ તો આ લોકો માને અથવા સામેવાળાનો વકીલ માને કે હું તમારી સાથે મૈત્રી કરીને તમારી ફેવર કરું છું. પણ ફેવર તો કરીશ, ડોન્ટ વરી. ઘોષાલે કાવતરાખોરની અદાથી રફીકને જણાવ્યું. મનોવિશ્લેષકનો ટોપો પહેરીને ઘોષાલે વિચાર્યું, રફીક સાથે ઘરોબો બાંધવાનો એક લૂલો પ્રયત્ન. બિકોઝ રફીક સાથે સારાસારી વિલ લીડ ટુઉઉઉ? સોનાલી સાથે સારાસારી. મનોવિશ્લેષકના ટોપા નીચેથી ઘોષાલે વિચાર્યું કે તે કારણ વિના મનમાં ને મનમાં બહુ લાંબીચૌડી પંચાત કરે છે. ઘણા લોકો સ્ત્રીઓની હાજરીમાં બહુ બોલકા બની જાય છે, એવો બુડબક ઘણા લોકો ઘોષાલ પોતે હતો, સ્સ્સ્સ્સ્સ્સ્સ્ટોપ!

આખરે સરકારી વકીલ આવ્યા, તરત રફીકને પૂછ્યું, તમે એમડી રફીક? (જુઓ પાનું ૬) ▸▸




અનિલ રાવલ
anil.rawal@
bombaysamachar.com

# ખાખી મની-૨૫

**‘અમન, પોલિટીકલ પાવર, મસલ પાવર અને મની પાવરની સામે કલમ બુઠ્ઠી થઇ હોવાના કિસ્સા મારા કરતાં તું વધુ જાણે છે’**

‘લીલા પટેલ...બડૌદા.’ બોલીને શબનમે કપાળે ચડાવી રાખેલા ગોગલ્સ પહેર્યા.

‘સતનામ કે બડે ભાઇ સાહબ હરનામસિંઘ અભી ભી બડૌદા મેં હૈ.?’ બલદેવરાજે પૂછ્યું.

‘હાંજી, બરસોં સે વહીં રહેતે હૈ.’

‘ઉનકા એડ્રેસ હમે દે દો.’ શબનમે કહ્યું.

‘સરદાર ડેરી...અલકાપુરી.’ ગુલરીન બાઇજીએ કહ્યું. બલદેવરાજ અને શબનમે એકબીજા સામે જોયું.

‘ઠીક હૈ... ચલતે હૈં.... હમારી ઇસ મુલાકાત કી બાત કિસી સે મત કરના. ના કેનેડા મેં....ના બડૌદા મેં.’ બલદેવરાજ ઉઠ્યા. સાથે શબનમ પણ.

****

મનના મુંઝારા સાથે દિવસો કાપતી લીલાએ એક દિવસ લીચીના ગયા પછી ડીકે મહેતાને ફોન કર્યો. ડીકે લીલાના જીવનનો

વિસામો....ભીની આંખે માથું ઢાળી દેવા માટેનો એક મજબૂત ખભો. વિના ખચકાટ મન ખોલી નાખવાનું મકામ. કાયમ શબ્દો ચોર્યા વિના ડીકેને બધી વાત કરનારી લીલા છેલ્લા કેટલાક દિવસથી કચવાટ અનુભવતી હતી. ટીવી ન્યૂઝમાં સતિન્દરને જોયા પછી ડીકેને વાત કરી દેવાની કોશિશ નહોતી કરી એવું નથી, પણ જે માણસની જીવનમાંથી બાદબાકી કરી નાખી છે...જેના નામ પર ચોકડી મૂકી દીધી છે એના વિશે ડીકેને જણાવીને ડીકેને દુ:ખી કરવાનું લીલીને યોગ્ય નહોતું લાગ્યું...પૈસાની બેગ વિશે પણ ડીકેને નહીં કહેવાનો ડંખ હજી મનમાં હતો....એમાં લીચીના વેણ અને વર્તન એને વ્યથિત કરી ગયું. મા-દીકરી વચ્ચેના સંબંધમાં આવેલી ખટાશ એનાથી જીરવાતી નહોતી. મનનો બોજ હળવો કરવાનો આ એક જ માર્ગ હતો.

‘ડીકે, આઇએમ સોરી..’ લીલાના અવાજમાં ભીનાશ હતી.

‘શું થયું.?’ ડીકેનો ચિંતિત અવાજ સંભળાયો.

‘મેં સતિન્દરને ટીવી ન્યૂઝમાં જોયો.....એ ખાલિસ્તાની ત્રાસવાદી થઇ ગયો છે. મેં તમને જણાવ્યું નહીં... આ વાત કહીને હું તમને દુ:ખી કરવા નહોતી માગતી. આઇએમસોરી....’ એ અટકી.

‘લીલા, હું પ્રધાન છું અને દિલ્હીમાં બેઠો છું. બધી ખબર રાખું છું. મારી પાસે સતિન્દર અને તજિન્દરના ન્યૂઝ હતા, પણ હું તને કહીને દુ:ખી કરવા નહોતો માગતો.’

ડીકે, હું એક ભૂલ કરી બેઠી છું. મેં લીચીને મારા અને સતિન્દર વચ્ચેના સંબંધ વિશે બધું કહી દીધું.....એની સામે મારી ડાયરી ખુલ્લી મૂકી દીધી.’

થોડી ક્ષણો ચૂપ રહીને ડીકે બોલ્યા: લીચીને બહારથી સચ્ચાઇની ખબર પડે એના કરતાં તેં જ કહી દીધું એમાં કાંઇ ખોટું નથી કર્યું.’

‘મને લાગે છે....સચ્ચાઇ જાણ્યા પછી એનું વર્તન બદલાઇ ગયું છે...એનો સ્વભાવ ચીડિયો થઇ ગયો છે.’

‘લીચી હવે નાની રહી નથી. પોલીસ ઇન્સ્પેક્ટર બની ગઇ છે. થોડી આઘાતમાં હશે. સમય આવ્યે બધું ઠીક થઇ જશે.’

પોલીસ ઇન્સ્પેક્ટર શબ્દ સાંભળીને લીલાને પૈસાની બેગ યાદ આવી....લીચીએ કોઇનેય નહીં કહેવાની તાકીદ સાંભરી આવી. એક પળ માટે એને ડીકેને કહી દેવાની ઇચ્છા થઇ, પણ બંને વચ્ચેના સંબંધો વધુ વણસી જશે એવું ધારીને એણે માંડી વાળ્યું.

આપણે કાયમ સાચા અને સારા સમયની જ રાહ જોવી પડે છે...કેવી કરુણતા..’ લીલા બોલી.

****

‘રાધી, માય લવવવવવવવ.....તું કલ્પના કરી શકે છે કે આજે હું કોને મળ્યો હોઇશ.?’

‘રાધીએ ખભા ઉછાળ્યા. તું દિવસમાં કેટલાય નમૂનાઓને મળતો હોય છે...હું કોઇ એકને ઇમેજીન કઇ રીતે કરી શકું.’

‘પ્લીઝ, તોય તું ધારવા ખાતર ધારી લે.’ રસ્તોગીનો ઉત્સાહ ઉછળતો હતો.

‘હમમમમમમ...’ રાધી વિચારવા લાગી. ‘લાગે છે કે તેં પેલી ઇન્સ્પેક્ટર બાઇને શોધી કાઢી છે.’

‘રાધી, માય લવવવવવવવવવ.’ કહીને રસ્તોગીએ રાધીને ઊંચકી લીધી.

‘વન્ડરફુલ ગેસવર્ક. તને કેમ ખબર પડી.?’

‘કારણ કે તું એકવાર કોઇ કામની પાછળ આદું ખાઇને પડી જાય પછી એને પૂરું કરીને જ જંપે છે. ન્યૂઝ ક્યારે છાપીશ.?’

‘અત્યારે તો બોલ સબ ઇન્સ્પેક્ટર લીચી પટેલના ફળિયામાં નાખીને આવ્યો છું. બાય ધ વે એનું નામ લીચી પટેલ છે. મહારાષ્ટ્ર-ગુજરાત સરહદ નજીકની લીલાસરી પોલીસ ચોકીની સબ ઇન્સ્પેક્ટર.’

‘વેરી ઇન્ટરેસ્ટિંગ નેમ...લીચી પટેલ.’

‘એનો ફોન જરૂર આવશે.’ રસ્તોગી બોલ્યો ને એની લેન્ડ લાઇન રણકી.

‘લે તારો જ ફોન હશે.’ રસ્તોગીએ ફોન ઊંચક્યો.

‘હેલો...અમન રસ્તોગી બોલો છો.?’

‘હાંજી બોલું છું. તમે કોણ?’

‘હું રમેશ પાટીલ. લીલાસરી પોલીસ ચોકીમાંથી બોલું છું. સિનિયર ઇન્સ્પેક્ટર ઉદયસિંહ પરમાર તમને મળવા માગે છે.’

રસ્તોગીએ રાધિકાને ઇશારાથી કોનો ફોન છે તે કહ્યું. રાધિકાએ થમ્સ અપની સાઇન બતાવતો અંગૂઠો બતાવ્યો.

‘ક્યાં મળવા માગે છે.?’ રસ્તોગીએ પૂછ્યું.

‘એ હું એમને પૂછીને જણાવું.’

‘ઠીક છે. મને જણાવજો. હું મળવા તૈયાર છું.’ રસ્તોગીએ ફોન ક્રેડલ પર મૂક્યો.

‘રાધી, એ લોકો મને મળવા માગે છે. ઉંદરને સપડાવવા જ હું પાંજરામાં ભજિયું મૂકીને આવેલો.’

‘અમન, તું ભલે ઉંદરને સપડાવવા પાંજરામાં ભજિયું મૂકીને આવ્યો, પણ એ લોકો પહેલાં ભજિયું બતાવીને ઉંદરને પાંજરામાં સપડાવવા માગતા હોય એવું લાગે છે.’

‘એ પોલીસ સબ ઇન્સ્પેક્ટર બાઇએ ગુનો કર્યો હશે તો ભજિયું ખવડાવીને મોં બંધ કરવાની કોશિશ કરશે. એટલે જ એણે ફોન કરાવ્યો.’

‘મોં બંધ કરવા માટે ભજિયા સિવાય પણ બીજા ઘણા રસ્તા છે. અમન, પોલિટીકલ પાવર, મસલ પાવર અને મની પાવરની સામે કલમ બુઠ્ઠી થઇ હોવાના કિસ્સા મારા કરતાં તું વધુ જાણે છે અમન.’

અમન રસ્તોગીને થયું કે રાધીએ એક પત્રકારના ઝમીરને લલકાર્યું છે. હા, સનસનાટી મચાવવાના આશયે એણે ઘણીવાર પોતાની સ્ટોરીને તર્કબદ્ધ હવાથી ચગાવી હતી....પણ પૈસાની લાલચનું ભજિયું ખાધું નહતું. રાજકારણીઓને દાદ આપી નહતી કે બાવડાંના બળ સામે ઝુક્યો નહતો.

‘રાધી, તું યાદ રાખજે, એની ઓફર જ એની ગુનાખોરીનું સબૂત હશે.’ અમને કહ્યું.

‘અમન, હું સાથે આવું.?’ રાધીએ થોડું વિચારીને પૂછ્યું.

‘ના, હું એકલો જ જઇશ.’ શહેરની ખૂબ જ લોકપ્રિય ઇન્ફલુએન્સિયરે મોં મચકોડ્યું ને મોબાઇલમાં ખૂંપી ગઇ.

****

ઉદયસિંહ બરોબરનો ભીંસમાં આવી ગયો હતો. એને ઊંઘમાંય જગ્ગી, ગ્રંથી હરપાલસિંઘ, રસ્તોગી, રાંગણેકર અને લીચી દેખાતા હતાં. એ માનવા લાગ્યો હતો કે લીચીએ એને મેળામાં જોવા મળતા મોતના કૂવામાં ધકેલી દીધો છે ને પોતે બહારથી દરવાજો બંધ કરીને નીકળી ગઇ છે. એણે મોટરસાઇકલ ફેરવ્યા કરવાનું છે. કંઇ ઘડીએ પેટ્રોલ ખલાસ થઇ જશે એની ખબર નથી. ઉપર કૂવાની ગોળાકારે ઊભા રહીને મનોરંજન માણનાર કોઇ નથી કે જે બચાવો બચાવોની બૂમ સાંભળે. એને રસ્તોગી અને જગ્ગીનો રસ્તો સાફ કરવાને બદલે લીચીને જ ગોળીએ દઇ દેવાની ઇચ્છા થઇ, પણ આવું પગલું ભરવાથીય સમસ્યાનો ઉકેલ આવવાનો નહતો. ઉલ્ટુ કાનૂની ગૂંચમાં ગૂંચવાઇ જવા જેવું થાય. એવો કોઇ માર્ગ શોધવો જોઇએ જેમાં પોતે તાજનો સાક્ષી બનીને આબાદ રીતે છટકી જઇ શકે. જગ્ગી, રસ્તોગી અને રાંગણેકર... આ ત્રણ એક્કામાંથી સૌથી ભરોસામંદ કોણ. વરસાદી રાતે બનેલી આખીય ઘટના આ ત્રણમાંથી કોને કહેવી જોઇએ. રસ્તોગીનો ભરોસો કરાય?’ એણે જાતને સવાલ કર્યો...ને અંદરથી જવાબ મળ્યો: ના, એ પત્રકાર છે... એનો વિશ્વાસ બિલકુલ ન કરાય.’ બીજું નામ સંભળાયું: ‘મધુકર રાંગણેકર.’ ‘આ માણસ ભરોસાને લાયક ખરો.? રાંગણેકર પોલીસ છે. પત્રકાર અને પોલીસનો વિશ્વાસ ક્યારેય ન કરાય. પલટી મારી જાય..’ પોતે પોલીસ હોવા છતાં એણે પોલીસ માટે નેગેટીવ સર્ટિફિકેટ આપી દીધું. ઉદયસિંહ પાસે હવે ત્રણમાંથી જગ્ગી નામનો એક જ એક્કો બચ્યો હતો. એક બેઇમાન માણસ બીજા બેઇમાન માણસની વાત સમજી શકે. રસ્તો કાઢી આપે. બચાવી શકે. એટલે જ કદાચ પોલીસ અને પત્રકાર કરતા લોકોને ગુંડાઓ પર વધુ ભરોસો છે.

‘હા, હું જગ્ગીને બધું જ કહી દઇશ.....લીચીએ માંડેલા દાવને સાફ શબ્દોમાં સંભળાવી દઇશ. મારી સલામતી જગ્ગીના હાથમાં છે...જગ્ગીના ઢાબામાં છે. પણ જગ્ગી વિશ્વાસ કરશે.? અને એ પૈસાની બેગ માગશે તો ક્યાંથી આપીશ. બેગ લીચી પાસે છે. લીચી પાસેથી બેગ કઢાવવી એ સિંહણના મોંમાંથી બકરીના બચ્ચાંને બહાર કાઢવા જેટલું કપરું કામ છે.’ મનમાં ઘૂમરાતા વિચારોની સોય હરીફરીને લીચી પર આવીને અટકી.

આખીય વાતનું મૂળ લીચી છે....સમસ્યાની જડ લીચી છે. લીચીને હટાવું તો જ સમસ્યાનો ઉકેલ આવે. પણ લીચીને ખતમ કઇ રીતે કરવી. અકસ્માત. એક્સિડેન્ટ કરાવી દઉં કે પછી એની રિવોલ્વરથી મર્ડર કરીને એના હાથમાં પિસ્તોલ મૂકીને આત્મહત્યામાં ખપાવી દઉં.? સુસાઇડ....આ બેસ્ટ રસ્તો છે...કારણ કે પોલીસ તપાસમાં કહી શકાય કે એણે અમારી પાસે વાહનોની જડતી લેવાનું કામ કરાવ્યું. પૈસાની બેગ એણે જ ક્યાંક છુપાવી છે. પગેરું લીલાસરી પોલીસ ચોકી સુધી પહોંચતું જોઇને અમારી પાસે રસ્તોગી અને રાંગણેકરના ખૂન કરાવવા સુધી પહોંચી ગયેલી. પોતે રમત (જુઓ પાનું ૬) ▸▸

feedback@bombaysamachar.com

નરીમાન પોઈન્ટની પાળેથી

મૂલચંદ વર્મા

# શ્રી સોરાબજીએ સત્તાવાળાઓને પત્ર લખી ‘ગ્રાન્ટ મેડિકલ કોલેજ’માં સ્ત્રીઓને પ્રવેશ આપવા જણાવ્યું હતું અને તે વાત મંજૂર થઈ ગઈ હતી

(ગતાંકથી ચાલુ)

**ચિઠ્ઠીના** ચાકર કોચમેને તો પોતાનો રૂઆબ દર્શાવવા બિચારા ગરીબોને ચાબૂકથી ઝડાઝડ ઝૂડવા માંડ્યા, ચાબૂકના ફટકાનો જેમ અવાજ થતો તેમ ઘોડાગાડીમાં ઊભી રહીને પેલી મડમ ખુશ-ખુશાલ નાચતી-કુદતી હતી.

સોરાબજી શાપૂરજી બંગાળી નામના પારસી શ્રીમંત વ્યાપારી અને સમાજસુધારક આ જોઈ ગયા. તેમને હૈયે લાગી આવ્યું અને રાતે ઊંઘી શક્યા નહીં સવારે એમણે આ ઘટના સંબંધમાં અંગ્રેજીમાં એક ચર્ચાપત્ર તૈયાર કર્યું અને ‘બોમ્બે ગેઝેટ’નામના અંગ્રેજી વર્તમાનપત્રને મોકલી આપ્યું. તા. ૩જી મે, ૧૮૫૦ના અંકમાં ‘માનવતાને ખાતર’ એવા શીર્ષક હેઠળ એ ચર્ચાપત્ર પ્રગટ થયું અને તેમાં અંગ્રેજ અમલદાર અને ઘોડાગાડીમાં કૂદતી ગોરી પત્નીની ટીકા કરતાં જણાવ્યું હતું કે આ સંબંધમાં અદાલતી પગલાં પેલા જવાબદાર અંગ્રેજ અમલદાર સામે લેવાવાં જોઈએ.

આજ સોરાબજી બંગાળી છે કે જેમણે હિન્દુ સમાજસુધારક શ્રી કરસનદાસ મૂલજીને મદદ કરી હતી અને કપોળ વણિક વેપારી માધવદાસ રૂપનાથદાસે બાળવિધવા ધનકોર સાથે પુનર્લગ્ન તા. બીજી મે ૧૮૭૧ના દિવસે કરતાં હિન્દુ સમાજમાં જબરો ઊહાપોહ મચી ગયો હતો. શ્રી માધવદાસની હત્યા કરવા ભાડૂતી ગુંડાઓ મોકલવામાં આવ્યા હતા; પરંતુ શ્રી સોરાબજી બંગાલી અને શ્રી કરસનદાસ મૂલજીએ તેમને બચાવી લીધા હતા. માધવદાસને કપોળ સમાજે નાતબહાર મૂકયા હતા. શ્રી સોરાબજીએ વિધવાવિવાહના પ્રસાર માટે શ્રી બાલાજી પાંડુરંગ નામના ગૃહસ્થને આંદોલન ચલાવવા રૂા. ૬૦૦ની રકમ આપી હતી. ૧૮૭૦ની સાલમાં એ રકમ કંઈ નાની સૂની કહેવાય નહીં.

શ્રી કરસનદાસ મૂલજીને પણ સમાજસુધારા માટે નાતબહાર મૂકવામાં આવ્યા હતા. જ્યારે ૩૮ વર્ષની ભરયુવાન વયે શ્રી કરસનદાસનું મરણ થયું ત્યારે તેમની પત્નીને કપોળ જ્ઞાતિમાં પાછાં લેવામાં આવે તે માટે બે પારસી ગૃહસ્થોએ મહેનત ઉઠાવી હતી. શ્રી ડોસાભાઈ ફરામજી કરાકા અને શ્રી સોરાબજી શાપુરજી બંગાળીએ કપોળ જ્ઞાતિના આગેવાન શ્રી ગોપાળદાસ માધવદાસને ભલામણ કરી


સોરાબજી શાપૂરજી બંગાળી

કરસનદાસની પત્ની પરનો ન્યાત બહિષ્કાર દૂર કરાવ્યો હતો.

ભારતમાં મહિલાઓને મેડિકલ એજ્યુકેશન આપવાની પ્રવૃત્તિનો પ્રારંભ શ્રી સોરાબજી બંગાળીએ ૧૮૮૨ની સાલમાં મુંબઈથી કર્યો હતો. એમને એ પ્રવૃત્તિમાં ઉત્તેજન અને સક્રિય સહાય આપનાર શ્રી જ્યોર્જ એ. કીટ્રીડજ, શ્રી ઝવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિક, શ્રી કમુ સુલેમાન અને શ્રી મહમદઅલી રોગે હતા. આ શ્રી કીટ્રીડજ અને શ્રી સોરાબજીએ મુંબઈમાં ઘરેઘર ફરીને રૂપિયા ચાળીસ હજારથી અધિકનું ભંડોળ ભેગું કર્યું હતું એમણે પ્રથમ જણાવ્યું કે દેશની મહિલાઓની તબીબી સારવાર મળી રહે તે માટે મહિલા ડૉક્ટર ધરાવતી હૉસ્પિટલો અને દવાખાનાં હોવાં જોઈએ. આ વાત જાણીને શ્રી પેસ્ટનજી હોરમસજી કામાએ ૧૮૮૩ના માર્ચની પહેલી તારીખે શ્રી બંગાળીને પત્ર લખી જણાવ્યું હતું કે એવી એક હૉસ્પિટલ માટે રૂપિયા એક લાખ આપવા હું તૈયાર છું. પણ મારી ત્રણ શરત એ રહે છે કે આ હૉસ્પિટલ માત્ર બાળકો અને સ્ત્રીઓ માટે હોય, હૉસ્પિટલનાં ડૉક્ટરો મહિલા હોય અને મકાન માટે જરૂરી જમીન સરકારે આપવી. સરકારે આ માગણી કબૂલ રાખી હતી અને શ્રી પેસ્તનજી કામાએ સખાવતની રકમ વધારીને રૂા. ૧,૬૪,૦૦૦ કરી આપી હતી.

શ્રી સોરાબજીએ ૧૮૮૩ના માર્ચની બીજી તારીખે મુંબઈ યુનિવર્સિટીના સત્તાવાળાઓને પત્ર લખી તે વખતની એક મેડિકલ કોલેજ ‘ગ્રાન્ટ મેડિકલ કોલેજ’માં સ્ત્રીઓને પ્રવેશ આપવા જણાવ્યું હતું અને તે વાત મંજૂર થઈ હતી. ઈ.સ. ૧૮૮૩માં સ્ત્રીઓએ મેડિકલ કોલેજનો લાભ લેવાનું શરૂ કર્યું હતું. વધુમાં શ્રી બંગાળીએ જણાવ્યું હતું કે જે સ્ત્રી મેટ્રિક ન થઈ હોય તેમને પણ મેડિકલ કોલેજમાં ત્રણ વરસનો અભ્યાસક્રમ નક્કી કરી સફળ નીવડનાર વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપવાં. સત્તાવાળાઓએ આ વાત સ્વીકારી હતી; પરંતુ અભ્યાસક્રમની મુદત ચાર વર્ષની કરી હતી.

આ રીતે મુંબઈના પારસીઓ રાજકીય અને સામાજિક ક્રાન્તિમાં પણ અગ્રેસર હતા.

મહાનગર મુંબઈના મેયરને જેમ નગરના પ્રથમ નાગરિક માનવામાં આવે છે તેમ મુંબઈ શહેરના વાસ્તવમાં કોઈ ‘બડા સાહેબ’ હોય તો તે મ્યુનિસિપલ કમિશનર છે. એમને રહેવા માટે મહેલ જેવો વિશાળ બંગલો મલબાર હિલ જેવા વૈભવશાળી પરિસરમાં આવ્યો છે. લાલ ફરતા દીવાવાળી કાર અને લગભગ અડધો ડઝન ચપરાશીઓ એમની સેવા માટે આપવામાં આવે છે. આ બધુંયે મ્યુનિસિપલ કોર્પોરેશનના ખર્ચે અને મ્યુનિસિપલ કમિશનર સાહેબને એ માટે એક પૈસો પણ ખર્ચવાનો રહેતો નથી. મહારાષ્ટ્ર સરકારના સર્વોચ્ચ અધિકારી ચીફ સેક્રેટરી પછી બીજો ક્રમ મ્યુનિસિપલ કમિશનર ધરાવે છે. ચીફ સેક્ટરીને મહારાષ્ટ્ર વિધાનસભાની બેઠક મળે ત્યારે ગૃહ સમક્ષ ઉપસ્થિત રહેવું પડતું નથી; ત્યારે મુંબઈ મહાનગરપાલિકાની બેઠક મળે ત્યારે ગૃહ સમક્ષ મ્યુનિસિપલ કમિશનરને હાજર રહેવું પડે છે. અને કોર્પોરેટરોના પ્રશ્નોના ઉત્તર આપવા પડે છે. ઘણીવેળા પોતાના પદનો દુરુપયોગ કરીને અંગત હિત ખાતર મ્યુનિસિપલ કમિશનરનો સંપર્ક કરી ચોક્કસ કામ કરાવી લેતા હોય છે. મ્યુનિસિપલ કમિશનર એ માટે નારાજગી વ્યક્ત કરે તો બહુમતીના માધ્યમથી તેમને મૂંઝવવા કે હોદ્દા પરથી ખસેડવાના પ્રયાસો પણ કરવામાં આવે છે.

સર ફિરોઝશાહ મહેતાને મુંબઈના પ્રથમ બેતાજ બાદશાહ માનવામાં આવતા હતા અને તેમના પછી દ્વિતીય બેતાજ બાદશાહ શ્રી સદોબા કાન્હોજી પાટિલને માનવામાં આવે છે. શ્રી એસ.કે.પાટિલ નામથી મુંબઈમાં તેઓ અત્યંત લોકપ્રિય બન્યા હતા. તેઓ મુંબઈના મેયર તરીકે ૧૯૪૯-૧૯૫૦ અને ૧૯૫૧એમ સતત ત્રણ સુધી ચુંટાઈ આવ્યા હતા. શ્રી પાટિલ ઈ.સ ૧૯૩૯માં પ્રથમ વાર મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચુંટાઈ આવ્યા હતા અને સત્તર વર્ષ સુધી એટલે ઈ.સ કે ૧૯૫૨ સુધી ચુંટાઈ આવ્યા હતાં. ૧૯૩૯માં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોંગ્રેસ પક્ષ બહુમતી ધરાવતો પક્ષ બન્યો હતો. તે વખતે શ્રી એમ.ડી. ભટ્ટ મ્યુનિસિપલ કમિશનર હતા. શ્રી એસ. કે પાટિલ એમના વિશે લખે છે કે ભટ્ટ સાહેબ દક્ષ વહીવહટકર્તા હતા જ, પરંતુ એવા ચુસ્ત આદર્શવાદી હતા કે એમના સમયમાં ભ્રષ્ટાચાર વિશે ગુસપુસ પણ થતી નહોતી. શ્રી એસ.કે પાટીલ અને શ્રી એમ.ડી ભટ્ટ સારા મિત્રો હતા એટલે કોઈ પણ કોંગ્રેસ પક્ષને બદનામી વહોરવી પડી નહિ અને મ્યુનિસિપલ કમિશનરને મૂંઝવણમાં મુકાવું પડ્યું નહીં.

સ્વાતંત્ર્ય પછી પ્રારંભમાં કોંગ્રેસ પક્ષ જ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં બહુમતી ધરાવતો પક્ષ રહ્યો અને ઈ.સ. ૧૯૫૨ માં શ્રી પાટિલ લોકસભામાં ચુંટાતા તેઓ દિલ્હી ગયા ત્યાર પછી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોંગ્રેસ પક્ષના વડા અને મ્યુનિસિપલ કમિશનર વચ્ચે પહેલાંના જેવો સ્નેહસંબંધનો સેતુ રહ્યો નહિ. આઈ.સી.એસ. અમલદાર શ્રી પીમ્પુટકર શિસ્તાપાલનના અત્યંત આગ્રહી હતા અને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઉચ્ચ અધિકારીઓથી માંડી તે ચોથા વર્ગના કર્મચારીઓમાં સેંકડો ‘લેટ લતિફો’ હતા શ્રી પીમ્પુટકર ઓફિસનો સમય થતાં પોતે હાજર રહીને દરવાજા બંધ કરાવતા એટલે લેટ લતિફોની ઊંઘ ઊડી ગઈ હતી. કોર્પોરેટરો એટલો અહં ધરાવતા હતા કે ગમે ત્યારે મ્યુનિસિપલ કમિશનરની ઓફિસમાં દાખલ થઈ પોતાનું અંગત કામ કરાવવાની વાતને પોતાનો અધિકાર સમજતા હતા. શ્રી પીમ્પુકટર આવા (જુઓ પાનું ૬) ▸▸

henry.shastri@bombaysamachar.com

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી

# નદી કિનારાનાં રૂખડાં, વણસિંચ્યાં સિંચાય, એક દહાડો ન સિંચાય તો જડમૂળ થઈ જાય!

કવિતા, કાવ્ય, પદ્ય સાહિત્યનો વિશિષ્ટ પ્રકાર છે. સર્વ ભાષાના સાહિત્યમાં તેનો વિકાસ ગદ્ય કરતાં વહેલો થયો હોવાનું માનવામાં આવે છે. સંસ્કૃતમાં કુમારસંભવ, રઘુવંશ, કિરાતાર્જુનીયમ, શિશુપાલવધ અને નૈષધ એ પાંચ મહાકાવ્ય ગણાય છે. શબ્દપ્રધાન, અર્થપ્રધાન અને ધ્વનિપ્રધાન એમ કાવ્ય ત્રણ પ્રકારનાં છે. વિદ્વત્તાભરી આ ઓળખાણ પછી આપણે દીવાન - એ - ખાસ છોડી દીવાન - એ - આમ તરફ આવીએ અને સામાન્ય માનવીની સામાન્ય ભાષાની પણ અર્થમાં હિમાલય જેવી ઊંચાઈ ધરાવતી રચનાઓ પર એક નજર નાખીએ. કવિતાની બે ચાર પંક્તિઓ ક્યારેક ઉખાણા રૂપે આવે છે તો ક્યારેક બહુ મોટો બોધ આપી જીવન દર્શન કરાવી જાય છે. અસલના વખતમાં અમુક મંગળ પ્રસંગ વખતે કવિતાની બે કડીમાં ઉખાણું પૂછવામાં આવતું હતું. ક્યારેક જોડકણાં હોય જેમકે ***આટ્યું પાટ્યું ભોંયમાં દાટ્યું, સવારે જોયું તો સોનાનું પાટ્યું:*** આ ઉખાણાનો જવાબ છે સૂરજ. બીજું જોડકણું છે ***રાતા રાતા રતનજી પેટમાં રાખે પાણા, વળી ગામે ગામે થાય ખાય એને રંક ને રાણા:*** આ ઉખાણાનો જવાબ છે બોર. મંગળ પ્રસંગે પૂછવામાં આવતું ઉખાણું જોઈએ જે જોડકણાંથી વિશેષ અને કાવ્ય પ્રકારની નજીક છે: ***નગરમાં નાગી ફરું ને વનમાં પહેરું ચીર, સ્વામી જજો ચૌટડે ને લાવજો મારી નાની નણંદના વીર.*** આનો જવાબ છે સોપારી. સોપારી જ્યારે વૃક્ષ પર હોય ત્યારે એના પર આવરણ હોય. એટલે પંક્તિમાં વનમાં હું પહેરું ચીર જેવી રજૂઆત છે. એ



જ સોપારી ગામ - નગર કે શહેરમાં વેચવા આવે ત્યારે એનું આવરણ દૂર કરવામાં આવ્યું હોવાથી હળવી શૈલીમાં શહેરમાં હું નાગી ફરું એવી રજૂઆત જોવા મળે છે. જીવનની ફિલસૂફી સાવ સરળ શબ્દોમાં પણ કેવી સરસ રીતે વ્યક્ત થાય છે કે: ***નદી કિનારાનાં રૂખડાં, વણસિંચ્યાં સિંચાય, એક દહાડો ન સિંચાય તો જડમૂળ થઈ જાય.*** રૂખડાં એટલે રૂખડોનું બહુવચન. રૂખડો એટલે ગોરખ આંબલીનું ઝાડ જેના થડની જાડાઈ બહુ હોય છે અને ઝાડ ખૂબ ઘટાદાર અને મોટું હોય છે. આ વૃક્ષને પાણી બહુ જોઈએ અને એટલે જ કદાચ એ નદીના કિનારા નજીક વધુ જોવા મળે છે. નદીકાંઠાના વૃક્ષને ઊગવા માટે પાણી પીવડાવવાની જરૂર નથી પડતી કારણ કે નદીનું પાણી એને સતત મળતું રહે છે. કેટલાક વૃક્ષ એવા હોય છે જેને એક દિવસ પણ જો પાણી ન મળે તો એ મૂળમાંથી નાશ પામે છે. આ થયું કૃષિ જ્ઞાન. એમાં જીવનનું જ્ઞાન એ છે કે પ્રકૃતિ જરૂરિયાત અનુસાર સગવડ બાંધી આપે છે. ***નાગ, પાઘ ને પારખું, નાડી ને વળી ન્યાય, તરવું, તંતરવું, તસ્કરવું એ આઠે આપકળાય*** પંક્તિઓ પણ સમજવા જેવી છે. સાપ પકડવો, પાઘડી બાંધવી, પગલું પારખવું, નાડી જોવી ને ન્યાય કરવો, તરવું, તંત્ર મંત્ર કરવા ને તસ્કરવું (ચોરી કરવી) એક સમયમાં આપકળા એટલે કે પોતાની મેળે શીખાય એવી કળા તરીકે જાણીતી હતી. જીવનમાં ગમે એવી સુખસાહ્યબી હોય એવી અવસ્થામાં પણ સચેત રહેવું, ગાફેલ ન રહેવું એવી શિખામણ આપતી પંક્તિઓ છે: ***નભરવશ ના રહીએ, મરને કોટિ હોય જર, લખ્યો લેખ લલાટે, ના ફેરવે કબી ઈશ્વર.*** નભરવશ એટલે ગાફેલ કે બેદરકાર. નસીબમાં જે લખ્યું હોય એ મિટાવી નથી શકાતું તેમ છતાં ગમે એટલા ધન-સંપત્તિ પાસે હોય તો પણ બેફિકર રહેવું નહીં.

## ENગ્લિશ વિંGLISH — POLITICS

મોસમ રાજકારણની છે. ૧૮મી લોકસભા માટે ૫૪૩ સંસદસભ્ય ચૂંટવાની પ્રક્રિયાનો પ્રારંભ થઈ ગયો છે. રાજકારણમાં કૃતિ જેટલું જ અને આજની તારીખમાં કદાચ વધુ મહત્ત્વ છે રાજકારણી કેટલા વાચાળ છે એનું. 'બોલે એના બોર વેચાય' એ રાજકારણમાં બંધ બેસતી સૌથી લોકપ્રિય કહેવત છે. ચૂંટણી અને રાજકારણ સંબંધી ભાષા વિશે આજે જાણકારી મેળવીએ. Ballot એટલે ગુપ્ત મતદાન. Ballot Box એટલે મતપેટી અને Ballot Paper એટલે મતપત્ર. જોકે, હવે EVM - Electronic Voting Machine ચલણમાં હોવાથી મતપેટી અને મતપત્ર જુનવાણી થઈ ગયા છે. Politics એટલે રાજકારણ, રાજનીતિ. એવું કામ જેનો સંબંધ દેશના શાસન ચલાવવા સાથે છે. To Play Politics means to use a situation or the relationships between people for your own advantage. કોઈ પરિસ્થિતિમાં કે લોકો સાથેના સંબંધમાં પોતાનો ફાયદો કરી લેવો. મેલી કે ગંદી રમત રમવી એ અર્થ પણ છે. He got promotion by playing politics in the office. કોઈ વ્યક્તિ જ્યારે એમ કહે કે 'હું પોલિટિક્સથી તો દૂર જ રહું છું કે 'મને પોલિટિક્સ ન ફાવે' ત્યારે એમાં ભાવાર્થ રાજકારણ કે રાજનીતિનો નહીં પણ મેલી રમત કે કાવાદાવાનો હોય છે. રાજકીય ચર્ચા દરમિયાન અને વિશેષ તો અભિપ્રાય વ્યક્ત કરવાના હોય એ વાતાવરણમાં Politically Correct રૂઢિપ્રયોગ વપરાતો હોય છે. એવું આચરણ અથવા એવી ભાષાનો પ્રયોગ કરવો જેનાથી કોઈ વ્યક્તિ, જૂથ કે સમુદાયની લાગણીને ઠેસ ન પહોંચે. ટૂંકમાં માઠું ન લાગે. Politically Correct Opinions are normally biased. કોઈને માઠું ન લાગે એ હેતુ સાથે આપવામાં આવેલા અભિપ્રાય મોટેભાગે પક્ષપાતી હોય છે. Political Science is the study of politics and power from domestic, international, and comparative perspectives. પોલિટિકલ સાયન્સ ગુજરાતીમાં રાજનીતિ શાસ્ત્ર તરીકે ઓળખાય છે. સ્થાનિક ને આંતરરાષ્ટ્રીય સ્તરે રાજકારણનો અભ્યાસ રાજનીતિ શાસ્ત્ર કહેવાય છે. રાજકારણમાં દિલચસ્પી હશે અને અંગ્રેજીમાં એને સંબંધિત સમાચાર કે લેખ વાંચ્યા હશે તો Dirty Politics રૂઢિપ્રયોગના પરિચયમાં જરૂર આવ્યા હશો. ગુજરાતીમાં 'ગંદું રાજકારણ' પ્રયોગ જાણીતો છે. અલબત્ત અહીં બાહ્ય સ્વરૂપની ગંદકીની કોઈ વાત નથી. કોઈ વ્યક્તિ, સંસ્થા કે પ્રવૃત્તિ ઉતારી પાડવા કે એની બદનામી કરવા જે પેંતરા રચવામાં આવે એ ડર્ટી પોલિટિક્સ તરીકે ઓળખાય છે.

## સગ્ગી બહિણ — अंगापेक्षा बोंगा फार

કહેવત કથામાં આજે **अंगापेक्षा बोंगा फार** પાછળ રહેલી મજેદાર કથા જાણીએ. મરાઠી શબ્દ અંગનો અર્થ શરીર અને બોંગા એટલે ફાંદ. આ કહેવતનો શબ્દાર્થ શરીર કરતા ફાંદ મોટી એવો થાય છે. બાળ વાર્તાઓમાં આવતા દૂંદાળા શેઠ આવા રહેતા. કહેવત પાછળની કથા કંઈક આવી છે. મીના નામની સાતેક વર્ષની અત્યંત રમતિયાળ છોકરીએ ફિલ્મમાં ગુલાબી રંગની રંગબેરંગી ફૂલોની ભાતવાળી સાડી પહેરેલી એક નાનકડી છોકરી જોઈ. એ એને એટલી ગમી ગઈ કે ઘરે આવીને જીદ પકડી કે પોતે પણ ગુલાબી સાડી પહેરવા માગે છે. માએ એને સમજાવી કે તારા માપની સાડી સહેલાઈથી ન મળે. થોડા દિવસ ખમી જા. અચાનક એક દિવસ મીનાની નજર મમ્મીની ડિઝાઈનવાળી ગુલાબી સાડી પર પડી. તાબડતોબ એ સાડી પહેરવાનું શરૂ કર્યું. મમ્મીને પહેરતા જોઈ હોવાથી પાટલી કેમ પાડવાની એની મીનાને ખબર હતી. જોકે, એક, બે, ત્રણ, ચાર પાટલી પાડ્યા પછી પણ સાડીનો છેડો નહોતો આવી રહ્યો. પછી એ પગમાં ભરાવા લાગી એટલે છાતી પર નાખી. તોય હજી ઘણો હિસ્સો જમીન પર જ હતો. થોડી મહેનત કર્યા પછી આપણી મીના તો થાકી ગઈ અને એનાથી હે ભગવાન એમ જોરથી બોલાઈ ગયું. આ સાંભળીને રસોડામાં કામ કરતી મમ્મી રૂમમાં આવી અને મીનાનો વેશ જોઈને ખડખડાટ હસી પડી. સાડીના ઢગલામાં મીના લપાઈને બેઠી હોય એવું લાગતું હતું. એ જોઈને મમ્મી બોલી ઊઠી કે **अंगापेक्षा बोंगा फार**. મીનાએ શરીરના કદની તુલનામાં ગજા બહારની સાડી પહેરવાનું સાહસ કર્યું.

## રાષ્ટ્રભાષા — गुजराती कहावत हिंदी में

શરીર સારું એનું બધું સારું એ સ્વસ્થ જીવનનું ગુરુ વાક્ય ગણાય છે. છેલ્લાં કેટલાંક વર્ષથી 'હેલ્થ ઇઝ વેલ્થ' (આરોગ્ય જ સાચી સંપત્તિ છે) નામના મંત્ર જાપ શરૂ થઈ ગયા છે, પણ આપણે ત્યાં 'પહેલું સુખ તે જાતે નર્યા' કહેવત સૈકાઓથી પ્રચલિત છે. પ્રથમ સુખ ખરેખર એ જ છે કે તમે જાતે તંદુરસ્ત અને નિરોગી રહો, કારણકે એક સ્વસ્થ તનની અંદર જ એક સ્વસ્થ મન રહી શકે છે. અર્થપૂર્ણ જીવન જીવવું હોય તો તંદુરસ્ત શરીર અનિવાર્ય છે. આ કહેવત હિન્દીમાં **एक तंदुरुस्ती हजार नियामत** સ્વરૂપે નજરે પડે છે. નિયામત એટલે ધનદોલત કે સુખ સાહ્યબી. પંચ બોલે તે પરમેશ્વર કહેવતથી તને પરિચિત હશો. પંચ નીમવું એટલે કોઈ બાબતનો નિર્ણય કરવા માટે પાંચ ડાહ્યા માણસો ચૂંટી કાઢવા. ઘણા માણસોની એક જ જાતની નીકળેલી વાણી સાચી પડે એવો ભાવાર્થ છે. આ કહેવત હિન્દીમાં **खलक की जबान, खुदा का नक्कारा** સ્વરૂપમાં હાજર છે. અહીં શબ્દ દેહ સદંતર જુદો છે, પણ ભાવાર્થ બરાબર જળવાયો છે. ખલક એટલે માણસ માત્ર અને નક્કારા એટલે નગારું. મનુષ્યના બોલ એ જ ઈશ્વરની વાણી એવો એનો ભાવાર્થ છે. આ આખી વાત એક શેરમાં કહેવાય છે: **बजा कहे जिसे आलम उसे बजा समझो, जबान-ए-खल्फ को नक्कारा-ए-खुदा समझो.** દુનિયા જેને ઉચિત - યોગ્ય સમજે, એને ઉચિત માનો એવી પ્રાથમિક રજૂઆત પછી જનતાનો અવાજ એ જ ઈશ્વરની વાણી છે એ વાત કહેવામાં આવી છે. ઈશ્વર ધર્મસ્થાનમાં નહીં પણ મનુષ્યના હૃદયમાં બિરાજમાન છે એ ભાવના વ્યક્ત કરવામાં આવી છે.

praful.shah@bombaysamachar.com

વિશ્વના યુદ્ધવીર

પ્રફુલ શાહ

# દુર્ગાદાસના ખાત્માનું બીડું ઝડપ્યું અન્ય એક મોગલ સેનાપતિએ



(૪૧)

**ઔરંગઝેબના** શાસનમાં એક પસ્તુન સેનાપતિ હતો: સફદરખાન. આની ભાવિ પેઢીએ જૂનાગઢ પર રાજ કર્યું અને એ પરિવારની એક ફરજંદ એટલે બૉલીવૂડ સ્ટાર પરવીન બાબી. તો આ મોગલ સેનાપતિએ બીડું ઝડપ્યું દુર્ગાદાસને પકડવાનું કે ખતમ કરવાનું.

માત્ર જોશ બતાવવાને બદલે સફદરખાન બાબીએ લાંબુ વિચારીને એક કાવતરું ઘડી કાઢયું. આના ભાગરૂપે દુર્ગાદાસને શાહજાદા આઝમે મળવા આવવા માટે પાટણથી બોલાવ્યા. તૈયારી એ એટલી જડબેસલાખ કરાઇ કે દુર્ગાદાસ બચી જ ન શકે. દુર્ગાદાસ શાહજાદાને મળવા આવે એ જ સમયે લશ્કરને જાણે શિકાર માટે નીકળવાનું હોય એવા ઓઠા હેઠળ એકદમ તૈયાર ખડે પગે રખાયું. ફરક એટલો જ કે શિકાર કોઇ જંગલી પ્રાણીનો નહીં માનવ-સિંહ દુર્ગાદાસનો કરવાનો હતો. આટલું જ નહીં, શાહજાદા આઝમના દરબારમાંય સેનાપતિ સફદરખાન બાબી સહિતના એકે એક મનસબદાર શસ્ત્ર અને ખુન્નસ સાથે રાહ જોઇ રહ્યા હતા. મોગલ છાવણીમાં દુર્ગાદાસ રાઠોડના જીવનની અંતિમ પળોની ઊંધી ગણતરી શરૂ થઇ ચૂકી હતી. પ્રતિક્ષા હતી માત્ર સમયની: ટીક, ટીક, ટીક...

આ બધાથી સંપૂર્ણપણે અજાણ દુર્ગાદાસે પાટણથી ચાલીને સાબરમતી નજીકના બરેજ પાસે રોકાણ કર્યું. આગલે દિવસે એકાદશીનું વ્રત રાખ્યું હતું. એટલે તેમણે નક્કી કર્યું કે પહેલા સ્નાન અને પછી ભોજન આટોપીને આરામથી શાહજાદા આઝમને મળવા જવું.

દુર્ગાદાસના આગમનમાં વિલંબ થવાથી આઝમ ઘડી ઘડી દુર્ગાદાસને બોલાવવા દૂત મોકલવા માંડયો. આની સાથે જ લશ્કરની સજજતા અને શિકારની તૈયારીના વાવડ પણ મળ્યા. બન્નેની બેઠક કયાં સુધી ચાલે એ નક્કી ન કહેવાય તો પછી શિકાર માટે આટલી બધી ઉતાવળ અને તૈયારી પાછળનો તર્ક શું? અને લશ્કર કેમ એકદમ ખડેપગે છે? યુદ્ધ કે આક્રમણના કોઇ અણસાર તો વર્તાતા નથી.

જમાનાના ખાધેલા દુર્ગાદાસને દાળમાં કંઇક કાળું લાગ્યું. લાંબી વિચારણા વચ્ચે અમદાવાદના દીવાન અફઝલ ખાને વાયા વાયા મોકલાવેલો સંદેશો પણ મળી ગયો કે સાબદા રહેજો, શાહજાદા આઝમ સાથેની મુલાકાતમાં આપની સાથે ધોખો, વિશ્વાસઘાત થવાનો છે. હવે ઝાઝુ વિચાર્યા વગર દુર્ગાદાસ રાઠોડ તાબડતોબ પાટણ જવા નીકળી પડયા.

આ તરફ દુર્ગાદાસ પાછા જતા રહ્યા હોવાની માહિતી મળતા જ શાહજાદો આઝમ એકદમ રોષે ભરાઇ ગયો. તેણે સેનાપતિ સફદરખાન બાબીને મોટા રસાલા અને શસ્ત્રો સાથે પીછો કરવા મોકલી દીધો.

દુર્ગાદાસ રાઠોડ પોતાના કાફલા સાથે પાટણ તરફ જઇ રહ્યાં હતા, ત્યારે મોગલો પાછળ-પાછળ પગેરું દબાવીને આવતા હતા. આની જાણકારી મળી એટલે દુર્ગાદાસની છાવણીમાં વિચાર-વિમર્શ શરૂ થયા. દુર્ગાદાસ રાઠોડ તો શાહજાદા આઝમના આમંત્રણને માન આપીને માત્ર મળવા આવ્યા હતા. એટલે સૈનિકો શસ્ત્ર ખૂબ ઓછાં હતાં. એની સરખામણીમાં મોગલો તો ટાર્ગેટ નક્કી કરીને બેઠા હતા અને અત્યારે એનો પીછો કરી રહ્યાં હતા, હવે કરવું શું? (ક્રમશ)

feedback@bombaysamachar.com

શરદ જોશી સ્પીકિંગ

ભાવાનુવાદ: સંજય છેલ

# નાચ મેરી બુલબુલ કી પૈસા મિલેગા !

**મદારી** મહોલ્લામાં આવે છે અને વાંદરીને નચાવીને ખેલ દેખાડે છે. વાંદરીનું નામ 'બુલબુલ' છે. વાંદરીને નચાવ્યા પછી મદારી એની વાંદરીને

હંમેશની જેમ એક જ શાશ્વત સવાલ પૂછે છે: 'અરી ઓ બુલબુલ, તું નાચે છે શેના માટે?'

જવાબમાં વાંદરી હસીને એનાં દૂબળાં પેટ પર હાથ ફેરવીને ગુલાંટ

મારે છે!

વાંદરીનાં ઇશારાનો અનુવાદ કરતા મદારી કહે છે: 'દેખા ? બુલબુલ પાપી પેટ માટે નાચે છે.'

મોહલ્લાના લોકો મદારીના વાડકામાં પૈસા નાખે છે. અહીંયા જ આપણી સંસ્કૃતિ અર્થશાસ્ત્ર સાથે જોડાયેલી દેખાય છે.

મોહલ્લાના લોકો ભૂલી જાય છે કે ભૂખ, ગરીબી, બેરોજગારી વાંદરાના નૃત્યને જીવતું રાખે છે.

કોઈ મોડેલ મોડેલિંગ કેમ કરે છે? તો જવાબ એ જ છે, જે બુલબુલ વાંદરીએ મહોલ્લામાં ડાંસ કરીને આપ્યો હતો. નૃત્યાંગના, અભિનેતા, ગાયક-ગાયિકા, સંગીતકાર, મૂર્તિકાર વગેરે બધાં તરફથી બુલબુલ વાંદરી જવાબ આપી જ ચૂકી છે: 'પેટ માટે.'

પ્રાચીન મૂર્તિઓ જુઓ, જ્યાં ને ત્યાં શરીર ઢાંકવા માટે કપડાંની કમી જોઇ શકો છો, પણ એ મૂર્તિઓ ખાધે-પીધે સ્વસ્થ ને સુંદર લાગે છે. એમને જોઈને એવો ભ્રમ થાય છે કે પ્રાચીન સમયમાં ભારતીયો બહુ સ્વસ્થ અને સુખી રહ્યા હશે. એમના ખભા એટલા દુબળા નહીં હોય જેવા આજ કાલ મોટે ભાગના ભારતીયોના હોય છે. એ મૂર્તિઓને જોઈને જ લાગે છે કે ભારતમાં મોડેલિંગનો ધંધો પ્રાચીનકાળથી જ છે. એ સમયે પણ હિરોઈન જેવી સુંદર અને સેક્સી છોકરીઓ હશે, જે એક તગડી ફી લઈને મૂર્તિકારો માટે મોડેલિંગ કરતી હશે. એ વખતે ટી.વી., ફિલ્મો વગેરે નહોતાં ત્યારે પાતળાં પેટ અને નબળા હાથ-પગવાળી પ્રજાનું મનોરંજન આવી મૂર્તિઓથી જ થતું હશે. જ્યારે લોકો રાતે જમીન પર સૂતા ને પેટમાં ખાવાનું નહોતું પણ એમની આંખોમાં સપનાઓની કમી નહોતી. એ મોડેલો, એ મૂર્તિઓ, એ જમાનાની કરિના- કેટરિના-દીપિકા હતી, જે ત્યારના લોકોનાં સપનામાં આવતી એટલે કે આ પ્રકારની સંસ્કૃતિએ હંમેશાં એક સુંદર આવરણનું કામ કર્યું હતું.

મંદિરો અને મહેલોની બહાર આકર્ષિત મૂર્તિઓ બનાવવાવાળા જૂના ચંદેલ શાસકો પાસેથી આજે ઉત્સવોથી લઈને ભારત મહોત્સવનું આયોજન કરવાવાળાઓ સુધી આ જ નીતિઓ રહી છે. જ્યાં હજારો લોકો, ભોપાલ ગેસ દુર્ઘટનામાં મૃત્યુ પામ્યા હોય અને આજે પણ હજારો લોકો ટી.બી. જેવા રોગથી કે કુપોષણથી પીડાઇ રહ્યા હોય ત્યાં સરકારી રંગારંગ સમારોહ તો કરવો જ છે, કારણ કે ગરીબ



ભૂખ્યા લોકો કે દર્દીઓ જ્યારે ઊંઘે ત્યારે ત્યારે એમની આંખોમાં સરકારી સંસ્કૃતિના દિવાસ્વપ્નો હોવાં જોઇએ.

બીજી બાજુ, અમુક 'એક્ટિવિસ્ટ' એટલે કે સામાજિક ચળવળકારો, અમેરિકામાં જઇને સરકારી મહોત્સવની બદનામી કરવાનાં રોગથી પીડિત છે. એ લોકોનું કહેવું એમ છે કે જો ભારતમાં નગ્ન અને ભૂખ્યા બાળકોની સમસ્યા હોય કે પછી ઇથોપિયામાં લોકો ભૂખ્યા તરફડતા હોય તો એ બધું દેશ માટે શોભાસ્પદ નથી, પણ એ તમામ એક્ટિવિસ્ટ જાણતા નથી કે આ દેશ પાસે વેચવા માટે ખજૂરાહોની મૂર્તિઓ, આદિવાસી નૃત્યો છે અને ખરીદવા માટે વિદેશી ટેક્નોલોજી છે. આમાં ભૂખ અને ગરીબીની વાતો, સત્તાની દૃષ્ટિએ બેમતલબનો બકવાસ છે.

સરકારો કંઇ 'એક્ટિવિસ્ટ' નથી હોતી, જે ૨૪ કલાક, ખાલી બીમાર અને ભૂખ્યાં બાળકોની જ સંભાળ લીધે રાખે. સરકાર એવા લોકોના ટેકા પર ચાલે જે ટેસથી જીવે છે અને જીવનનો આનંદ લે છે. સરકારે નૃત્યાંગનાઓનું પણ ધ્યાન રાખવાનું હોય છે. બુલબુલ વાંદરીને પૈસા આપતી વખતે આપણે કોઇ રેલ અકસ્માત, કોઇ પૂર-દુકાળ કે દેશની ઘેર- ઘરે ફેલાયેલી ગરીબી ભૂલી જ જઈએ છે. ત્યારે આપણને પણ બસ, બુલબુલ વાંદરીનો ડાંસ જ જોવો છેને?

તો એ જ રીતે દુનિયા પણ ભારતની કળા જોવા માગે છે ગરીબી નહીં ! ■

feedback@bombaysamachar.com

આકાશ મારી પાંખમાં

કલ્પના દવે

# એન.આર.આઈ. નિમુબેન પટેલ

**મુંબઈના** પશ્ચિમપરાં મલાડમાં રહેતાં ૭૪ વર્ષનાં નિમુબેન પટેલ મૂળ ભારતીય હોવા છતાં ય હવે એન.આર.આઈ. છે. સત્યનિષ્ઠ અને આધ્યાત્મિક અને વ્યવહારુ નિમુબેને જીવનના સાત દાયકામાં અનેક ચડાવ-ઉતાર જોયા છે. તેજસ્વી પ્રતિભા ધરાવતા પતિ મુકુંદભાઈ સાથે સદા ય હસતેમુખે જીવનના તડકાછાયા વેઠ્યા. આર્થિક સંકડામણમાં પણ પોતાના ત્રણ દીકરાઓને શ્રેષ્ઠ શિક્ષણ આપ્યું. આજે તેમના બે દીકરા ડોક્ટર છે અને એક દીકરો આય.ટી. ક્ષેત્રે યુ.એસ.એમાં સ્થાયી થયા છે.

છેલ્લા અઢી દાયકાથી ન્યુજર્સી (યુ.એસ.એ)માં રહેતાં નિમુબેન એટલે નખશિખ ભારતીય નારી. એક પ્રેમાળ પત્ની, માતા અને હાડોહાડ ધર્મપરાયણ ન્નારી. પશ્ચિમી સંસ્કૃતિ વચ્ચે પણ ભારતીયતાને શ્વસતા આપણાં નિમુબેન કુટુંબવત્સલ અને સામાજિક વ્યવહારમાં પાવરધા કહી શકાય.


જીવનના દરેક રંગમાં અનુકૂળ થઈને રહેતાં નિમુબેન વિચક્ષણ બુદ્ધિપ્રતિભા ધરાવે છે. સમયને પારખીને ત્વરિત નિર્ણય લેનારાં નિમુબેનને જીવન પ્રત્યે કોઇ ફરિયાદ નથી. કૌટુંબિક એકતાની ભાવનાથી પ્રેરાઈને જ મુંકુંદભાઈએ બે દાયકા પહેલાં કંપનીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી અને યુ.એસ.માં રહેવા ગયા.

મુકુંદભાઈ તેમના મિત્રની મોટેલમાં મદદરૂપ થતા અને સિનિયર સિટિઝન ગ્રુપમાં કલ્ચર કાર્યક્રમનું આયોજન કરતા. નિમુબેન દીકરાઓ, પુત્રવધૂઓ તથા પૌત્ર-પૌત્રીઓ સાથે આનંદ માણતાં હતાં.

વિવિધ ઉત્સવ અને પૂજાપાઠ કરીને બાળકોને ધર્મ તરફ વાળતાં. નિમુબેન મુંકુંદભાઈ સાથે સામાજિક પ્રવૃત્તિઓમાં પણ સહભાગી થતાં.

વિદેશમાં અનુકૂળ થવા ઈંગ્લિશ સ્પીકિંગના કલાસ કર્યા, કોમ્પ્યુટરની ટ્રેનિંગ લીધી.

૨૦૧૬માં નડિયાદમાં પોતાના ભાઈ-ભાભીને ઘરે રોકાયાં હતાં અને ચારધામ યાત્રા



કરી. મુંબઈના ઘરે આવ્યાં ત્યારે એમનું શ્રીનાથભુવન રિડેવલપમાં જવાનું છે એ નક્કી થયું હોવાથી તેના જરૂરી દસ્તાવેજો તૈયાર કર્યા. વ્યવહારુ નિમુબેન અને મુકુંદભાઈએ દીર્ઘદ્રષ્ટિ વાપરતાં એન.આર.આઈ. ત્રણે દીકરાના નામ પણ જોડ્યા અને બધા ડોક્યુમેન્ટ્સની કોપી ત્રણે સંતાનોને પણ ઈમેલ કરી જેથી ભવિષ્યમાં તેમને કોઈ તકલીફ ન થાય.

જૈફ ઉંમરે હવે મુકુંદભાઈને મુંબઈના ઘરમાં રહેવાની તીવ્ર ઈચ્છા થતી હતી. હવે રિડેવલેપમેન્ટનું કામ પૂરું થઈ ગયું છે. જૂના પાડોશી સુભાષ જોષીનો ઈમેલ આવ્યો કે મુકુંદભાઈ, હવે આપણા શ્રીનાથભુવનનું ઓ.સી આવી ગયું છે. અમે પઝેશન લઈ લીધું છે. સૂર્યા બિલ્ડરે બહુ સરસ કામ કર્યું છે. સુભાષે પોતાના ફલેટના ફોટા મોકલ્યા હતા.

મુકુંદભાઈના આનંદનો કોઈ પાર ન હતો. એમણે નિમુનો હાથ પોતાના હાથમાં લેતા કહ્યું:- નિમુ, આપણું મુંબઈનું ઘર થઈ ગયું છે. અહીં છોકરાઓ સાથે ખૂબ સારું છે, પણ ચાલને આપણે ફરી પાછાં મુંબઈ જઈએ. ત્યાં શાંતિથી રહીશું, તને ગમશે ને?

હા, મને કેમ ન ગમે ? એ માળો તો આપણે આપણા હાથે બનાવ્યો છે. આપણે મુંબઈના ઘરે જ રહીશું. અહીં બધું જ છે, પણ જ્યાં આપણો ઘરસંસાર મંડાયો, એ ઘર, એ ભૂમિ એનો લગાવ અલગ જ છે. અને ડ્યુલ સિટીઝનશિપનો ફાયદો તો છે. નિમુબેને કહ્યું.

મારું આ પતંજલિ ધ્યાનયોગની શિબિરનું કામ પૂરું થશે, પછી જઈશું. મુકુંદભાઈએ પ્રસન્ન ચહેરે કહ્યું.

મુકુંદભાઈએ તેમના ગ્રુપ સાથે ઓક્ટોબર મહિનામાં ૧૦ દિવસના સતત ત્રણ વાર યોગ શિબિરના કેમ્પ કર્યા.

પતંજલિ યોગના અભ્યાસ કરતાં કરતાં મુકુંદભાઈ ભ્રમરાંધ્રની ચિત્તઅવસ્થામાં ચાલી જતા. એમના ધ્યાનખંડમાં આઠ-દસ કલાક બેસી રહેતા. હવે કયારેક ખોરાક પણ ત્યજી દેતા. ડોક્ટર દીકરાઓ ખડે પગે પિતા સાથે હતા. ૭૯ વર્ષની જૈફ ઉંમરે પણ એમનું મુખ તપસાધનાથી ઝળહળતું હતું. મુકુંદભાઈ આ દુનિયાથી કોઈ અલગ ચિત્તઅવસ્થામાં પહોંચી જતા, એ કોઈને ઓળખતા નહીં .

પણ ગુરુવારે રાત્રે એક વાગે નાના દીકરાના હાથ ઝાલીને નિમુ તરફ જોતાં ત્રુટક સ્વરે બોલ્યા- રાધે રાધે... જય શ્રીરામ બોલતાં એમણે પ્રાણ છોડ્યા.

નિમુબેને જીવનમાં પહેલું હૈયાફાટ રુદન કર્યું. એમના મનમાં એ જ શબ્દો પડઘાતા હતા, નિમુ, આપણે હવે મુંબઈ જ રહીશું.

આજ્ઞાશીલ દીકરાઓ સાથે નિમુબેન હિંમત રાખીને જીવનના ખાલીપાને સહન કરી રહ્યાં હતાં. છ મહિના થયા હશે ત્યારે મોટા દીકરા દીપેશે કહ્યું:- મમ્મી, મુંબઈના બિલ્ડરનો ઈમેલ છે, પઝેશનના પ્રોસિજર કંપ્લિટ કરવા બોલાવે છે. આપણે જવું જોઈએ. બધા પેપર્સ પર તારે સહી કરવાની, ટ્રાન્ઝેકશન પૂરા કરવાના. શું જવાબ લખું?

હા,બેટા આ તો તારા પપ્પાનું ડ્રીમ હાઉસ છે. હું એને સરસ સજાવીશ. જો કે આજે તારા પપ્પા હોત તો કેટલા ખુશ થાત. આંખમાં આવેલા આંસુને લૂછતા નિમુબેને કહ્યું:- હું મુંબઈ જઈશ. પઝેશન માટે બધું કામ

હું કરીશ. અને સોનિયાના પપ્પા વેવાઇજી છે. ઉપર બીજે માળે સુભાષ છે. પછી કોઈ ચિંતા કરતો નહીં. યસ, યુ આર માય બ્રેવ

(જુઓ પાનું ૬) ▶▶

sanjay.chhel@bombaysamachar.com

મિજાજ મસ્તી

સંજય છેલ

# હાય રે વર્દી : સત્તાની ગર્મી



**ટાઇટલ્સઃ ડંડા સામે કોઇ ફંડા ન ચાલે. (છેલવાણી)**

એક બાળકે પપ્પાને પૂછ્યું,'પોલીસ હંમેશાં ઘટનાસ્થળે ગુનો થયા પછી જ કેમ આવે છે?'

'કપડાં બદલીને આવતા વાર તો લાગે ને?' પપ્પાએ કહ્યું.

પાકિસ્તાનમાં જ્યારે લશ્કરી શાસન નહોતું ત્યારે પોલીસવાળાઓ પર આવા જોક બનતા. જો કે આપણે ત્યાં પોલીસની હાલત નિરાળી છે. જેમ કે- હમણાં પાંચ પોલીસવાળાઓ આગ્રા-મુંબઈ હાઈ-વે પર ઢાબા પર જમ્યા પછી 'રાયતું' મંગાવ્યું પણ એને પીરસતા થોડું મોડું થયું એટલે એ પાંચેય પોલીસવાળાઓ, જે નશાની હાલતમાં હતા, એમણે ઢાબાવાળાંના વેઈટરની સાથે ગાળા-ગાળી કરી ને મારવાનું શરૂ કર્યું. ત્યાં બીજા લોકોએ, ઢાબાના માલિક અને કર્મચારીઓનો બચાવ કર્યો તો પોલીસવાળાઓએ એમને પણ માર માર્યો. ટૂંકમાં, હિંદીમાં 'છોટી-સી બાત કા રાયતા ફૈલ ગયા'-કહેવાય છે, એમ અહીં તો ખરેખર એક રાયતાની ડિશને લીધે પોલીસનો રાયતો ફેલાઇને ફજેતો થઇ ગયો!

૨૫-૩૦ વર્ષ પહેલાં મોડી રાત્રે મુંબઈની પાંઉભાજીની લારીવાળાએ પોલીસને ગરમ પાંઉ આપવામાં મોડું કર્યું એટલે પોલીસવાળાએ, સર્વિસ રિવોલ્વરથી પાંઉભાજીવાળાને પતાવી દીધો. ખાલી એક ગરમ પાંઉ માટે હત્યા થઈ હોય એવી આ જગતની પહેલી ઘટના હશે. જો કે, ગરમ મિજાજવાળા પોલીસ, ગરમ પાંઉ માટે હત્યા ના કરે તો શું ઠંડી આઈસક્રીમ માટે કરે?

૧૯૯૦ના દાયકામાં, મુંબઈના ગુજરાતી છાપામાં એક હેડલાઈન હતીઃ પોલીસની ઇમાનદારી!' કોઇ પોલીસવાળાને પાકીટ મળેલું , જેમાં ૧૦,૦૦૦ રૂ. હતા. પોલીસવાળાએ જેનું પાકીટ હતું એને બોલાવીને પૈસા ને પર્સ પાછા આપ્યા. ત્યારે સમાજમાં સવાલ ઉઠેલો કે 'પોલીસની ઇમાનદારી' જેવી હેડલાઇન શું કામ? સમાજમાં જો પોલીસવાળો જ ઇમાનદાર નહીં હોય તો બીજું કોણ હશે?

**ઇંટરવલઃ**

**હાય યે ક્યા કર બૈઠા ઘોટાલા,**
**યે તો હૈ થાનેદાર કા સાલા.**
**(શૈલેન્દ્ર)**

૧૯૯૪માં 'નુક્કડ-૨' ટીવી. સિરિયલમાં અમારી સાથે એક સિનિયર લેખક હતા, ઈનાયત અખ્તર. બહુ ભલા માણસ , પણ એમના વિચારો સામ્યવાદી હતા. જ્યારે ઇંડો-ચાઈના વોર થઈ હતી ત્યારે મુંબઈ પોલીસને સામ્યવાદીઓ પર નજર રાખવા માટે ખાસ સૂચના અપાયેલી એટલે ઈનાયત અખ્તર પર પણ નજર રાખવાનું ફરમાન આવ્યું. ઈનાયતજી બિચારા લેખક એટલે સવારે પ્રકાશક પાસે જાય, કોઈ મુશાયરામાં જાય કે કોઈ શાયર મિત્રને મળે ને મોડી રાત્રે ઘરે આવે. પોલીસવાળાઓ ઇનાયતજીની પાછળ પાછળ, એ ચા પીવા જાય ત્યાં, ફૂટપાથ પર ચણા ખાય ત્યાં બધે ૩-૪ દિવસ સતત પીછો કર્યો.

આખરે, ઈનાયતજીને ખબર પડી ગઈ કે ૩-૪ લોકો એમનો પીછો કરે છે. ઈનાયતજી રહ્યા લેખક એટલે એમને થયું કે હવે આની મજા લઈએ. હવે તો એ રોજ જુદા જુદા રસ્તે ઘરે જાય, અલગ અલગ દિશામાં ફરવા જાય, ક્યારેક જુહુ દરિયા કિનારે તો ક્યારેક 'ગેટ વે ઓફ ઇન્ડિયા' પર પહોંચી જાય. એમણે ૭ દિવસ પોલીસવાળાઓને ફેરવી ફેરવીને થકવી નાખ્યા. પછી તેમણે પોલીસવાળાઓને કહ્યું, 'જુઓ ભાઈ, હું સામાન્ય ગરીબ લેખક છું. ચાઇના તો શું ચંદીગઢ પણ ગયો નથી કે નથી મારા ઘરે ફોન તો મારી પાછળ પડી તમારો સમય ને તાકાત વેડફો નહીં.' જ્યારે એક લેખકની પાછળ પોલીસ પડે છે ત્યારે લેખક, પોલીસથી બે ડગલાં આગળ હોય છે.

પોતાના દમદાર ડાયલોગ માટે પ્રખ્યાત એવા સ્ટાઇલિસ્ટ એક્ટર રાજ કુમાર, અભિનેતા બનતા પહેલાં, મુંબઇના માહિમ પોલીસ સ્ટેશનમાં ઇન્સ્પેક્ટર હતા. એક દિવસ એમણે ગુસ્સામાં કોઇ ગુનેગારને થપ્પડ મારી અને એ નીચે પડી ગયો ને મરી ગયો! રાજકુમારનો પેલાને મારી નાખવાનો કોઇ ઈરાદો નહોતો પણ પછી એમને જેલ થઈ. 'મધર ઇંડિયા' જેવી મહાન ફિલ્મનાં નિર્દેશક મેહબૂબ ખાન, રાજકુમારને જેલમાંથી ૧-૨ દિવસ શૂટિંગ માટે જેમતેમ લઈ આવતા. પછી તો રાજકુમાર કેસમાંથી છૂટી ગયા અને પછી 'ઈતિહાસ' કે 'પોલીસ ઔર મુજરિમ' જેવી અનેક ફિલ્મોમાં ઇન્સ્પેક્ટ તરીકે કામ પણ કર્યું. આ પણ એક વિધિની વક્રતા છેને?

મરાઠી વાર્તાકાર દ.ન.પનવલકરે 'સૂર્ય' નામની માત્ર બે જ પાનાંની વાર્તા લખી હતી એના પરથી નિર્દેશક ગોવિંદ નિહલાની અને લેખક વિજય તેંડુલકરે અદ્‌ભુત સ્ક્રિપ્ટ લખી 'અર્ધસત્ય'. જે અત્યાર સુધી ભારતમાં પોલીસ સિસ્ટમ પર બનેલી શ્રેષ્ઠ ફિલ્મ છે. ત્યારે સુપર-સ્ટાર અમિતાભને શૂટિંગ દરમ્યાન પેટમાં ગંભીર ચોટ લાગેલી એ બહુ ચર્ચિત ફિલ્મ 'કૂલી'ની સામે અભિનેતા ઓમ પુરીની 'અર્ધસત્ય' નામની નાની ફિલ્મ રિલિઝ થયેલી તો પણ એ ફિલ્મે, મોટાં શહેરોમાં 'કૂલી' જેટલો જ બિઝનેસ કરેલો! એકપણ ગીત કે રોમાન્સ વિનાની જલદ ફિલ્મ 'અર્ધસત્ય' લોકોને ખૂબ ગમેલી કારણ કે એમાં પોલીસના અંતરમનની દ્વિધા અને સિસ્ટમમાં પોલીસવાળાઓ પણ કઇ રીતે રીબાતા હોય છે એની પહેલીવાર હિંદી સિનેમામાં વાર્તા આવેલી, જેમાં મરાઠી કવિ દિલીપ ચિત્રેની અદ્‌ભુત કવિતા હતીઃ

ચક્રવ્યૂહ મેં ઘુસને સે પહેલે/
કૌન થા મૈં ઔર કૈસા થા,
યે મુઝે યાદ હી ન રહેગા/
ચક્રવ્યૂહ મેં ઘુસને કે બાદ,
મેરે ઔર ચક્રવ્યૂહ કે બીચ/સિર્ફ
જાનલેવા નિકટતા થી,
ઇસકા મુઝે પતા હી ન ચલેગા/
ચક્રવ્યૂહ સે બાહર નિકલને પર,
મૈં મુક્ત હો જાઉં ભલે હી/ફિર
ભી ચક્રવ્યૂહ કી રચના મેં ફર્ક હી
ન પડેગા/મરું યા મારું/મારા જાઉં
યા જાન સે માર દૂં/ઈસકા ફૈસલા
કભી ના હો પાયેગા/સોયા હુઆ
આદમી જબ નીંદ સે ઉઠકર ચલના
શુરુ કરતા હૈ/તબ સપનોં કા સંસાર
ઉસે દુબારા દિખ હી ન પાયેગા.
ઉસ રોશની મેં, જો નિર્ણય કી
રોશની હૈ/સબકુછ સમાન
હોગા ક્યા?/એક પલડે મેં
નપૂંસકતા..
દૂસરે પલડે મેં પૌરુષ,ઔર ઠીક
તરાઝૂ કે કાંટે પર.. અર્ધસત્ય?

**એંડ-ટાઇટલ્સઃ**

**આદમઃ તું મારા પર ચોકી કરે છે?**

**ઈવઃ ના, નજર રાખું છું.**

# રંગભૂમિના નવા અધ્યાય માટે સજજ થઇ

સ્પોટ લાઈટ

મહેશ્વરી

દેશી નાટક સમાજ. કલા રસિક ગુજરાતી પ્રજાના હૃદય પર વર્ષો સુધી રાજ કરનારી આ નાટક કંપનીના જન્મ પાછળની ઘટના પણ નાટ્યપૂર્ણ છે. કેશવલાલ શિવરામ 'પાટણકર' નામના એક અધ્યાપક હતા જે ૧૮૯૦ની આસપાસ જૈન શાળામાં અધ્યાપન કરતા હતા. શ્રી કેશવલાલે સુમતિ વિલાસ અને લીલાવતી નામના દંપતીની સુખ - વિલાસ ભોગવી સંયમ પથ સુધી પહોંચેલી જીવનગાથાને નાટ્ય સ્વરૂપ આપ્યું જે 'સંગીત લીલાવતી' નામથી ભજવાયું હતું. ૧૮૯૦ની આસપાસ ભજવાયેલું આ નાટક પાંચ અંકમાં પથરાયેલું હતું જેમાં ૧૯ પાત્ર હતાં અને એમાં ગીતો ઉપરાંત ચોપાઈ અને સોરઠા પણ ગૂંથી લેવામાં આવ્યા હતા. નાટકના અંતે 'અણહિલપુર પાટણનો વતની, રાજનગર રહું હાલ, જૈનશાળામાં જૈન અધ્યાપક, શિવસુત કેશવલાલ' એવી સ્પષ્ટતા છે. એના પરથી શ્રી કેશવલાલ શિવરામ પાટણના રહેવાસી હોવાથી તેમના નામ સાથે 'પાટણકર' જોડાઈ ગયું હોવું જોઈએ એવું લાગે છે. ઝવેરાતનો વ્યવસાય કરતા ડાહ્યાભાઈ ધોળશાજી નામના વેપારીએ આ નાટક જોયું અને તેમને એ એટલું ગમી ગયું કે શ્રી કેશવલાલ સાથે દેશી નાટક સમાજમાં ભાગીદાર બન્યા અને પછી સ્વતંત્ર માલિક બન્યા. હીરા પારખુ હવે કલા પારખુ થયા અને 'નાટક દુનિયાનું દર્પણ રૂડું, ગુણદોષ જોવાનું' ભાવનાને ચરિતાર્થ કરી એક અવિસ્મરણીય યાત્રાના મશાલચી બન્યા. આવી ભવ્ય પરંપરા સાથે જોડાવાનો યોગ મારા નસીબે આવ્યો હોવાથી એક અભિનેત્રી તરીકે મને કેટલો આનંદ થયો હશે એનું વર્ણન કરવા શબ્દો ઓછા પડે. દેશી નાટક સમાજના કાર્યાલય પર હું પહોંચી ત્યારે એક વળાંક પર પહોંચી હોવાનો એહસાસ થયો. રંગદેવતાનું સ્મરણ કરી તેમને મનોમન વંદન કરી ઈન્ટરવ્યૂ આપવા અંદર ગઈ. જઈને જોઉં છું તો માસ્ટર રમણ, ડો. કાશીનાથ માહિમતુરા (કલાકારોની વિનામૂલ્યે તબીબી સારવારમાં મદદરૂપ થતા ડોક્ટર), લાલાભાઈ, મફતલાલ ગ્રુપના માણસો વગેરે ઈન્ટરવ્યૂ લેવા હાજર હતા. 'એક્ટિંગ સાથે ગાઈને બતાવ', મને આદેશ મળ્યો. થોડી નર્વસ હતી, પણ સરસ્વતી દેવીનું સ્મરણ કરી મેં લલકાર્યું 'હેએએએ રોજ સ્નેહની સવાર ને રોજ રઢિયાળી રાત હોય રંગીલી રંગ રાગમાં. હેએએએ મારા સાહ્યબા, હો સાહ્યબા, અંતરની આશાના વ્હાલા વધામણાં, સંસાર સ્નેહીનાં જીવન સોહામણા. હેએએએ ભલે કરીએ તકરાર, ભલે કરીએ પંચાત, તોય રંગીલી રંગ રાગમાં'.પહેલી પરીક્ષા પૂરી થઈ. પાસ કે નાપાસ એ સમજાય પહેલા બીજી પરીક્ષા આવી. 'અમારા નાટકોમાં તો છપ્પા બોલવાના હોય છે. તેં એવા કોઈ નાટક કર્યા છે ખરાં? અમને એકાદ છપ્પો સંભળાવ', મને કહેવામાં આવ્યું. વિવિધ કંપનીઓ સાથે ગુજરાતમાં અલગ અલગ ઠેકાણે જે નાટકોમાં હિરોઈનનાં પાત્રો ભજવ્યાં હતાં એમાં છપ્પા બોલવાના હોય એવાં પાત્રો પણ હતાં. સદભાગ્યે 'પૃથ્વીરાજ ચૌહાણ' નાટકનો છપ્પો મને યાદ હતો. નાટકના દ્રશ્યમાં પૃથ્વીરાજ સિંહાસન પર બેઠો છે અને નૃત્યાંગના તેમની કલા દેખાડી રહી છે. એવામાં પૃથ્વીરાજ પૂછે છે કે 'તમારા વૃંદની પ્રખ્યાત નર્તકી કર્ણાટકી ક્યાં છે?' આ સવાલ પૂરો થતાની સાથે મીઠો રણકાર સંભળાય છે 'આપના દર્શનથી પાવન થવા કર્ણાટકી હાજર છે મહારાજ.' પૃથ્વીરાજ અને કર્ણાટકીની આંખો ચાર થાય છે અને પૃથ્વીરાજના મોંમાંથી શબ્દો સરી પડે છે કે 'તું જ છે પ્રખ્યાત નર્તકી કર્ણાટકી?' તરત કર્ણાટકી કહે છે, 'જી મહારાજ. લોકો કહે જેનું વદન જાણે સુધા કર્ણાટકી, એવી નટી જેના નયન ભ્રૂકુટિ કટિ કર્ણાટકી. સરખાવતાં માધુર્ય વાણી, સાત સાગર ના ટકી, કહેવાય મૂર્તિ અભિનયની તે જ આ... કર્ણાટકી'. એ સમયમાં એક જ નાટક બે - ત્રણ - ચાર કે એથી વધુ વખત જોવા આવનારા દર્શકોની સંખ્યા ખાસ્સી રહેતી. લોકપ્રિય સંવાદો તેમને મોઢે થઈ ગયા હોય અને અભિનેતા બરાબર જાણે કે ક્યાં અટકી જવું અને આ છપ્પો બોલતી વખતે કર્ણાટકી શબ્દ કોરસમાં પ્રેક્ષકો બોલતા અને તાળીઓનો ગડગડાટ થતો. જોકે, મારો ઈન્ટરવ્યૂ લેનારાઓએ મારી છટા પર ઓવારી જઈ કંઈ તાળીઓ ના પાડી પણ મારા અંતરમાં મને તાળીઓ જરૂર સંભળાણી. ટૂંકમાં પરીક્ષાનું પેપર બહુ સારું ગયું હતું. 'અમે તને જાણ કરીશું' એમ મને કહેવામાં આવ્યું. અમે વિસનગર પાછા ફર્યા અને હું મારી દુનિયામાં ગોઠવાઈ ગઈ. સાચું કહું તો ગુજરાતમાં નાટકો કરતી વખતે મને સપનાં તો દેશી નાટક સમાજના જ આવતાં હતાં. એ મારા સપનાને પણ હકીકત બનવાનું મન થયું અને એક દિવસ મુંબઈથી કાગળ આવ્યો કે 'તમે આવી જાવ. તમારી પસંદગી થઈ ગઈ છે.' મારા અંતરમાં પડેલી તાળીઓનો પડઘો પડ્યો. તરત હું ચીમન પેઈન્ટર પાસે ગઈ અને બધી વાત સમજાવી કહ્યું કે મારે હવે નીકળવું પડશે. આમ પણ વરસાદનો સમય નજીક હતો અને નિયમ અનુસાર કંપની પણ બંધ જ થવાની હતી. એટલે અમે રાજી ખુશીથી છૂટા પડ્યા. સિઝનની વચ્ચેથી જતા રહેવાનો પ્રસંગ ન ઊભો થયો એ માટે મેં બે હાથ જોડી ઈશ્વરનો આભાર માની લીધો. વાત છે ૧૯૬૯ની, આજથી ૫૫ વર્ષ પહેલાની જ્યારે શ્રી દેશી નાટક સમાજના તખ્તા પર મેં એન્ટ્રી મારી અને રંગભૂમિના એક નવા અધ્યાય માટે હું સજ્જ થઈ ગઈ. ■




દેશી નાટક સમાજ

## પત્નીના દાગીના વેચી કંપની ઉગારી

ગુજરાતમાં પહેલું પાકું થિયેટર ડાહ્યાભાઈ ઝવેરીએ ૧૮૯૪માં બંધાવ્યું હોવાની નોંધ છે. ડાહ્યાભાઈ કંપની માલિક તો ખરા જ, પણ સાથે સાથે શિક્ષક મટી લેખક સુધ્ધાં થયા હતા. લેખનકાર્યની શરૂઆત તેમણે અનુવાદથી કરી. 'શાકુન્તલ' નાટકના પહેલા ચાર અંકનો અનુવાદ તેમણે કર્યો. નાટક કંપની શરૂ કરી નાટક લખનારા ડાહ્યાભાઈ બીજા શિક્ષક હતા. જે સ્થળે નાટક ભજવાતા હોય ત્યાં જ નટોની સાથે રહી તેમણે નાટકો લખવાનું શરૂ કર્યું. ૧૮૯૩માં આગ લાગતા કંપનીને ખાસ્સું નુકસાન થયું, પણ ટેકીલા એવા કે પત્નીના દાગીના વેચી કંપનીને તારાજીમાંથી ઉગારી લીધી. પુત્રના ઉધામા જોઈ શ્રીમંત પિતાને રીસ ચડી ને તેમણે વારસામાંથી ડાહ્યાભાઇનું નામ રદબાતલ કરી નાખ્યું. ડાહ્યાભાઈ કંઈ ગભરાઈ ન ગયા તેમણે પોતાની મૂળ અટક 'ઝવેરી'નો ત્યાગ કર્યો અને 'દલાલ' અટક ધારણ કરી. બધાં મળીને ૨૪ નાટકો તેમણે લખ્યાં ને ભજવ્યાં. એમના 'અશ્રુમતી' નાટકનું ગીત 'શું નટવર વસંત થૈ થૈ નાચી રહ્યો' અફાટ લોકપ્રિયતાને વરેલું અને ઘણાં વર્ષો સુધી ગુજરાતમાં ઘણાં સ્થળોએ ગરબાના સ્વરૂપમાં સાંભળવા મળતું હતું. ડાહ્યાભાઈએ આ કંપની દ્વારા જ ભજવેલું પોતાનું 'વીણાવેલી' (૧૮૮૯) પણ ખૂબ જ લોકપ્રિય થયું હતું. 'એમાંનો ઉગ્યો સખી સૃષ્ટિનો શણગાર ચાલ ચાલ જોવાને ચંદ્રમા' ગરબો અનેક વર્ષો સુધી લોકપ્રિયતા ટકાવી રાખવામાં સફળ રહ્યો હતો. 'મ્યુનિસિપલ ઈલેક્શન' નામના નાટકમાં તેમણે પાલિકાની ચૂંટણીમાં ચાલતી ગેરરીતિઓ પર કટાક્ષ કર્યો હતો.

*(સંકલિત)*

feedback@bombaysamachar.com

નિસર્ગનો નિનાદ

ધર્મેન્દ્ર ત્રિવેદી

# વાનર કુળના મહાબાહુ - ચિમ્પાન્ઝી






લગભગ પચાસેક વર્ષ પૂર્વે સમજણો થયા બાદ માતા પિતા સાથે પ્રથમવાર ગુજરાતનું મહાનગર અમદાવાદ જોયું. મોટા મોટા રોડ, ધસમસતી દોડતી બસો, ગાડીઓ, સાયકલ રિક્ષાઓ અને ઘોડાગાડીઓનો ટ્રાફિક જોઈને હુ દંગ રહી ગયેલો. હટાણું પતાવીને મેં પહેલી વાર કાંકરિયા લેક, નગીનાવાડી અને પ્રાણી સંગ્રહાલય જોયું. વામન કદના ઘોડાની સવારી કરીને લાગતું જાણે જંગ જીત્યા. અચરજભરી બકરાગાડીની સફરનો રોમાંચ આજે પણ સ્મૃતિપટલ પર એકદમ તાજો છે. સસ્તી લારી પર ભોજન કરીને અમે કાંકરિયામાં પ્રવેશ કરેલો. એન્ટર થતાં જ અનેક પ્રકારના પંખીડાઓ, વાંદરાઓ, સિંહ, વાઘ, દીપડા, શેઢાડી, રીંછ, હિપોપોટેમસ, શાહમૃગ, જળબિલાડીઓ, મોં ફાડીને પથ્થરની મૂર્તિની જેમ બેઠેલા મગર જોઈને મારી મોટી મોટી આંખો કૌતુક અને આચારજથી હતી તેના કરતાં પણ મોટી થઈ ગયેલી. પરંતુ આ સૌ પ્રાણીઓની અજાયબ દુનિયા વચ્ચે એક દૃશ્ય મારા બાળમાનસમાં સજ્જડ ચીટકી ગયું હતું. એક પાંજરામાં અદ્દલ માણસ જેવો દેખાયતો વાંદરો એક શિલાને અઢેલીને બેઠેલો અને એ સિગારેટ ફૂંકતો હતો ! ત્યારે મને જે મજા આવી હતી તે કદાચ કોઈ પ્રાણીને માનવવેડા કરતું જોઈને થાય એવી મજા હશે . . . ત્યારે જાણેલું કે પ્રાણીસંગ્રહાલયમાં રહેલા અનેક પ્રકારના વાનરોમાંનો આ બીડીફુંક વાંદરો આપણો વડવો ચિમ્પાન્ઝી હતો.

આપણે વાનરને આપણા પૂર્વજ કહીએ છીએ તે પ્રાઈમેટની વ્યાખ્યામાં હકીકતમાં એકમાત્ર ચિમ્પાન્ઝી ગણાય છે. આ થીયરી અંગે જાણ્યા બાદ વૃક્ષો પર તોફાન કરતાં વાનરો દેખાય તો ક્યારે એકાદ વાંદરું ઉતરીને માણસ બની જાય એ જોવા કલાકો સુધી એમને જોયા કરતો! આમ જોઈએ તો ચિમ્પાન્ઝી એ માણસ અને વાનરોને જોડતી કડી જેવા ગણ્યા ગાંઠ્યા વાનરોની જાતિમાંનો એક જીવ છે. ઉત્ક્રાંતિવાદના સંશોધકો અને વૈજ્ઞાનિકોના આજ પર્યંત ચાલતા સંશોધનોનું કેન્દ્ર ચિમ્પાન્ઝી રહ્યા છે. એક આડવાત કરું તો, તાજેતરમાં જોયેલું આદિપુરુષ નામની ફિલ્મ જોતાં થોડા ટેકનિકલ મુદ્દાઓ ધ્યાન પર આવેલા.

આ ફિલ્મમાં દેખાડવામાં આવેલી વાનરસેનાના વાંદરાઓ જાતિની દૃષ્ટિએ ગોરિલા અને ચિમ્પાન્ઝી હતાં. હકીકતે ભારતમાં નથી ગોરીલા જોવા મળતા કે નથી ચિમ્પાન્ઝી. ફિલ્મ બનાવતી વખતે આ ટેકનિકાલિટીનું ધ્યાન રખાયું નથી. એવરેજ પ્રેક્ષકને આ વાત ઉડીને આંખે ન વળગે, પરંતુ મારા જેવા પ્રકૃતિપ્રેમી અને ખાણખોદીયા પ્રેક્ષકો માટે આવી ભૂલો ફિલ્મનો મૂડ મારી નાંખે. ચાલો ખોટા વાંદરા દેખાડવા છતાં ફિલ્મ કરોડોનો વેપલો કરી ગઈ હતી. આજે આપણે આપણા પૂર્વજ એવા ચિમ્પાન્ઝી અંગે જાણી-અજાણી વાતો જાણીએ?



ચિમ્પાન્ઝી માત્ર આફ્રિકા ખંડના લગભગ તમામ એકવીસે એકવીસ દેશોમાં જોવા મળે છે. આ તમામ આફ્રિકન દેશોની ભૂગોળ સાવ નોખી અનોખી છે. કેટલાક દેશોમાં અડાબીડ વર્ષાવનો છે, તો કેટલાંક દેશોમાં ઘાસિયા મેદાનો છે, અને કેટલાંક દેશોમાં સામાન્ય જંગલોમાં પણ ચિમ્પાન્ઝી વસે છે. ચિમ્પાન્ઝીની કુલ મળીને ચારેક પેટાજાતિઓ જોવા મળે છે. મોટે ભાગે આ જાતિઓનું વર્ગીકરણ તેઓ આફ્રિકાના કયા પ્રાંતમાં રહે છે તેના પરથી નક્કી થયું છે. પ્રથમ તો પૂર્વ આફ્રિકાના ચિમ્પાન્ઝી, બીજા પશ્ચિમ આફ્રિકાના ચિમ્પાન્ઝી, ત્રીજા છે મધ્ય આફ્રિકાના ચિમ્પાન્ઝી અને અંતે ચોથી જાતિ છે નાઈજીરિયા-કેમરુન ચિમ્પાન્ઝી. વૈજ્ઞાનિકોના અભ્યાસોમાંથી નીકળી આવેલા તરણોમાંના થોડા તારણો એવા છે જે આપણને જાણવા ગમશે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે પ્રાણી-જગતના તમામ પ્રાણીઓમાં ચિમ્પાન્ઝી એવું પ્રાણી છે જેના ડી.એન.એ. માનવ નામના જાનવર સાથે ૯૮% સમાનતા ધરાવે છે. મતલબ કે આપણું અને ચિમ્પાન્ઝીઓનું શારીરિક બંધારણ લગભગ લગભગ એકસમાન છે.

અગાઉ એક એપિસોડમાં આપણે કાગડાની ચતુરાઈ અંગે જાણેલું, તો કાગડાની માફક ચિમ્પાન્ઝી પણ પ્રાણી જગતમાં ચતુર પ્રાણી છે. કહેવાય છે કે ચિમ્પાન્ઝી માનવબાળ જે રીતે ઉછરતી વખતે શીખવાની પ્રક્રિયામાંથી પસાર થઈને ઘડાય છે તે જ રીતે ચિમ્પાન્ઝી પણ અનુભવોના આધારે જ જીવનના પાઠ શીખે છે અને તે જ્ઞાનના આધારે ભવિષ્યમાં પોતાનું વર્તન અને વર્તણૂંકમાં ફેરફારો લાવે છે. દા.ત. ચિમ્પાન્ઝી માછલી પકડવા કે ઊધઈનો શિકાર કરવા માટે વૃક્ષની ડાળીનો ઉપયોગ કરી શકે છે. અખરોટ જેવા ફળોને તોડવા માટે પથ્થરનો ઉપયોગ કરે છે, ઓછા પાણીનો ઉપયોગ કરવા વૃક્ષના પાંદડાનો ઉપયોગ કરવો જેવા ઉદાહરણો તેમની બુદ્ધિશક્તિનો પરિચય આપે છે. તેને કોઈ વસ્તુ કયાં પડી છે તે યાદ રાખી અને તે માહિતીના આધારે આગળના નિર્ણયો લેતા પણ આવડે છે.

શારીરિક બળની વાત કરીએ તો ચિમ્પાન્ઝી માનવ કરતાં દોઢથી બે ગણું બળ ધરાવે છે. તેમની લંબાઈ ત્રણ થી લઈને સાડાચાર ફૂટની હોય છે, અને વજન ચાલીસ થી લઈને અઠ્ઠાવન કિલો જેટલું હોય છે.

ચિમ્પાન્ઝીમાં માદાનું કદ નાનું હોય છે અને નરનું કદ મોટું હોય છે, અને તેઓ પોતાનું મોટાભાગનું જીવન વૃક્ષોની ઘટાઓમાં વિતાવતા હોય છે. કોઈ પ્રાણીનું મોટાભાગનું જીવન જ્યારે વૃક્ષોની ઘટાઓમાં વિતાવવાનું હોવાથી તેમના માટે બળ અને ઝડપ ખૂબ જ મહત્વના હોય છે. આ કારણોસર તેમના શરીરની રચના થોડી અલગ છે. તેમના શરીરનો કમર સુધીનો ભાગ લાંબો હોય છે અને પગ ટૂંકા હોય છે. અને તેમના હાથ મહાભારતના અર્જુનની માફક ઢીંચણથી પણ નીચે સુધી પહોંચે એટલા લાંબા હોય છે. અને અર્જુનનું નામ મહાબાહુ પાડવાનું કારણ એજ હતું કે અર્જુનના હાથ પણ એટલા લાંબા હતી કે તેના ઢીંચણ સુધી પહોંચી જતા હતાં, અને તેથી જ મેં આ આર્ટિકલના શીર્ષકમાં તેમને વાનર જગતના મહાબાહુ તરીકે વર્ણવ્યા છે.

ચિમ્પાન્ઝીની પોતાની અલાયદી સમાજ વ્યવસ્થા હોય છે. તેમના ટોળામાં એકસો જેટલાં સભ્યો હોઈ શકે છે. અન્ય પ્રાણીઓની માફક આ જૂથનો નેતા માત્ર શારીરિક રીતે બળવાન હોય એ જરૂરી નથી હોતું, પરંતુ જૂથનો નેતા અત્યંત બુદ્ધિશાળી હોવો જરૂરી છે. ચિમ્પાન્ઝીના જૂથોમાં પોતાની આગવી પ્રત્યાયન પ્રણાલી હોય છે, જેમાં અલગ અલગ પરિસ્થિતિઓમાં અલગ અલગ પરંતુ ચોક્કસ પ્રકારના અવાજોની મદદથી તેઓ વાતચીત અને સંદેશા પસાર કરે છે. તેઓ પોતાના જૂથને ખૂબ વફાદાર હોય છે. દરેક જૂથનો ચોક્કસ વિસ્તાર બાંધેલો હોય છે, અને એ વિસ્તારમાં ભૂલેચૂકે કે ઈરાદાપૂર્વક આવી ગયેલો અન્ય જૂથનો ચિમ્પાન્ઝી જો પકડાઈ જાય તો તેની જે દશા થાય એ જોઈને તો આપણા પણ રૂંવાડા ખાડા થઈ જાય. પોતાના વિસ્તારના રક્ષણ માટે નર ચિમ્પાન્ઝીઓની ટોળી સતત પેટ્રોલિંગ કરે અને જો કોઈ પકડાયું તો તેને આયોજનબદ્ધ રીતે ઘેરીને તે ઘૂસપેઠીયાના ટુકડે ટુકડા કરીને તેને ખાઈ જાય છે.

હવે વાત કરીએ એક એવી નારીની જેણે ચિમ્પાન્ઝી અંગેના સંશોધનોમાં ક્રાંતિ લાવી દીધેલી. તેનું નામ છે ડો. જેન ગુડઓલ. આ સંશોધકે આફ્રિકામાં ગોમ્બે સ્ટ્રીમ નેશનલ પાર્કમાં ચિમ્પાન્ઝીઓના થોડા જૂથો સાથે એટલી આત્મીયતા કેળવી લીધી હતી કે ચિમ્પાન્ઝીઓ તેને પણ ચિમ્પાન્ઝી જ માનતા. જેને ચિમ્પાન્ઝીઓ અંગે અમુક ગૂઢ બાબતોમાં તેમની સાથે રહીને જે પ્રકાશ પાડ્યો તે ખરેખર ખૂબ ઉપયોગી પુરવાર થયેલો. પરંતુ દુખની વાત એ છે કે જેનનું કાર્ય ચિમ્પાન્ઝીઓ વચ્ચે જ હોવાથી શિકારીઓને તે આંખમાં કણાની જેમ ખૂંચતી હતી, અને તેથી જ ચિમ્પાન્ઝી અને ગોરિલાઓના શિકારીઓએ તેની આફ્રિકાના જંગલોમાં ક્રૂર હત્યા કરેલી. ■

feedback@bombaysamachar.com

## જાતભાતની એસેસરીઝ

વિરલ રાઠોડ

# ક્વોલિટીની કમાલ ને આવરદા સાલો સાલ

### કસ્ટમાઈઝ્ડ ચાર્જરથી લઈને હેડફોન લઈ આવ્યા છે કામમાં મેઘધનુષી વિવિધતા....



મહાનગર હોય કે નગર, મોબાઈલ વિક્રેતાની દુકાને જઈએ તો સૌથી પહેલા તો એને ડિસપ્લેમાં મૂકેલા મોબાઈલ અને તેના કવર પરથી આંખ હટે નહીં. એમાં પણ કેટલાક વિક્રેતાઓ પાસે તો એવું મસ્ત કલેક્શન હોય કે...બસ!

કલર્સ, ક્રિચર્સ, ફિચર્સ, કેરેક્ટર્સની ક્લાસ કહી શકાય એવી વસ્તુ કે મોબાઈલને ચાર ચાંદ લગાવી દે. મોબાઈલ ભલે સસ્તો હોય પણ બે ઘડી ક્યાંક પડ્યો હોય એટલે માણસનો વટ પાડી દે એવા એના કવર્સ અને એસેસરીઝ હોય છે. એમાં પણ પાછળ ચોંટાડવાના સ્ટિકર ને એમાંય પણ મલ્ટિકલર્સ, સ્માઈલીઝની એવી વેરાઈટી કે ન પૂછો વાત.

મેટ્રો કે મેગા સિટીની મુખ્ય માર્કેટમાં જ નહીં, પણ આવું રસ્તાના કિનારે મોબાઈલ એસેસરી વેચનાર પાસે આનું આંશિક કલેક્શન હોય છે. ફોન ખરીદનારે માર્ક કર્યું હશે કે, હવે ફોન સાથે ચાર્જર સિવાય કોઈ જ એસેસરી નથી અપાતી. બીજી વાત કે, કવર-ટફલ ગ્લાસના પૈસા અલગથી લેવાય છે. આ વિષય પર કંપનીઓએ પણ કેટલાક મોટા નિર્ણય લીધા છે.

મોબાઈલ બનાવતી કંપનીઓએ હવે નક્કી કર્યું છે કે, ખાસ કોઈ બીજી એસેસરી આપવાની નથી. આની પાછળ ઘણા કારણ છે. અગાઉ ઘણી એવી ઘટનાઓ કંપનીને ધ્યાને આવી કે, ડિલર્સ કે ડિસ્ટ્રીબ્યુટર્સ ફોન સાથે કેટલાક એસેસરી પોતાની રીતે કસ્ટમાઈઝડ કરતા હતા. પછી વધારાની એસેસરીના ઓર્ડરમાં એનો અલગથી ચાર્જ ચૂકવવો પડતો. કંપનીઓ પણ આવો કેટલોક માલ પોતાના ખિસ્સા ખર્ચે મંગાવતી. જે પછી પોલિસી પ્રોફિટ અનુસાર વેચતી, પણ હવે તો 'એપલ' જેવી કંપનીએ એવી જાહેરાત કરી દીધી છે કે, તે ફોન સાથે ચાર્જર પણ નહીં આપે. આ પાછળનું એક કારણ એસેસરી બનાવતી કંપનીઓનું અનેકવિધ ઉત્પાદન માર્કેટ છે, કારણ કે, કંપનીના કેબલ કરતાં અન્યનાં વધુ ગુણવત્તાયુક્ત ને કલર્સથી સજ્જવાયર જેવી વસ્તુ ઓછી કિંમતે પ્રાપ્ય છે. બીજી તરફ બોટ, યુબોર્ન, પ્રોટોનિક્સ, ઓટરબોક્સ, બ્લાડ, આઈબોલ જેવી કંપનીઓ રીતસરના ડિજિટલ ક્ષેત્રમાં રણમેદાન પર ઊતરી છે, કારણ કે ગ્રાહકોને ફ્રીમાં આપવા પડતા ટફનથી લઈને ઈયરફોન સુધીમાં પ્રોફિટ માર્જિન બેલેન્સ થતું ન હતું. પછીથી 'સેમસંગ' જેવી કંપનીઓએ નક્કી કરેલી કિંમત કરતાં વધારે ભાવના ફોન પર આ સુવિધા આપી. જે રીતે કેમેરામાં સોની અને લેપટોપમાં ડેલ જેવી કંપનીનો દબદબો છે એમ મોબાઈલ બોક્સમાં એસેસરી આવતી બંધ થતા અન્ય કંપનીઓની પ્રોડક્ટને મસ્ત માર્કેટ મળી....જાણે પાનખરમાં વસંત!

હકીકતે થાય છે એવું કે, કંપની બ્રાંડના ઉત્પાદન કરતાં- લોકો કરતાં એના જેવા જ બોક્સ, કવર, ઈયરફોન, ટફનગ્લાસ ખરીદે છે. જે દરેકના ખિસ્સાને પરવડે છે. ક્વોલિટીમાં ઝાઝો કોઈ ફેર પડતો નથી. નવરાશ અને મોકળાશના સમયમાં મોબાઈલમાં અંગૂઠા ફેરવતા કોઈ વ્યક્તિ જાતે કરીને ડિવાઈસનો ઘા નથી કરતા. આમેય દરેક વ્યક્તિની 'એપલ' જેવો ફોન લેવાની ક્ષમતા નથી હોતી, પણ ફીલ તો લઈ શકાય. એટલે આવી કંપનીઓએ લૂક, લેબલ, લૂકઆઉટ, લેવલ અને કેશમાં કસ્ટમાઈઝેશન કરીને સામાન્ય લોકોને 'એપલ' જેવી ફીલ આપવા ડગ ભર્યા ને આસમાની સફળતા પણ પ્રાપ્ત થઈ. એમેઝોનના જંગલમાં જેટલી વનસ્પતિ નહીં હોય એટલા ડિવાઈસ કવરના વેરિએશન આ કંપનીઓ પાસે છે.

આ વર્ષે રિટેલ ઈલેક્ટ્રોનિક્સે કરેલા એક સર્વે અનુસાર જયપુર-મુંબઈ જેવાં શહેરમાં આવી ચીજોનું છ માસિકગાળાનું ૪૦ કરોડનું માર્કેટ છે. એ પણ નેટ રેવન્યૂ. ...આનાથી થાય છે એવું કે, મોબાઈલ જેટલું બજેટ રાખીને યુવાનો આવી એસેસરીથી મસ્ત ફીલ કરે છે. 'સોની' કે 'બોસ' જેવા હેડફોનમાંથી મ્યુઝિક સાંભળવું મોંઘું પડે છે. પણ એના જેવી મસ્ત ફીલ આવી કંપનીઓ કરાવે છે..

દેશની હોય કે વિદેશની, સસ્તી વસ્તુ ને બેસ્ટ ક્વોલિટી મળે એટલે કેશનું લેવલ વધવાનું. વધારાની એસેસરી બનાવતી કંપનીઓએ રિસર્ચ કરીને એ વસ્તુ પર ભાર મૂક્યો કે, કેવી રીતે યુવાનોને હાઈ ક્વોલિટી માર્ક ને સ્ટાઈલ આપી શકાય. પછી શરૂ થઈ ક્રિએટિવિટીની મસ્ત જર્ની, જેમાં ટેકનોલોજી અંદર અને લૂક બહાર દેખાયા. કંપનીને પૈસા મળ્યા, શોખીનોને લૂક મળ્યો.

એક માર્કેટ રિસર્ચ કર્યા બાદ 'સિસ્કા' જેવી કંપનીએ પણ આ ક્ષેત્રમાં હનુમાન કુદકો માર્યો. પણ મંઝિલ સુધી પહોંચતા થોડો નહીં વધારે પરસેવો પડ્યો. આમાં ચીનની કંપનીઓનું માર્કેટ તોડવા ઘણી ભારતીય કંપનીઓએ એમાં પોતાનો દેશી ટચ આપ્યો એટલે વસ્તુ ઊપડી.... જેમ કે, મોબાઈલ કવર સાથે ક્રેડિક કાર્ડ રાખવાની સ્પેસ. 'આઈબોલ' જેવી કંપનીએ કિ-બોર્ડની સાથે કેસ કવર સુધીનું ઉત્પાદન કરેલું. પછી એના સ્પીકર આવ્યા. સૂરજ ભલે વર્ષો જૂનો રહ્યો પણ દરરોજ નવો દિવસ લઈને આવે એમ આમાં કિ-ચેનના બેલ્ટ અને કડી સુધી એવું અપાર વૈવિધ્ય આવ્યું.

કંપનીઓએ દર વખતે જુદા જુદા બોક્સ, કલર્સ અને ડિવાઈસના આકાર ચેન્જ કર્યા, પણ કંપનીએ સૌથી પહેલા આ માલ (સ્ટોક) સેમી અર્બન કહેવાતા સિટીમાં ઠલવ્યો. પરિણામ એ આવ્યું કે, ગામડાંઓમાં વસતું ભારત લૂકવાઈઝ અપગ્રેડ થયું. મોબાઈલનું સ્પીકર ન ચાલતું હોય તો બ્લૂટુથ કે હેન્ડસ્ફ્રી કામ ચાલી જાય એ જ્ઞાનથી ગામઠી પ્રજા અવગત થઈ. પછી ક્વોલિટીમાં તથા પ્રાઈસમાં વધારો કરી મોટી-મોટી વસ્તુઓ મહાનગરમાં પીરસી. આમ એક મોબાઈલ કરતાં એસેસરી માર્કેટ મોટું થયું. ■

### આઉટ ઓફ ધ બોક્સ

***જ્ઞાનથી છલોછલ થતા પહેલા સ્વયંના દિમાગ અને દિલમાં ખાલીપો હોવો જોઈએ, જેમાં જ્ઞાન ભરી શકાય. સંપૂર્ણ થતા પહેલા અધૂરપ અવશ્યક છે.***

feedback@bombaysamachar.com

## ત્રિકોણનો ચોથો ખૂણો

વિક્રમ વકીલ

# વિશ્વના એક સૌથી પ્રાચીન ધર્મ પર ખતરો?

### ઈરાક-ટર્કી- સીરિયામાં વસતા યઝીદી કોમના લોકો પર ત્યાંના મુસ્લિમ આતંકવાદીઓને ભારે તિરસ્કાર છે, કારણ કે એમણે ઈસ્લામ ધર્મ સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો એટલે એમનું વ્યવસ્થિત સામૂહિક નિકંદન કાઢ્વામાં આવે છે...



સીરિયાથી સમૂહમાં સ્થળાંતર કરી રહેલાં યઝીદીઓ



યઝીદીઓને પકડીને મુસ્લિમ આતંકવાદી એનું આ રીતે નિકંદન કાઢી નાખે છે.

આ જગતમાં ધર્મને આધારે ઘણી કોમનાં સામૂહિક નરસંહાર (જિનોસાઇડ) થાય છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન યહૂદીઓથી માંડીને નેવુના દાયકામાં કાશ્મીરી હિન્દુઓને સામૂહિક રીતે મોતને ઘાટ ઉતારવામાં આવ્યા છે. વિશ્વ આખાએ આવા ઘાતકી જાતિયનિકંદનની નોંધ લઈ એના પર ફિટકાર વરસાવ્યો છે.

જો કે, આ બધા વચ્ચે એક કોમનો નરસંહાર એવો છે જે વિશે બહુ ઓછાને ખબર હશે. યઝીદી કોમના સામૂહિક જાતિયનિકંદન અને એમના પર થયેલા અત્યાચાર વિશે આપણે જાણવું જોઈએ.

યઝીદી ધર્મ વિશ્વનો એક સૌથી પ્રાચીન ધર્મ ગણાય છે. મોટાભાગના મધ્યપૂર્વના દેશોમાં વસેલા છે. એમની બહુમતી ઉત્તર ઇરાકમાં છે. આજ વિસ્તારમાં કૂર્દ વસતિ પણ છે. કૂર્દો સુન્નિ મુસ્લિમ ધર્મ પાળે છે. કેટલાક એવી દલીલ કરે છે કે યઝીદીઓ કૂર્દ વસતિનો જ એક ભાગ છે. યઝીદીઓ જે ભાષા બોલે છે એને 'કૂમાનજી'કહે છે.

યઝીદીઓ એક જ દેવતામાં માને છે. એ લોકો માને છે કે પોતે જે શક્તિની પૂજા કરે છે એમણે જ પૃથ્વી ઉત્પન્ન કરી છે. યઝીદી કોમની સૌથી વધુ વસતિ ઇરાક-ટર્કી-સીરિયામાં છે. જો કે આ ત્રણે દેશમાં પણ એ લોકો અતિસૂક્ષ્મ લઘુમતીમાં છે. આ ત્રણે દેશના મુસ્લિમોને યઝીદીઓ પ્રત્યે ભારે તિરસ્કાર અને અણગમો છે. મુખ્ય કારણ એ છે કે યઝીદીઓએ ઇસ્લામ ધર્મ સ્વીકારવાનો ઇન્કાર કર્યો હતો. મધ્યપૂર્વના મુસ્લિમો માને છે કે યઝીદીઓ જે દેવતાની પૂજા કરે છે એ શેતાન છે ! ઇરાકમાં યઝીદીઓની સૌથી વધુ વસતિ હોવાનું કહેવાય છે,પરંતુ એ સંખ્યા પણ ૭૦ હજારથી માંડીને ૫ લાખ જેટલી જ છે. સીરિયામાં તો૧૫,૦૦૦ જેટલા યઝીદી જ રહી ગયા છે. જ્યોર્જિયા અને અર્મેનિયામાં પણ કેટલાક ગણ્યાગાઠ્યા યઝીદી છે.

છેલ્લાં થોડાં વર્ષ દરમિયાન આ શાંત અને નિરઉપદ્રવી કોમ પર ઇસ્લામિક આતંકવાદીઓ દ્વારા રાક્ષસી અત્યાચારો થયા છે. 'યુનાઇટેડ નેશન્સ' (યુ.એન.)ના કહેવા પ્રમાણે 'ઇસ્લામિક સ્ટેટ ઓફ ઇરાક એન્ડ ધ લીવેન્ટ' ('આઇએસઆઇએલ' અથવા તો 'આઇએસઆઇએસ') દ્વારા યઝીદી કોમનું નિકંદન કાઢવામાં આવ્યું છે. ઇરાકના કુર્દિસ્તાન વિસ્તારમાં રહેતા હજારો યઝીદીઓ પર અત્યાચાર કરીને એમને ભગાડવામાં આવ્યા છે. એમની હાલત આપણે ત્યાંના કાશ્મીરી હિન્દુઓ જેવી થઈ ગઈ છે. 'આઇસીસ'ના આતંકવાદીઓએ યઝીદીઓની સ્ત્રીઓ તેમજ બાળાઓને શારીરિક સંબંધ બાંધવા માટે ગુલામ તરીકે રાખી છે ને હજારો યઝીદી પુરુષોને ક્રૂરતાથી મારી નાખ્યા છે. યઝીદી કોમનું ઇસ્લામ ધર્મમાં પરિવર્તન કરવાની જેહાદ વખતે આ બધા અત્યાચારો થયા છે.

૨૦૦૭ના એપ્રિલ મહિનામાં ઇરાકના મોસુલ શહેરથી એક બસનું અપહરણ કરવામાં આવ્યું. આ બસમાંથી મુસ્લિમ અને ખિસ્તીઓને ઉતારી નાખી બાકીના ૨૩ જેટલા યઝીદી પ્રવાસીને મારી નાખવામાં આવ્યા. ૨૦૦૭ના જ ઓગસ્ટ મહિનામાં ક્યુહાતનીયાહ અને જઝીરા વિસ્તારમાં ચાર ટ્રક ભરીને બોમ્બ લઈ જવામાં આવ્યા અને આ ટનબંધ બોમ્બના ધડાકાથી લગભગ ૫૦૦ જેટલા યઝીદીઓ સ્થળ પર જ મૃત્યુ પામ્યાં ને ૧૫૦૦ જેટલા ઇજાગ્રસ્ત થયા હતા. અમેરિકન સરકારના કહેવા પ્રમાણે આ હુમલો અલ-કાયદાના આતંકવાદીઓએ કરાવ્યો હતો.

૨૦૧૪ની ૩ ઓગસ્ટે 'આઇસીસ'ના આતંકવાદીઓએ ઇરાકના સિનઝાર શહેર ઉપર હુમલો કરીને એનો કબજો લઈ લીધો હતો. આ વિસ્તારમાં યઝીદીઓની વસતિ સારા એવા પ્રમાણમાં હતી. અહીં હજારો યઝીદીઓના ગળા કાપી નાખવામાં આવ્યા. આશરે ૫૦ હજાર જેટલા યઝીદીઓ ઘરબાર છોડીને નજીકના પહાડી વિસ્તારોમાં ભાગી છૂટ્યા. અહીં પણ આઇસીસના આતંકવાદીઓએ એમને ઘેરીને એમને ભૂખ્યા રાખી મારી નાખ્યા હતાં.

૨૦૧૪ની ૪ ઓગસ્ટે યઝીદીઓના નેતા પ્રિન્સ તહેશીન સૈદ એમીરએ વિશ્વના નેતાઓ સમક્ષ યઝીદી કોમને બચાવવા માટે અપીલ કરવી પડી હતી. ૩જી ઓગસ્ટે ઇરાકના એક ગામડામાં રહેતા ૧૦ જેટલા યઝીદી કુટુંબીએ ભાગવાની કોશિશ કરી ત્યારે એમને ઘેરીને ૯૦ જેટલા પુરુષની હત્યા કરવામાં આવી એની સાથે ત્યાંની સ્ત્રીઓને ઊચકી લઈ જઈ એમને સેક્સ માટે ગુલામ બનાવી દેવામાં આવી હતી....

આવી તો યઝીદીઓની ઠેરઠેર હત્યા થઈ. પરિણામે ૨૦૧૪ ની ૧૦ ઓગસ્ટે ખુદ ઇરાકની સરકારે કબૂલ કર્યું હતું કે 'આઇસીસ'ના આતંકવાદીઓએ અગણિત સંખ્યામાં યઝીદી સ્ત્રી-પુરુષ અને બાળકોને ઉત્તર ઇરાકમાં જીવતા દાટી દીધા હતા. આ હત્યાકાંડમાં ૫૦૦ યઝીદી માર્યા ગયા હતા. કેટલાક યઝીદીઓ ભાગીને કુર્દીશોનું પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં ચાલ્યા ગયા હતા. એ જ વર્ષમાં૧૫ ઓગસ્ટે યઝીદીઓના ગામ ખોજો ખાતે આતંકવાદીઓએ જઈને એમને ધર્મપરિવર્તન કરવા દબાણ કર્યું હતું, પરંતુ ધર્મપરિવર્તન કરવા માટે યઝીદીઓ સહમત ન થયા તો ૮૦ જેટલા યઝીદીના માથા કાપી નાખવામાં આવ્યા હતા. જે કેટલાક કુર્દીશોએ ડરના માર્યા ધર્મપરિવર્તન કર્યું એમને 'આઇસીસ' ના સૈનિક તરીકે લડવા માટે સીરિયા મોકલી આપવામાં આવ્યા...

એમ કહેવાય છે કે યઝીદીઓના નિકંદન માટે સ્થાનિક સુન્નીઓએ પણ 'આઇસીસ'ના આતંકવાદીઓને પૂરો સહકાર આપ્યો હતો. શરૂઆતમાં સુન્નીઓ યઝીદીઓને ભરમાવીને ગામ છોડવા દેતા નહોતા અને પછી આતંકવાદીઓને બોલાવીને એમને મરાવી નાખતા હતા.

દુનિયામાં થયેલા બીજા સેંકડો જાતિય નિકંદનોની જેમ યઝીદીઓના ય નિકંદનનું સત્ય અને હકીકત પણ દરેક માનવતાવાદી સુધી પહોંચવી જોઈએ. ■

feedback@bombaysamachar.com

## કેન્વાસ

અભિમન્યુ મોદી

# વેકેશનને જાહોજલાલીભર્યું બનાવવા શું કરવું?



### જવાબઃ કંઈ જ નહિ!



આવતાવેત બેગ ફગાવી દેવી, જાતને ફંગોળાઈને ઢગલાની જેમ સોફા ઉપર ફસડાઈ પડવું, કલાકો સુધી બેફિકર રહીને ટીવી જોયાં રાખવું, ખાવા-પીવા-જમવા-નાહવા-ઉઠવાની કોઈ જ તમા ન રાખવી, બધી જ ડેડ-લાઈન ડેડ કરી નાખવી-કોઈ જ શેડ્યુલ ન પાળવું, રાતરોળીયા કરવા, ઘરના એવા એવા ખુણાઓને એક્સ્પ્લોર કરવા જે ક્યારેય કોઈએ તે રીતે કર્યા જ ન હોય, ઘડિયાળ સામું નજર જ ન જ નાખવી, અલ્લડ સાંઢની જેમ બિંદાસ રહેવું અને પેંગ્વિનની જેમ એકોએક સેકંડનો લુત્ફ ઉઠાવવો! આવું કરતા કોઈને જુઓ કે ખુદ અનુભવો તો સમજી લેવું કે વર્ષનો સૌથી મોટો તહેવાર આવી ગયો છે. વેકેશન!

સ્કુલટાઈમમાં મારો પ્રિય તહેવાર' વિષય ઉપરના નિબંધમાં ધુળેટી કે દિવાળી જેવા પવિત્ર દિવસો' સિવાય ફેવરિટ ફેસ્ટિવલ તરીકે વેકેશન લખવાની આઝાદી મળી ન હતી, પણ હકીકત એ છે કે કોઈ પણ સ્કૂલ/કોલેજ સ્ટુડન્ટને પૂછશો તો ફેવરિટ દિવસો વેકેશનના જ હશે.

વેકેશન એક એવી લક્ઝરી છે કે જે લાઈફટાઈમ રહેતી નથી અને બધાના નસીબમાં પણ નથી હોતી. જયારે હકીકતમાં વેકેશન દરેક સમાજ માટે, આજની દરેક વ્યક્તિ માટે, સમગ્ર સિવિલાઈઝડ સોસાયટી માટે આવશ્યક જ નહિ, અતિ અનિવાર્ય છે. વેકેશનની પ્રથા જો બંધ કરી દેવામાં આવી હોત તો અત્યારે દુનિયા જેવી છે એવી ન હોત!

આ છેલ્લું વાક્ય જો અતિશયોક્તિભર્યું લાગ્યું હોય તો હોલ્ડ ઓન, ડિયર...વેકેશન શું શું ચમત્કાર કરી શકે છે એ આપણી સામે હોવા છતાં પણ આપણને ખબર નથી અને એ એક જબરદસ્ત ઉદાહરણ દ્વારા આપણે સાબિત પણ કરી દઈએ. જો કે, એ પહેલા નાનકડી ફરિયાદ છે- કમ્પ્લેન છે કે અમુક અગર તો મોટા ભાગના વાલીઓ, ધંધાદારીઓ, કહેવાતા ચિંતકો અને માર્ગદર્શકો અને અમુક યુવાનો પ્રત્યે પણ...

વાત એમ છે કે આપણે દરેક નાનકડી ક્ષણને કોમર્શિયલાઈઝડ-ધંધાદારી કરી નાખવાની કુટેવ લઇને બેઠા છીએ. વેકેશનની શરૂઆત થાય એ પહેલાથી જ વોટર પાર્કથી થીમ પાર્ક અને ટુરિઝમવાળાઓની જાહેરાતોનો ઓવરડોઝ ચાલુ થઇ ગયો હોય, એ સાથે મમ્મી -પપ્પા સાત ચોપાનિયા લઇને જુદા જુદા કોચિંગ ક્લાસમાં બેચ સિલેકશન કરી રહ્યા હોય. એક સ્પોર્ટ્સ, એકાદી સ્વીમિંગ જેવી કોઈ એક્ટિવીટી, ડ્રોઈંગ કે ફાઈન આર્ટ્સ જેવું કશુક, લાઈબ્રેરીમાં બે મહિના માટે મેમ્બરશીપ, ફ્રેંચ/જર્મન જેવી એકાદી ફોરેન લેંગ્વેજ, ફાઉન્ડેશન કોર્સ કે કોમ્પિટિટીવ એક્ઝામ, મ્યુઝિક કે ડાન્સ વગેરેના એકથી વધુ ક્લાસ તરત ચાલુ થઇ જાય. વેકેશન છે તો ટાઈમને મેક્સીમમ યુટીલાઈઝ કરી લઈએ- આ ફાજલ સમય વાપરી લઈએ ને, પછી ઉંમર વધશે એમાં આ બધો ક્યા ટાઈમ મળવાનો છે?

અરે, ભલી થાય આપની મેડમ. આવો એટિટ્યુડ રાખીને એક તો તમે જે તે વ્યક્તિને વેકેશનની સોગાદ મળી છે તે તો છીનવી જ રહ્યા છો.. સાથે સાથે એ વ્યક્તિ 'સેટલ' થઇ જશે ત્યારે એ બીઝી જ હશે અને પોતાનો બીજો કોઈ જ શોખ પૂરો નહિ કરી શકે એવી નકારાત્મક ભવિષ્યવાણી એમના મગજમાં પણ ઠસાવવા મંડ્યા છો. વેકેશન તો પોતાની જાતનું રિનોવેશન કહેવાય અને આ રિનોવેશન-નવીનીકરણ કોઈ પારકા પરંપરાગત કાયદા-નિયમ મુજબ ન થાય. 'મોજ' આવે એમ મરજી મુજબ થતા ઘરના રિનોવેશન અને મંદિરના શાસ્ત્રોક્ત જીર્ણોધ્ધારમાં ફરક હોય, બંધુ!

કોલેજીઝ અને સ્કૂલમાં અનેક વિદ્યાર્થીઓ (અને એમના વાલીઓ) સાથે નિયમિતપણે વાત કરવાની થતી હોય, ઘણાનો સવાલ રહે છે કે અમારા શોખને કલ્ટિવેટ કેમ કરવો અને વેકેશનમાં શું કરવું? પહેલી વાત તો એ કે યંગ જનરેશન ઇઝ સ્માર્ટ ઈનફ. ગૂગલમાંથી સર્ચ કરીને કે ફ્રેન્ડના ફ્રેન્ડની હાર્ડ ડ્રાઈવમાંથી ટોરેન્ટમાંથી ડાઉનલોડ કરેલા મુવીઝ કે ટ્રેકિંગ કે બુક રીડિંગ કે ગેમ્સ એન્જોય કરી લે છે ને એ જ કરવું જોઈએ. તે જરૂરી પણ છે. (અને દશકાઓથી અનેક

છાપાઓ/મેગેઝિનમાં સારી મુવીઝ/ સ્પોર્ટ્સ/ટુરિસ્ટ પ્લેસ/બુક્સ/ગેમ્સની ભલામણ આવતી રહી છે.)

અલબત્ત, મોટાભાગના કેસમાં એ બધું કરવાનું કારણ અજાણપણે દેખાદેખી હોય છે. આપણા પડોશી અંકલ કેરળ ફરવા ગયા અને એમને તો ત્યાં આત્મજ્ઞાન લાધી ગયું એટલી બધી મજા આવી તો હું શું કામ જઉં, મારે તો મેઘાણી બાપુ જે જે ગામડાઓમાં ફરીને જે લોકગીતો અને લોકકથાઓ ભેગી કરી હતી તે જગ્યાએ જઈને એ વાંચવી છે. - આવી મૌલિકતા ભાગ્યે જ જોવા મળે છે....તો પણ, જે સવાલને અંગત રીતે અનેક વખત ફેસ કરવો પડ્યો છે અને એનો જવાબ આપવાનો થાય છે કે વેકેશનમાં શું કરવું એનો પર્સનલ જવાબ છેઃ કઈ નહિ.... યસ, કઈ જ ન કરો. આમાંનું પ્લાનિંગ કરીને વેકેશનમાં કઈ જ ન કરો. પ્લાનિંગ કરો એનો મતલબ તમે કશીક જવાબદારી ઉપાડો છે અને વેકેશનની વ્યાખ્યાના મૂળમાં જ જવાબદારીથી છટકવાની વાત છે તો પછી એ વેકેશન, વેકેશન કેમ રહે?

સમયના મહત્તમ શ્રેષ્ઠ 'ઉપયોગ'ની લ્હાયમાં નવરા બેસવાની કે કઈ જ અર્થહીન કરવાની કળા લુપ્ત થતી જાય છે. ઢંગધડા વગર કશું પણ કરવાનો એટલે કે રમવાનો ફાયદો કેટલો જબરદસ્ત હોય છે તેનો અંદાજ નહિ હોય. દુનિયા બદલી નાખવાની તાકાત એ અણઘડ રીતે રમવામાં છે. ઉદાહરણ જોઈએ?

શ્વાસ થંભાવીને સાંભળજો....

અમેરિકામાં એક બાળકને એના પપ્પા એક જગ્યાએ લઇ ગયા. બાળકને કહ્યું નહિ કે એને શહેરમાં શું બતાવવા માટે લાવવામાં આવ્યો છે. પહેલા તો એ બાળકને એમ લાગ્યું

કે આ સરકસ છે પણ પછી ખબર પડી કે આ સ્ક્રીન ઉપર કંઇક દેખાય છે એને સિનેમા કહેવાય.

છોકરો એકીટશે જોતો રહ્યો... એ જે મુવી જોવા ગયેલો એમાં એક સીન પુલ ઉપર બે ટ્રેન અથડાય છે તેવો હતો. તે ટ્રેનના બ્રીજ ઉપરના એકિસડન્ટવાળા સીને આ બાળકના મગજ ઉપર અત્યંત ઘેરી છાપ છોડી દીધી. તે જોયા પછી તે બાળકને ફક્ત ટ્રેનના રમકડામાં રસ પડવા લાગ્યો. તે પોતાના રૂમમાં બંને છેડે એક એક રમકડાનું ટ્રેન એન્જિન રાખતો, તેને દોડાવતો અને બંનેને ભટકાડતો. એને બે ભટકતી ટ્રેન જોવાની મજા બહુ આવતી પણ સાથે સાથે એના રમકડા તૂટતાં ગયાં. પપ્પાએ ઉદાર દિલે એને એક-બે વખત નવા રમકડાં લાવી દીધા અને આ બાળકે બે ટ્રેનને અથડાવી અથડાવીને તોડી નાખતો. પછી પપ્પાએ લાસ્ટ વોર્નિંગ આપી કે હવે આ ટ્રેન એન્જિનનો છેલ્લો સેટ તોડ્યો છે તો હવે નવું નહિ લાવી આપું. છોકરો મુંઝાયો. હવે કરવું શું? જો આ છેલ્લો રમકડાનો સેટ તૂટશે તો એને એ ફેવરિટ દ્રશ્ય જોવા નહિ મળે. છોકરાએ આઈડીયા લગાવ્યો. પોતાનો જુનો કોડાક મુવી કેમરા કાઢ્યો. કેમરા સેટ કર્યો, પોતાની રમકડાની ટ્રેન અથડાવી અને તે દ્રશ્ય રેકોર્ડ કરી લીધું. હવે ટ્રેન તૂટી ગઈ હતી પણ તેને જે દ્રશ્ય જોવું હતું તે એની પાસે હતું. હવે તે રિવાઈન્ડ-ફોરવર્ડ કરીને અનેક વખત તે વીડિયો કલીપ જોઈ શકે એમ હતો. આમ એણે પોતાની પહેલી ફિલ્મ બનાવી. અને તે બાળક, મોટો થઇને, વિશ્વના મોસ્ટ પાવરફુલ દેશ એટલે કે યુનાઈટેડ નેશન્સ ઓફ અમેરિકાના અર્થતંત્રને પણ અસર કરી શકે, લાખો-કરોડો લોકોની અપાર ચાહના મેળવતો અને જેના ફક્ત નામ ઉપર એની ફિલ્મો જોવા પડાપડી થાય, ભારત આવે તો બચ્ચનથી લઇને બધા ખેરખાંઓ એમને શિષ્યભાવે સાંભળવા બેસી જાય.

એ છે નિઃશંકપણે વર્તમાન સમયનો સર્વશ્રેષ્ઠ ફિલ્મમેકર સ્ટિવન સ્પિલબર્ગ!

ધીસ ઈઝ ધ પાવર ઓફ ડુ ઈંગ નથીંગ..આ છે કશું ન કરવાની કે મનફાવે તેમ રમવાની શક્તિ!

આજકાલ આપણે તો ઠીક, બાળકો પણ સેલફોનમાં, ગેમ્સમાં, હેડફોન ચડાવીને

મ્યુઝિકમાં, મુવીઝમાં, ફરજિયાત વાંચવામાં એટલા બધા બિઝી થઇ ગયાં છે કે નવરાશના સમયમાં એ રમતા જ નથી. આમ તો દરેક બાળક ખૂબ ક્રિએટીવ હોય છે, પણ આપણે ખુદ એને જાત જાતના શોખ ડેવલપ' કરાવવાના બહાના હેઠળ અને કલાસીસમાં મૂકીને એમની સર્જનશક્તિ અત્યંત સીમિત કરી નાખીએ છીએ.સ્ટિવન સ્પિલબર્ગને ટ્રેનના રમકડા તોડવાની આઝાદી ન મળી હોત ને એને કોઈ ડાન્સના કલાસીસમાં પોતાના રમવાના સમયે જતો હોત તો? આજે આપણને આટલી મહાન ફિલ્મો મળી ન હોત!

આપણે ખુદ પણ મોટા થતા જઈએ તેમ 'પરિપક્વતાના' અંચળા હેઠળ રમતા નથી. રમવાનું બંધ કરી દીધું છે. દરેક શોખમાં પણ પર્પઝ ગોતી લઈએ છીએ. સાચો સુખી તો એ છે કે નફા-ખોટની ચિંતા કર્યા વિના નિજાનંદમાં સમયને મનફાવે તેમ કાઢી શકે. સેલફોન-ઇન્ટરનેટે આપણી પાસેથી એ લક્ઝરી છીનવી લીધી છે. શાંત ચિત્તે વિચારજો ક્યારેક, કઈ જ ફાયદા-નુકશાન વિચાર્યા વગર છેલ્લે ક્યારે આવો સમય પસાર કર્યો હતો? ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

feedback@bombaysamachar.com

## આજે આટલું જ

શોભિત દેસાઈ

# એ સાંજ હતી ગઝલોની ભવ્ય સૂરજ ક્ષિતિજે ઝળહળતા હતા (૨)



મનોજ ખંડેરિયાના એક શેરથી ૯ એપ્રિલની વાતના બીજા ભાગની શરૂઆત કરીએ તો....

*પોલાણ ખોલી બુદ્બુદાનું જોયુ જયાં જરી*
*એમાંય એક આખું સરોવર ભર્યું હતું!!!*

છે ને નાજુકાઇની પરાકાષ્ટા! એક પરપોટો પોતાના અવકાશમાં એક આખું સરોવર ભરીને તરે છે. જળ ઉપર... આવી જ એક અદ્ભુત ક્ષણ એક શેરમાં ઝીલાઇ છે.

*તૃણ તરબતર છે માથે ઉપાડી પતંગિયું*
*કમનીય કેવું! બેસવું.. ઝુકવું.. ઉડી જવું..*

સેકન્ડના અડધા ભાગમાં આવું કશેક જવલ્લે બનતું રહે છે. જેને પકડીને પેનમાં પૂરવા અને પછી કાગળ ઉપર મુકવા માટે દૃષ્ટિની સૂક્ષ્મતાનો અંદાજ આપવો હોય તો પહેલાં તો રતીથી વધારે ઝીણા તોલ માપ શોધવા પડે....

એ સાંજની શરૂઆત જેનાથી થઇ એ બરકત વિરાણી 'બેફામ'ના આ શબ્દો...

*બધા માને છે સાગરનો કિનારો મેળવ્યો છે મેં*
*અને હું છું કે જીવન નાવ રેતીમાં ચલાવું છું.*

અન્યના જીવનની આવી ઋજુ, ગોપિત, અદ્ભુત રજૂઆત આવી સરળતમ બાનીમાં આટલી સચોટ-સ્ફોટક રીતે મુકવા માટેની અન્ય કલમ જગતમાં શોધવી પડે.

જેના ખભે બેસીને મેં જગત નામના માળાના મુંબઇ નામના ખૂણામાં બિરાજમાન ૧૯૭૬ની આસપાસના કલ્યાણજીભાઇથી લઇને બીજા અન્ય મહાનુભાવોને અનુભવ્યા, અને જેની ગઝલમાંથી પ્રેરિત થઇને મેં મારી ગઝલોની દુર્બોધતા દૂર કરવાની કોશિશ કરી એ કૈલાસ પંડિત.

*ઝાંઝવા શું આવવાના કામમાં!*
*ઝાંઝવા પાણી વિનાના હોય છે*

તમારું હૃદય એક ધડકન ચૂકી જાય વાંચતા-સાંભળતા એવા આવા શેર સરજવા માટેની માનસિક ગડમથલ તમારે વિચારોના આકાશમાંથી શોધવી પડે.

ગઝલ વિશ્વમાં પુત્રના લક્ષણ પારણામાંથી સચોટ પરખનાર શૂન્ય પાલનપુરી પોતે તો મહાનતમ શાયરોમાં એક પણ ઉમર ખય્યામની રુબાઇના એમના અનુવાદ પૂરતાં તો એ ગુજરાતીના તો એકમેવ ખરા જ, જગતમાં પણ એકમેવ....

*જીવન અર્પણ કરી દીધું કોઇને એટલા માટે*
*મરણ આવે તો એને કહી શકું-મિલકત પરાઇ છે.*

આવા હતપ્રભ કરી નાખે એવા શેરની આવી સુંદર શબ્દ ગુંથણી તૈયાર કરીને મોકલી આપનાર મા સરસ્વતી છે કે ખુદા છે કે ઇશ્વર સંતાન છે કે અગ્નિ ભગવાન છે? એ તો શોધવું પડે.

ખુદાઇ સામે રીતસરનું રણશિંગુ ફૂંકનાર અને Haves અને Have Nots એ બે વર્ગ વચ્ચે વધી રહેલા અંતરથી અત્યંત વ્યથિત થઇને ક્રાંતિના બીજ રોપનાર જલન માતરી એવું લખે કે ...

*હવે ચહેરો લઇને આઇના સામે નથી જાવું*
*પ્રતિભા કયાં રહી છે કે પ્રતિભા સાથે ટકરાવું!*

તો જલનની એ વખતે વિતી ગયેલા જીવન પર પડતી દૃષ્ટિને સૂક્ષ્મદર્શક કાચ આંખ પર પહેરીને ચકાસવી પડે.

સૈફ પાલનપુરી, ગુજરાતી ગઝલનાં સૌથી લોકપ્રિય શાયર એ વખતના અને પાછા મુશાયરાઓના બહુ જ સરસ સંચાલક હોવા છતાં ય આવો કટીબદ્ધ શેર ગુજરાતી ગઝલને આપે કે

*ગજા મુજબના એક દુશ્મનને અંતે શોધી કાઢયો મેં*
*લઢયો મારી જ સાથે હું ને લઢવામાં મજા આવી.*

ત્યારે એ ખાનગીમાં કેવું અને કેટલું એકલું કાવ્યમય જીવતા હશે એની શોધ થવી જ જોઇએ.

અને રમેશ પારેખ ગુજરાતી ભાષાના સૌથી મોટા અછાંદસ કવિ તો ખરા જ, ગીત ગુજરાતીમાં એમને ત્યાં જે મંડાણા એવા કયાંય બીજે નથી મંડાણા. પણ રમેશ...

*હા, કાલે ઊંઘમાં પલળી ગયા' તા સપનાંઓ*
*જુઓ ને! સુકવ્યાં છે આજ અહીં અગાસીએ*

ત્યારે એમને 'અગાસી એટલે આંખ?' પૂછીને અગાસી શોધવી જ પડે.

PWDમાં સરકારી નોકરી કરનાર અમૃતલાલ લાલજીભાઇ ભટ્ટ અને મુખ્ય મંત્રીના કવિતા પઠનના આદેશનો અનાદર કરનાર મહાશાયર અમૃત ઘાયલ.

*અભરખા હોય દર્શનના તો બંધુ આવજે રાતે*
*દિવસના કોઇને મહારાજશ્રી દર્શન નથી દેતા.*

જેવી વાત લઇ આવે ત્યારે આ બાબતમાં ખાસ બુર્ઝવા વિચારસરણીમાં આવી વાત લઇ આવવાની હિંમતની શોધ કરવી જ પડે.

પોતાના જીવનની નૈતિક સામાજિક અને આર્થિક જવાબદારી અન્ય જીવન પર ઢોળનાર અને અસફળ પુરવાર થનાર અબ્બાસ વાસી મરીઝ.

*જીવન કે મરણ હો એ બન્ને સ્થિતિમાં*
*'મરીઝ' એક લાચારી કાયમ રહી છે.*
*જનાજો જશે તો જશે કાંધે કાંધે,*
*જીવન પણ ગયું છે સહારે સહારે*

જેવો શેર લખે તો સમાજ એ વખતે છાનું છપનું પણ કવિને કેવું સુંદર શરણ પૂરું પાડતો' તો એની શોધ થવી જ જોઇએ.

અને આ આઠે આઠ ગુજરાતી ગઝલના મહાઆમાત્યોને એમના ગજાંમાંથી બહાર કાઢીને અનેક ગણો વિસ્તાર આપનાર ગારુડીનાં અવાજના આરોહ-અવરોહ, ચહેરાના હાવભાવ, આખાય ય સ્ટેજ પર સતત એક અદાકારની કુશળતા સાથેના હલન ચલનની ઊંડી અને તલસ્પર્શી શોધ થવી જ જોઇએ.


આજે આટલું જ..... ■

feedback@bombaysamachar.com


## ટ્રાવેલ સ્ટોરી


કૌશિક ઘેલાણી

# અમાપ વ્યોમ સુધી વ્યાપેલા દુર્ગમ પહાડો વચ્ચે વસેલું મનમોહક સામ્રાજ્ય એટલે મિડલ લેન્ડ - સ્પિતિ







**હિમાલયના** ઊબડખાબડ રસ્તા પર બુલેટ ચાલી રહ્યું છે અને અહીંનો ઠંડો વાયરો જાણે એકદમ ઉત્સાહિત થઈને મીઠો આવકારો આપી રહ્યો છે. વાદળોની દોડતી સેના મને જોઈને હરખઘેલી થઈને સ્મિત આપી રહી છે. આજુબાજુનાં વૃક્ષો જાણે કુદરતના અંગરક્ષકો હોઈ એવી મુદ્રામાં વિરાજમાન દીસી રહ્યા છે. દૂર દેખાતા બરફાચ્છાદિત પહાડોમાં રહેલ મેગ્નેટ મને જાણે એની તરફ ખેંચતું હોય, મારું મન બુલેટના હેન્ડલ પર લાગેલા નાના નાના રંગબેરંગી ફ્લેગ્સની જેમ પવનના સંગીતમાં નાચતું હોય એવો ભાસ સ્પષ્ટપણે અનુભવી રહ્યો છું. આવા સમયે કોઈ દ્રશ્ય આંખે વળગી જાય અને બુલેટ સાઈડમાં એમ જ ઊભું રાખીને કોઈ નશીલાં કશ માફક એક ઊંડો શ્વાસ કુદરતના ઘૂંટડા ભરતો હોઉં એવો અનુભવ મારા જીવનની શ્રેષ્ઠ ક્ષણોમાંની એક છે એમ માણી રહ્યો છું. હવે મને એમ જ લાગી રહ્યું છે કે જેટલા દૂર આ વાદીઓ, પહાડીમાં નીકળી પડ્યો છું એટલો જ હું ખુદની નજીક આવી રહ્યો છું.

મિડલ લેન્ડ સ્પિતિની આ જ તો ખાસિયત છે કે એ આ પ્રકારનો જાદુઈ અનુભવ દરેક જીવમાત્રને કરાવે છે. જીવંતતાને વિસરતાં જતા આપણે ભૌતિકતાના નશામાં ચૂર થઈ ગયા છીએ. નિસર્ગનાં સંપર્કમાં મળતા સૂકુનને ફાઈવસ્ટાર હોટેલ્સને મોંઘા રિસોર્ટમાં શોધવાની ખોટી મથામણમાં પડેલો આ માણસ કુદરતના સંપર્કમાં રહેતા જીવ આગળ બુદ્ધિમત્તાની સાપસીડીમાં થાપ ખાઈ બેઠેલો છે. એટલે જ થોડું સૂકુન પોતાને માટે શોધી કાઢવું જ જોઈએ તો જરૂરિયાતનું ચક્ર ક્યારેક નહીં થંભે.

ઊબડખાબડ રસ્તાઓ, બાળકો માફક દોટ લગાવતાં વાદળો, ક્યારેક ભૂખરાં તો ક્યારેક રાખોડી તો વળી ક્યારેક અવનવાં રંગો સજીને ઊભેલા પહાડો કોઈ નવા જ ગ્રહ પર આવ્યા હોઈએ એવો અનુભવ કરાવે જે આશરે ૧૨૭૭૪ ફૂટની ઊંચાઈ પરનાં અફાટ સૌંદર્ય વચ્ચે એકલા અટૂલા હોવા છતાં પોતાની જાતને મળી રહ્યા હોય એવું મહેસૂસ થાય ત્યારે આ સ્થળ પ્રત્યે આપોઆપ લગાવ થઇ જાય.

ભારતીય ઉપમહાદ્વીપ અને યુરેશિયા વચ્ચે એક મજબૂત દીવાલ તરીકે ઊભેલા હિમાલયમાં આશ્ચર્યમાં ગરકાવ થઇ જવાય એવા ખુંદાયેલાં અથવા તો ન ખુંદાયેલ અઢળક સ્થળો આવેલાં છે. અહીં ખુલ્લા વિશાળ બર્ફીલા મેદાનો, ક્યાંક અવનવા રંગોના પથ્થરનાં પહાડો, ક્યાંક વાદળો સાથે હળીમળીને રહેતાં બર્ફીલા પહાડો તો વળી ક્યાંક સહેજ કોઈ આંગળી મારેને ઢળી પડે તેવા માટીના પહાડો આવું તો કેટકેટલુંયે વૈવિધ્ય હિમાલયમાં ભરેલું છે. જેણે હિમાલય જોયો જ નથી તેમના માટે કલ્પનામાં પણ ન સમાઈ શકે તેવી રચનાઓ કુદરતે અહીં કરી છે. આ પ્રદેશને સ્પિતિનાં નામે ઓળખવામાં આવે છે. આ પ્રદેશ જેટલો સૌમ્ય છે એટલા જ અહીંના લોકો પણ સૌમ્ય છે.

ભારત અને તિબ્બતની વચ્ચે આવેલો જમીનનો ટુકડો એટલે સ્પિતી વેલી જયાં કુદરતે ખુલ્લા મનથી રંગો પૂર્યા છે. દરેક મહિનામાં અહીં અલગ જ રંગોમાં કુદરત સજેલી દેખાય. સ્પિતિના દ્રશ્યો અન્ય પહાડી વિસ્તારોથી ખાસ્સા પ્રમાણમાં અલગ છે. અહીંની પહાડીઓ વૃક્ષરહિત અને બરફની સફેદ ચાદરોમાં વીંટળાયેલા પહાડોનો આ ઠંડોગાર વગડો છે.

હરિયાળી નહિવત હોવા છતાં અહીંનું સૌંદર્ય અદભુત અને મનને ઠારે તેવું છે. તેના માટે તો બસ એવું જ કે તમે ત્યાં ગયા વગર તે સ્થળને જાણી શકો પણ માણી ન શકો. મુખ્યત્વે બૌદ્ધ અને હિંદુધર્મનો પ્રભાવ અહીં જોવા મળે છે અને અહીંના બૌદ્ધ મઠો નજીકથી પસાર થતા પણ ૐ મણિ પદ્મે હમ મનમાં એક અલગ જ પ્રકારની ચેતના જગાવી જાય છે. ટૂંકમાં, હિમાલયમાં વસેલું આ ઠંડું રેગિસ્તાન આપણી કલ્પનાઓથી પરે છે.

હિમાચલ પ્રદેશનાં શિમલાથી સ્પિતિ જતા રસ્તાઓ પરથી નજર ક્ષણવાર માટે પણ હટે નહીં એવા સુંદર લેન્ડસ્કેપ નજર સમક્ષ શિમલા છોડતાં જ તરવરવા લાગે. શિમલાથી કિન્નોર વિસ્તારમાં પ્રવેશીએ કે ઠેર ઠેર રસ્તાની કિનારી પર જ લચી પડેલા સફરજનનાં વૃક્ષો દેખાય એને જોઈ એમ થાય કે આમાં ફળ વધુ છે કે પાન? આગળ રિકંગ પિયો, સાંગલા જેવાં સ્થળો પર પથ્થરની કુદરતી કોતરણીવાળા વિશાળ પહાડો વચ્ચેથી પસાર થતા વિશાળ સતલજ નદી આંગળી પકડીને કુદરતનાં અજોડ સર્જન એવા સ્પીતી વેલી તરફ દોરી જાય. અહીંના પહાડોએ મને લગભગ અવાચક કરી મુક્યો જાણે મારી વાચા સંપૂર્ણપણે હરાઈ ગઈ હોય. એક પછી એક વળાંકો લઈને કિન્નોર કૈલાસને પાછળ મૂકીને સ્પિતિ તરફ આગળ વધ્યો કે રસ્તાની સાથે સાથે કંપની આપતી સતલજ નદી એક ઊંડો રાગ છેડતી પ્રચંડ ધ્વનિ સાથે વહેતી હોય, વાદળો જાણે મારા જ સ્વાગતની તૈયારીઓમાં આમ તેમ દોડતા હોય એમ આ રસ્તાઓ પસાર કરતા કરતા ધીરે ધીરે કુદરતની અજાયબીમાં પ્રવેશ કર્યો. હા અહીં રસ્તાઓ થોડા અઘરા છે, ચોમાસામાં અને શિયાળામાં તો થોડી મુશ્કેલી જરૂર પડે પણ અહીંના સૌંદર્ય સામે એ મુશ્કેલી ખૂબ જ ઝાંખી છે.

આ રસ્તો વર્ષનાં ૩૬૫ દિવસો દરમ્યાન ચાલુ હોય છે. સ્પિતિના નાના નાના ગામડાઓમાં વસતા લોકોની જીવનશૈલી, તેમનું સંઘર્ષમય જીવન અને તેમની સાદગી તેમને આવી કુદરતી ભવ્યતાની ભેટ આપે છે. સ્પીતી સર્કિટની શરૂઆતમાં જ સૌથી પહેલા નાકો ગામ આવે છે. અહીં અંદાજે ૪૦ થી ૫૦ આસપાસ સુંદર ઘર છે, અહીંના લોકો ખૂબ જ પ્રેમાળ છે જ્યાં હોમસ્ટે લઈ શકાય અને અહીંની સ્થાનિક વાનગીઓ ખાઈને સ્થાનિક લોકો સાથે એકાદ દિવસ હિમાચલી મહેમાનગતિ માણી શકાય. ગામની વચ્ચે જ એક ખૂબ જ સુંદર તળાવ છે.

રિયો પુરગ્યાલના બર્ફીલા ઢોળાવમાંથી વહેતા પાણીથી સર્જાયેલા આ તળાવ આસપાસ મહાલવાની તક ચૂકાય એવી નથી. આ ગામ રિયો પુરગ્યાલ પહાડનાં બેકડ્રોપને શોભાવતું ગામ છે જે હિમાચલ પ્રદેશનો સહુથી વધુ ઊંચાઈ ધરાવતો પહાડ છે જેની ઊંચાઈ ૨૨૦૦૦ ફૂટ કરતાં પણ વધુ છે. અહીં એક નાનકડી મોનેસ્ટ્રી છે. અહીંનો સૂર્યોદય અને સૂર્યાસ્ત કોઈપણનાં માનસપટ પર ગજબની સ્મૃતિ ઉપસાવી જશે જાણે કુદરત જાતે જ ધરતી પર મહાલવા નીકળી પડે છે. આમ જોઈએ તો સ્પિતિના રસ્તાઓ જ તેનું આકર્ષણ છે સ્પિતિ ટ્રાવેલિંગ એટલે રોડ ટ્રાવેલિંગ.

મંઝિલ કરતા રસ્તાઓ ખૂબસૂરત લાગે એ સામાન્ય કહેવત અહીં સાચા અર્થમાં પરિપૂર્ણ છે. શહેરના ટ્રાફિકજામ અને સિગ્નલો વચ્ચે અટવાયેલા આપણે અહીં કંઈક અલગ જ શાતા મેળવીએ છીએ. નાકોથી આગળનો પડાવ તાબો ગામ આવે છે જ્યાં ખૂબ જૂની મોનેસ્ટ્રી છે, મેડિટેશનની ગુફાઓ છે તેને અજંતા ઓફ હિમાલયા પણ કહેવાય છે. અહીં ૧૦૦૦ વર્ષ આસપાસ જૂનાં ભીંતોચિત્રો, સ્કલ્પચર, પાંડુલીપીઓ વગેરે સચવાયેલા છે. તાબો મઠ હિમાલયના સૌથી જૂનાં મઠમાંથી એક છે. અહીં નજીકમાં જ ગ્યુ ગામમાં આવેલ ગ્યુ મોનેસ્ટ્રીમાં કોઈ પણ કૃત્રિમ રસાયણોના ઉપયોગ વગર

(જુઓ પાનું ૬) ▸▸

feedback@bombaysamachar.com

## ઈકો સ્પેશિયલ

જયેશ ચિતલિયા

### શેરબજારની વધઘટના જોખમથી ભય લાગતો હોય તો

# ઈક્વિટી સિવાયના મ્યુચ્યુઅલ ફંડસ વિશે વિચારવું જોઈએ...

**આજકાલ મ્યુચ્યુઅલ ફંડસમાં રોકાણનો પ્રવાહ સતત વધી રહયો છે ત્યારે ઈક્વિટી સિવાયની યોજનાઓ વિશે પણ ચર્ચા વધવા લાગી છે. માર્કેટના જોખમથી મુકત રહેવા માગતા રોકાણકારો માટે આવી યોજનાઓ પર નજર નાખવા અને રાખવા જેવી છે.**



**મ્યુચ્યુઅલ** ફંડસ એટલે શેરબજારમાં પરોક્ષ રીતે કરવામાં આવતું રોકાણ, જેથી માર્કેટ વધે તો ફંડની નેટ એસેટ વેલ્યૂ (એનએવી-નાવ) વધે અને માર્કેટ ઘટે તો નેટ એસેટ વેલ્યૂ પણ ઘટે આવી એક દઢ માન્યતા લોકોમાં છે, વાત સાચી પણ છે એટલે જ મ્યુચ્યુઅલ ફંડની યોજનાઓમાં કરાયેલું રોકાણ જોખમને આધિન છે એવું જોરશોરથી કહેવામાં આવે છે, જેને લીધે બહુ મોટો એક વર્ગ ખોટી રીતે અથવા સાચી સમજણના અભાવે ફંડસની ઈક્વિટી યોજનાઓથી દૂર રહે છે. તેમ છતાં હવે મ્યુચ્યુઅલ ફંડ સહી હૈ' ની ઝુંબેશમાં વધુ એક ઝુંબેશ ઉમેરવામાં આવી છે.

ઈક્વિટીના જોખમથી બચવાના ઉપાય મ્યુચ્યુઅલ ફંડની ઈક્વિટીલક્ષી સ્કિમના યુનિટસની નેટ એસેટ વેલ્યૂની વધઘટને ભૂલી જાવ, મ્યુચ્યુઅલ ફંડમાંથી ફિક્સડ ઈન્કમ પણ મળી શકે છે. આજકાલ આ પ્રચાર જોરમાં છે, કેમ કે નિયમનકાર 'સેબી' એ પણ ઈચ્છે છે કે નાના રોકાણકારો ફિક્સડ ઈન્કમવાળા મ્યુચ્યુઅલ ફંડની યોજનામાં પણ રોકાણ કરે. આવી યોજનામાં ફિક્સડ ઈન્કમ મળી શકવાનું કારણ એ છે કે આ ફંડ સરકારી સિકયોરિટીઝમાં, કોર્પોરેટ કે સરકારી બોન્ડસ વગેરે જેવાં સાધનમાં રોકાણ કરે છે, જે મહત્તમ સલામત ગણાય છે અને તેના પર નિયમિત વ્યાજ આવતું રહે છે. પરિણામે આવા ફંડસમાં રોકાણ કરનારને પણ નિયમિત ફિક્સડ ઈન્કમ મળતી રહે છે. જો કે , આ વળતરનો દર નિયત અને નિયમિત ભલે હોય, તે કેટલો ઊંચો રહે છે એ પણ સમજવું રહયું.

બાય ધ વે, જયાં રોકાણની સલામતી ઊંચી હોય ત્યાં વળતરના દર ઊંચા ન રહી શકે. અહીં એ નોંધવું પણ જરૂરી છે કે ફંડસની યોજનાઓમાં ઈક્વિટી સાથે ડેટ અને સોનામાં રોકાણનું મિશ્રણ પણ ઓફર થતું હોય છે અર્થાત્, રોકાણકારોને એક યોજનામાં રોકાણ કરી ત્રણ એસેટસમાં રોકાણનો લાભ લઈ શકે છે : ઈક્વિટી, ડેટ (ઋણ સાધનો) અને ગોલ્ડ. આમા એમનું જોખમ પણ વહેંચાઈ જાય છે.

### ઘરગથ્થું બચત પ્રવાહ ફંડસ તરફ વળશે

તાજેતરમાં મ્યુચ્યુઅલ ઉદ્યોગ હેઠળનું ભંડોળ રૂ. ૫૦ લાખ રૂપિયા કરોડ ઉપર પહોંચ્યું છે, જે હવે આગામી પાંચથી છ વરસમાં બમણું થવાનો અંદાજ છે અર્થાત્ એમ કહી શકાય કે ઉદ્યોગમાં વાર્ષિક કમ્પાઉન્ડ ગ્રોથ ૧૪ ટકા જેટલો થશે. મજાની વાત એ છે કે આ અભ્યાસ પ્રમાણે વરસ ૨૦૩૦ સુધીમાં ઘરગથ્થું બચતનું પ્રમાણ પણ વધવાનો અંદાજ છે, જેમાં રિટેલ ઈન્વેસ્ટર્સ મહત્તમ સહભાગી થશે. અલબત્ત, આ રોકાણ પ્રવાહ વધારવામાં ડિજિટાઈઝેશનની મહત્ત્વની ભૂમિકા રહી છે. બજારની તેજી અને અર્થતંત્રની મજબૂતીની ભૂમિકા પણ ખરી, પરંતુ સાથે-સાથે ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટ અને રિડમ્પશનની સુવિધા પણ આકર્ષણનું કારણ બની રહી છે, ખાસ કરીને નવી પેઢીના ઈન્વેસ્ટર્સ આ માર્ગ વધુ પસંદ કરે છે.

### હરીફાઈ ગુણવત્તા સુધારવામાં નિમિત્ત

મ્યુચ્યુઅલ ફંડની યોજનાઓનો ફેલાવો કે પ્રમાણ દેશના જીડીપીના માત્ર ૧૫ ટકા જેટલા છે, જે ગ્લોબલ સ્તરના ૭૪ ટકા કરતાં નોંધપાત્ર નીચું કહેવાય. આ હકીકત ધ્યાનમાં લેતા તેમાં વૃદ્ધિનો અવકાશ કેટલો ઊંચો છે તેનો અંદાજ આવી શકે છે. ૨૦૩૦માં ભારતનો જીડીપી ૧૧ ટકા આસપાસ પહોંચવાનું અનુમાન છે. જો કે ઉદ્યોગમાં ૭૩ ટકા જેટલું વર્ચસ્વ માત્ર ટોચની આઠ એસેટ મેનેજમેન્ટ કંપનીઓનું છે. અન્ય ફંડ હાઉસિસનો હિસ્સો પણ વધતો રહેવો જોઈએ. હવેના ટ્રેન્ડને જોતા આગામી વરસોમાં મ્યુચ્યુઅલ ફંડ ક્ષેત્રે હરીફાઈ વધશે, જેને પગલે ઈનોવેશન અને કવાલિટી સુધરશે, નાના રોકાણકારોને આકર્ષવા માટે ઓફરો અને તકો વધશે. ટૂંક સમયમાં રિલાયન્સ ગ્રુપની જિયો ફાઈનાન્સિયલ સર્વિસીસ' પણ મ્યુચ્યુઅલ ફંડ ક્ષેત્રે પ્રવેશવાની મંજૂરી મેળવી લેશે. જિયોની એન્ટ્રી ઉદ્યોગમાં વધુ વાઈબ્રન્સી લાવી શકે છે.તેણે અગ્રણી ગ્લોબલ એસેટ મેનેજમેન્ટ કંપની 'બ્લેકરોક' સાથે સહયોગ સાધ્યો છે.

બીજી બાજુ,અમેરિકન કંપની 'ઈન્વેસ્કો' ભારતીય મ્યુચ્યુઅલ ફંડના બિઝનેસમાંથી પોતાનો હિસ્સો ઘટાડી રહી છે. કહેવાય છે કે કેટલીક ફોરેન એસેટ મેનેજમેન્ટ કંપનીઓને ભારતીય મ્યુચ્યુઅલ ફંડ માર્કેટ માફક આવ્યું નથી.

ફંડસના રોકાણકારોની કેટેગરીઝ અહી એ નોંધવું રસપ્રદ અને મહત્ત્વનું છે કે મ્યુચ્યુઅલ ફંડના રોકાણકારોની કેટેગરીઝમાં વ્યક્તિગત, કોર્પોરેટ અને સ્થાનિક તેમ જ વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો પણ સમાવેશ થાય છે. એટલું જ નહી, પેન્શન ફંડ અને ટ્રસ્ટ પણ મ્યુચ્યુઅલ ફંડની યોજનાઓમાં રોકાણ કરે છે. જો કે, છેલ્લાં પાંચેક વરસમાં આ માર્ગમાં રિટેલ રોકાણકારોની સંખ્યા સતત વધતી રહી છે, જેણે શેરબજારને અને મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગને નવી ઊંચાઈ અને નવા વિશ્વાસની ખાતરી આપી છે.

મ્યુચ્યુઅલ ફંડનો વ્યાપ દિનપ્રતિદિન વધી રહયો છે, જેના આંકડારૂપી અનેક પુરાવા સામે આવતા જાય છે. હવે તો રોકાણકારો પણ કહે છે, સહી હૈ મ્યુચ્યુઅલ ફંડ સહી હૈ' ના વિધાન સાથે હવે કદાચ મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગે પોતે પ્રચાર કરવાની જરૂર ઓછી યા નહીંવત રહેશે, કારણ કે ખુદ રોકાણકારો જ 'મ્યુચ્યુઅલ ફંડ સહી હૈ' ફીલ કરવા લાગ્યા છે.

તાજા સમાચાર મુજબ મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગ પાસેનું ભંડોળ રૂ.પચાસ લાખ કરોડ રૂપિયાથી ઉપર પહોંચી ગયું છે, જે ફંડસના મેનેજમેન્ટ હેઠળ છે, અર્થાત આ ભંડોળ માર્કેટમાં આવી રહયું છે અને તેમાં વૃદ્ધિ પણ થતી રહેશે. શેરબજારની સતત નવી-નવી ઊંચાઈ સાથે મ્યુચ્યુઅલ ફંડનો વિકાસ પણ સતત નવા ઊંચા લેવલ પર પહોંચતો જાય છે. જેનો પુરાવો પણલ આ આંકડા છે. ફંડની યોજનાઓમાં રોકાણ ધરાવતા ફોલિયોની સંખ્યા ૧૬ કરોડ ઉપર પહોંચી ગઈ છે, જે તેમાં વધતા વિશ્વાસ અને આકર્ષણની સાક્ષી પુરે છે. જેમ અત્યારે સેન્સેકસ અને નિફટીના આગામી વરસોમાં નવા શિખરની આગાહી થાય છે તેમ મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગ પાસે આગામી પાંચેક વરસમાં ૧૦૦ લાખ કરોડ રૂપિયાનું ભંડોળ મેનેજમેન્ટ હેઠળ આવી જાય તો નવાઈ નહીં. આની સાથે રોકાણકારોની સંખ્યા પણ મોટે પાયે વદ્ધિ પામશે એ નકકી જણાય છે.

તમને શું લાગે છે સહી હૈ?! ■

feedback@bombaysamachar.com

## સુખનો પાસવર્ડ

આશુ પટેલ

# જો યોગ્ય રસ્તો બતાવનારી વ્યક્તિ મળી જાય તો.......

### એક ભલા પોલીસ અધિકારીએ એક ખેપાની કિશોરની જિંદગીમાં કેવો અકલ્પ્ય વળાંક આણી દીધો...!

આ વખતે તોફાની કિશોરમાંથી જગમશહૂર બનેલા એક બોક્સરની વાત કરવી છે.

જાન્યુઆરી૧૭, ૧૯૪૨ના દિવસે અમેરિકાના કેન્ટુકીના લુઈસવિલેમાં જન્મેલો કેશિયસ માર્સેલસ બાળપણમાં અને કિશોરાવસ્થામાં બહુ જ તોફાની હતો. કેશિયસનું બાળપણ ને કિશોરાવસ્થા રસ્તા પર રખડતાં તોફાનો - ખેપાની છોકરાઓ સાથે પસાર થયું હતું. કેશિયસ કિશોરાવસ્થામાં મિત્રો સાથે દારૂ પીને ઢીંચતો, ચોરીઓ કરતો અને લોકો સાથે ઝઘડા કરીને મારામારી કરતો .


જો કે એક વખત કેશિયસે નવી સાઇકલ ખરીદી અને થોડા દિવસોમાં જ એની એ સાઇકલ ચોરાઈ ગઈ એને કારણે કેશિયસની જિંદગીમાં એક અકલ્પ્ય વળાંક આવી ગયો.

ચોરીની ફરિયાદ નોંધાવવા માટે એ પોલીસ સ્ટેશનમાં ગયો. એ વખતે તેની મુલાકાત જો માર્ટિન નામના એક પોલીસ અધિકારી સાથે થઈ. જો માર્ટિન માયાળુ પોલીસ અધિકારી હતા. કેશિયસ જેવા તોફાની છોકરાઓને સીધા રસ્તા પર લાવવાની કોશિશ કરતા રહેતા. એ વિસ્તારનાં બાળકો માટે પોતે બોક્સિંગ જિમ પણ ચલાવતા. એ માનતા કે તોફાની છોકરાઓમાં વધુ પડતી ઊર્જા હોય એને યોગ્ય દિશામાં વાળવામાં આવે તો એમની ઊર્જાનો સકારાત્મક ઉપયોગ થાય અને એમના જીવનમાં પરિવર્તન પણ આવે. માર્ટિનનું ધ્યાનમાં કેશિયસ હતો. એમને ખબર હતી કે કેશિયસ પણ તોફાની કિશોર છે.

કેશિયસ સાઈકલચોરીની ફરિયાદ કરવા માટે એમની પાસે ગયો ત્યારે એમણે કેશિયસને પૂછ્યું:

'તને બોક્સિંગ આવડે છે?' કેશિયસ બઘવાઈ ગયો. જો કે એણે કહ્યું: 'મને બોક્સિંગ આવડતું નથી, પણ હું શીખી લઈશ.'

કેશિયસને બોક્સિંગ શીખવવાનું માર્ટિને શરૂ કર્યું.



એ વખતે કેશિયસ તેર વર્ષનો હતો.એનું વજન માત્ર નેવું પાઉન્ડ જ હતું. માર્ટિન પાસેથી બોક્સિંગની તાલીમ મળી એ પછી એણે બોક્સિંગની પ્રથમ સ્પર્ધામાં જ વિજય મેળવી લીધો. પછી તો એણે પાછું વળીને ન જોયું. પાંચ વર્ષમાં તો તે અવ્વલ બોક્સર બની ગયો ને ૧૯૬૦માં રોમમાં યોજાયેલી ઓલિમ્પિક્સ સ્પર્ધાઓમાં માત્ર ૧૮વર્ષની ઉંમરે એણે પ્રથમ લાઈટ, હેવીવેઇટ ગોલ્ડ મેડલ્સ જીતીને પોતાનું કૌશલ્ય બતાવી દીધું.

કેશિયસે ઓલિમ્પિક્સ સ્પર્ધામાં ઊતરતા અગાઉ જ જાહેર કરી દીધું હતું: 'આ ગોલ્ડ મેડલ્સ હું જ જીતવાનો છું.' એ વખતે કેશિયસની સામે પ્રતિસ્પર્ધી તરીકે૧૯૫૬ની ઓલિમ્પિક ગેમ્સમાં બોક્સિંગ ચેમ્પિયન બનેલા ઝ્વેનાર્ડી શેટકોવ હતા. એ વખતે બધા એવું જ માનતા હતા કે શેટકોવ વિજેતા બનશે અને ઘણા લોકોએ એ માટે શરત પણ લગાવી હતી,પરંતુ કેશિયર્સે બધાને ખોટા સાબિત કર્યા. એ પછી રોમ ઓલિમ્પિકની છેલ્લી મેચમાં પણ કેશિયસે અપસેટ સર્જી દીધો. કેશિયસ સામે ૨૩૧સ્પર્ધાનો અનુભવ ધરાવનારા રશિયન બોક્સર ઝિગી પિએન-ઝિકોવ્સ્કી હતા. કેશિયસે એમને ત્રીજા રાઉન્ડમાં જ પછાડી દીધા.

એ પછી તો કેશિયસ જગમશહૂર બની ગયા.૧૯૬૪માં કેશિયસે પ્રથમ હેવીવેઇટ ચેમ્પિયનશિપ મેળવતા સોની લિસ્ટનને નોકઆઉટ કર્યા એ પછી તો તેમની ખ્યાતિ ચોતરફ ફેલાઈ ગઈ. એ અમેરિકન પ્રજાના હીરો બની ગયા. કેશિયર્સે એ સમયમાં મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યો અને નવું નામ ધારણ કર્યું મોહમ્મદ અલી. યસ, કેશિયસ માર્સેલસ ક્લે એટલે વિશ્વવિખ્યાત બનેલા બોક્સર મોહમ્મદ અલી.

મોહમ્મદ અલી શ્વેત-અશ્વેત માતા-પિતાના સંતાન તરીકે જન્મ્યા હતા, પરંતુ એમને શ્વેત લોકો પ્રત્યે ખૂબ રોષ હતો એટલે એ મુસ્લિમ બન્યા. એમના રોષનું એક કારણ એ પણ હતું કે ફરજિયાત લશ્કરી સેવા માટે એ લશ્કરમાં સામેલ થવા ગયા ત્યારે સરકારે એવું કારણ આગળ ધરીને એમને પ્રવેશ ન આપ્યો કે તમે મંદબુદ્ધિના છો.... બોક્સર તરીકે દુનિયામાં ખ્યાતિ મેળવી ચૂકેલા અલી એ અપમાનથી ખૂબ અકળાયા હતા. 'પોતે મંદબુદ્ધિના છે' એવા કારણસર પોતાને લશ્કરમાં પ્રવેશ ન મળ્યો એટલે એમણે કોર્ટમાં જઈને ન્યાય માગ્યો. સુપ્રીમ કોર્ટ સુધી લડ્યા અને સુપ્રીમ કોર્ટમાં જીતીને લશ્કરી સેવા માટે સામેલ થવા માટે એમને રસ્તો મળી ગયો,પરંતુ ત્યારે અલીએ કહી દીધું કે હવે મારે લશ્કરી સેવામાં જોડાવું નથી! એ વખતે અલી એક્ટિવિસ્ટ બની ચૂક્યા હતા. એ વિયેતનામ યુદ્ધના વિરોધી પણ હતા એટલે એમણે લશ્કરમાં જોડાવાનો ઇનકાર કરી દીધો. એને કારણે એમને ત્રણ વર્ષની જેલની સજા પણ થઈ.

એમના બોક્સિંગ ચેમ્પિયન તરીકેના ટાઈટલ્સ છીનવી લેવામાં આવ્યાં. જો કે એ પછી ફરીવાર એ બોક્સિંગ સ્પર્ધાઓમાં ભાગ લેવા માંડ્યા. ૧૯૭૪ના વર્ષમાં જ્યોર્જ ફોરમેન જેવા વિખ્યાત બોક્સરને હરાવીને એમણે ફરી વાર હેવીવેઇટ ચેમ્પિયનનું બહુમાન મેળવ્યું. એ પછી૧૯૭૮માં લિઓ સ્પિંક્સને હરાવીને ત્રણ વખત હેવીવેઇટ ચેમ્પિયન બનનારા બોક્સર તરીકે પણ સિદ્ધિ- પ્રસિદ્ધિ મેળવી.

એમની બોક્સર તરીકેની કારિયરમાં ૫૬ સ્પર્ધામાં વિજય મેળવ્યો ને માત્ર પાંચ સ્પર્ધામાં પરાજિત થયા. એમાંય ૫૬ સ્પર્ધા પૈકી ૩૭ વખત એમણે હરીફોને નોકઆઉટ કર્યા હતા! અલી આંતરરાષ્ટ્રીય સ્તરે ૨૨ સ્પર્ધામાં ભાગ લીધો એમાંથી માત્ર ત્રણ સ્પર્ધામાં એમણે પરાજય સહન કરવો પડ્યો. આમ એમની સફળતાનો રેશિયો ૯૧.૮૦ ટકા રહ્યો.

મોહમ્મદ અલી બોક્સિંગ રિંગમાં ઊતરતા ત્યારે 'આઈ એમ ધ ગ્રેટેસ્ટ !' એવો હુંકાર કરીને પોતાના હરીફને પડકારતા...આવા અલી ગ્રેટેસ્ટ એટલે કે મહાન બોક્સર તો હતા જ, પણ એમને મહાન બનાવવામાં પોલીસ અધિકારી જો માર્ટિનનો સિંહફાળો હતો. કોઈ તોફાની માણસને યોગ્ય રસ્તો બતાવનારી વ્યક્તિ મળી જાય તો એના જીવનમાં અકલ્પ્ય પરિવર્તન આવી શકે છે એનો પુરાવો મોહમ્મદ અલી છે. એમના વિસ્તારના પોલીસ અધિકારી જો માર્ટિને એમને બોક્સિંગ તરફ ન વાળ્યા હોત તો મોહમ્મદ અલીએ કદાચ દારૂના રવાડે ચડીને જિંદગી બરબાદ કરી નાખી હોત. એ ચોરીઓ કરતા રહ્યા હોત અને કદાચ હાર્ડકોર ક્રિમિનલ પણ બન્યા હોત, પરંતુ એક ભલા પોલીસ અધિકારીએ એમને માર્ગદર્શન આપીને તેમના જીવનમાં સુખદ વળાંક લાવી દીધો હતો.

મોહમ્મદ અલી જૂન ૩, ૨૦૧૬ના દિવસે અવસાન પામ્યા, પણ પોતાનું નામ 'ધ ગ્રેટેસ્ટ' તરીકે અમર કરી ગયા. ■

feedback@bombaysamachar.com


## વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી

# સંત સુતા ભલા ભક્ત જે ભોમમાં, પીર પોઢયાં જહાં ઠામ ઠામે

એકવાર પર્વાધિરાજ પર્વ પર્યુષણનાં અંતે ન્યાત જમણવારનો પ્રસંગ ગોઠવાયો હતો, પરંતુ સઘળી ન્યાતને અપાયેલાં નોતરામાં બે ભલા બંધુઓને તેડાથી અલિપ્ત રખાયા. એક વિશાળ વરંડામાં મંડપ બાંધીને ઘઉંના ડારાના શીરાની સાથે સમગ્ર રસોઈની તૈયારીઓ થવા લાગી, તે સમયે આ શીરો જ સમૃદ્ધિનું પ્રતિક ગણાતું, પરંતુ રસોઈયાઓથી કોઇ કાળે શીરો રંધાય જ નહિ અને આમ કરતા બે- ત્રણ કલાક વીત્યા હશે. ત્યારે સમાજના અમુક સમજદારે પેલા બે ભલા ભાંડુઓના બહિષ્કારની વાત અંગે સચેત કરતા સસન્માન પ્રવેશ માટેની વાત કરી. આથી જૈન મહાજનોની નમ્ર વિનંતી સૂણી બંધુઓની પ્રસંગમાં હાજરી થતા બકડિયે ચડેલ શીરો રંધાઇ ગયો. આ બંને ભાઈઓએ પ્રભુનું સ્મરણ કરતા શીરાના તપેલા પર સ્વચ્છ કાપડ ઢાંક્યું અને તમામ ભાઈ-બહેનોને જમવા બેસી જવા એલાન કર્યું. તપેલાની એક બાજુએથી કપડું પડખે કરી શીરો લોકોને પીરસાવા લાગ્યું અને બધાએ જોયું કે સૌએ ભરપેટ જમી લીધુ છતાય શીરો તો યથાવત અખૂટ રહ્યો અને આ બે બેલડીના પુણ્ય પ્રતાપે મંગળ અવસર સચવાઇ ગયો. અનેક સિદ્ધ પુરુષોએ કચ્છની પાવનકારી ભૂમિના ખોળા ખૂંદયા છે, એવા કચ્છના અબડાસા તાલુકાના રળિયામણા દરિયા કિનારે સુથરી ગામે પૂજનીય ભલારા દાદાની ઉપરોક્ત ઘટના આજથી સદીઓ પહેલા ઘટી હતી. બંને ભાઇઓ ભજનાનંદી હતા. નરસિંહ મહેતાની માફક ગામના અંત્યજ વિસ્તારોમાં પણ ભજનો કરવા જતા એટલે ન્યાતબહાર કરી મૂકેલા પણ આ પ્રસંગ બાદ તેઓ સૌમાં પૂજનીય બની ગયા હતા.

ચૈત્ર માસને શાસ્ત્રોએ મૂલ્યવાન દિવસોની ઉપમા ગણાવી છે. ખાસ નવરાત્રિ અથવા રામનવમી યાદ વર્તાય, હનુમાન જયંતી, સ્વામિનારાયણ જયંતી પણ ખરા, પરંતુ કચ્છના લોકોને હજુ એક ધાર્મિક અવસર વધુ સાંપડે, તે છે ભલારા (ભાલારા) દાદાની તિથિ. ગત લેખમાં કોરી પાટ પૂજનનો ઉલ્લેખ કરતી વખતે કચ્છ હાલારમાં પ્રસિદ્ધ ભાલારા દાદાના પાટ પૂજનનો




પણ ઉલ્લેખ કરેલો.

ભલારા દાદાનો જન્મ સુથરી ગામે થયેલો. એક માહિતી અનુસાર કચ્છમાં તેમના ૨૯ મંદિરો છે. મુખ્ય મંદિર તે સુથરીનો અને બીજું જામનગર નજીક આવેલું લાલપુર ગામનું. કચ્છી દશા ઓસવાળ અને લાલપુરના સ્થાનિક નાગરિકોની દાદા પર ખૂબ શ્રદ્ધા છે. દર વર્ષે ચૈત્રના માસમાં એકાદશીથી પૂર્ણિમાની વચ્ચે મંદિરમાં ભવ્ય ઉજવણી થાય છે. તેમણે જીવનભર જરૂરિયાતમંદોને મદદ કરી તેથી જ તેમનું નામ ''ભલારા'' (ભલા કરવાવાળા) રાખવામાં આવ્યું હતું. વાયકા અનુસાર, તેઓ સુથરીના દરિયાકિનારે ઘણીવાર પછેડી પાથરીને બેસતા, જમતા અને તેના પર બેસીને ફરી પણ લેતા એટલે એમને 'પીર'ની પણ ઉપમા મળેલી. એક વાર તેઓ પોતાના એ સાધનથી જામનગર પહોંચેલા આથી જ ત્યાંના લોકોની શ્રદ્ધા વધુ હશે. એ સિવાય પણ તેમનું ભ્રમણ હાલારમાં, મોટી ખાવડી, દલતુંગી, ગોવાણા, સિંધ પ્રાંત સુધ્ધાં લોકહિતાર્થે થતું રહ્યું હતું. એમના ભકતો અનુયાયીઓ તથા ઓશવાળ જૈનોએ એમની શાશ્વત યાદ રૂપે એમના પાઠ પૂજન અને ભજન આરાધની પરંપરા આજ દિવસ લગી ચાલુ રાખી છે જે ''ભલારા દાદા''ના પાટ તરીકે ઓળખાય છે.

